GUJARATI EDITION.


I.S.S.U. GRADED SERIES

A COURSE

FOR USE IN

VILLAGE SUNDAY SCHOOLS AND PRIMARY DEPARTMENTS

YEAR ONE IN THREE YEARS' CYCLE



TEACHERS' TEXT BOOK

By Edith M. Annett

JUBBULPORE, C. P.

INDIA SUNDAY SCHOOL UNION

India Sunday School Union.

Publishers' Notice.

Few people realise that the Sunday School membership of the world is thirty millions, and that over three-quarters of a million belong to Southern Asia. In the building of character through Bible Study and in recruiting her membership the Christian Church has no more powerful ally than the Sunday School. The vast majority of Sunday School teachers follow the International Uniform Bible Lesson Syllabus. This means that in all the departments of the School the same portion of Scripture is made the basis of instruction. In North America and the British Isles therefore experiments are being made to grade the Scripture portions according to the unfolding powers of the Scholars. The East, sensitive always to changes in the West, desires also to reach after better things. This Course, covering a cycle of three years, is the response of the I. S. S. U. to a wide-spread demand in Southern Asia. It endeavours to meet scientifically the inherent need of the PRIMARY CHILD and the UNTAUGHT VILLAGER.

The persons named below are jointly responsible for submitting the Scripture Syllabus for criticism, and wholly responsible for the Teachers' Text Book opposite their names.

Year One: Mr. and Mrs. E. A. Annett,
Sunday School Missionaries for Teacher Training.

In Preparation:—

Year Two: Rev. A. A. Parker, Director of Religious Education for India and Burma, M.E. Mission; and Mrs. Parker.

Year Three: Rev. R. Burges, Gen. Sec. India S. S. Union; and Mrs. Burges.

This volume will appear in the leading vernaculars of Southern Asia. The rights of publication belong to the I.S.S.U.

હિંદુસ્તાનની સંયુક્ત સાબ્બાથશાળાઓ.

ક્રમવાર ગોઠવેલા પાઠો.

ગ્રામ્યશાળાઓ તથા પ્રાથમિક વિભાગને

માટે

અભ્યાસક્રમ.

પહેલા વર્ષનો અભ્યાસક્રમ.

આ પુસ્તક ખાસ શિક્ષકોને માટે તૈયાર કરવામાં આવ્યું છે.

એડીથ એમ. એનેટકૃત.

ભાષાંતરકર્તાઃ સિરિલ પીતરભાઇ.

જબલપુર, મધ્ય પ્રાંતો.

હિંદુસ્તાનની સંયુક્ત સાબ્બાથશાળાઓ.

Printed at the Mission Press, Surat, by J. F. Steele, and published at Jubbulpore. C. P., by Rev. R. Burges, General Secretary, India Sunday School Union.

પ્રસ્તાવના.

આ લઘુ ગ્રંથમાં છોકરાંને શિખવવાના પાઠોની નોંધ આપેલી છે. વર્ગમાં જે શિખવવાનું છે તે સંબંધી શિક્ષકને કંઈ વિચાર કરવો ન પડે એવા હેતુથી આ પુસ્તક તૈયાર કર્યું નથી. પુસ્તકમાં, પાઠની જે જે બાબતોનો અભ્યાસ કરવાની આવશ્યકતા છે તે પરત્વે શિક્ષકોનું લક્ષ ખેંચવામાં આવ્યું છે, અને તેમાં દર્શાવેલી બાબતો પરથી છોકરાંને માટે વાર્તા કેવી રીતે ઘડી કાઢવી તેનો માર્ગ દર્શાવ્યો છે.

પુસ્તકના દરેક વિભાગમાં એકેક વાર્તાની સંપૂર્ણ નોંધ આપેલી છે અને તે નોંધની મદદથી વર્ગમાં પાઠ કેવી રીતે આપવો તે શિક્ષકો સારી રીતે સમજી શકશે.

દરેક વાર્તાને અંતે "વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો" એવું વાક્ય છે, એ વાક્ય ઉપરથી એમ નહિ સમજવું કે હવે પાઠની શિખામણ છોકરાંને શિખવવાની છે. પાઠમાં વર્ણવેલાં કૃત્યોમાંથી છોકરાં પોતે શું શું કરી શકે તે દર્શાવવાને એ વાક્યની નીચે કેટલીક સૂચના કરેલી છે: અને તેજ સૂચનાઓની મદદથી વર્ગમાં જે વાર્તાઓ છોકરાં શીખ્યાં તેનો તેમની જીંદગી સાથે ઘાડો સંબંધ છે એમ પણ તેઓ સમજી શકશે.

વાર્તામાં વર્ણવેલાં સ્ત્રી પુરૂષોનું અનુકરણ કરવાની ઇચ્છા બાળકોમાં પ્રબળ હોય છે; માટે વાર્તામાંની કઈ કઈ બાબતોનું અને કેવી રીતે છોકરાં અનુકરણ કરી શકે તે તેમને સમજાવવાનો હેતુ લક્ષમાં રાખીનેજ આ સૂચનાઓ કરેલી છે.

પુસ્તકને અંતે પુનરૂત્થાન તથા નાતાલને દિવસે શિખવવાના પાઠો આપેલા છે માટે તે પાઠો તે તેહેવારોને દિવસે શિખવવા.

ઈ. એમ. એ.

૧. આપણો આકાશવાસી પિતા ઇશ્વર અને તેનાં સારાં કૃપાદાનો.

પાઠ ૧ લો.

સુંદર પૃથ્વીની ઉત્પત્તિ.

ઉત્પત્તિ ૧ ; ૧૧-૨૫.

શિક્ષકોને માટે.

આ કલમોમાં પૃથ્વીની ઉત્પત્તિનો જે અનુક્રમ આપેલો છે તે સહેલથી સમજાય એવો છે. શિક્ષકે પોતે આ અધ્યાય ૧ લી કલમથી માંડીને વાંચવો, પરંતુ છોકરાં માટે વાર્તાની શરૂઆત ત્રીજા દિવસના કામથી કરવી, કારણ કે પહેલા બે દિવસનું કામ તેમનાથી સમજી શકાય એવું નથી. જુદાં જુદાં પક્ષીઓને અને પ્રાણીઓને ઉત્પન્ન કરતાં પહેલાં તેમના ખોરાકને માટે ઝાડ, વનસ્પતિ અને ઘાસ ઉત્પન્ન કરવામાં આવ્યાં. ભૂસ્તરવિદ્યા પરથી આપણને માલુમ પડે છે કે, જુદાં જુદાં પ્રાણીઓની ઉત્પત્તિ થયા પહેલાં, ભીનાશવાળી જગ્યામાં ઉગતા મોટા કદના છોડ, અને વનસ્પતિની જુદી જુદી જાતો પૃથ્વી પર હતાં; અને તે જમાનામાં પૃથ્વી લીલ, ભીની જગ્યાઓમાં ઉગતા છોડ, અને અનેક જાતની વનસ્પતિથી ભરેલા એક વિશાળ જંગલના જેવી હતી. ચોથે દિવસે સૂર્યમંડળની વ્યવસ્થા કરવામાં આવી. પહેલે દિવસે અજવાળું ઉત્પન્ન કરવામાં આવ્યું હતું તે પરથી આપણે એવું અનુમાન કરી શકીએ કે, સૂર્ય અને બીજા આકાશી ગ્રહો ચોથા દિવસ પહેલાં ઉત્પન્ન કરવામાં આવ્યા હશે, પરંતુ ચોથે દિવસે ઋતુઓના ફેરફાર તથા પૃથ્વી પર વસતાં સર્વ જીવવંત પ્રાણીઓને નિભાવવાને, પ્રકાશ અને ગરમીની વ્યવસ્થા કરવામાં આવી. છોકરાંને જે બાબતો શિખવવાની છે, તેમાં ઉપર વર્ણવેલી બીનાઓનો સમાવેશ કરવાની જરૂર નથી, કારણ કે તેમની વાર્તાનો સંબંધ પૃથ્વી પરની ચીજોની સાથે વિશેષ છે. પ્રાણીઓ અને

પક્ષીઓ—તે જમાનાનાં કેટલાંક પ્રાણીઓ અને પક્ષીઓ હાલના જમાનામાં નજરે પડતાં પ્રાણીઓ અને પક્ષીઓના જેવાં હતાં, અને કેટલાંક તો હાથી અને શાહમૃગ કરતાં પણ ઘણાં મોટાં હતાં. હાલ તેવાં જનાવરો આપણી નજરે પડતાં નથી, પરંતુ ઘણા જુના સમયનાં વૃક્ષો અને વનસ્પતિના નમુનાની સાથે તેમનાં હાડપિંજરો હાલ પણ આપણા જોવામાં આવે છે.

વાર્તાનો હેતુ.

આ બધી વસ્તુઓ ઇશ્વરનાં આપેલાં કૃપાદાનો છે એવું છોકરાંના મન પર ઠસાવવું.

છોકરાંઓ માટે.

પ્રસ્તાવના—શિક્ષક બની શકે તો પોતાની સાથે એકજ જાતનાં કેટલાંક ફુલો નિશાળમાં લાવવાં. વર્ગમાંના દરેક છોકરાને એકેકું મળી શકે એટલાં ફુલ હોય તો વધારે સારૂં. છોકરાંને ફુલો વહેંચી આપવાં, અને ત્યારબાદ દરેકને ફુલમાંથી એકેક પાંખડી સંભાળથી ચુંટવાનું કહેવું. પછી તેમને કહેવું કે હવે પાંખડીઓ જ્યાં હતી ત્યાં મૂકો. પાંખડીઓ ત્યાં રહી શકશે કે? હવે બીજી પાંખડી ચુંટી કાઢો. એ પાંખડીને શું ખેંચી રાખતું હશે? આવું ફુલ તમે બનાવી શકો? એ ફુલ કોણે બનાવ્યું હશે? આવા પ્રશ્નો છોકરાંને અનુક્રમે પુછવા. હવે તમે બધા તમારાં ફુલો નીચે મૂકી દો અને હું તમને ફુલ વિષે એક વાર્તા કહીશ.

વાર્તા.

એક વખતે પૃથ્વી પર બીલકુલ ફુલઝાડ નહોતાં. ઝાડ કે ઘાસ કે વનસ્પતિ એવું કશું નહોતું. હવે ધારો કે પૃથ્વી હમણાં એવીજ છે. ખેતરમાં ડાંગર કે એવું બીજું અનાજ ઉગતું નથી. જો ડાંગર કે એવું બીજું અનાજ ખેતરમાં ન ઉગે તો તમે શું ખાઓ? ખોરાકની જે જે વસ્તુઓ જમીનમાં થાય છે તેનાં નામ શોધી કાઢો. શિક્ષકે પોતાના જીલ્લામાં જે જે ફળો, ફુલો, શાકભાજી વગેરે થતું હોય તેની એક ટીપ આગળથી તૈયાર કરી રાખવી. પણ તેમનાં નામ છોકરાંની આગળ વાંચી જવાં નહિ, જેમ બને તેમ તે વસ્તુનાં નામ છોકરાંની પાસેથીજ

કઢાવવાં, અને જે વસ્તુનાં નામ તેમને યાદ ન આવે તે તેમને યાદ દેવડાવવાં. પછી છોકરાંને પુછો કે તમે કેટલી જાતનાં ફુલોનાં નામ જાણો છો? જે ફુલોનાં નામ છોકરાં ન આપી શકે તેમનાં નામ શિક્ષકે કહેવાં. ફુલો આપણા શા કામમાં આવે છે? માથામાં ઘાલવા માટે કે હાર બનાવવા માટે આપણી પાસે ફુલ ન હોય તો આપણને કેવું ખરાબ લાગે? વારૂ, આપણને ખોટું લાગે એ વાત ખરી પણ જનાવરોનું શું થાય? ગાયો, ઘોડા અને બકરાં શું ખાય છે? આ જનાવરો ઘાસ, વનસ્પતિ, અનાજ વગેરે કેવી રીતે ખાય છે તેના જવાબ છોકરાં પાસેથી મેળવવા જોઇએ. જો આ ચીજો જમીનમાં ન ઉગે તો જનાવરોને અને આપણને ખોરાક ન મળે. એક વખતે પૃથ્વી પર આમાંની કોઈ વસ્તુ નહોતી, પૃથ્વી તદન ખાલી હતી, કારણ કે તેમાં માણસો કે પ્રાણી કશું નહોતું. તે વખતે પૃથ્વી કેવી વિચિત્ર દેખાતી હશે! તે વખતે તમે પૃથ્વી પર વસતા નહોતા એને લીધે તમને આનંદ થતો નથી શું? પણ ઇશ્વરે એવો ઠરાવ કર્યો કે હું પૃથ્વીને સુંદર બનાવીશ. તેથી તેણે તેમાં ઝાડ, ફુલો અને છોડવા ઉગાવ્યાં. આ વખતે પૃથ્વી પર માણસો કે બીજાં પ્રાણીઓ નહોતાં, તેથી ઝાડો અને છોડવા વધીને બહુ મોટાં થયાં. દરેક ઠેકાણે જંગલ જેવું થઈ રહ્યું. તમે કોઈ ઘાડા જંગલમાં કદી ગયા છો? વારૂ, એ કરતાં પણ વધારે ઘાડા જંગલ વિષે વિચાર કરો જેમાં તમારાથી પેસી પણ ન શકાય. વારૂ, પૃથ્વી તે વખતે એવા જંગલના જેવી હતી, અને તેમાં ઉત્પન્ન કરેલી સઘળી ચીજો અને વનસ્પતિ તદન નકામા જેવી હતી, કારણ કે તેનો ઉપયોગ કરનારૂં પૃથ્વીમાં તે વખતે કોઈ નહોતું. પરમેશ્વરે આ બધું શા માટે ઉત્પન્ન કર્યું? એ બધું ઇશ્વરે આપણે માટે ઉત્પન્ન કર્યું. પૃથ્વીમાંની સઘળી વસ્તુઓ તે ઇશ્વરનાં આપેલાં દાનો છે. આ જંગલમાં જો આપણે કોઈ દિવસ ગયા હોત તો ઝાડ અને જાત જાતની વનસ્પતિથી તદન જુદી ચીજો આપણા જોવામાં આવત. તે ચીજો આપણને હાલતી ચાલતી માલુમ પડત, આ શું હશે? (છોકરાંઓએ જવાબ આપવો જોઈએ અને કેટલાંક પ્રાણીઓનાં નામ પણ આપવાં જોઈએ). જો આપણે ઝાડ પર નજર કરત તો પક્ષીઓ આપણા જોવામાં આવત. કેટલી જાતનાં

પક્ષીઓનાં નામ તમે જાણો છો? (છોકરાં જવાબ આપે). તેમના રંગ કેવા છે? સૌથી સુંદર પક્ષીઓનાં નામ આપો. એ બધાં પક્ષીઓ કયાંથી આવ્યાં? એ બધાં ઇશ્વરે ઉત્પન્ન કર્યાં અને તેમને પૃથ્વીમાં મૂકયાં. ઝાડ અને શાકભાજી આપણા શા કામમાં આવે છે, તેનો આપણે વિચાર કીધો. હવે પ્રાણીઓ શા કામનાં છે તે તમે મને કહી શકશો કે? કેટલાંક પ્રાણીઓમાંથી આપણને જુદી જુદી વસ્તુઓ મળે છે. ગાયો અને બકરાં દૂધ આપે છે, ઘેટાંમાંથી ઉન મળે છે, મરઘી ઇંડાં આપે છે વગેરે. જવાબ છોકરાંઓએ આપવા જોઇએ. છોકરાંઓને પુછો કે કયાં જનાવરો ગાડાં અને હળ ખેંચે છે, અને કયાં જનાવરો ભાર ખેંચે છે. કેટલાક દેશોમાં મોટા મોટા કુતરા થાય છે અને તે ગાડાં ખેંચે છે. કુતરાને ગાડું ખેંચતાં તમે કદી જોયો છે? તમારૂં કાંઇ કામ કુતરા કરે છે કે? (તેઓ ભસીને ચોરોને નસાડી મૂકે છે એવો જવાબ છોકરાંઓએ આપવો જોઇએ).

પ્રાણીઓ અને પક્ષીઓ વગર બીજા કયા જીવો પૃથ્વી પર છે? (માછલાં, જીવડાં, અને સાપો વિષે છોકરાંઓએ હકીકત કહેવી જોઇએ). માછલી શા કામમાં આવે છે? (માણસો માછલાં ખાય છે એવો જવાબ બધાં આપી શકે, અને દરિયા અને માછલી પકડવા વિષે જો છોકરાં જાણતાં હશે તો ઘણી માછલીનાં નામ પણ તેઓ આપી શકશે). ઇશ્વરે આ બધું શા માટે બનાવ્યું? ઝાડ અને ફુલોની પેઠે એ પણ ઇશ્વરનાં દાનો છે. ઇશ્વરે આપણે માટે પૃથ્વીમાં આ બધું બનાવીને તૈયાર રાખ્યું એ તેની કેટલી મોટી કૃપા!

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—પ્રાણીઓ એ પણ ઇશ્વરનાં દાનો છે. આપણે પ્રાણીઓ પર દયા રાખવી જોઇએ કે નહિ? ઇશ્વરે આપણને જે દાનો આપ્યાં છે, તેનો ઉપકાર માનવા માટે આપણે આ અઠવાડિયામાં કેટલાં પ્રાણીઓ ઉપર દયા કરીશું? એક બિલાડીને કે નાના પક્ષીને કે કુતરાને તમે કંઇ આપી શકશો કે? પાઠ સમાપ્ત કરતાં પહેલાં સોનેરી વાકય શિખવો, ગીત ગવડાવો, અથવા તો ઇશ્વરનાં કૃપાદાનો માટે આભારની પ્રાર્થના કરો.

ચિત્ર કે નમુનો—પાઠની શરૂઆત કરતી વખતે બતાવેલાં ફુલોના ઝુમખા સિવાય જુદી જુદી જાતનાં ફુલોનો એક બીજો ઝુમખો શિક્ષકે પોતાની પાસે રાખવો. ફુલો વિષે વાત કરતી વખતે, દરેક ફુલ છોકરાંને બતાવવું. જુદી જુદી જાતનાં પ્રાણીઓ, અને પક્ષીઓનાં ચિત્રો પણ શિક્ષકે પોતાની પાસે રાખવાં અને તે સંબંધી વાત કરતી વખતે તે છોકરાંને બતાવવાં.

સોનેરી વાક્ય.

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કીધાં. ઉત્પત્તિ ૧ ; ૧.

પાઠ ૨ જો.

પહેલો માણસ અને તેનું રહેઠાણ.

ઉત્પત્તિ ૨ ; ૪–૨૪.

શિક્ષકને માટે.

ઇશ્વરે માણસને ઉત્પન્ન કીધું તે પહેલાં પૃથ્વી જંગલ જેવી હતી. તેમાં ધુંવર હતું, અને જાત જાતની લિલોતરી ઉગતી હતી. તેમાં એક ખામી એ હતી કે જમીન ખેડનાર કોઈ ન હતું. પછી ઇશ્વરે માણસને ઉત્પન્ન કીધું. તેનામાં ઇશ્વરી ગુણો હતા એ ઉપર આપણું લક્ષ ખેંચવામાં આવે છે. આ ઇશ્વરી ગુણ માણસને ઇશ્વરમાંથી મળ્યો અને તે જીવતો આત્મા થયો. પહેલા અધ્યાયની ૨૭મી કલમમાં એવું લખેલું છે કે, માણસને ઇશ્વરની પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવ્યું તેનો ખુલાસો હવે તમને મળ્યો. પૃથ્વીમાં ઉત્પન્ન કરેલી સર્વ વસ્તુઓ કરતાં માણસ તદન જુદો છે. જે વાડીમાં ઇશ્વરે તેને મૂકયો હતો તેનું નામ એદન છે. આ વાડી કયાં હતી તે ચોક્કસ રીતે કહી શકાય નહિ; પરંતુ શાસ્ત્રમાં ફ્રાત નદીનું નામ આવે છે તે પરથી આપણે અટકળ કરી શકીએ છીએ કે તે મેસોપોટામ્યામાં હશે. મેસોપોટામ્યામાં ઘણી નદીઓ છે, તે પરથી આ અટકળને વધારે ટેકો મળે છે. બીજાં ઘણાં નામો છે, પણ તે જગ્યાઓ કયાં છે તે વિષે કંઈ જાણવામાં આવ્યું નથી. નદીના ફાંટા—ઘણું કરીને

નદીના ચાર ફાંટા પડેલા છે અને તેની વચમાં જે બેટો બનેલા છે તેમાં આ વાડી હશે. જીવનનું ઝાડ અને ભલું ભુંડું જાણવાનું વૃક્ષ—વાડીના મધ્ય ભાગમાં જ્યાં ઘણા રસ્તા એકઠા થતા હતા ત્યાં આ ઝાડ હતું. ૧૬-૧૭ કલમો પરથી જણાય છે કે આદમને ઘણી સ્વતંત્રતા આપવામાં આવી હતી પરંતુ તેની સાથે તેને એક હુકમ પણ આપવામાં આવ્યો હતો. વાડી ખેડવી—૧૫ મી કલમમાં માણસની પહેલી ફરજ જણાવેલી છે. માણસને જીંદગીમાં ઘણી જાતનું કામ કરવાનું છે. પશુઓનાં નામ—૧૯ મી કલમમાં માણસની બીજી ફરજ જણાવેલી છે. જે જનાવરો ઉપર માણસને અધિકાર આપવામાં આવ્યો તે વિષે જ્ઞાન મેળવવું, એ તેને માટે જરૂરનું છે. ૯ મા અધ્યાયની ૨ જી કલમ પરથી જણાય છે કે જનાવરો પહેલાં ક્રૂર નહોતાં, કારણ કે તેમની ક્રૂરતાનું મુળ કારણ બીક છે. ઈશ્વર આદમ પર પ્રેમ કરતો હતો તેથી તેણે તેને સારૂ એક સ્ત્રી ઉત્પન્ન કરી. સ્ત્રીને કેવી રીતે ઉત્પન્ન કરી, તે વિષે બધી હકીકત છોકરાંને કહેવાની જરૂર નથી. ફક્ત તે મુખ્ય બાબત, આદમનું આશ્ચર્ય અને તેના આનંદ વિષે છોકરાંને કહેવું.

વાર્તાનો હેતુ.

બધાં સારાં વાનાં આપણને ઈશ્વર તરફથીજ મળે છે અને તે બાપની પેઠે આપણી સંભાળ લે છે.

છોકરાં માટે.

પ્રસ્તાવના—ગયે અઠવાડિયે, ઈશ્વરે પૃથ્વી પર જે જે સુંદર વસ્તુઓ ઉત્પન્ન કરી, તે વિષે આપણે વિચાર કર્યો. છોકરાને પુછવું કે કોઈ વસ્તુ રહી ગઈ છે? છોકરાંઓ કેટલીક વસ્તુનાં નામ આપશે. પછી તેમને કહેવું કે તે વસ્તુઓ વિષે તો આપણે વિચાર કર્યો. આ પ્રશ્નો પુછતાં તેમને યાદ કરાવવું કે માણસની વાત હજુ આવી નથી.

વાર્તા.

પહેલો માણસ—પૃથ્વી પર માણસ ન હોય તો તે કેવી દેખાય તેનું વર્ણન કરો. તેમને કહો કે માણસ ન હોય તો પૃથ્વી પર શહેરો, ગામો, ઘરો, ગાડાં, કુવા કશું ન હોય. જનાવરોને કંઈ કામ ન કરવું પડે,

વળી તેમને ખવડાવનાર પણ કોઈ ન હોય. ખેતરોને પાણી પાવાને, છોડવાની સંભાળ રાખવાને, અને ઈશ્વરે જે સુંદર વસ્તુઓ ઉત્પન્ન કરી તેનો ઉપયોગ કરવાને પૃથ્વી પર કોઈ નહોતું. તેથી જ્યારે આ સઘળું તૈયાર થયું, ત્યારે ઈશ્વરે માણસને ઉત્પન્ન કર્યું, અને તેનું નામ આદમ પાડયું.

તેનું રહેઠાણ—આ સુંદર પૃથ્વી પરના એક ભાગમાં ઈશ્વરે આદમને માટે એક ખાસ જગ્યા તૈયાર કરી હતી. એક મોટી વાડી હતી, અને તેનું નામ એદન હતું. વાડીનું વર્ણન કરો અને ખાસ કરીને નદીઓ વિષે વાત કરો. ઈશ્વરે આદમને કહ્યું કે, 'આ તારું રહેઠાણ છે તારી મરજીમાં આવે તેમ કર, આ બધું તારું છે. આ પ્રાણીઓ ઉપર અને બધી વસ્તુઓ ઉપર તું ધણીપણું કર; પણ વાડીમાં એક ઝાડ છે તેનું ફળ તારે ખાવું નહિ.' હવે આદમના ઉપયોગને માટે આટલી બધી વસ્તુઓ હતી, માટે તેને કેટલો બધો આનંદ થતો હશે!

તેનું કામ—આખો દિવસ આદમ શું કરતો હશે? છોકરાંઓને જવાબ આપવા દો, અને તેઓની પાસે વાડીમાંના તેના કામનું વર્ણન કરાવો. વાડીમાં કયા કયા છોડ વધારે ઉપયોગી છે તે તે શોધી કાઢતો હતો, અને તેને વિશેષ રોપતો હતો. જે ફુલો તેને સારાં લાગતાં હતાં તેના છોડ પણ તે રોપતો હતો. તેને કયાં ફુલ સૌથી વધારે ગમતાં હશે? વળી જનાવરો વિષે તેને ઘણું શીખવાનું હતું. વાડીમાં જે જનાવરો હતાં, તે ક્રૂર નહોતાં, તેથી તે તેમને બધાંને પોતાની વાડીમાં રહેવા દેતો હતો. આપણી વાડીઓમાં આપણે બધી જાતનાં જનાવરોને રહેવા દઈએ તો શું થાય? આદમે તે જનાવરોનાં નામ પાડયાં તે વિષે કહો.

તેની સ્ત્રી—વાડીમાં આટલાં બધાં જનાવરો અને સુંદર વસ્તુઓ હતી, તોપણ આદમને એકાંતવાસ જેવું લાગતું હતું. શા માટે તેને એકાંત લાગતું હશે? ઈશ્વરે તેને એક સાથી આપ્યો. આદમ સવારે ઉઠયો ત્યારે સ્ત્રીને જોઈને ઘણો અચંબો પામ્યો, અને તેને ઘણો આનંદ થયો તેનું વર્ણન કરો. તેણે તેનું નામ હવા પાડયું. બન્ને જણ વાડીમાં કામ કરતાં હતાં તેનું વર્ણન કરો. હવા શું કામ કરતી

હશે? તેઓએ ઘર બાંધ્યું હશે? ઈશ્વર તેમની સાથે દરરોજ વાત કરતો હતો, તે વિષે તેમને કહો. ઈશ્વર તેમનો પિતા છે, અને જે રહેઠાણ તેમને રહેવાને મળ્યું, તે ઈશ્વરનું દાન છે એમ તેઓ સમજતાં હતાં.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો— આપણે પણ આદમ અને હવાની પેઠે ઈશ્વરની સાથે વાત કરી શકીએ. આપણે તેને બાપ કહીને બોલાવીએ એવું તે ચાહે છે. સોનેરી વાકય શિખવો અને પ્રભુની પ્રાર્થના કરો.

સોનેરી વાક્ય.

હે યહોવાહ, અમારો બાપ તું છે. યશા. ૬૪; ૮.

પાઠ ૩ જો.

એક તરસ્યા છોકરાને ઈશ્વર પાણી પીવડાવે છે.

ઉત્પત્તિ ૨૧; ૯–૨૧.

શિક્ષકને માટે.

૧૬ મો અધ્યાય પણ વાંચી જાઓ. વળી ૧૭; ૧૮–૨૦ પણ વાંચો. બેરશેબા—નકશો જોવાથી શિક્ષકને માલુમ પડશે કે આ ઠેકાણું કનાન દેશની નૈઋત્યમાં છે. જ્યાં આગળ દરિયા પરના ફળદ્રુપ મેદાનમાં પર્વતો આવેલા છે તેની પાસેજ બેરશેબાનું રણ છે. કલમ ૧૪ મી.

પારાનનું રણ—કનાન દેશની દક્ષિણે કેટલોક રણવાળો પ્રદેશ છે. હાગાર—સારાહની દાસી હતી, તે મિસરી હતી અને તેને પેટે ઈબ્રાહીમને એક દીકરો થયો હતો. સારાહ પહેલાં તેની સાથે બહુ ખરાબ રીતે વર્તી હતી. ઈશ્માએલ—હાગારનો છોકરો. ૧૧ મી કલમ પરથી જણાય છે કે ઈબ્રાહીમ તેને ચહાતો હતો. ઈસ્હાક જન્મ્યો તે પહેલાં, તેને પોતાનો વારસ ઠરાવવો, એવો ઈબ્રાહીમે ઠરાવ કર્યો હતો. અધ્યાય ૧૭, ૧૮. તે દિવસોમાં આ પ્રમાણે કરવામાં આવતું હતું. અને તે કાયદેસર ગણાતું હતું, પરંતુ જો કે તે ઈશ્માએલને ચહાતો હતો, અને તેને માટે પણ તેણે ખાસ આશીર્વાદ ઠરાવ્યો હતો તોપણ ઈશ્વરે ઈબ્રાહીમને

માટે બીજો વારસ ઠરાવ્યો હતો. ઉત્પત્તિ ૧૭; ૨૦ અને ૨૧; ૧૩. ઈશ્માએલ આગળ જતાં અરણ્યમાં વસનાર લોકોનો સરદાર બન્યો અને તિરંદાજ થયો. વળી તે આરબ લોકોનો પિતા થયો. કલમ ૧૬ મી. તીરવા—આશરે ૧૦૦ વાર. હાગારની પ્રાર્થના સાંભળવામાં આવી એમ નહિ, કારણ કે તે તો પ્રાર્થના કરતી નહોતી પણ પોતાની શેઠાણી તરફથી તેને જે અન્યાય થયો હતો તેને લીધે તે દુ:ખી થતી હતી. ઈશ્વરે છોકરાની પ્રાર્થના સાંભળી. મિસરી સ્ત્રી—હાગારે પોતાના દીકરાને માટે મિસરી સ્ત્રી પસંદ કરી.

વાર્તાનો હેતુ.

પાણી એ ઈશ્વરનું દાન છે.

છોકરાંઓ માટે.

પ્રસ્તાવના—તમે તરસ્યા થાઓ છો ત્યારે શું કરો છો? તમે પાણી કયાંથી લાવો છો? માટલીમાં પાણી ન હોય, તો તમે કયાંથી ભરી લાવો છો? જો કુવામાં પાણી ન હોય તો તમે શું કરો? ધારો કે કુવામાં પાણી ન હોય, અને નદી પણ સુકાઈ ગઈ હોય, તો તમે પાણી કયાંથી લાવો? પીવા માટે પાણી ન મળે તો શું થાય? ચાલો ત્યારે હું તમને એક તરસ્યા છોકરાની વાત કહું.

મુસાફરીની શરૂઆત—એક છોકરાનું નામ ઈશ્માએલ હતું અને તે પોતાની માની સાથે લાંબી મુસાફરીએ નીકળ્યો. તમે કોઈ દિવસ આવી મુસાફરીએ નીકળ્યા છો? તમે સાથે શું લઈ જાઓ છો? છોકરાં જવાબ આપે. પછી હાગાર અને ઈશ્માએલ સવારે મુસાફરીએ નીકળ્યાં ત્યારે ઈબ્રાહીમે તેમને જે આપ્યું તેનું વર્ણન કરો. પોતાનો દીકરો જતો હતો તેથી ઈબ્રાહીમને ઘણું દુ:ખ લાગ્યું. જાણે એક બીજાને છેલ્લી સલામ કરતા હોય એવો ચિતાર આપો.

રણ—ઈશ્માએલ ઘેરથી નીકળ્યો ત્યારે તેને દુ:ખ લાગ્યું, પણ તેની મા સાથે હતી માટે તે બધું દુ:ખ ભુલી ગયો. વળી રસ્તામાં નવી નવી ચીજો જોવાની હતી. રસ્તામાં એના જોવામાં શું આવ્યું હશે? કદાચ નવી જાતનાં જનાવરો, પતંગીઆં અને પક્ષીઓ. જો વાઘ તેના

જોવામાં આવે તો તેને બીક લાગે કે? તમને બીક લાગે? હું ધારૂં છું કે રસ્તામાં તેમને વાઘ મળ્યો નહિ. કેટલાક મુસાફરો અને નાનાં છોકરાં તેમને રસ્તામાં મળ્યાં હશે, પણ આ બધા મુસાફરો બીજી જગ્યાએ જતા હતા તેથી હાગારને અને તેના દીકરાને કોઇનો સંગાત થયો નહિ. જ્યારે તાપ ઘણો પડવા લાગ્યો, ત્યારે હાગાર અને તેનો દીકરો ઝાડ નીચે કુવા પાસે આરામ લેવા બેઠાં, એ માટે કે કુવામાંથી બીજું પાણી તેઓ લઈ શકે. એ બીનાઓનો આબેહુબ ચિતાર આપો. રાત પડતાં પહેલાં તેઓ ત્યાંથી નીકળ્યાં, અને રાતે વિસામો લઈ શકાય એવી સુંદર જગ્યાએ તેઓ આવી પહોંચ્યાં. તેમની પાસે તંબુ નહોતો કે તેમને રહેવા માટે ઘર નહોતું. તેઓ ખુલ્લા મેદાનમાં સુઈ જતાં હતાં. આકાશના તારા તેઓ જોઈ શકતાં હતાં. બીજા દિવસની મુસાફરીનું અને ત્યાર પછી જે બનાવો બન્યા તેનું ચિત્રરૂપે વર્ણન કરો. ઝાડો દેખાતાં બંધ થયાં, અને હવે કુવો પણ નજરે પડતો નહોતો. આ બધી મુસાફરીમાં નદી તો આવીજ નહિ. તેમની પાસે મશકમાં પાણી હતું, અને તેમને એવી આશા હતી કે થોડી વારમાં બીજો કુવો આવશે. તેઓએ કદાચ એવો વિચાર કર્યો હશે કે બીજા કુવા પાસે આખી રાત વિસામો લઈશું. આજુબાજુનો બધો દેશ ઉજડ દેખાતો હતો, તે દેશમાં પાણી બહુ થોડું હતું. ઝાડ વિનાનું ઉજડ રણ જેમાં કોઈ કોઈ ઠેકાણે કાંટાવાળા છોડ થાય છે એવા રેતીવાળા રણનો આબેહુબ ચિતાર આપો. પાણી પણ થઇ રહ્યું હતું અને તેઓ બહુ તરસ્યાં થયાં હતાં.

<u>તરસ્યો છોકરો</u>—પાણી વગર હવે તેઓ શું કરે? તેઓ બહુ ચાલ્યાં પણ પાણી મળ્યુંજ નહિ. તેઓને કેવું લાગ્યું હશે તેનો વિચાર કરો. હાગાર કેટલી બધી દુઃખી થઈ હશે. આખરે ઇસ્માએલે કહ્યું કે, હવે તો પાણી વગર મારાથી આગળ ચલાય એમ નથી. હાગારે તેને કહ્યું કે, દીકરા, આ ઝાડ નીચે સુઈ જા. છાંયો પણ સારો છે, હાગાર આમતેમ નજર કરે છે, પાણીની તપાસ કરે છે પણ પાણી કંઈ દેખાતું નથી. તેને પણ ઘણી તરસ લાગી છે એ બીનાઓનો આબેહુબ ચિતાર આપો. જેમ જેમ વખત ગયો તેમ તેમ ઇસ્માએલની હાલત વધારે વધારે ખરાબ

થતી ગઈ. તે રડવા લાગ્યો, અને કદાચ પ્રાર્થના કરતો હશે એમ છોકરાંને કહો. તેના બાપે તેને પ્રાર્થના કરતાં નહિ શિખવ્યું હોય? આખરે હાગાર દૂર જઈને બેઠી અને રડવા લાગી, અને જે જે બોલી તેનો આબેહુબ ચિતાર આપો. બિચારો ઈશ્માએલ પાણી વગર મરવા જેવો થઈ ગયો હતો.

દૂત—હાગારે એકાએક કોઇનો અવાજ સાંભળ્યો. હાગાર, શું છે? એ કોણ હશે? આજુબાજુ કોઈ ન હતું. તેઓ એકલાં હતાં. તે કોણ હતું, તેણે હાગારને જે જે કહ્યું, અને હાગારે જે જોયું તેનું વર્ણન કરો. તેની પાસેજ પાણી હતું પણ અતિશય થાકેલી હોવાને લીધે તે જોઈ શકી નહિ. જ્યારે તેણે પાણી જોયું હશે ત્યારે તેણે શું કર્યું હશે? એવી કલ્પના કરો કે તે પાણીની પાસે દોડી ગઈ, પાણી લાવીને ઈશ્માએલને આપ્યું અને તે ફરીથી શુદ્ધિમાં આવ્યો. ઈશ્માએલે પાણી પીધું તેથી તેને શક્તિ આવી, અને ઈશ્વરે તેમને પાણી બતાવ્યું તેથી તેઓએ જરૂર ઈશ્વરનો ઉપકાર માન્યો હશે.

વાર્તા પૂરી કર્યા પછી શિખવવાની બાબતો—આપણને કોણ પાણી આપે છે? પાણીને લીધે તમે કદી ઈશ્વરનો ઉપકાર માન્યો છે? હું ધારૂં છું કે આપણે રોજ રોજ ઈશ્વરનો ઉપકાર માનવો જોઈએ, કારણકે ઈશ્માએલની પેઠે આપણને પણ પાણી ન મળે તો આપણી દશા કેવી થાય? આપણે પાણી માટે ઈશ્વરનો ઉપકાર માનીશું? ઉપકાર માનવા માટે પ્રાર્થના કરો.

ચિત્ર કે નમુનો—જો તમે છોકરાંને રણનું ચિત્ર બતાવો તો સારૂં. એમ કરવાથી ઈશ્માએલ કેવા દેશમાં મુસાફરી કરતો હતો તેનો ખ્યાલ તેમને આવશે.

સોનેરી વાક્ય.

તોપણ ભલું કરીને,.........તેણે આકાશથી આપણને વરસાદ આપ્યો. પ્રે. કૃ. ૧૪ ; ૧૭.

પાઠ ૪ થો.

ઈશ્વર એક ભુખ્યા માણસને ખવડાવે છે.

૧ રાજા. ૧૭; ૧–૭.

શિક્ષકને માટે.

આ વાર્તામાં એલીયાહની વાત પહેલીજ વખત આવે છે. પાછળથી તેના વિષે આપણા વાંચવામાં ઘણું આવે છે. પરંતુ તેનાં માબાપ અને બાળપણ વિષે આપણે કંઈ જાણતાં નથી. તે પુખ્ત ઉમરનો થયો ત્યારે એકાએક પ્રસિદ્ધીમાં આવ્યો. ગિલઆદ—ગાલીલના સમુદ્રની પૂર્વ દિશાએ આ દેશ આવેલો છે. તે દેશ ઘણો પહાડી છે, અને તેની અંદર ઘાસથી ભરેલા ઉચ્ચ પ્રદેશો પણ છે. આવા દેશોમાં વસનાર માણસો મજબુત, અને પોતાની જાત પર આધાર રાખનાર થાય છે. જે જગ્યાએ આહાબની સાથે તેનો મેળાપ થયો, તે જગ્યાનું નામ શાસ્ત્રમાં આપેલું નથી, પણ ઘણું કરીને તે સમરૂન હશે. આહાબ સમરૂનમાં રહેતો હતો. તે શહેર ઘણું ધનવાન હતું, અને તેના લોક મૂર્તિપૂજક હતા. આહાબના બાપ ઓમ્રીએ તે શહેર બાંધ્યું હતું. અધ્યાય ૧૬ ; ૨૩, ૨૪. નકશામાંથી તે જગ્યા શોધી કાઢો. તે શહેર ઈસ્રાએલી રાજ્યની રાજધાની હતું. કરીથ નાળું—પશ્ચિમ દિશા તરફ, એક મોટા ખડકવાળી ખીણમાં થઈને વહેતું વહેતું યરદન નદીને મળે છે અને ગાલીલ તથા મૃત સમુદ્રની વચ્ચે આવેલું છે. તે જગ્યા તદન વેરાન છે, ત્યાં ઘાસચારો બીલકુલ નથી અને મુસાફરો તથા ભરવાડો ભાગ્યેજ તે જગ્યાએ જાય છે. સંતાઈ રહેવાને માટે આ જગ્યા ઘણી સારી છે, અને તે સમરૂનથી ૨૦ માઈલ દૂર છે. ઈસ્રાએલીઓની આત્મિક સ્થિતિ આ વખતે બહુ ખરાબ હતી. તેઓ પોતાની દોલતને લીધે બહુ મગરૂર થયા હતા; અને ઈશ્વરને ભુલી ગયા હતા. તેઓ મૂર્તિપૂજા પણ કરતા હતા. અધ્યાય ૧૬ ; ૩૦–૩૩. આ કારણથી યહોવાહે એલીયાહની પ્રાર્થના સાંભળી અને દેશમાં દુકાળ મોકલ્યો. એલીયાહે બહુ લાંબી પ્રાર્થના કરી નહિ તેની પ્રાર્થનામાં ફક્ત ૨૫ શબ્દો હતા. પણ તે શબ્દોથી આખી પ્રજા

ઉપર ભારે અસર થઈ. જે કાગડાએ એલીયાહને ખોરાક પૂરો પાડયો તે આ દેશના કાગડા જેવાજ હતા. તે કાળા, ચંચળ પણ ઝનુની હતા. દષ્ટાંત. ૩૦; ૧૭ મી કલમ વાંચો. તેઓ બહુ ખાવરા હતા અને આવા કામને માટે એવાં જનાવરોનો ઉપયોગ ઘણું કરીને કોઈ કરે નહિ. આશરે એક વર્ષ પછી એલીયાહ કેવળ નાળા પરજ નહિ પરંતુ ઈશ્વર પર ભરોસો રાખતાં શીખ્યો.

વાર્તાનો હેતુ.

ઈશ્વર આપણો ખોરાક આપણને પૂરો પાડે છે.

છોકરાં માટે.

પ્રસ્તાવના—કાગડા શા કામમાં આવે છે? કંઇ સારૂં કામ કાગડા કરે છે? કંઈ ખોટું કામ કાગડા કરે છે? કાગડાઓ તમારા હુકમ માને છે કે? કાગડા બીજાનો હુકમ માને છે એવું તમે સાંભળ્યું છે? ઠીક ત્યારે, કાગડાઓએ એક વખત બીજાનો હુકમ માન્યો તે વિષે હું તમને એક વાર્તા કહીશ.

વાર્તા.

એલીયાહનો સંદેશો—એક વખતે એક દુષ્ટ રાજા હતો, તે પોતાના લોકો પાસે મૂર્તિપૂજા કરાવતો હતો. પહેલાં તેઓ ઈશ્વરનું ભજન કરતા હતા, પણ હમણાં તેઓ ઈશ્વરને ભુલી ગયા હતા, તેથી ઈશ્વર બહુ નારાજ થયો. તેઓ બહુ ભુંડાં કામ કરવા લાગ્યા, તેથી તેમને શિક્ષા કરવાની જરૂર પડી. એલીયાહને રાજાની પાસે મોકલવામાં આવ્યો તેનો, અને તે રાજાના મોટા મહેલની પાસે દોલતમંદ, આનંદી પણ દુષ્ટ લોકોની પાસે આવ્યો તેનો આબેહુબ ચિતાર છોકરાંને આપો. તે ઘણો ગરીબ માણસ હતો અને જંગલમાં એક નાનું ગામ હતું ત્યાંથી તે આવ્યો હતો. જ્યારે રાજાએ તેને જોયો ત્યારે તેના વિષે તેણે શું ધાર્યું હશે. તે મહેલ પાસે આવ્યો તેથી રાજા ગુસ્સે થયો? રાજા કંઇ બોલ્યો નહોતો એટલામાં તો એલીયાહ બોલી ઉઠયો, કારણ કે તે ઈશ્વરનો સંદેશો આહાબને કહેવા માટે આવ્યો હતો. એલીયાહ આ મોટા રાજાથી પણ જરાએ બીતો ન હતો. તેણે જે જે કહ્યું તેની સાંભળનાર પર શી અસર થાય તેની કલ્પના કરો. દરબારમાં શહેરમાં અને બીજે બધે ઠેકાણે

'દુકાળ, દુકાળ,' એજ ભયંકર શબ્દો સંભળાતા હતા. રાજાએ કહ્યું કે 'જે માણસ આ ભયંકર શબ્દો બોલ્યો તે કયાં છે? તેને અહિં લાવો. આપણે તેને મારી નાખીએ.'

એલીયાહ નાસી જાય છે—લોકો એલીયાહની શોધ કરવા લાગ્યા પણ તે તેઓને મળ્યો નહિ, તેનો આબેહુબ ચિતાર આપો. એલીયાહ તેઓને કેમ મળ્યો નહિ? તે સંદેશો કહી રહ્યો કે તરત ઈશ્વરે તેને કહ્યું કે 'હવે જતો રહે અને સંતાઇ જા.' મહેલ પાસેના લોકોનાં ટોળાંમાંથી, દરવાજા પાસે ઊભેલા ચોકીદારો પાસેથી, અને શહેરમાંથી કેવી રીતે તે સટકી ગયો, અને આખરે જંગલમાં ચાલ્યો ગયો, તે વિષે કલ્પના કરો. તે ત્યાં સહીસલામત હતો કે નહિ? (છોકરાં જવાબ આપે). રાજાના સિપાઈઓએ આખા દેશમાં ઘણા માઇલ સુધી તેની શોધ કીધી, એવું તેમને કહો. હજુ એલીયાહને તેથી પણ વધારે આગળ જવાનું હતું. યહોવાહે તેને કહ્યું કે પેલી નદીની પૂર્વ બાજુ તરફ જા, ત્યાં તારે માટે પાણી છે, અને મેં કાગડાઓને આજ્ઞા કીધી છે માટે તેઓ તારે સારૂ ખોરાક લાવશે. કોઈ ન જાણે એવી રીતે તે આમતેમ ફરતો. દિવસે જંગલમાં સંતાઈ રહેતો અને રાતે લાંબી મુસાફરી કરતો. કદાચ મનમાં એવા વિચાર કરતો હશે કે પક્ષીઓ મારે માટે કયાંથી ખોરાક લાવશે. પક્ષીઓ આવું કામ કરી શકે એવું મારા સાંભળવામાં કદી નથી આવ્યું.

એલીયાહની સંતાવાની જગ્યા—એલીયાહ આખરે એક મોટી ખાઈની પાસે આવ્યો. તે ખાઈની આજુબાજુ ખડકો હતા. તેની આજુબાજુ ઝાડ નહોતાં; ઘાસ પણ ન હતું. ખાઈની અંદર એક નાનું નાળું વહેતું હતું. તે જગ્યા સંતાઈ રહેવાને માટે બહુ સારી હતી, કારણ કે ત્યાં રસ્તા નહોતા અને ભરવાડો પણ પોતાનાં બકરાંને લઈને ત્યાં આવતા નહોતા કેમકે ત્યાં ચારો મળે એમ ન હતું. એવી કલ્પના કરો કે ખડકની અંદર સંતાઈ રહેવાય એવી જગ્યા એલીયાહ શોધે છે. આ જગ્યામાં તેને લાંબો વખત સુધી રહેવાનું હતું. આવી જગ્યાએ તમને રહેવાનું ગમે? જો કોઈ દુષ્ટ રાજા તમારો જીવ લેવાને શોધતો હોય, તો આવી સલામતી ભરેલી જગ્યાએ રહેવાનું તમને પણ ગમે.

એલીયાહનો ખોરાક—જે નાની નદીમાંથી એલીયાહ પાણી પીતો હતો, અને જ્યાં આગળ તે ન્હાતો હતો તેનું વર્ણન કરો. ઈશ્વરે તેને આવી જગ્યાએ મોકલ્યો એમાં તેણે તેના પર કેટલી મોટી મહેરબાની કરી? પરંતુ ત્યાં આગળ કંઈ ખોરાક નહોતો, બજાર નહોતું. જો પાસે બજાર હોય તો પણ એલીયાહથી ત્યાં જઈ શકાય નહિ. એલીયાહ ત્યાં કેમ જઈ ન શકે? આજુબાજુનો બધો દેશ વેરાન હતો, અને ખાવાની કોઈ પણ ચીજ ત્યાં મળે એમ ન હતું. યહોવાહે એલીયાહને જે કહ્યું હતું તે તેને યાદ હતું. યહોવાહે એલીયાહને શું કહ્યું હતું? (છોકરાં જવાબ આપે). એલીયાહ પક્ષીઓની રાહ જોતો હતો, અને તેઓ શું લાવશે, અને કેવી રીતે લાવશે તે વિષે તે વિચાર કર્યાં કરતો હતો. કાગડા ખાવાને માટે શું લાવશે? તમે શું ધારો છો? (છોકરાંને જવાબ આપવા દો). થોડીવાર પછી કાગડા આવ્યા, કાળાં પક્ષીઓ આકાશમાં ઉડતાં દેખાયાં, તેઓ કેટલી વાર ખાવાનું લાવ્યાં અને શું લાવ્યાં તેનું વર્ણન કરો. એલીયાહ નાળા પાસે સંતાઈ રહ્યો છે એમ તેઓએ શી રીતે જાણ્યું? એલીયાહને માટે કેટલો ખોરાક લઈ જવો એ તેઓએ શી રીતે જાણ્યું? જેટલો વખત એલીયાહ ત્યાં રહ્યો તેટલો વખત કાગડા તેને માટે ખોરાક લાવ્યા.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—જેવી રીતે એલીયાહને ખોરાક મળ્યો તેવી રીતે આપણને મળે છે? તમને તમારો ખોરાક કેવી રીતે મળે છે? છોકરાંને તેમનો ખોરાક કેવી રીતે મળે છે તે જુદા જુદા પ્રશ્નોની મદદથી શોધી કાઢો. ખાવાની ચીજો બજારમાંથી લેવામાં આવે છે, મા ખાવાનું રાંધે છે, અનાજ ખેતરમાં ઉગે છે, ખેડુત જમીન ખેડે છે અને અનાજ પકવે છે, પરંતુ જો સૂર્ય ન હોય અને વરસાદ ન આવે, તો અનાજ પાકી શકે નહિ. આ બે વસ્તુઓ ઈશ્વર આપે છે. આપણને આપણો ખોરાક પક્ષીઓની મારફતે મળતો નથી, પણ માબાપ, ખેડુત અને દુકાનદાર તે મેળવવામાં મદદ કરે છે. ગયે અઠવાડિયે આપણે પાણીને માટે ઈશ્વરનો ઉપકાર માન્યો હતો. આજે ખોરાકને માટે ઈશ્વરનો ઉપકાર માનીએ, દરરોજ જમતી વખતે તમે ઈશ્વરનો ઉપકાર માનશો કે?

સોનેરી વાક્ય.

આજની અમારી રોટલી તું અમને આપ. માત્થી ૬; ૧૧.

પાઠ ૫ મો.

બાળક એ ઈશ્વરનું દાન છે.

૧ શમૂએલ ૧ ; ૧–૨૮.

શિક્ષકને માટે.

નકશામાંથી એફ્રાઇમ પર્વત શોધી કાઢો. યરૂશાલેમની ઉત્તરે આવેલો પહાડી દેશ પણ શોધી કાઢો. રામાહ જેનું બીજું નામ રામાથાઇમ છે તે ત્યાં આગળ છે, અને ત્યાંથી આશરે ૨૦ માઇલ દૂર ઉત્તરમાં શીલોહ છે. જો કે રામાહથી શીલોહમાં જવાને માટે પર્વત પર મુસાફરી કરવી પડે છે તોપણ તે રસ્તો બહુ ખરાબ નથી. મંદિરને બદલે મંડપનોજ ઉપયોગ થતો હતો. ધાવણ મુકાવ્યું—જ્યારે તે પોતાની સંભાળ લઇ શકે એવો થયો ત્યારે કદાચ તે ૧૦ વર્ષનો હશે. ૨૪ મા કલમમાં બળિદાનની વાત આવે છે તે પરથી એમ જણાય છે કે આ ખેડુત ધનવાન હતો. ૨૮ મી કલમ પર વિવેચન કરવાની જરૂર નથી. ફક્ત તે કલમ હાલ વાંચી સંભળાવવી. આગળ જતાં તે કલમ પર વિવેચન કરવામાં આવશે.

વાર્તાનો હેતુ.

બાળક એ ઈશ્વરનું દાન છે.

છોકરાં માટે.

પ્રસ્તાવના—છોકરાં વિનાનું ઘર તમે કદી જોયું છે? છોકરાંવાળા ઘરમાં વધારે સુખ હોય છે કે છોકરાં વિનાના ઘરમાં?

વાર્તા.

છોકરાં વિનાની સ્ત્રી–હાન્નાહ કરીને એક સ્ત્રી હતી. તેને કંઇ છોકરૂં ન હતું. તે હમેશાં બહુ દિલગીર રહેતી હતી, અને તેને છોકરૂં ન હતું તેથી કેટલીક સ્ત્રીઓ તેની મશ્કરી કરતી હતી. શિક્ષકે આ વાતનું વર્ણન એવી રીતે કરવું કે છોકરાંઓના મનમાં આ સ્ત્રીને માટે કંઈ લાગણી ઉત્પન્ન થાય.

હાન્નાહ મંદિરમાં જાય છે—ઈશ્વરને માટે અર્પણ લઇને, તથા તેનું ભજન કરવાને હાન્નાહ હરવર્ષ, પોતાના ધણીની સાથે મંદિરમાં જતી હતી. મંદિર ઘણું દૂર હતું. ડુંગર પર ૨૦ માઇલની લાંબી મુસાફરી

તેમને કરવી પડતી હતી. તમે કોઇ દિવસ આટલી લાંબી મુસાફરી કરી છે? કોઈ છોકરાં પોતાનાં માબાપ સાથે, દૂરનાં મંદિરોમાં ગયાં હોય, તો તેમને તેમની મુસાફરીનું વર્ણન કરવા દેવું; અને હાન્નાહની ડુંગર પરની મુસાફરીનું વર્ણન કરવું. મોટા પર્વમાં જવાને માટે ઘણા લોકો આ વખતે મુસાફરી કરતા હતા. તેમને રસ્તામાં કેટલો વખત લાગે તેનો વિચાર કરો. એવી કલ્પના કરો કે રાત્રે વિસામો લેવાને માટે તેઓ રસ્તાની બાજુ પર થોભતાં હતાં. મુસાફરીમાં રોજ તેઓ ખાવા રાંધતાં હશે કે આગળથી ખોરાક તૈયાર કરી લીધો હશે? કેટલાંક માણસોની સાથે તેમનાં નાનાં છોકરાં હતાં, અને હાન્નાહ તેમને જોઇને પોતાના મનમાં દિલગીર થતી હતી. તેને પણ બાળક જોઇતું હતું.

તેઓ મંદિરમાં આવી પહોંચ્યાં—મુસાફરીને અંતે તેમને ઘણાં માણસો મળ્યાં, લોકોનાં ટોળાં આમતેમ ફરે છે, અને ઈશ્વરે તેમને બાળકો આપ્યાં માટે ઉપકારનાં અર્પણો ચઢાવે છે એવો આબેહુબ ચિતાર આપો. હાન્નાહને પણ ઉપકાર માનવાનાં ઘણાં કારણો હતાં, પણ આ પ્રસંગે તે ઈશ્વરની પાસેથી કંઈક માગવા ચહાતી હતી. ઈશ્વરની પાસે તેણે શું માગ્યું? પોતાની આજુબાજુ શું છે તેની દરકાર કર્યાં વિના હાન્નાહ એક ખુણામાં જઇને પ્રાર્થના કરવા લાગી, તેનો ચિતાર આપો. થોડીવારમાં એક ઘરડો યાજક ત્યાં આવ્યો. તે યાજકનું અને હાન્નાહની સાથે તેને જે વાતચીત થઈ તેનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો. હાન્નાહને જે વચન આપવામાં આવ્યું તેને લીધે તે ખુશી થતી થતી પોતાને ઘેર ગઈ તેનો આબેહુબ ચિતાર આપો.

પ્રાર્થનાનો જવાબ—બીજે વર્ષે પર્વમાં જવાનો વખત થયો તે પહેલાં હાન્નાહને તેની પ્રાર્થનાનો જવાબ મળ્યો. ઈશ્વરે તેને એક રૂપાળો દીકરો આપ્યો. તેનું નામ છોકરાંને કહો, અને હાન્નાહને કેટલો બધો આનંદ થયો હશે તેનું ચિત્રરૂપે વર્ણન કરો. બીજે વર્ષે જ્યારે તેનો ધણી પર્વમાં જવાને માટે તૈયાર થતો હતો ત્યારે તેણે તેને કહ્યું કે, 'છોકરો મોટો થશે ત્યાં સુધી હું ઘેર રહીશ.' પણ હું ધારૂં છું કે તેણે ઉપકાર માનવા માટે અર્પણ તો મોકલ્યું હશે. તમને પણ એમ નથી લાગતું શું? અને દર વર્ષે અર્પણ મોકલતી વખતે, તે એમ કહેતી

હશે કે આ વર્ષે પણ હું નહિ જાઉં, કારણકે છોકરો હજુ બરાબર મોટો થયો નથી.

હાન્નાહ ઈશ્વરના ઘરમાં ફરીથી જાય છે—ઈશ્વરના ઘર વિષે ઘણીવાર હાન્નાહે શમૂએલ આગળ વાત કરી હશે. આખરે તે પર્વમાં જઈ શકે એટલો મોટો થયો. ફરીથી આખી મુસાફરીનું વર્ણન કરો. હાન્નાહના આનંદનું, અને છોકરાને રસ્તામાં જે ગમ્મત પડી તેનું વર્ણન કરો. એવી કલ્પના કરો કે હાન્નાહ જ્યારે મંદિરમાં પહોંચી ત્યારે પોતાનો છોકરો યાજકને બતાવવાથી તેને ઘણો આનંદ થયો. તેણે એમ કહ્યું હશે કે 'આ દીકરો ઈશ્વરે મને આપ્યો છે.' ઈશ્વરને તેણે જે મોટું અર્પણ ચઢાવ્યું તેનું વર્ણન કરો. તેણે એમ કહ્યું કે, 'હું મારો દીકરો ઈશ્વરને અર્પણ કરૂં છું, તે આખી જીંદગીભર તેનો સેવક થશે.'

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—તમે જ્યારે જન્મ્યા હશો ત્યારે તમારી માતાઓને આનંદ થયો હશે કે? હા, તેઓએ પણ હાન્નાહની પેઠે કહ્યું હશે કે, 'આ છોકરાં ઈશ્વરે અમને આપ્યાં છે.' શમૂએલ જેમ ઈશ્વરનું આપેલું દાન હતો તેમ તમે પણ ઈશ્વરનું દાન છો. તમારે હમેશાં તમારાં માબાપની આજ્ઞા માનવી અને તેમને રાજી રાખવાં.

સોનેરી વાક્ય.

બાળકોને મારી પાસે આવવા દો,......કારણ કે આકાશનું રાજ્ય એવાંઓનુંજ છે. માત્થી ૧૯ ; ૧૪.

પાઠ ૬ ટ્ઠો.

પહેલા પાંચ પાઠનું પુનરાવર્તન.

શિક્ષકને માટે.

શિક્ષકે પાંચે પાઠની નોંધ ફરીથી વાંચી જવી, ઈશ્વરનાં દાનો તરીકે જે જે વસ્તુનાં નામ તેમાં આવે છે તે લખી લેવાં. યાદ રાખો કે આ આપણા રોજના ઉપયોગની વસ્તુઓ છે.

પુનરાવર્તનનો હેતુ.

આ રોજના ઉપયોગની સાધારણ વસ્તુઓ પર છોકરાંનું ધ્યાન ફરીથી ખેંચવું અને તે ઈશ્વરનાં દાનો છે એમ તેમનાં મન પર ઠસાવવું.

છોકરાંઓ માટે.

ગયા અઠવાડિયાની વાત કોને યાદ છે? એક છોકરો તે વાત કહી જાય. ઈશ્વરે હાન્નાહને દીકરો આપ્યો, એ મુળ બાબત છોકરાંને યાદ રહેવી જોઈએ, વાર્તાનો બીજો કોઈ ભાગ તેઓ પડતો મૂકે તો કાંઈ ફિકર નહિ. પછી છોકરાંને પુછો કે હાન્નાહને ઈશ્વરે શું દાન આપ્યું? ઈશ્વરનાં બીજાં દાનો વિષે તમે ઘણી વાતો શીખી ગયાં છો.

ઈશ્વરે ઇશ્માએલને શું આપ્યું? તેને આટલી બધી તરસ કેમ લાગી? વારુ એક ભુખ્યા માણસની વાત પણ તમે શીખી ગયાં, તેનું નામ શું હતું? ઈશ્વરે તેને કેવી રીતે ખોરાક આપ્યો? આ સવાલના જવાબ છોકરાંઓએ આપવા જોઈએ. પક્ષીઓને અને પ્રાણીઓને ઉત્પન્ન કરવામાં આવ્યાં તે પહેલાં પૃથ્વી કેવી હતી તે વિષે કોણ કહી શકશે? ઉત્પત્તિને લગતીજ બાબતો છોકરાં કહે એટલું બસ નથી. જુદી જુદી વસ્તુઓ ઉત્પન્ન થયા પછી પૃથ્વી કેવી દેખાતી હતી, તેનું વર્ણન છોકરાંઓએ કરવું જોઈએ. પહેલાં ઝાડ અને છોડવા, પછી પ્રાણીઓ અને પક્ષીઓ અને છેલ્લે માણસને ઉત્પન્ન કર્યું. પહેલાં ઝાડ કેમ ઉત્પન્ન કરવામાં આવ્યાં? પ્રાણીઓને ખોરાક મળે માટે એવો જવાબ મળવો જોઈએ. આદમને અને હવાને છેલ્લાં શા માટે ઉત્પન્ન કર્યાં? ઈશ્વર તેમને માટે બધી ચીજો આગળથી તૈયાર રાખવા માગતો હતો, એ માટે કે તેમને તેમના નવા ઘરમાં કશાની તંગી ન પડે, એવો જવાબ મળવો જોઈએ. વાડી અને તેમાંની ચીજોનું ફરી વર્ણન કરો, જે જે ચીજો આપણને જોઈએ તે તેમાં હતી. પાણી, ઘાસ, ઝાડ, ફળ, શાકભાજી, અનાજ અને પ્રાણીઓ વગેરે વાડીમાં હતાં. દયાળુ બાપ ઈશ્વરે તેમને માટે બધું આગળથી તૈયાર કરી રાખ્યું હતું. ઈશ્વરે તે વિષે આપણને તેના સત્યશાસ્ત્રમાં કહેલું છે એ માટે કે એ બધી ચીજો ઈશ્વરનાં દાનો છે એવું આપણે જાણીએ. એ બધી ચીજોને માટે તમારે ઈશ્વરનો ઉપકાર માનવો જોઈએ, એ તમને યાદ છે કે? ઈશ્વરે આપણે માટે જે જે ચીજો બનાવી છે, તેનાં નામ તમે વારાફરતી આપો, અને પછી આપણે ઈશ્વરનો ઉપકાર માનીશું. આ પ્રાર્થનામાં શિક્ષક ઈશ્વરને માટે 'અમારા બાપ' એ શબ્દો જરૂર વાપરવા.

૨. ઇશ્વરનું સર્વોત્તમ દાન.

પાઠ ૭ મો.

બાળક ઈસુની વાર્તા.

લુક ૨; ૧—૨૦.

શિક્ષકને માટે.

નકશામાંથી બેથલેહેમ શોધી કાઢો અને તેની આજુબાજુનો દેશ કેવો છે તે ધ્યાનમાં લો. બેથલેહેમની આજુબાજુના ડુંગરો પર ઘાસ-ચારાથી ભરેલી બહુ સારી જગ્યાઓ છે. નાઝારેથ શોધી કાઢો, અને યુસફ તથા મરિયમને કેટલી બધી લાંબી મુસાફરી કરવી પડી હશે તેનો વિચાર કરો. તેઓ સમારીઆમાં થઇને આવ્યાં નહિ, પણ યરદન નદી ઓળંગીને, પૂર્વ બાજુ તરફથી, યરેખોની પાસે થઇને આશરે ૧૦૦ માઇલની મુસાફરી કરીને આવ્યાં. નિયમ પ્રમાણે લોકોની ગણત્રી કરવી અને કર નાખવા એ રોમી રાજ્યની રીત હતી. યુસફ અને મરિયમ યહુદી હતાં, તેથી આ પ્રસંગે મહેરબાની દાખલ તેમને તેમના પૂર્વજોના વતનમાં જવા દીધાં. દાઉદનું કુટુંબ જે જગ્યાએથી આવ્યું હતું તે જગ્યા બેથલેહેમ હતું. ૧ શમૂએલ ૧૬; ૧. અને યુસફ તથા મરિયમ તેમના વંશનાં હતાં. માત્થીના ૧ લા અધ્યાયમાં અને લુકના ૩ જા અધ્યાયમાં જે વંશાવળી આપેલી છે તે ઘણું કરીને યુસફ અને મરિયમ, પોતે દાઉદના વંશનાં છે એ સાબિત કરવાને પોતાની સાથે લાવ્યાં હશે. બેથલેહેમના બીજા ઘણા માણસો પણ ત્યાં હતા, અને તેનેજ લીધે ધર્મશાળામાં જગ્યા ન હતી.

પાઠનો હેતુ.

દરેકને આનંદ આપવાને માટે યહોવાહે ઈસુને મોકલ્યો એ છોકરાંને જણાવવાનો.

છોકરાં માટે.

<u>પ્રસ્તાવના</u>—છોકરાંને તેમનાં નાનાં ભાઇબેનો વિષે પ્રશ્ન પુછો. તેઓ જ્યારે જન્મ્યાં હશે ત્યારે કેટલો બધો આનંદ થયો હશે તે

પણ પુછો. જ્યારે નાનું બાળક જન્મે છે ત્યારે ઘરમાં બધાંને આનંદ થાય છે. આજે હું તમને એક બાળકની વાર્તા કહીશ, કે જેણે દરેક જણને આનંદ પમાડવાને માટે જન્મ લીધો.

લાંબી મુસાફરી—બેથલેહેમનો રસ્તો, ડુંગર પરનો સાંકડો માર્ગ, થાકેલા મુસાફરો આવે છે, કેટલાક ચાલતા આવે છે અને કેટલાક જનાવરો પર સ્વાર થઈને આવે છે, વગેરે બાબતોનો આબેહુબ ચિતાર આપો. કેટલાએક બેથલેહેમના પોતાના મિત્રોના ઘર તરફ જતા હતા, અને બીજા ધર્મશાળા ભરાઈ જાય તે પહેલાં તેમાં જગ્યા મેળવવાને માટે ઉતાવળથી ચાલતા હતા. સાંજે અંધારૂં થયું ત્યારે બે માણસો ત્યાં આવ્યાં. તેઓ બહુ લાંબી મુસાફરી કરીને આવ્યાં હતાં, તેથી થાકી ગયાં હતાં. યુસફ અને મરિયમ બન્ને સૌથી છેલ્લાં આવ્યાં તેનો ચિતાર આપો.

ભરાઈ ગએલી ધર્મશાળા—જ્યારે તેઓ ધર્મશાળા પાસે આવ્યાં ત્યારે તે તદન ભરાઈ ગએલી હતી. કદાચ મરિયમે ધર્મશાળાની બહાર વિસામો લીધો હશે, અને યુસફ બીજે ઠેકાણે જગ્યા શોધતો હશે, પણ ઉતારાની જગ્યા મળતી નહોતી. આખરે એક તબેલામાં તેમને જગા મળી, તે વિષે છોકરાંને કહો. કદાચ યુસફને થોડી ગાયોને ખસેડીને અને ચોકખું પરાળ પાથરીને મરિયમને માટે જગ્યા કરવી પડી હશે. આખરે બધાં સુઈ ગયાં અને ગામમાં બધું શાંત થઈ ગયું.

દૂતો—પણ કેટલાક માણસો જાગતા હતા. બેથલેહેમની બહાર મેદાનમાં ભરવાડો પડેલા છે, ઘેટાં વાડામાં ગોંધેલાં છે. દેવતા સળગાવીને ભરવાડો તાપે છે અને વાતો કરે છે, અને જંગલી પશુઓથી ઘેટાંનું રક્ષણ કરે છે અને આકાશમાં તારા ચકચકે છે એવો આબેહુબ ચિતાર આપો. એકાએક તેમની આજુબાજુ ભારે પ્રકાશ ચમકયો અને એક દૂત દેખાયો, તેમને બહુ બીક લાગી. દૂતે જે કહ્યું તેનું અને દૂતોના ટોળાનું તથા તેમણે જે ગીત ગાયું તેનું વર્ણન કરો.

બાળક—ભરવાડોને એમ લાગ્યું કે અમારાં ઘેટાં સહીસલામત છે, તેથી તેઓ આ બાળકને જોવા માટે ગામમાં ગયા. એકાદ ભરવાડ ઘેટાં સાચવવા રહ્યો હશે, કે બધા ગયા હશે? તેઓ ધર્મશાળામાં ગયા

અને ત્યાં તેમણે જે જે જોયું તેનું વર્ણન કરો. સવાર થઈ હતી તેથી તેઓ બાળકનું ભજન કરીને બહાર ગયા, અને દૂતો વિષે તથા બાળક વિષે દૂતોએ જે કહ્યું હતું તે બધાંને કહી સંભળાવ્યું.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—આપણે બધાં ભરવાડોની પેઠે બીજા માણસોને, બાપને, માને અને બીજાં છોકરાં જે સાબ્બાથશાળામાં નથી આવ્યાં તેમને આ વાત કહીશું કે? દરેક જણ બીજાને ઈસુ વિષે કહે એવું ઈશ્વર ચાહે છે કારણ કે ઈસુ દરેકને આનંદ પમાડવા માટે આવ્યો.

ચિત્ર કે નમુનો—આ વાર્તા કહેતી વખત તબેલાનું ચિત્ર પાસે રાખવું, પણ ભરવાડોએ તબેલામાં જે જોયું તે વિષે કહેતાં પહેલાં તે ચિત્ર બાળકોને બતાવવું નહિ.

સોનેરી વાક્ય.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. યોહાન ૩; ૧૬.

પાઠ ૮ મો.

ઈસુનું નામ પાડવામાં આવ્યું.

લુક ૨; ૨૧–૩૮.

શિક્ષકને માટે.

માત્થી ૧; ૨૧ અને લુક ૧; ૩૦–૩૩ વાંચો. આજની વાર્તા બરાબર સમજવાને યહુદીઓની ધર્મક્રિયાઓ વિષે જ્ઞાન મેળવવાની જરૂર છે. ઉત્પત્તિ ૧૭; ૯–૨૪ વાંચો. આ ધર્મક્રિયા ઘરમાં કરવામાં આવતી હતી અને તેજ વખતે નામ પણ પાડવામાં આવતું હતું. શુદ્ધિકરણના દિવસો—લેવી. ૧૨; ૬–૮. મરિયમ ગરીબ હતી તેથી ફરમાવેલાં અર્પણો-માંનું નાનું અર્પણ લાવી. પહેલો જન્મેલો છોકરો ઈશ્વરનો ગણાતો હતો. નિર્ગમન ૨૨; ૨૯. ગણના ૩; ૧૨, ૧૩ અને ૧૮; ૧૫, ૧૬ વાંચો. પાંચ શેકેલ એટલે આશરે આઠ રૂપિયા. બેથલેહેમથી યરૂશાલેમના મંદિરમાં જતાં તેમને કેવા રસ્તા પર મુસાફરી કરવી પડી હશે તે સમજવા

નકશો જુઓ. લગભગ ૬ માઇલ સુધી તેમને ડુંગરોમાં મુસાફરી કરવી પડી. મરિયમ તે દેશના મોટા ગધેડા પર બાળકને લઈને બેઠી હશે. તે બાળકની ઉમ્મર આ વખતે ૬ મહીનાની હતી. તે શહેરનો ઘરડો શિમઓન અને ભવિષ્યવાદેણ આન્ના જે મંદિરમાં રહેતી હતી તેમના વિષે વિચાર કરો, અને દરેકે જે કહ્યું અને કર્યું તે ધ્યાનથી વાંચો. માગીઓની મુસાફરી વિષે, અને તેમના મિસરમાં જવા વિષે માત્થીમાં જે વર્ણન આવે છે તે બીના આ બનાવ બન્યા પછી બની. કલમ ૩૯.

પાઠનો હેતુ.

બધા લોકો ઈસુને દેવનું દાન ગણતા હતા એવું સમજાવવું.

છોકરાં માટે.

પ્રસ્તાવના—વર્ગનાં છોકરાંનાં નામ વિષે, તે નામ ક્યારે પાડવામાં આવ્યાં, કોણે પાડ્યાં, નામ પાડતી વખતે કંઈ ક્રિયા કરવામાં આવી કે કેમ, વગેરે બાબતો વિષે વાત કરો.

વાર્તા.

નામ—ગયે અઠવાડિયે એક છોકરો જે તબેલામાં જન્મ્યો હતો તેના વિષે તમને એક વાત કહી હતી. તેની મા તે છોકરાનું બહુ સારૂં નામ પાડવા માગતી હતી. એક દિવસે એક દૂત તેની પાસે આવ્યો અને ઈશ્વર તે છોકરાનું જે નામ પાડવા માગતો હતો તે નામ તેને જણાવ્યું. ગયા અઠવાડીઆના પાઠમાં તે બાળક વિષે દૂતોએ જે કહ્યું હતું તે તમને યાદ છે કે? દૂતે તેને કહ્યું હતું કે તે છોકરાનું નામ તું ઈસુ પાડજે, કારણ કે તે પોતાના લોકોને તેમનાં પાપથી છોડાવશે. હું ધારૂં છું કે આ વાત મરિયમ સમજી નહિ હોય, પણ આ નામ તેને સારૂં લાગ્યું. બાળક જ્યારે આઠ દિવસનું થયું ત્યારે યાજક (પાળક) તેને, યુસફને અને મરિયમને જોવા માટે આવ્યો અને કદાચ તેમના મિત્રો અને પડોશીઓ પણ ત્યાં આવ્યા હશે, કારણ કે તેઓ જાણતા હતા કે આજે બાળકનું નામ પાડવામાં આવશે. આ બાળકનું નામ ઈસુ છે એમ જ્યારે યાજકે કહ્યું હશે ત્યારે બધાં અચંબો પામ્યાં હશે. હું ધારૂં છું કે મરિયમે તે નામ કોઈને જણાવ્યું નહોતું.

<u>પહેલી મુસાફરી</u>—હવે મરિયમ એક બીજું કામ કરવા માગતી હતી. તેણે કહ્યું કે, 'આપણે આ બાળકને મંદિરમાં લઈ જઇએ એ માટે કે દરેક જણ તેને જોઇને જાણે કે તે દેવનું બાળક છે.' મંદિર ૭ માઈલ દૂર હતું. ૭ માઇલનું અંતર કેટલું તે તમે જાણો છો? ત્યાં જવાનો રસ્તો સારો નહોતો. ડુંગર પરના એક સાંકડા રસ્તામાં થઇને ત્યાં જવાતું હતું. તેઓ ત્યાં કેવી રીતે જાય? તે રસ્તા પર ગાડી જઈ શકતી નહોતી. કદાચ મરિયમ ગધેડા પર બેઠી હશે અને યુસફ ચાલતો ગયો હશે. બાળક ૭ અઠવાડીઆનું થયું ત્યાર પછી એક દિવસ સવારે તેઓ તેને મંદિરમાં લઈ ગયાં. બાળક આ વિષે કંઈ સમજતું ન હતું. બેથલેહેમની બહાર ઘણા ભરવાડો મેદાનમાં પોતાનાં ઘેટાંને અને બકરાંને ચારતા હતા. જે ભરવાડો ઇસુને જોવા માટે તબેલામાં ગયા હતા તેઓ પણ ત્યાં હશે. ફરીથી ઇસુને જોવાનું તેમને મન થયું હશે? કદાચ મરિયમ ત્યાં થોભી હશે અને ઇસુના નામ વિષે તેમને કહ્યું હશે. થોડી વારમાં ડુંગર પર એક મોટું શહેર તેમની નજરે પડયું. તેની આજુબાજુ એક મજબુત કોટ હતો. કેટલાંક ઘરો કોટથી ઊંચાં હતાં તે પણ દેખાતાં હતાં, અને સુંદર મંદિરનું મથાળું પણ નજરે પડતું હતું. થોડી વારમાં તેઓ ડુંગર પર ચઢયાં અને કોટની અંદર એક મોટો દરવાજો હતો તેમાં થઇને તેઓ શહેરમાં ગયાં. શહેરમાં ઘણા લોકો હતા અને જેમ બેથલેહેમના લોકો ઈસુ વિષે જાણતા હતા તેમ તેઓ જાણતા નહોતા, તેથી તેઓમાંનું કોઈ ઇસુને જોવા માટે થોભતું નહિ. તેઓ લાંબી મુસાફરી કરીને થાકી ગયાં હશે અને મંદિરમાં જતાં પહેલાં બજારમાં ખાવાનું વેચાતું લેવા માટે જતાં હશે, પણ આખરે તેઓ બધાં મંદિર પાસે આવ્યાં અને સુંદર દરવાજામાં થઇને અંદર ગયાં.

<u>મંદિર</u>—જ્યારે તેઓ અંદર ગયાં ત્યારે મંડળીનો પાળક (યાજક) તેમને મળ્યો. જે યાજકે બેથલેહેમમાં ઈસુનું નામ પાડયું હતું તે યાજક આ નહોતો. તેણે ઇસુને પહેલાં જોયો નહોતો. યુસફે તેને કહ્યું કે, આ મરિયમનો પહેલો છોકરો છે અને તેથી તે દેવનો છે. યાજકે તેને પોતાના હાથમાં લીધો અને તેને આશીર્વાદ દીધો. પછી તેણે મરિયમને તે છોકરો પાછો આપ્યો અને તેને કહ્યું કે, 'ઇશ્વરને માટે આ છોકરાને તું સંભાળ.

પછી મરિયમે તે છોકરાનું નામ તેને કહ્યું અને ત્યાર પછી બે નાનાં કબુતર જે તે પોતાની સાથે લાવી હતી તે યાજકને અર્પણ તરીકે આપ્યાં. યુસફે પણ યાજકને આશરે ચાર રૂપિયા આપ્યા, કારણ કે તે વખતમાં જ્યારે માબાપ પોતાના પહેલા છોકરાને મંદિરમાં લઈ જતાં ત્યારે એ પ્રમાણે કરતાં હતાં.

બીજાં માણસો બાળકને જોવા માટે આવ્યાં—એક ઘરડો માણસ જે શહેરમાં રહેતો હતો તે મંદિરમાં પ્રાર્થના કરવા માટે આવ્યો હતો અને જ્યારે તેણે બાળકને જોયું ત્યારે ઈશ્વરે તેને કહ્યું કે, 'આ નાનું બાળક તે ઈસુ છે.' પછી તે મરિયમની પાસે આવ્યો, બાળકને પોતાના હાથમાં લીધું અને તેને અજાયબ જેવું દાન જોવા દીધું એ માટે ઈશ્વરનો ઉપકાર માન્યો, અને બોલ્યો કે, 'બધા લોકોને આનંદ અને આશીર્વાદ પમાડવા માટે ઈશ્વરે આ બાળક આપ્યું છે.' પોતાના બાળક વિષે આવી અજાયબ જેવી વાતો સાંભળીને મરિયમને આશ્ચર્ય નહિ લાગ્યું હોય? વળી એક ઘરડી સ્ત્રી જે હમેશાં મંદિરમાં રહેતી હતી તે, જે વખતે શિમઓન બોલતો હતો તેજ વખતે આવી પહોંચી અને આ બાળક તે ઈસુ તારનાર છે એ સાંભળીને ઈશ્વરની સ્તુતિ કરવા લાગી, અને ઉપકાર માનવા લાગી. પછી તે સ્ત્રી બહાર ગઈ અને જેમ ભરવાડોએ બેથલેહેમના માણસોને ઈસુ વિષે કહ્યું હતું તેમ તેણે આ મોટા શહેરના માણસોને આ વાત કહી.

વાર્તાં પૂરી થયા પછી શિખવવાની બાબતો—આપણે ગયા અઠવાડિયામાં કેટલા માણસોને ઈસુ વિષે કહ્યું? જેમ ઘરડી સ્ત્રીએ બીજા માણસોને ઈસુ વિષે કહ્યું તેમ આપણે પણ બીજાઓને કહી શકીએ કે? બાળકો સોનેરી વાક્ય મોઢે કરે અને પછી ઈસુના નામ વિષે ગીત ગાય.

સોનેરી વાક્ય.

તું તેનું નામ ઈસુ પાડશે; કેમકે તે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે. માત્થી ૧ ; ૨૧.

પાઠ ૯ મો.

જ્ઞાની પુરૂષો ઈસુનું ભજન કરવા માટે આવ્યા.

માત્થી ૨ ; ૧-૧૨.

શિક્ષકને માટે.

જે વિદેશીઓ પહેલી વખત ઈસુનું ભજન કરવા માટે આવ્યા તેમના વિષે આ વાત છે. તેઓએ ઈસુ વિષે શી રીતે જાણ્યું તેનો વિચાર કરો. યહુદીઓ બંદીપ્રવાસમાંથી પાછા આવ્યા નહોતા, તેઓ જુદે જુદે ઠેકાણે વેરાયલા હતા તેથી તેમના ધર્મ વિષે અને મસીહની આશા વિષે ઘણા લોકોએ જાણ્યું હતું. તારો—હિન્દુસ્તાનમાં અને એશિયા ખંડના બીજા ઘણા દેશોમાં આકાશમાંના ગ્રહો, તારાઓ વગેરેનો લોકોએ સારો અભ્યાસ કર્યો હતો. જો નવો તારો દેખાય તો ઘણા લોકોનું લક્ષ તે તરફ એકદમ ખેંચાય. જે દાનો તેઓ પોતાની સાથે લાવ્યા હતા તે રાજાને આપી શકાય એવાં હતાં અને દેશની ઉત્તમ પેદાશ તેથી જણાઈ આવતી હતી.

વાર્તાનો હેતુ.

ઈસુ એ બધા માણસોને માટે ઈશ્વરનું દાન છે.

છોકરાં માટે.

પ્રસ્તાવના—ઈસુને જોવા માટે પહેલવહેલું કોણ આવ્યું? પહેલાં ગાયો અને ઘેટાં, પછી ભરવાડો, પછી કેટલાક માણસો બહુ દૂરથી આવ્યા.

વાર્તા.

જ્ઞાની પુરૂષો—તે માણસો ધનવાન હતા, હોશિયાર હતા, અને તેમણે સારાં લુગડાં પહેર્યાં હતાં એવું છોકરાંને કહો. એવા માણસો હિન્દુ-સ્તાનમાં પણ છે. ઈસુ જે તારનાર તરીકે અને રાજા તરીકે આવવાનો હતો તે વિષે તેઓએ વાંચ્યું હતું અને આકાશમાં તેનો તારો દેખાવાની તેઓ રાહ જોતા હતા. જ્યારે તેઓએ તારો જોયો હશે ત્યારે તેમને કેવું લાગ્યું હશે તેનું વર્ણન કરો.

રાજાની શોધ—રાજાને શોધવા માટે તેઓ નીકળ્યા તેનો ચિતાર આપો. દરેકની પાસે તે રાજાને માટે કંઇ ભેટ હતી. તે ભેટ શી હતી

તે છોકરાંને પુછો અને લાંબી મુસાફરીને માટે તેઓએ પોતાની સાથે શું લીધું હશે તે પણ પુછો. તેમને ઊંટ પર મુસાફરી કરવી પડી, તેમને પર્વતો, નદીઓ અને રણો ઓળંગીને જવું પડયું. દરરોજ રાતે તેઓ તારો જોતા હતા. તેઓ યરૂશાલેમ પહોંચ્યા અને હેરોદના મહેલમાં ગયા તેનું વર્ણન કરો. તેઓ એમ ધારતા હતા કે બાળક રાજા તે મહેલમાં હશે, પણ ત્યાં તો કોઇ તેના વિષે જાણતું નહોતું. હેરોદે યાજકોને બોલાવ્યા, તેઓએ તે સંબંધી શાસ્ત્રમાં તપાસ કરી અને તેમને બેથલેહેમ જવાનું કહ્યું, તે બધી બીનાઓનું વર્ણન કરો. હેરોદે જે કહ્યું તે કહો.

બાળકનું ભજન—તેઓએ ફરીથી પોતાની મુસાફરી શરૂ કરી. સાંજે તારા તરફ નજર કરી તો માલુમ પડયું કે તારો હજુ આગળ ચાલે છે. તેઓ બેથલેહેમમાં પહોંચ્યા; ત્યાં તો દરેક જણ આ અજાયબ જેવા બાળક વિષે જાણતું હતું. તેમને ઇસુ વિષે કોણે કહ્યું હતું? તે હાલ તબેલામાં નહોતો, પણ એક નાના ઘરમાં હતો. બાળરાજાને આવી જગ્યામાં જોઇને તેઓને આશ્ચર્ય લાગ્યું નહિ હોય શું? તેઓ ઘરમાં જાય છે, બાળકને જુએ છે, તેનું ભજન કરે છે, તેને ભેટ આપે છે વગેરે બીનાઓનું ચિત્રરૂપે વર્ણન કરો.

તેઓ બીજે રસ્તે ઘેર જાય છે—તેમને રાત્રે એક સ્વપ્ન આવ્યું. તેમણે એક વાણી સાંભળી અને ઇશ્વરનો હુકમ માનીને તેઓ હેરોદના મહેલમાં નહિ જતાં, બીજે રસ્તે થઇને પોતાને ઘેર ગયા, એ બધી બીનાઓનું વર્ણન કરો.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—આપણને આ બાળકને જોવા જવાનું અને તેને માટે ભેટ લઈ જવાનું ગમે કે નહિ? આપણે હમણાં તેને કંઈ ભેટ આપી શકીએ? હા, આપણે સાબ્બાથ-શાળાનાં ઉઘરાણાંમાં જે પૈસા નાખીએ છીએ તે એક પ્રકારની ભેટ છે. આપણે આજે ઉઘરાણામાં શું નાખ્યું?

સોનેરી વાક્ય.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. યોહાન ૩; ૧૬.

પાઠ ૧૦ મો.

પુનરાવર્તન. પાઠ ૭–૯.

શિક્ષકને માટે.

ત્રણે પાઠોની નોંધ શિક્ષકે ફરીથી ધ્યાનપૂર્વક વાંચી જવી જોઈએ.

પુનરાવર્તનનો હેતુ.

દરેકને આનંદ પમાડવા માટે ઈશ્વરે ઈસુને આ જગતમાં મોકલ્યો એ વિચાર તેમના મન પર ઠસાવવો. ઘણા પ્રશ્નો પુછવાથી આ વિચાર છોકરાંના મન પર ઠસાવી શકાય નહિ, પણ આ ત્રણે પાઠની હકીકત ફરીથી કહી જવાથી છોકરાંને આ બાબત વિષે વધારે સારી સમજ પડશે. કેટલીક ઝીણી ઝીણી બાબતો છોડી દેવી, કેમકે બધી હકીકત કહેવાને માટે તમને પુરતો વખત મળશે નહિ. છોકરાં પોતાની મેળે જેટલું કહી શકે તેટલું તેમને કહેવા દેવું. ભરવાડોની વાતથી શરૂઆત કરવી.

છોકરાં માટે.

(૧) ભરવાડો—ભરવાડો શું કરતા હતા? તેઓએ શું જોયું? તેઓએ શું સાંભળ્યું? તેઓ ક્યાં ગયા? વગેરે પ્રશ્નો તેમને પુછો અને તેમને જેટલું આવડતું હોય તેટલું કહેવા દો.

(૨) <u>ગભાણમાં ઈસુની મુલાકાત</u>––ભરવાડોએ ગભાણમાં જે જોયું તેનું અને તેઓએ જઈને બધાંને ઈસુ વિષે ખબર આપી તેનું ફરીથી વર્ણન કરો.

(૩) <u>બાળકનું નામ</u>—આ બીના અને તેનો અર્થ છોકરાંને યાદ હશે, દૂત દેવ તરફથી મરિયમને માટે જે સંદેશો લાવ્યો તેનું વર્ણન ફરીથી કરો.

(૪) <u>ઈસુને મંદિરમાં લઈ જાય છે</u>—મુસાફરી વિષે ફરી વાત કરો અને મંદિરમાં જે થયું તે વિષે, શિમઓન વિષે, આન્ના વિષે અને તેઓએ જે કહ્યું તે વિષે તથા આન્નાએ દરેક જણને ખબર આપી તે વિષે વર્ણન કરો.

(૫) <u>બીજા માણસો ઈસુને જોવા માટે આવ્યા</u>—જ્ઞાની પુરૂષોનું વર્ણન કરો. પણ તેઓની મુસાફરી વિષે અને યરૂશાલેમ આગળ

તેઓ થોભ્યા તે વિષે ટુંકામાં છોકરાંને કહો. તેઓ બહુ દૂરથી આવ્યા, તારાને જોતાં જોતાં મુસાફરી કરી અને બેથલેહેમમાં તેઓએ જે જે કર્યું તેનું ટુંકામાં વર્ણન કરો.

. પાઠ પૂરો થયા પછી શિખવવાની બાબતો—ઇસુ એ ફક્ત મરિયમને માટેજ ઇશ્વરનું દાન નહોતું પણ તે દાન તો આખા જગતને માટે હતું. બીજું કોઈ એવું છોકરૂં છે કે જેણે આ વાત સાંભળી નથી? ગયે રવિવારે જેમ છોકરાંએ ઉપકારનું ગીત ગાયું તેમ આજે પણ ગાય.

સોનેરી વાક્ય.

તું તેનું નામ ઇસુ પાડશે; કેમકે તે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે. માત્થી ૧; ૨૧.

૩. ઇશ્વરની પ્રેમાળ સંભાળ.

દેવ ઈસુની સંભાળ લે છે.

માત્થી ૨; ૧૩–૨૩.

શિક્ષકને માટે.

યુસફ અને મરિયમ કયે રસ્તે ગયાં તે નકશા પરથી શોધી કાઢો. જે રસ્તે થઇને ઇસ્રાએલી લોકો મિસરમાંથી આવ્યા તે રસ્તે તેઓ ગયાં નહોતાં, પણ દરિયા પાસે થઇને ઉત્તર દિશા તરફ તેઓએ મુસાફરી કરી. બન્ને બાજુ પર વેપારી કાફલાઓ માટે સારો રસ્તો હતો, અને બીજા ઘણા મુસાફરો તે રસ્તે થઇને જતા હતા. અંતર લગભગ ૪૦૦ માઇલનું હતું. આ મુસાફરી કરતાં કેટલો વખત લાગે? દરરોજ તેઓએ ૨૦ માઇલથી વધારે મુસાફરી કરી હશે. મરિયમે ગધેડા પર મુસાફરી કરી હશે પણ યુસફ તો ચાલતો ગયો હશે. કતલ—કેટલાં બધાં છોકરાંને મારી નાખવામાં આવ્યાં તેનો વિચાર કરો. બેથલેહેમમાં આશરે ૨૦૦૦ માણસો હતાં, એટલે બે વરસથી ઓછી ઉમરનાં આશરે ૧૫૦ છોકરાં તેમાં હોવાં જોઇએ. આમાંથી ૭૫ જો છોડીઓ હોય તો ૭૫ છોકરાને મારી નાખવામાં આવ્યા એમ કહી શકાય. આ વાત પર લંબાણથી વિવેચન કરવું નહિ, ફક્ત તેમને તે વાત જણાવવી કારણકે આ બીના છોકરાંને બીક લાગે એવી છે. હેરોદના મરણ પછી જ્યારે તેઓ પોતાના દેશમાં પાછાં આવ્યાં ત્યારે યુસફનો ઇરાદો બેથલેહેમમાં રહેવાનો હતો. કલમ ૨૨ મી. પણ નાઝારેથ, જ્યાં આગળ બાળકનો જન્મ થયાં પહેલાં તેઓ રહેતાં હતાં, ત્યાંજ તેઓ ફરીથી રહેવા માટે ગયાં.

પાઠનો હેતુ.

ઈશ્વર બાળકોની સંભાળ કરે છે.

છોકરાં માટે.

<u>પ્રસ્તાવના</u>—છોકરાંને ડાહ્યા માણસોની મુસાફરીની વાત ફરીથી યાદ દેવડાવવી. મુસાફરીની વાત કરવામાં બહુ વખત લેવો નહિ, પણ

તેઓ હેરોદના મહેલમાં ગયા, હેરોદે જે જે કહ્યું તે, અને તેઓ બીજે રસ્તે થઈને પોતાને ઘેર ગયા, એ બાબતો તરફ ખાસ કરીને તેમનું ધ્યાન ખેંચવું.

વાર્તા.

ગુસ્સે થએલા રાજા—મહેલમાં રાજાએ તે માણસોની ઘણી રાહ જોઇ. તેઓ શું કરતા હશે? બાળકને શોધી કાઢતાં તેમને આટલો બધો વખત કેમ લાગ્યો? કદાચ કોઇ બાળરાજા જન્મ્યોજ નહિ હોય, એવા વિચાર રાજા પોતાના મનમાં કરવા લાગ્યો. આખરે તેણે તેમને શોધી કાઢવા માટે માણસો મોકલ્યા. અને તે માણસો એવો સંદેશો લાવ્યા કે તેઓ તો બીજે રસ્તે થઇને ક્યારના પોતાને ઘેર ચાલ્યા ગયા. જ્ઞાની પુરૂષોને તેણે જેમ કહ્યું હતું તેમ તેઓએ ન કર્યું માટે તે બહુ ગુસ્સે થયો. હવે આ બાળકને કેવી રીતે શોધી કાઢવું તેની તેને સમજણ પડી નહિ. આ બાળક કોણ હશે તે જાણવા માટે તે ઘણો આતુર હતો. તેણે શું કર્યું? તેણે પોતાના સિપાઇઓને એવો હુકમ આપ્યો કે બેથલેહેમમાં જાઓ અને બધા નર બાળકોને મારી નાખો. તે એમ ધારતો હતો કે તેમાં ઇસુ પણ મરી જશે.

દૂતનો સંદેશો—તે માણસોને કેવી રીતે ખબર પડી કે અમારે બીજે રસ્તે થઇને ચાલ્યા જવું તે તમને યાદ છે? (તેમના સ્વપ્નની વાત છોકરાંએ કહેવી જોઇએ). તે માણસો જતા રહ્યા ત્યાર પછી યુસફને સ્વપ્ન આવ્યું. ઇશ્વરે એક દૂતને તેની પાસે મોકલ્યો તેણે યુસફને કહ્યું કે, બાળકને લઇને તું એકદમ દૂર દેશમાં ચાલ્યો જા! રાજા બહુ ગુસ્સે થયો છે અને બાળકનો જીવ બહુ જોખમમાં છે.

મુસાફરીની શરૂઆત—પછી યુસફે મરિયમને આ વાત કહી. તે બન્નેએ એકદમ ઠરાવ કર્યો કે આપણે અહીંથી નીકળી જવું જોઇએ. મુસાફરીને માટે તેમને કઇ કઇ ચીજોની જરૂર હતી? (છોકરાંઓ કોઇ ચીજોનાં નામ દે તો સારૂં) જેમકે—મરિયમને બેસવા માટે ગધેડું, બાળકને લપેટવા કંઇ ગરમ કપડું, કંઇ ખોરાકની વસ્તુ. પણ બજાર-માંથી આ વસ્તુઓ વેચાતી લેવા માટે તેઓ થોભી શકે એમ ન હતું.

અજવાળું થતાં પહેલાં તેઓએ ત્યાંથી નીકળી જવું જોઇએ એ માટે કે રાજાને પણ ખબર ન પડે. મધરાતે આવી રીતે તમને બહાર નીકળવાનું ગમે કે? હું ધારૂં છું કે મરિયમે પોતાના બાળકની આખી રાત બહુ સંભાળ લીધી અને તેથી બાળક આખી રાત નિરાંતે ઊંઘી રહ્યું. તેઓ એવાં છાનાં-માનાં બેથલેહેમમાંથી નીકળી ગયાં કે કોઇને તેની ખબર પડી નહિ. જ્યારે હેરોદના સિપાઇઓ બેથલેહેમમાં આવ્યા ત્યારે બીજાં નાનાં છોકરાં ત્યાં હતાં. પણ ઇસુ તો ત્યાંથી જતો રહ્યો હતો. ઇસુ અહિં નથી એ વાતની તેમને ખબર પડી નહિ.

લાંબી મુસાફરી—ઇશ્વરે યુસફને બહુ દૂર જવાનું કહ્યું હતું માટે એક બે રાતમાં તેઓ ત્યાં પહોંચી શકે એમ ન હતું. ઘણા દિવસ તેમને મુસાફરી કરવી પડી. તેઓએ રસ્તે શું શું કર્યું હશે તે વિષે છોકરાંને અટકળ કરવા દો. તેઓ રસ્તા પર પોતાનો ખોરાક રાંધવાને થોભ્યાં હશે. જ્યારે બપોરે ઘણો તાપ પડતો હશે ત્યારે ઝાડ નીચે આરામ લેતાં હશે, કોઈ કોઇ વાર બહાર ખુલ્લા મેદાનમાં રેતીની અંદર સુતાં હશે, કોઇવાર રસ્તા પરની ધર્મશાળામાં ઉતારો કરતાં હશે, કોઈ કોઇ વાર ચાંદનીમાં આખી રાત મુસાફરી કરતાં હશે, અને તડકાને લીધે દિવસે આરામ લેતાં હશે.

નવું ઘર—આખરે તેમની મુસાફરી પૂરી થઇ. જે દેશમાં તેઓ આવી પહોંચ્યાં તે દેશનાં માણસો તદન નવાં હતાં અને તેઓ જુદી ભાષા બોલતાં હતાં. હવે રહેવાને માટે કોઇ ઘર શોધી કાઢવાની જરૂર હતી અને ગુજરાનને માટે કંઇ કામ શોધી કાઢવું જોઇએ. યુસફ પોતે સુથાર હતો અને ત્યાં પુષ્કળ કામ મળે એવું હતું, તે પૈસા મેળવવા માટે સખત મહેનત કરતો હતો. મરિયમને પોતાનું આગલું ઘર યાદ આવતું હશે કે? તેને ત્યાં જવાનું મન થતું હશે કે? બાળકને જોખમની જગ્યાએ લઇ જવાને તેઓ બન્ને રાજી ન હતાં.

બીજા દૂતનો સંદેશો—થોડીવાર પછી ઇશ્વરે એક બીજા દૂતને મોકલ્યો. તેણે યુસફને સ્વપ્નમાં કહ્યું કે, 'હેરોદ રાજા મરી ગયો છે, હવે કંઇ ધાસ્તી નથી; તું પાછો પોતાના દેશમાં જા.' તેઓ રાજી થયાં હશે

તેઓ કેવી રીતે પાછાં ગયાં તે છોકરાંને કહેવા દો. બેથલેહેમની મુસાફરી વિષે તેઓએ જે જે કહ્યું હતું તે બધું બહુ આનંદથી તેઓ ફરીથી કહેશે. ઇસુ આ વખતે બહુ મોટો થયો હતો. તે થોડું ચાલી શકતો પણ વારે વારે થાકી જતો અને પોતાની માની સાથે ગધેડા પર મુસાફરી કરતો હતો. થોડા દિવસ પછી તેઓ બેથલેહેમની પાસે આવ્યાં. ત્યાં રહેવાની તેમની ઇચ્છા હતી. પણ એક બીજા દૂતે તેમને દર્શન દીધું. વાતમાં બધા મળી કેટલા દૂત આવ્યા? છોકરાંને ગણવા દો. તે દૂતે કહ્યું તમારે અહીં રહેવું નહિ, પણ પહેલાં તમે જ્યાં રહેતાં હતાં ત્યાં એટલે નાઝારેથમાં જાઓ. તેથી તેઓ ત્યાં ગયાં. પોતાના દેશમાં તેઓ પાછાં આવ્યાં તેથી તેમને કેટલો બધો આનંદ થયો હશે!

<u>વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો</u>—બીજાં બાળકોની સંભાળ લેવા માટે ઇશ્વર દૂતોને મોકલે છે શું? હા; પણ આપણે તેમને જોતા નથી. ઇશ્વર આપણને સંભાળે છે એવો વિશ્વાસ આપણે રાખવો. તે આપણી સંભાળ રાખે છે માટે આપણે તેનો ઉપકાર માનીશું કે? પછી ઉપકારનું ગીત ગાવું અથવા પ્રાર્થના કરવી.

સોનેરી વાક્ય.

તે તમારી સંભાળ કરે છે. ૧ પીતર ૫; ૭.

પાઠ ૧૨ મો.

મુસા—પેટીમાંનું બાળક.

નિર્ગમન ૧; ૨૨ : ૨; ૧–૧૦.

શિક્ષકને માટે.

તે વખતના ઇસ્રાએલી લોકોની હાલત અને શા કારણથી છોકરાને મારી નાખવામાં આવતા હતા તે બરાબર સમજવાને શિક્ષકે પહેલો અધ્યાય પૂરો વાંચવો. હારૂન મુસા કરતાં મોટો હતો અને આ હુકમ નીકળ્યો તે પહેલાં જન્મ્યો હશે. મરિયમની ઉમ્મર વિષે અટકળ કરો. કદાચ તે ૧૦ વર્ષની હશે. આ નદી તે નીલ નદીની શાખા હતી.

મિસરનો નકશો જોવાથી તમને માલમ પડશે કે તે નદીના ઘણા ફાંટા પડી જાય છે. પૂર્વ તરફના ફાંટા તરફ ઇસ્રાએલી લોકો રહેતા હતા, તે નદીમાં ઘણાં બરૂ ઉગતાં હતાં અને તેમાંથી એક જાતનો કાગળ બનાવવામાં આવતો હતો. તે કાગળમાંથીજ તેઓએ આ નાની હોડી જેવી એક પેટી બનાવી. તેઓએ તે પેટી કેવી રીતે બનાવી તે બરાબર સમજવાને માટે ૩ જી કલમ વાંચો. નિર્ગમન ૬ ; ૨૦ માં માબાપનાં નામ આપેલાં છે અને માના વિશ્વાસ વિષે હેબ્રી. ૧૧ : ૨૩ માં વાત આવે છે.

વાર્તાનો હેતુ.

ઇશ્વર બાળકોની સંભાળ લે છે એ વિચાર છોકરાંના મન પર બરાબર ઠસાવવો.

છોકરાં માટે.

<u>પ્રસ્તાવના</u>—એક બીજું નાનું બાળક જેનો જીવ જોખમમાં હતો તે વિષે આજે વાત કરીએ. એક બીજો દુષ્ટ રાજા હતો. તે બધા નર બાળકોને મારી નાખતો હતો, પણ એક નાનો છોકરો બચી ગયો તેના વિષે આજે હું તમને એક સુંદર વાર્તા કહીશ.

વાર્તા.

<u>બાળકને ઘરમાં સંતાડી રાખ્યું</u>—આ બાળક જન્મ્યું હશે ત્યારે તેની માને કેટલો બધો આનંદ થયો હશે! તેને રાજા મારી ન નાખે એ માટે તે કેટલી બધી સંભાળ રાખતી હશે. તેણે અને તેની બ્હેન મરિયમે તેને ત્રણ મહીના સુધી એવી રીતે સંતાડી રાખ્યો કે રાજાના નોકરોને તેનો કંઈ પત્તો મળ્યો નહિ તેનું વર્ણન કરો. છોકરાંને પુછો કે બાળકને સંભાળવામાં મરિયમે કેવી મદદ કરી હશે? તેને બીજી છોડીઓની સાથે રમવાનું બહુ મન થતું હતું પણ જો તે રમવા જાય તો બાળક રડે અને બીજા માણસોને ખબર પડે, અને તેમનું બાળક તેમની પાસેથી લઇ લેવામાં આવે, તેથી તે આખો દિવસ ઘેર રહેતી અને તે બાળકની સાથે રમતી. તેઓ ઇશ્વરની પ્રાર્થના કરતાં કે, 'હે ઇશ્વર, આ બાળકને સંભાળવામાં અમને મદદ કર.'

<u>તે છોકરાને નદી કાંઠે સંતાડયો</u>—હવે લાંબી મુદત સુધી તેઓ તેને સંતાડી શક્યાં નહિ. તે છોકરો મોટો થયો અને જોરથી રડવા લાગ્યો. બીજા માણસો હવે તેનું રડવું બહારથી સાંભળી શકે. તેઓ ઈશ્વરની મદદને માટે પ્રાર્થના કર્યાં કરતાં હતાં. તેમને એક નવો વિચાર સુઝયો. તેમને આ વિચાર ઈશ્વરેજ સુઝાડયો હશે. તેઓએ નદીમાંથી બરૂ એકઠાં કર્યાં અને રાત્રે ઘર બંધ કરીને એક હોડીના આકારની નાની પેટી બનાવી, તે બીનાઓનું વર્ણન કરો. તેઓ બાળકની સંભાળને માટે ઈશ્વરની પ્રાર્થના કર્યાં કરતાં હતાં. આ પેટી વિષે હારૂનના મનમાં કેવા વિચાર આવ્યા અને તેણે કેવા સવાલ પુછ્યા ? જ્યારે તે પેટી તૈયાર થઇ ત્યારે સવારમાં તેઓ વહેલાં ઉઠયાં, અને બાળકને લઇને તેઓ નદીએ ગયાં અને પછી બાળકને અંદર મૂકીને પેટી નદીમાં તરતી મૂકી તે બીનાઓનો આબેહુબ ચિતાર આપો. ત્યાં બાળક કેવા જોખમમાં હતું? (છોકરાં જવાબ આપે). કદાચ મગર આવે અને પેટી ઊંધી વાળે અને બાળકને ઈજા કરે, અથવા તો સિપાઇઓની નજરે તે પેટી પડે. બાળકનાં મા-બાપને તો પોતાના કામ પર જવાનું હતું. નાની મરિયમ શું થાય છે તે જોવાને માટે જરા દૂર જંગલમાં સંતાઈ રહી તે છોકરાંને કહો. તે બીધી હશે કે? તમને બીક લાગે કે? મરિયમ આ નાના બાળક પર એટલો બધો પ્રેમ કરતી હતી કે નાસી જવાનો વિચાર તેના મનમાં આવ્યોજ નહિ.

<u>રાજાની કુંવરીને તે છોકરો જડયો</u>—જ્યારે મરિયમ સંતાઇને જોયા કરતી હતી ત્યારે સ્ત્રીઓનું એક મોટું ટોળું નદીએ ન્હાવાને માટે આવતું તેણે જોયું. રાજાની કુંવરીએ સુંદર વસ્ત્રો પહેરેલાં હતાં અને તેની સાથેની દાસીઓએ પણ સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં તે વિષે વર્ણન કરો. જ્યારે તેઓ નદીની પાસે આવી ત્યારે એક પેટી પાણીમાં તરતી તેમના જોવામાં આવી. તેમને કેટલી બધી નવાઈ લાગી હશે તેની કલ્પના કરો. રાજાની કુંવરીએ તે બાળકને પોતાની પાસે લાવવા માટે એક દાસીને મોકલી તેનું વર્ણન કરો. તે છોકરાને તેની માએ શા માટે નદીમાં મૂકયો હતો તે તે એકદમ સમજી ગઈ. તે પોતે પણ તે છોકરાને બચાવવા માગતી હતી. છોકરાને કેવી રીતે બચાવવો તે વિષે તેઓ વાતચીત કરવા લાગ્યાં તેનું વર્ણન કરો.

તે છોકરો તેની માને પાછો આપ્યો—મરિયમ જે સંતાઈને આ બધી વાત સાંભળતી હતી તે બહાર આવી અને કહ્યું કે હું તેને માટે ધાવ શોધી લાવીશ. છોકરાંઓ, તે કોને બોલાવી લાવી હશે? તે ઘેર દોડી ગઈ અને તેની માને ખબર આપી, અને તેની મા કેટલી બધી ખુશીથી ત્યાં આવી હશે તેનું વર્ણન કરો. કુંવરીએ કહ્યું, આ છોકરો હવે મારો છે, તું તેની સંભાળ કર. તેઓ છોકરાંને ઘેર લઈ ગયાં. છોકરાને બચેલો જોઇને ઘરનાં બધાં માણસોને કેટલો બધો આનંદ થયો હશે તેનો ચિતાર આપો.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—છોકરાંઓ પોતે કંઈ જોખમમાં આવ્યાં હશે તો તે વિષે તેઓ કંઈ કહેશે અથવા તો શિક્ષકે એવા પ્રસંગની તેમને યાદ દેવડાવવી. ઈશ્વરે તેમની સંભાળ લીધી તેને માટે છોકરાં ગીત ગાઈને અને પ્રાર્થના કરીને ફરીથી ઈશ્વરનો ઉપકાર માને.

ચિત્ર કે નમુનો—જો છોકરાંએ નદીમાં કે દરિયામાં હોડીઓ તરતી ન જોઈ હોય તો શિક્ષકે કાગળની કે લાકડાની એક નાની હોડી બનાવી તેને પાણીના વાસણમાં તરતી મૂકી તેમને બતાવવી. છોકરાને માટે તેઓએ પેટી કેવી રીતે બનાવી તે બરાબર સમજાવવા માટે શિક્ષકે થોડાં બરૂ અને એવી બીજી ચીજો લઈ છોકરાંની આગળ એવી એક પેટી તૈયાર કરવી.

સોનેરી વાક્ય.

તે તમારી સંભાળ કરે છે. ૧ પીત. ૫ ; ૭.

પાઠ ૧૩ મો.

નુહ અને તેનું વહાણ.

ઉત્પત્તિ ૭ ; ૧-૮ ; ૧૯.

શિક્ષકને માટે.

પૃથ્વીની તે વખતની સ્થિતિ અને રેલનું કારણ છઠ્ઠા અધ્યાયમાં આપેલાં છે માટે તે અધ્યાય ધ્યાનથી વાંચવો. લોકોની બેદરકારી અને

ઈશ્વરની ચેતવણીનો તિરસ્કાર એ એનું વર્ણન લુક ૧૭; ૨૭ માં છે તે વાંચવું. નુહ ઇશ્વરભક્ત હતો, ઉત્પત્તિ ૬; ૮, ૯. તે ન્યાયીપણાનો બોધક હતો, ૨ પીતર ૨; ૫. ફક્ત ૮ માણસ બચ્યાં, અધ્યાય ૭; ૧૩. વહાણના કદ વિષે વિચાર કરો અને તમારા ઘરની સાથે તેને સરખાવો. ૧ હાથ=૧ાા ફુટ. નુહ ૧૦ાા મહીના સુધી વહાણમાં રહ્યો, અધ્યાય ૭; ૧૧ ને ૮; ૧૩ની સાથે સરખાવો. કાગડો બહાર ગયો અને પાછો ન આવ્યો કારણ કે તેને ખાવાને માટે મુડદાં મળ્યાં પણ કબુતરને કાંઇ ખોરાક ન મળ્યો.

વાર્તાનો હેતુ.

ઈશ્વરની પ્રેમાળ સંભાળનો વિચાર છોકરાંના મન પર ફરી ઠસાવો.

છોકરાં માટે.

પ્રસ્તાવના—રેલ શાથી આવે છે અને તેથી શું નુકસાન થાય છે તે વિષે છોકરાં જે જાણતાં હોય તે કહે. કાઇ વખતે તેમણે રેલ જોઇ હોય તો તેનું વર્ણન તેમને કરવા દો. એક વખતે એક ભયંકર રેલ આવી હતી તે વિષે હું તમને એક વાર્તા કહીશ.

વાર્તા.

ચેતવણી—ઘણા લાંબા વખત પર પૃથ્વી પરના બધા લોકો બહુ દુષ્ટ હતા. તેઓ એટલા બધા દુષ્ટ થઇ ગયા હતા કે ઈશ્વરે એમ કહ્યું કે હું આ બધા લોકોનો નાશ કરીશ. ઈશ્વરને એટલો બધો સંતાપ થયો કે તેણે એમ કહ્યું કે જે લોકો પોતાનાં પાપ મૂકી દેશે તેમનો હું બચાવ કરીશ પણ બીજા બધાનો હું રેલથી નાશ કરીશ. એક સારો માણસ નુહ જેણે દરેકને ચેતવણી આપી તેના વિષે છોકરાંને કહો.

તૈયારી—જો તમને આગળથી ખબર પડે કે રેલ આવવાની છે તો તમે શું કરો? છોકરાંને અટકળ કરવા દો, શું કરવું તે નુહ પણ જાણતો ન હતો. પણ ઈશ્વરે તેને ખબર આપી. મોટા વહાણ વિષે વાત કરો, અને નુહ તથા તેના દીકરાઓ વહાણ બનાવતા હતા, ઝાડ કાપતા હતા, પાટિયાં તૈયાર કરતા હતા અને બધા લોકો તેમને જોઇને હસતા હતા તેનો ચિતાર તેમને આપો. નુહ તેમને એમ કહેતો હતો કે ઈશ્વરે મને

એમ કહ્યું છે કે, 'મોટી રેલ આવશે, માટે તું વહાણ તૈયાર કર,' અને હું પોતે ઈશ્વર પર ભરોસો રાખું છું. તે વહાણ જ્યારે પૂરૂં થયું ત્યારે તે કેવું દેખાતું હતું તેનું વર્ણન કરો. નુહે જે જે પ્રાણીઓ એકઠાં કર્યાં અને વહાણમાં લીધાં તે વિષે છોકરાંને કહો. જે જે જનાવરોનાં નામ છોકરાંને આવડતાં હોય તે છોકરાં કહે. બીજા માણસોએ તેની ચેતવણી પર કંઇ ધ્યાન આપ્યું નહિ તેથી નુહ અને તેના કુટુંબનાં માણસો વહાણમાં બેઠાં અને ઈશ્વરે તેનું બારણું બંધ કીધું.

<u>રેલ</u>—પછી વરસાદ પડવા લાગ્યો. છોકરાંઓ વધારેમાં વધારે વરસાદ ક્યારે પડયો હતો ? આ વરસાદ તેથી પણ ભારે હતો. તે વરસાદ ચાળીસ દિવસ સુધી લાગલાગટ પડયો. દિવસે દિવસે પાણી ઊંચું ચઢતું ગયું અને વહાણ તે પર તરવા લાગ્યું તેનું વર્ણન કરો. સઘળાં ખેતરોમાં પાણી પાણી થઇ રહ્યું, ઘરો પાણીથી ઢંકાઇ ગયાં અને પાણી સિવાય બીજું કશું નજરે પડતું ન હતું. જે માણસો વહાણમાં બેઠાં નહોતાં તે બધાં ડુબી ગયાં પણ જેઓ વહાણમાં બેઠાં હતાં તેઓ સહીસલામત હતાં, કારણ કે ઈશ્વર તેમની સંભાળ કરતો હતો. તેઓ શુ કરતાં હશે ? તે માણસો કેવી રીતે પોતાના દિવસો કાઢતાં હશે અને બધાં પ્રાણીઓને તેઓ શું કરતાં હશે, એ વિષે છોકરાંને કલ્પના કરવા દો.

<u>રેલ ઉતરી ગઇ</u>—આખરે વરસાદ બંધ પડયો પણ પાણીને ઉતરતાં બહુ વખત લાગ્યો. ૧૫૦ દિવસ એ કેટલો વખત તેની સમજણ છોકરાંને પાડવા માટે પ્રયત્ન કરો. પછી વહાણ એક પહાડપર થંભ્યું તે વિષે છોકરાંને કહો. એક કાગડા જેવું કાળું પક્ષી તેઓએ છોડી મૂક્યું અને તે પાછું આવવાની રાહ તેઓ જોતાં હતાં પણ તે પાછું આવ્યું નહિ. પછી તેઓએ એક કબુતર છોડી મૂક્યું, તે પાછું આવ્યું નહિ. આ વાત છોકરાંને વારે વારે કહેવી કેમકે તેમાં તેમને ગમત પડશે. નુહે વહાણનું છાપરૂં કાઢી લાધું અને જ્યારે તેમણે પોતાની આસપાસ બધે સુકી જમીન જોઈ ત્યારે તેઓ કેટલાં બધાં ખુશી થયાં હશે તેનું ચિત્રરૂપે વર્ણન કરો. પછી ઈશ્વરે તેમને કહ્યું કે, હવે કાંઈ ધાસ્તી નથી, તમે બહાર નીકળો. બધાં માણસો અને જનાવરો બહાર નીકળ્યાં તેનું વર્ણન કરો.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—કોઈ બાળકને માથે કોઈ જોખમ આવ્યું હોય તો તેને યાદ દેવડાવવું કે ઈશ્વરે નુહની પેઠે તારૂં રક્ષણ કર્યું છે. સોનેરી વાકય શિખવવું અને પછી ઈશ્વરની સંભાળને માટે તેનો આભાર માનવો.

સોનેરી વાક્ય.

યહોવાહે અમારે માટે ભારે કામ કર્યાં છે, જેથી અમે આનંદ પામીએ છીએ. ગી.શા. ૧૨૬ ; ૩.

૪. ઈશ્વરના પ્રેમ અને તેની સંભાળની કદર.

પાઠ ૧૪ મો.

નુહ ઈશ્વરનો ઉપકાર માને છે.

ઉત્પત્તિ ૮; ૨૦–૨૨ : ૯; ૮–૧૭.

શિક્ષકોને માટે.

વેદી—વેદી વિષે શાસ્ત્રમાં આ પહેલવહેલી વાત આવે છે. પહેલાં અર્પણો ચઢાવવામાં આવતાં હતાં પણ વેદી નહોતી, ઉત્પત્તિ ૪: ૪. શુદ્ધ પશુઓ—નુહે પોતાની સૌથી સારી ચીજોમાંથી ઈશ્વરને અર્પણ ચઢાવ્યું. ઈશ્વરને તેની વાસ આવી—સારી સેવાથી ઈશ્વરને જે આનંદ થયો તે આ વાકય દર્શાવે છે. મેઘધનુષ્ય—આ કંઈ નવી નિશાની નહોતી. આપણે જેમ મેઘધનુષ્ય જોઈએ છીએ તેમ તે વખતના લોકોના જોવામાં પણ મેઘધનુષ્ય આવ્યાં હતાં. પણ ઈશ્વરે આ વખતે તે વડે કંઈ નવો અર્થ જાહેર કીધો.

વાર્તાનો હેતુ.

આપણે જ્યારે ઈશ્વરની સ્તુતિ અને સેવા કરીએ છીએ ત્યારે ઈશ્વર રાજી થાય છે.

છોકરાં માટે.

પ્રસ્તાવના—તમે બધાંએ ચોમાસામાં મેઘધનુષ્ય જોયાં છે કે? શાથી મેઘધનુષ્ય થાય છે તે તમે જાણો છો? શિક્ષકે તે વિષે સમજુતી આપવી. આજે આપણે મેઘધનુષ્ય વિષે વાત કરીએ.

રેલ ઉતરી ગયા પછી જે બન્યું તે—ગયે અઠવાડિયે જે રેલ વિષે આપણે શીખ્યા તે ઈશ્વરે શા માટે મોકલી હતી તે તમે જાણો છો? ઈશ્વરે નુહને કેમ બચાવ્યો? જ્યારે નુહ વહાણમાંથી બહાર નીકળ્યો ત્યારે પૃથ્વી કેવી દેખાતી હશે? પહેલવહેલું તેણે શું કર્યું હશે? છોકરાંના મનમાં જે હોય તે તેમને કહેવા દેવું. કદાચ તેમના જવાબ ખરા હોય અને ખોટા પણ હોય. વારૂ, તેઓએ શું કર્યું તે હું તમને કહું.

<u>વેદી</u>—નુહે શું બાંધવા માંડયું ? છોકરાં જવાબ આપે. તે વેદી હતી. વેદી શું છે તે તમે જાણો છો? વેદી પર અર્પણો ચઢાવવામાં આવે છે. નુહના મનમાં એવો વિચાર આવ્યો કે મારે ઈશ્વરની સેવા કરવી જોઈએ અને તેણે મારૂં રક્ષણ કર્યું તેને માટે મારે તેનો ઉપકાર માનવો જોઈએ. તેણે અને તેના ત્રણ દીકરાઓએ વેદી બાંધી શકાય એવા મોટા પથરા શોધી કાઢયા, અને તે વડે વેદી બાંધી. પછી તેઓએ થોડાં ઝાડ કાપ્યાં અને દેવતા સળગાવવાને લાકડાં વેદીપર મૂકયાં.

<u>અર્પણ</u>—તેઓએ પોતાના મનમાં એવો વિચાર કર્યો કે, ઈશ્વરે આપણું રક્ષણ કર્યું તેનો ઉપકાર માનવાને માટે આપણે આપણી સૌથી સારી ચીજોનું અર્પણ કરવું જોઇએ. તેથી તેઓએ પોતાનાં સૌથી સારાં પક્ષીઓ અને પ્રાણીઓનું દેવને અર્પણ ચઢાવ્યું. જ્યારે તેઓએ અર્પણોનો ધુમાડો આકાશમાં ઉંચે જતો જોયો, ત્યારે નુહે કહ્યું કે ઈશ્વરને આ ધુમાડાની વાસ આવશે, અને તે જાણશે કે આપણે તેનો ઉપકાર માનીએ છીએ. ઈશ્વરને તેની વાસ આવી અને નુહ જે બોલતો હતો તે ઈશ્વરે સાંભળ્યું અને તેથી તે બહુ ખુશી થયો. જ્યારે માણસો ઈશ્વરનો ઉપકાર માને છે અને તેને અર્પણો ચઢાવે છે ત્યારે તે બહુ રાજી થાય છે.

<u>કરાર</u>—ઈશ્વરે પોતાના મનમાં ઠરાવ કર્યો કે 'હવે પછી હું આવી ભારે રેલ કદી નહિ મોકલું.' પછી ઈશ્વરે નુહ સાથે વાત કરી. નુહ ઈશ્વરની વાણી સાંભળીને કેટલો બધો ખુશી થયો હશે! તેણે કહ્યું કે 'હું સઘળા લોકો અને સઘળાં પ્રાણીઓની સાથે એવો કરાર કરીશ કે આવી ભારે રેલ હવે પછી કદી આવશે નહિ અને મેઘધનુષ્ય એ તેની નિશાની છે.' જ્યારે જ્યારે આપણે મેઘધનુષ્ય જોઇએ છીએ ત્યારે ત્યારે ઈશ્વરનું વચન આપણને યાદ આવે છે, અને તે તમારે માટે અને મારે માટે નિશાનીરૂપ છે. મેઘધનુષ્યનો અર્થ હવે તમે સમજ્યા હશો. જ્યારે આપણે તે તરફ જોઈએ છીએ ત્યારે ઈશ્વરનું વચન આપણને યાદ આવે છે. જ્યારે જ્યારે મેઘધનુષ્ય તમે જોશો ત્યારે મોટી રેલથી ઈશ્વરે નુહનો બચાવ કેવી રીતે કીધો એ તમને યાદ આવશે કે?

પાઠ પૂરો થયા પછી શિખવવાની બાબતો—હું ધારૂં છું કે ઈશ્વરના વચનને માટે અને મેઘધનુષ્યને માટે આપણે ઇશ્વરનો ઉપકાર માનવો જોઇએ, અને જેવી રીતે નુહે ઉપકાર માન્યો ત્યારે ઈશ્વર રાજી થયો તેજ પ્રમાણે આપણા કામથી પણ તે રાજી થશે.

ચિત્ર કે નમુનો—શિક્ષકે વેદીનું વર્ણન કરતી વખતે તેનું ચિત્ર અથવા નમુનો છોકરાંને બતાવવો.

સોનેરી વાક્ય.

યહોવાહે અમારે માટે ભારે કામ કર્યાં છે, જેથી અમે આનંદ પામીએ છીએ. ગી. શા. ૧૨૬ ; ૩.

પાઠ ૧૫ મો.

દાનીયેલ દારૂ પીવાની ના પાડે છે.

દાનીયેલ ૧ ; ૧–૨૧.

શિક્ષકને માટે.

યહોયાકીમ રાજાના વખતમાં નબૂખાદનેસ્સારે યરૂશાલેમ છતી લીધું તેનું વર્ણન ૨ રાજા. ૨૪ ; ૧–૬ માં આપેલું છે તે શિક્ષકે વાંચવું. બાબેલના રાજાઓમાં નબૂખાદનેસ્સાર સૌથી મોટો રાજા હતો. તે જમાનામાં બાબેલનું રાજ્ય સૌથી મોટું, બળવાન અને ધનવાન હતું. યુફ્રેતીસની પાસે બાબેલનું રાજ્ય છે તે નકશામાંથી શોધી કાઢો. યરૂશાલેમની પૂર્વે ૮૦૦ માઇલ પર તે આવેલું છે. શિનઆર એ બાબેલનું બીજું નામ છે. તેનો દેવ—બેલ એ બાબેલના લોકોનો દેવ હતો.

દાનીયેલ—જીતાયલા દેશોમાંથી ઉંચા કુળના જુવાનોને પકડી લઇ ત્યાંની નિશાળોમાં કેળવી, તેમને રાજાના અમલદારો બનાવવાની રીત તે જમાનામાં સાધારણ હતી. આ પ્રમાણે કરવાની મતલબ એ હતી કે રાજાની રૈયતમાં જેમનાં કોઇ સગાં વહાલાં ન હોય એવા વિશ્વાસુ માણસો રાજાની હજુરમાં રહે. વળી આવા માણસો પોતાના શેઠને સહીસલામત રાખવામાંજ પોતાનું હિત સમજતા હતા. આવા જુવાન માણસોમાં કેવાં લક્ષણો હોવાં જોઇએ તેની ટીપ ૩ જી અને

૪ થી કલમ પરથી તૈયાર કરો. એમ જણાય છે કે નબૂખાદનેસ્સાર ડાહ્યો રાજા હતો અને આ છોકરાઓની કેળવણી પર જાતે લક્ષ આપતો, કલમ ૧૯, ૨૦. બેલ્શાસ્સાર—એ શબ્દનો અર્થ એવો થાય છે કે બેલ તેની જીંદગીનું રક્ષણ કરે છે. બાબેલીઅનોના દેવોના માનને ખાતર આ છોકરાઓનાં નામ પણ બદલી નાખવામાં આવ્યાં. પોતાને અપવિત્ર કરવું—દારૂ અને માંસ રાજાની મેજ પર મૂકતાં પહેલાં મૂર્તિઓને અર્પવામાં આવતાં હતાં. રાજા આગળ મારૂં શીર જોખમમાં નાખો. તે વખતના જુલમી રાજાઓ પોતાના હાથ નીચેના માણસો સાથે કેવી રીતે વર્ત્તતા હતા તે આ વાક્ય ઉપરથી આપણે જાણી શકીએ છીએ. દાળ—આપણે ચોખાની સાથે જે કઠોળ મેળવીને ખાઇએ છીએ તે. ઈશ્વરે આપ્યું—૯ મી અને ૧૭ મી કલમ વાંચો. જે જે બન્યું તે બધામાં ઈશ્વરનો હાથ હતો એવું આપણને માલમ પડે છે. કોરેશનું પહેલું વર્ષ—૭૦ વર્ષની મુદત.

વાર્તાનો હેતુ.

સારા છોકરા કદી દારૂ પીતા નથી.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—જે નિશાળમાં છોકરાં આખું અઠવાડિયું ભણવા જતાં હોય તેના મકાન વિષે, વિદ્યાર્થીઓ વિષે અને પાઠો વિષે વાત કરો. કેટલાંક છોકરાં બોર્ડીંગ સ્કુલમાં જાય છે. તમારા પોતાના ગામની નિશાળે જવાનું તમને સારૂં લાગે છે કે કોઇ દૂરની નિશાળે ?

વાર્તા.

નિશાળના ચાર મિત્રો—ચાર છોકરા હતા. તેઓ એકજ ઠેકાણે રહેતા હતા અને એક આઘેની નિશાળમાં ભણવા માટે જતા હતા. તેમનાં નામ છોકરાંને કહો, પણ તે નામ મોઢે પણ કરાવવાની જરૂર નથી. તેઓ બધા રાજાના દીકરા હતા; અને એક મહારાજાએ તેમને કેદી તરીકે પકડયા હતા. તે તેમને પોતાના રાજધાનીના શહેરમાં લઈ ગયો, અને ત્યાંની નિશાળમાં તેમને ભણવા માટે મોકલ્યા. તેઓ કેદી હતા માટે રજાના દિવસોમાં પોતાને ઘેર જઈ શકતા ન હતા. ત્યાં તેઓ બહુ સુખી હતા, કારણ કે તેમનો શિક્ષક, અને જે માણસ તેમના ખોરાકની

દેખરેખ રાખતો હતો તે બન્ને તેમના પર બહુ માયા રાખતા હતા. આવા છોકરાઓ મોટા શહેરમાં કેવી કેવી રમતો રમે અને કેવી મોજમઝા માણે તે વિષે છોકરાંની આગળ વર્ણન કરો. શહેરમાં અને મહેલમાં દરેક જણુ મૂર્તિપૂજા કરતું હતું. પણ દાનીયેલ અને તેના મિત્રો નાનપણથી ઈશ્વરનું ભજન કરતાં શીખ્યા હતા તેથી તેઓ કદી મૂર્તિપૂજા કરતા નહિ. મૂર્તિપૂજા સિવાય લોકો બીજાં ઘણાં ખરાબ કામો કરતા હતા, પણ આ ચાર છોકરા એવાં કામો કરતા નહિ અને તેઓ સારા હતા તેથી બધા તેમના પર પ્રીતિ રાખતા હતા.

<u>રાજાનો ખોરાક</u>—રાજાની ઇચ્છા એવી હતી કે નિશાળમાં અભ્યાસ કરનાર બધા છોકરા તંદુરસ્ત અને મજબૂત થાય. તેમના અભ્યાસ વિષે તે જેટલી કાળજી રાખતો હતો તેટલીજ કાળજી તેમનાં શરીર વિષે પણ તે રાખતો. આપણાં શરીર શી રીતે મજબૂત થાય છે? (છોકરાં જવાબ આપે). રાજાએ વિચાર કર્યો કે, આ છોકરાઓને બરાબર ખોરાક મળે એ માટે હું જે ખોરાક ખાઉં છું તેજ તેમને માટે પણ મોકલીશ. મારો પોતાનોજ મિસ્ત્રી આ છોકરાને માટે ખોરાક રાંધશે. રાજાનો ખોરાક તમને ગમે કે? વારુ, હું ધારૂં છું કે નિશાળના બીજા છોકરા આ વાત સાંભળીને ઘણા ખુશી થયા, પણ દાનીયેલ અને તેના મિત્રો બહુ દિલગીર થયા. તેઓ કેમ દિલગીર થયા હશે? છોકરાંને સમજાવો કે જે ખોરાક તેઓ પોતાને ઘેર ખાતા હતા તે ખોરાકથી આ ખોરાક તદ્દન જૂદો હતો. આ ખોરાક બહુ ભારે હતો, પણ સૌથી ખરાબ તો એ હતું કે રાજા તેમને પીવા માટે થોડો દારૂ પણ મોકલતો. કેટલાક છોકરા બહુ રાજી થયા પણ દાનીયેલ અને તેના મિત્રો બહુ દિલગીર થયા કારણ કે તેઓ જાણતા હતા કે જલદ દારૂ પીવાથી નુકસાન થાય છે, અને તેનાથી શરીર કંઈ મજબૂત થતું નથી. તેથી માણસોને શું થાય છે? દાનીયેલે અને તેના મિત્રોએ એવો નિશ્ચય કર્યો કે આપણે દારૂ નહિ પીશું. તેઓ ઈશ્વરને રાજી રાખવા માગતા હતા. રાજાનો ખોરાક અને દારૂ તેમને આપવામાં ન આવે એ માટે ઘણી સભ્યતાથી માયાળુ શિક્ષકની આગળ તેઓએ વિનંતી કરી તેનું વર્ણન કરો. તે કારભારીએ તેમ કરવાની ના પાડી કેમકે રાજાથી તે બીતો હતો. તેથી તેઓએ તેને કહ્યું કે

તું અમને અમારો ખોરાક થોડી મુદત સુધી આપી જો અને પછી અમારાં શરીરની પરીક્ષા કરજે તે બીના છોકરાંને કહો. તેઓની માગણી કબુલ રાખવામાં આવી. તેઓએ કેવો ખોરાક ખાધો, અને વખત પૂરો થયો ત્યારે તેઓનાં શરીર કેવાં દેખાતાં હતાં એ બીનાઓનો આબેહુબ ચિતાર આપો. જેટલો વખત તેઓ તે નિશાળમાં રહ્યા તેટલો વખત રાજાનો ખોરાક ખાવાની અને દારૂ પીવાની તેમને કોઈએ ફરજ પાડી નહિ.

પરીક્ષા—આખરે પરીક્ષાનો વખત આવી પહોંચ્યો. તમે કદી પરીક્ષા આપી છે? તે પરીક્ષા કેવી હતી? તમને તે વખતે આનંદ થતો હતો કે બીક લાગતી હતી? આ છોકરાઓને કેવું લાગ્યું હશે? તેમની પરીક્ષા કોણે લીધી હશે? કોણુ તેમની પરીક્ષા લેવાનું હતું? તમારી નિશાળની પરીક્ષા કોણે લીધી હતી? વારૂ, આ નિશાળની પરીક્ષા રાજાએ પોતે લીધી. તેઓએ આ મોટા દિવસને માટે કેવી તૈયારી કરી હશે તેનો વિચાર કરો. જૂદા જૂદા રાજાઓ, તેમના અમલદારો અને મોટા માણસો તથા છોકરાઓ અને તેમના શિક્ષકો દરબારના મંડપમાં આવ્યા હતા એ બીનાનો આબેહુબ ચિતાર આપો. (તેઓએ રાજાની આગળ કસરતના ખેલો કરી બતાવ્યા અને તેઓ જે કંઈ શીખ્યા હતા તે વિષે રાજાએ તેમને ઘણા પ્રશ્નો પુછ્યા). જ્યારે પરીક્ષા પૂરી થઈ ત્યારે રાજા ઘણો ખુશી થયો; તે શાથી બહુજ ખુશી થયો હશે વારૂ? દાનીયેલ અને તેના મિત્રો પરીક્ષામાં પાસ થયા તે વિષે છોકરાંને કહો. તેઓએ બીજા છોકરાઓ કરતાં બહુ સારા જવાબ આપ્યા, અને તેમનાં શરીર બીજાઓ કરતાં બહુ મજબુત અને સારાં હતાં. તેઓએ દારૂ બીલકુલ પીધો નહોતો એ વાત રાજા જાણતો હશે કે? તેઓએ દારૂ ન પીધો તેને લીધેજ તેઓ આવા સારા અને મજબૂત દેખાતા હતા.

પાઠ પૂરો થયા પછી શિખવવાની બાબતો—ગામડાના જે લોકો દારૂ પીએ છે તેઓ બહુ તંદુરસ્ત હોય છે કે? ના, દારૂ બહુ ખરાબ ચીજ છે અને સારા માણસો કદી દારૂ પીતા નથી, તેથી આપણે પણ દારૂ નહિ પીએ.

સોનેરી વાક્ય.

દારૂડીઓ તથા ખાઉધરો કંગાલાવસ્થામાં આવશે. દૃષ્ટાંત. ૨૩; ૨૧.

પાઠ ૧૬ મો.

દાનીયેલ પ્રાર્થના કરે છે અને ઈશ્વરનો આભાર માને છે.

દાનીયેલ ૬ ; ૧-૨૪.

શિક્ષકને માટે.

દાનીયેલને બાબેલમાં મોટી જગ્યા આપવામાં આવી હતી અધ્યાય ૨ ; ૪૮. અને ઘણાં વરસ સુધી તે દેશમાં તે મોટી પદવી પર રહ્યો પણ નવા રાજા દાર્યાવેશે તેને રાજ્યમાં સૌથી મોટો માણસ બનાવ્યો. ૩જી અને ૫મી કલમમાં આનું કારણ આપેલું છે તે વાંચો. રાજકુમારોની માગણી—(પહેલવહેલાં તો તેઓ જૂઠું બોલ્યા). તેઓએ કહ્યું કે એકલો દાનીયેલ અમારી સાથે ભળતો નથી. રાજા મગરૂર હતો અને તેમની માગણીથી તે બહુ રાજી થયો પણ તેમાં જે ખરાબ હેતુ હતો તે તે સમજી શક્યો નહિ. યરૂશાલેમ તરફ—દાનીયેલ જ્યારે પ્રાર્થના કરતો હતો ત્યારે પોતાના દેશ તરફ તે નજર કરતો હતો. સિંહ—બાબેલમાં સિંહનો શિકાર શોખને ખાતર કરવામાં આવતો હતો. સિંહોને પકડી લાવીને પિંજરામાં પુરી રાખતા હતા. ગુન્હેગારોને સિંહની આગળ ફેંકીને મારી નંખાવતા. બીલ—મોટો ઊંડો ખાડો.

વાર્તાનો હેતુ.

જેઓ દેવની પ્રાર્થના કરે છે તેઓનું દેવ રક્ષણ કરે છે.

છોકરાં માટે.

પ્રસ્તાવના—ગયે અઠવાડિયે આપણે કયા હોશિયાર છોકરા વિષે વાત સાંભળી હતી? તેના વિષે કઇ ખાસ સારી વાત તમને યાદ છે? તેણે દારૂ કેમ પીધો નહિ? દાનીયેલના મોટપણ વિષેની એક વાત હું તમને કહીશ.

દાનીયેલ—એવો ચિતાર આપો કે એક વૃદ્ધ માણસ હતો પણ તે તદન નબળો થઈ ગયો નહોતો; તે ઉત્તમ વસ્ત્રો પહેરતો હતો, દેશમાં તેને બહુ માન મળતું હતું, તે રાજાનો મિત્ર હતો અને મોટા મહેલમાં રહેતો હતો. તે દરરોજ ત્રણવાર પ્રાર્થના કરતો હતો, અને ઈશ્વરનો ઉપકાર

માનતો હતો તે વિષે છોકરાંને કહો. તે આ રાજાની પાસે રહ્યો તે દરમ્યાન કદી ઈશ્વરને ભુલી ગયો નહિ અને તેણે મૂર્તિપૂજા કીધી નહિ.

તેના દુશ્મનો—દાનીયેલ સિવાય શહેરના બીજા માણસો ઈશ્વરનું ભજન કરતા નહોતા. તેઓ તો મૂર્તિપૂજા કરતા હતા અને જ્યારે મોટા માણસોએ અને રાજકુંવરોએ દાનીયેલને પોતાની બારી ખુલ્લી રાખીને દરરોજ પ્રાર્થના કરતાં જોયો ત્યારે તેઓ બહુ ગુસ્સે થયા. તેઓએ તેને સપડાવવા માટે જે યુક્તિ કરી તે વિષે છોકરાંને કહો. પછી દાનીયેલ શું કરે છે તેની તપાસ રાખવાને તેના મહેલની આજુબાજુ તેઓએ જાસુસો રાખ્યા, અને દાનીયેલે જે કર્યું તેનો આબેહુબ ચિતાર આપો. પોતાના ધારવા પ્રમાણે જ્યારે તેઓએ હમેશની પેઠે દાનીયેલને ઈશ્વરની પ્રાર્થના કરતાં જોયો ત્યારે તેમને કેટલો બધો આનંદ થયો હશે. તેઓ રાજાની પાસે ગયા, તેને નમીને સલામ કરી, અને પોતે જે જોયું હતું તે રાજાને કહ્યું આ સર્વ બીનાઓ છોકરાંને કહો. રાજા ઘણો દિલગીર થયો કારણ કે દાનીયેલ તો તેનો મિત્ર હતો અને તે જાણતો હતો કે દાનીયેલ બહુ સારો માણસ છે. પછી રાજાએ દાનીયેલને બચાવવાનો પ્રયત્ન કર્યો પણ તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો. જે કાયદો ઘડવામાં આવ્યો હતો તેમાં હવે ફેરફાર કરી શકાય નહિ એ છોકરાંને કહો.

સિંહોનું બીલ—પોલીસોએ દાનીયેલને બાંધ્યો ને તેને ઘસડીને સિંહોના બીલની પાસે લઈ ગયા. તમે સિંહ જોયો છે? તે બીલની પાસે આવ્યો ત્યારે સિંહોની ગર્જના તેણે સાંભળી. જો તમે દાનીયેલની જગ્યાએ હોત તો તમને બીક લાગત ખરી કે? પછી તેઓ બીલની પાસે આવ્યા. સિંહો વિષે અને તેમના વિકરાળપણા વિષે વર્ણન કરો. પછી તેઓએ દાનીયેલને સિંહોના બીલમાં નાખ્યો. ભુખ્યા સિંહોની સાથે તમારે આખી રાત રહેવું પડે તો તમને કેવું લાગે? પછી દાનીયેલના દુશ્મનો ખુશી થતા થતા પોતાને ઘેર ગયા, પણ રાજા બહુ દિલગીર થયો. રાજાએ રાત કેવી ગાળી તેનું વર્ણન કરો.

છુટકો—રાજા એમ ધારતો હતો કે દાનીયેલનો દેવ તેને જરૂર બચાવશે. બીજે દિવસે સવારે રાજા બીલની પાસે ગયો અને ત્યાં

જઇને જે બોલ્યો તેનું વર્ણન કરો. રાજા જવાબની રાહ જોતો હતો એટલામાં દાનીયેલે જવાબ આપ્યો. તેણે જે કહ્યું તે કહો. તેઓએ તેને બહાર કાઢયો, અને રાજાએ તેના દુશ્મનોને બીલમાં નાખવાનો હુકમ આપ્યો તેનું, તથા તે માણસોનું શું થયું તેનું વર્ણન કરો.

પાઠ પૂરો થયા પછી શિખવવાની બાબતો—રાક્ષસો, જંગલી પ્રાણીઓ, અને બીજાં જોખમોથી લોકોનું રક્ષણ કરવાને જે મંત્રો વાપરવામાં આવે છે તેનું વર્ણન કરો. દાનીયેલે આવા કશાનો ઉપયોગ કર્યો નહિ, તેણે તો ઈશ્વરની પ્રાર્થના કરી અને આપણે પણ એમજ કરવું જોઇએ.

ચિત્ર—સિંહનું વર્ણન કરતી વખતે તેનું ચિત્ર છોકરાંને બતાવવું.

સોનેરી વાકય.

હે યહોવાહ, મારા દેવ, મને મદદ કર. ગી. શા. ૧૦૯; ૨૬.

પાઠ ૧૭ મો.

મુસાનું સ્તુતિનું ગીત.

નિર્ગમન ૧૪; ૧–૧૫; ૨.

શિક્ષકને માટે.

આ પાઠની હકીકત કયે પ્રસંગે બની તે સમજવા માટે ૧૩ મા અધ્યાયની ૧૭ મી કલમ વાંચો. મિસરનો નકશો જોવાથી ઇસ્રાએલી લોકો આ પ્રસંગે કયાં હતા તે શિક્ષકને માલમ પડશે. ગોશેન દેશમાંથી નીકળીને પૂર્વ દિશામાં એથામ જે રણને કિનારે છે તે તરફ તેઓ મુસાફરી કરતા હતા પણ દરિયો નજદીકમાં હોવાથી તેઓ દક્ષિણ તરફ ફર્યા. પશ્ચિમ તરફ પર્વતો છે અને તે સમુદ્ર સુધી ફેલાયલા છે. આગળ જવાને માટે રસ્તો નથી. ફારૂનનું સૈન્ય તેમની પાછળ લાગ્યું હતું અને તેઓ ધારતા હતા કે ઇસ્રાએલીઓ હવે સપડાયા છે, ૩જી કલમ. તેઓએ ગભરાઇને ઇશ્વરની આગળ બૂમ પાડી. વાદળનો થાંભલો—દેવનો દૂત. તેઓ રાત્રે મુસાફરી કરતા હતા, કલમ ૨૦ અને ૨૧. મરિયમ અને બીજી

સ્ત્રીઓ ગાતી હતી અને નાચતી હતી તેનો આબેહુબ ચિતાર આપો.
તિમબ્રેલ—એક નાનું ઢોલ.

પાઠનો હેતુ.

ઈશ્વરની સેવામાં ગીતોનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—લોકો નદીઓ કેવી રીતે ઓળંગે છે તે વિષે છોકરાં જે કંઇ જાણતાં હોય તે કહે. નદીમાં પત્થરો મૂકીને, હોડીઓ વડે, અને પુલોની મદદથી, તથા તરીને નદીઓ ઓળંગી શકાય છે એ વિષે જે છોકરાં કંઈ જાણતાં હોય તો તે કહે. ધારો કે નદી બહુ ઉંડી હોય અને ચાલીને તેને પેલે પાર જઇ શકાતું ન હોય, નદી બહુ લાંબી હોય અને તરીને તેને પેલે પાર જઇ શકાતું ન હોય અને બીજો કોઇ રસ્તો ન હોય તો પછી શું કરવું? નદીની એક બાજુ પરજ ઊભા થઇ રહેવું પડે.

વાર્તા.

જોખમ—એક દિવસે ઘણા માણસો પાણીની પાસે આવી પહોંચ્યા. માણસો, સ્ત્રીઓ, છોકરાંઓ, ચાલી ન શકે એવાં નાનાં બાળકો, પુષ્કળ સરસામાન વગેરેનો આબેહુબ ચિતાર આપો. પછી કહો કે આ બધાં એક દરિયાની પાસે આવી પહોંચ્યાં, અને આગળ જવાનો રસ્તો ન હતો. તેમની પાછળ તેમના દુશ્મનો આવતા હતા. તેમનો આગેવાન મુસા હતો. મુસા વિષે તમને કંઇ યાદ છે કે? આ મોટી હરકતમાં તેમને મદદ કરવા માટે તેણે ઇશ્વરની પ્રાર્થના કરી. ઇશ્વરે કહ્યું 'આગળ ચાલો અને દરિયો ઓળંગો.' લોકોએ શું કહ્યું હશે? તેઓ કેવી રીતે આગળ જઇ શકે?

દરિયો ઓળંગે છે—તે લોકો પોતાનો રસ્તો ભુલી ન જાય એ માટે એક ચળકતી વાદળી તેમને રસ્તો દેખાડતી હતી. તે વાદળી તેમની આગળ આગળ ચાલતી હતી અને તેમને દોરતી હતી. દુશ્મનો તેમને જોઈ ન શકે એ માટે આ વાદળીએ તેમને ઢાંકી દીધા. આ વાદળી એટલી બધી ચળકતી હતી કે રાત્રે તેમને જોઈએ તેટલું અજવાળું તેમાંથી મળતું હતું. તેજ વખતે ભારે પવન વાવા લાગ્યો, તે પવનથી

પાણી ખસી ગયું અને તેમને માટે રસ્તો થયો, અને દરિયાના ખડબચડા તળીઆ પર તેઓએ આખી રાત મુસાફરી કરી એવી કલ્પના કરો. આવો સખત પવન વાતો હતો અને તોફાની મોજાં ઉછળતાં હતાં તેથી છોકરાંને બીક લાગી હશે કે? તેઓ થાકી ગયા હશે કે? આખી રાત તેઓને ઊંઘ આવી નહિ અને માબાપો પોતાનાં છોકરાંને ઉંચકીને ચાલી શક્યાં નહિ.

સવાર—ધીમે ધીમે સપાટ જમીન આવવા લાગી અને તેના પર તેઓ સ્હેલથી ચાલી શકતા હતા. જ્યારે અજવાળું થયું ત્યારે તેઓએ જાણ્યું કે અમે દરિયાને બીજે કિનારે આવી પહોંચ્યાં છીએ. જ્યારે સૂર્ય ઉગ્યો ત્યારે તેઓએ પાછળ જોયું. તેઓએ જે જોયું તે કહો.

ગીત—પછી તેઓએ જાણ્યું કે ઈશ્વરે દુસ્મનોના હાથમાંથી અમારો છુટકો કર્યો છે. તેમના ઘણા દુસ્મનો મરી ગયા હતા અને જેઓ જીવતા હતા તેઓ બીજે કિનારે હતા, અને તેમની પાસે આવી શકતા નહોતા. તેઓને કેટલો બધો આનંદ થયો હશે અને તેમના છુટકા વિષે તેઓએ કેવી કેવી વાતો કરી હશે તે વિષે કલ્પના કરો. મુસાએ લોકોને કહ્યું કે 'ઈશ્વરે આપણને બચાવ્યા તે માટે આપણે તેનો ઉપકાર માનીશું?" તેથી તેઓ બધાંએ એક ગીત ગાયું. તે ગીતના ફક્ત થોડા શબ્દો, આશરે એક કલમ, છોકરાંને કહો. મરિયમ અને બીજી સ્ત્રીઓ રમતી હતી અને નાચતી હતી અને બીજાં બધાં ગીત ગાતાં હતાં. જ્યારે આપણે સાબ્બાથશાળામાં ગીત ગાઇએ છીએ ત્યારે આપણે પણ તે લોકોની પેઠે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ. વાર્તા પૂરી કર્યા પછી છોકરાંની પાસે સોનેરી વાક્ય મોઢે કરાવવું અને સ્તુતિનું ગીત ગાવું.

સોનેરી વાક્ય.

ગાતા ગાતા તેની આગળ આવો. ગી. શા. ૧૦૦; ૨.

પાઠ ૧૮ મો.

માન્નાની વાત.

નિર્ગમન ૧૬ ; ૧-૩૬.

શિક્ષકને માટે.

પહેલી કલમમાં જે જગ્યાનાં નામ આવે છે તે નકશામાંથી શોધી કાઢો. શાસ્ત્રપાઠ વાંચવાથી માલુમ પડશે કે ઇસ્રાએલીઓ દક્ષિણ તરફ લાલ સમુદ્રને પૂર્વ કિનારે કિનારે મુસાફરી કરતા હતા. તે દેશ ઉજ્જડ છે અને ખોરાકની વસ્તુઓ મળી શકે એવી જગ્યા તેમાં બહુ થોડી છે. એલામથી સીનના અરણ્ય સુધીનું અંતર આશરે ૫૦ માઇલ છે. મિસરીઓના ખોરાકનું વર્ણન વાંચો, ગણના ૧૧ ; ૪, ૫. જે ખોરાક તેઓ મિસરમાં ખાતા હતા તે તેમને યાદ હતો પણ મિસરનું દુ:ખ તેઓ વિસરી ગયા. માન્ના—આ શબ્દનો અર્થ ઘણું કરીને દાન એવો થાય છે. ૧૪ અને ૩૧ મી કલમમાં તથા ગણના ૧૧ ; ૭-૯ માં માન્નાનું જે વર્ણન આપેલું છે તે ધ્યાનથી વાંચો. વળી ગણના ૨૧ ; ૫ અને ગી. શા. ૭૮ ; ૨૩-૨૯ પણ વાંચો. તેઓ એ માન્ના સેકીને અને રાંધીને ખાધું. લાવરીઓ—આ પક્ષીઓ તે દેશમાં બહુ મોટી સંખ્યામાં જોવામાં આવે છે. આ બધી બાબતો છોકરાંને કહેવાની જરૂર નથી કારણ કે એ સિવાય છોકરાંને કહેવા માટે પાઠમાં બીજી ઘણી બાબતો છે. સાબ્બાથવાર ઉત્પત્તિ ૨ ; ૨, ૩ વાંચો અને આ અધ્યાયમાં તેના વિષે જે કલમો છે તે ધ્યાનથી વાંચો.

પાઠનો હેતુ.

અઠવાડિયાના બીજા દિવસોથી રવિવાર જુદો છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—તમને કઈ જાતનો ખોરાક સૌથી સારો લાગે છે? તમે દિવસમાં કેટલી વાર ખાઓ છો? અઠવાડિયામાં તમે એક વાર ખાઓ તો ચાલે? કેમ ન ચાલે? જ્યારે માણસો મુસાફરી કરે છે ત્યારે તેઓ ખોરાક વગર રહે છે કે? તેઓ ખોરાક ક્યાંથી લાવે છે?

વાર્તા.

બીલકુલ ખોરાક ન હતો—ગયા અઠવાડિયામાં તમે શીખ્યા હતા કે ઈશ્વરે કેટલાક લોકોને મોટી મુસ્કેલીમાંથી બચાવ્યા. કેવી રીતે તેમને બચાવ્યા તે તમને યાદ છે? જ્યારે તેઓ દરિયાને બીજે કિનારે ગયા ત્યારે તેમના દુશ્મનો તેમની પાછળ જઈ શક્યા નહિ પણ તેમને એક બીજી મુસ્કેલી નડી. તેઓને ખાવાને માટે ખોરાક મળી શકતો નહોતો. તેઓ શું કરે? તેઓ બજારમાં જવા માગતા હતા પણ તે બાજુ પર બજાર નહોતું, બધે જંગલજ હતું. તેઓએ ખોરાક શોધવા માટે જંગલમાં તપાસ કરી પણ ખાઈ શકાય એવું કશું તેમને જંગલમાંથી ન મળ્યું. જે ખોરાક તેઓએ સાથે લીધો હતો તે પણ થઇ રહ્યો, તેઓ પુછવા લાગ્યા કે બજાર ક્યારે આવશે? નાનાં નાનાં છોકરાં ભુખ્યાં થયાં અને ખોરાકને માટે રડવા લાગ્યાં. માબાપની પાસે તેમને માટે ખોરાક ન હતો. મુસા જાણતો હતો કે બજાર આવતાં ઘણા દિવસો લાગશે, તેથી તેણે ઈશ્વરની પ્રાર્થના કરી કે 'હે ઈશ્વર, આ ભુખ્યા લોકોને માટે ખોરાક ક્યાંથી લાવવો તે મને બતાવ.'

આકાશમાંથી ખોરાક મળ્યો—ઈશ્વરે મુસાને કહ્યું કે 'લોકોને કહે કે તેઓ સવારમાં બહાર જાય અને તેઓને જમીન પર બધે ખોરાક મળશે. તે કેવી જાતનો ખોરાક હશે? તેઓને પણ ઘણી નવાઈ લાગી, માઓ પોતાનાં છોકરાંને કહેવા લાગી, કે તમને સવારે ખોરાક મળશે. બીજે દિવસે સવારે બધા લોકો ટોપલીઓ લઇને માન્ના વિણવા લાગ્યા, ઘેર લઈ ગયા, રાંધ્યું અને ખાધું તેનો ચિતાર આપો. તે શાના જેવું દેખાતું હતું અને તેનો સ્વાદ કેવો લાગતો હતો તેનું વર્ણન કરો. તે રોટલી આકાશમાંથી મોકલવામાં આવી હતી અને બધાંને માટે પુષ્કળ હતી. એકાદ સ્ત્રીએ પોતાના મનમાં એવો વિચાર કર્યો કે મારે કાલે માન્ના જોઈશું માટે હું થોડું સાચવી રાખું. તેણે તે પ્રમાણે કર્યું પણ તે બગડી ગયું એવી સ્ત્રીનો ચિતાર આપો. બીજે દિવસે સવારે જમીન પર તાજું માન્ના પડયું હતું. દરરોજ તેઓ માન્ના એકઠું કરતાં હતાં તે છોકરાંને કહો.

સાબ્બાથવાર—શનિવારે મુસાએ લોકોને કહ્યું કે આજે તમે બમણું વિણજો કારણ કે સાબ્બાથવારે ઈશ્વર માન્ના મોકલશે નહિ.

એવી કલ્પના કરો કે દરેક જણ ખૂબ કામ કરવા લાગ્યો કારણ કે બે દિવસને માટે માન્ના વિણવાનું હતું. એકાદ માણસે એવો વિચાર કર્યો કે આટલું બધું મારાથી નહિ વિણાય. ઈશ્વર કાલે જરૂર માન્ના મોકલશે. બીજે દિવસે તેણે જમીન પર માન્ના ન જોયું ત્યારે તે કેવો નિરાશ થયો હશે તેનો આબેહુબ ચિતાર આપો. તે માણસને તે દિવસે ભુખ્યા રહેવું પડયું હશે કારણ કે રવિવારને માટે ઈશ્વરે તેને જે કરવાનું કહ્યું હતું તે તેણે કર્યું નહિ.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે રવિવાર તે બીજા દિવસોથી જુદો છે. આપણે સાબ્બાથશાળામાં ઈશ્વર વિષે શીખવાને માટે આવીએ છીએ તે તેને બહુ સારૂં લાગે છે. જે દિવસે બીજી નિશાળો બંધ રહે છે તે દિવસે આપણે સાબ્બાથશાળામાં આવી શકીએ છીએ તેથી તમને આનંદ થાય છે કે? સાબ્બાથશાળામાં આવવાનું આપણે ભુલવું નહિ.

ચિત્ર કે નમુનો—માન્નાનું વર્ણન કરતી વખતે શિક્ષકે છોકરાંને ધાણાના દાણા બતાવવા.

સોનેરી વાક્ય.

સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તું તેનું સ્મરણ રાખ. નિર્ગમન ૨૦; ૮.

પાઠ ૧૯ મો.

ઈશ્વરના ઘરને માટે દાનો.

નિર્ગમન ૩૫; ૪-૨૯.

શિક્ષકને માટે.

નિર્ગમનના છેલ્લા ૭ અધ્યાયમાં મંડપ વિષે વાત આવે છે. ૩૫ મા અધ્યાયમાં દાનો વિષે વાત આવે છે. ૩૭ મા અધ્યાયમાં સામાનનું વર્ણન છે. ૩૬ મા અધ્યાયમાં મંડપની રચના વિષે વાત આવે છે. ૩૮ મા અધ્યાયમાં આંગણામાંની ચીજોનું વર્ણન કરેલું છે. ૩૯ મા અધ્યાયમાં યાજકોના પોશાકની વાત છે અને ૪૦ મા અધ્યાયમાં મંડપની

આંધણી અને ઈશ્વરની હાજરીનું વર્ણન કરેલું છે. આમાંની ઘણી બાબતો એવી છે કે જે છોકરાં સમજી ન શકે, પણ શિક્ષકને નવાં નવાં ચિત્રો પોતાના મનમાં ઉપજાવી કાઢવાને તેમાંથી ઘણી હકીકત મળશે. શિક્ષકે ૩૫, ૩૬, અને ૪૦ મા અધ્યાયનું વાંચન બહુ ધ્યાનપૂર્વક કરવું. મંડપને માટે જે જે ચીજોની જરૂર હતી તેની ટીપ તૈયાર કરો અને તે વસ્તુઓ ક્યાંથી મળી શકે તે વિષે વિચાર કરો. ૧૨ મા અધ્યાયની ૩૫, ૩૬ મી કલમ પરથી માલુમ પડે છે કે સોનું અને જવાહીર તેઓ મિસરમાંથી લાવ્યા હતા. પછી સીટીમનાં ઝાડો અને રણમાંનાં કાંટાવાળાં ઝાડો કાપવાની જરૂર હતી. બીજું, પ્રાણીઓનો તેમની ચામડીને માટે શિકાર કરવાની જરૂર હતી. વળી ઘેટાંનાં ચામડાં, બકરાંના વાળ, શણ, તેલ, સુગંધીઓ, રંગ વગેરેની પણ જરૂર હતી. માણસો અને સ્ત્રીઓ તથા છોકરાં આમાંની કઇ કઇ વસ્તુઓ લાવી શકે તેનો વિચાર કરો. વળી જે જુદું જુદું કામ કરવાનું હતું તે વિષે પણ વિચાર કરો. મિસરમાંથી નીકળ્યા પછી એક વરસમાં તેઓએ તે કામ પૂરૂં કર્યું અધ્યાય ૪૦ ; ૧૭. વળી આ કામ શરૂ કરતાં પહેલાં બીજી ઘણી બીનાઓ બની હતી તેથી આ કામ ઘણું કરીને છ માસમાં પૂરૂં થયું હશે. નકશામાંથી સિનાઈ પર્વત શોધી કાઢો, તેની પાસેજ મંડપ બાંધવામાં આવ્યો હતો. શિક્ષકે પોતે મંડપનો નમુનો જોવો જોઇએ અને શાસ્ત્રમાં તેનું જે માપ આપેલું છે તે પરથી તેનો નમુનો તૈયાર કરવાનો તેણે પ્રયત્ન કરવો જોઇએ.

વાર્તાનો હેતુ.

ઈશ્વરને આપવું એ આપણો હક છે.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—ગયા અઠવાડિયાના પાઠમાં લોકોની લાંબી મુસાફરી વિષે જે વાત આવે છે તેનું વર્ણન કરો. તે મુસાફરીમાં મુખ્ય બે બીનાઓ બની અને તે વિષે આપણે સાંભળ્યું. તે બીનાઓ કઈ? ઝીણી ઝીણી બાબતો વિષે વાત કરવામાં વખત ન ગાળવો. છોકરાં ફક્ત તે બે મુખ્ય બીનાનાં નામ આપે. જંગલમાં લોકો શાની અંદર રહેતા હતા? ત્યાં ઘર નહોતાં. છોકરાંઓને સમજાવો કે તેઓ તંબુમાં રહેતા હતા, અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે મુસાફરી કરતા હતા.

વાર્તા.

સંદેશો—એક દિવસે લોકોને માટે ઈશ્વરે મુસાની સાથે એક સંદેશો મોકલ્યો. તે સંદેશો એવો હતો કે જો લોકો મારે માટે એક મંદિર બાંધશે તો હું તેમાં આવીશ અને ત્યાં આગળ તેમને મળીશ. મારે માટે તેઓ જે મંદિર બાંધશે તેને હું એક દાન ગણીશ. ઈશ્વરે તેમના ઉપર જે જે ઉપકારો કર્યાં હતા તેનો આભાર માનવા માટે તેઓ ઈશ્વરને કંઈ આપી શકે છે એ જાણીને તેઓ કેટલા બધા ખુશી થયા હશે! કોઈએ કદી દેવળ બાંધ્યું નહોતું તેથી તે કેવી રીતે બાંધવું તે મુસાને જણાવવાની ઈશ્વરને જરૂર પડી. તે કેવી જાતનું મંદિર હશે? આપણાં મંદિરો પત્થર અને ઈંટોનાં બાંધેલાં હોય છે. જો લોકો આવું મંદિર બાંધે તો તે પડતું મૂકીને તેમને આગળ મુસાફરી કરવી પડે. માટે આવી જાતનું મંદિર તે ન હોય. જે છોકરાં દેવળ વિષે કંઈ જાણતાં ન હોય તેઓને નિશાળનો ઓરડો અથવા બીજી કોઈ જગ્યા જે એવા કામમાં વપરાતી હોય તે વિષે કહો. વારૂ, ત્યારે તેઓ કેવું દેવળ બાંધી શકે? છોકરાંની પાસેથી તંબુ એવો જવાબ કઢાવવો જોઈએ. હા, તેને તેઓ વાળી લઈને જ્યાં જાય ત્યાં પોતાની સાથે લઈ જઈ શકે.

દાનો—એવી કલ્પના કરો કે લોકો માહોમાંહે એવી વાતો કરવા લાગ્યા કે આપણે ઈશ્વરને શું આપી શકીએ. વળી ઈશ્વરના ઘરમાં કંઇ કંઈ ચીજો વાપરી શકાય તે જોવાને તેઓ પોતાનો ખજાનો તપાસવા લાગ્યા. વર્ગનાં છોકરાંને પુછો કે જો તમે ત્યાં હોત તો તમે શું આપત? આ માણસોની પાસે બહુ થોડી ચીજો હતી પણ કેટલાકની પાસે ઘરેણાં હતાં. એ ઘરેણાં જ્યારે તેઓ મુસાફરીએ નીકળ્યા ત્યારે તેમના પડોશીઓએ તેમને આપ્યાં હતાં. તેઓ તે ઘરેણાં ઈશ્વરને આપવા માટે રાજી હતા? તમારી પાસે ઘરેણાં હોય તો તમે તે આપો કે? ઈશ્વરે આપણે માટે એટલું બધું કર્યું છે કે આપણી પાસે જે સૌથી સારી ચીજ હોય તે આપણે ઈશ્વરને આપવી જોઈએ. પછી તેઓ બઝાલએલની પાસે પોતાની ચીજો લાવવા લાગ્યા તેનો આબેહુબ ચિતાર આપો. કેટલાક લોકોની પાસે ઘરેણાં કે બીજી કોઈ વસ્તુ નહોતી. આ વખતે તેઓને કેવું લાગ્યું હશે? છોકરાંને જવાબ આપવા દો. તેઓને બહુ દુઃખ લાગ્યું

હશે. કામ—બઝાલએલે કહ્યું કે ઘરેણાં વડે મંદિર બાંધી શકાય નહિ. આપણે બીજે ઠેકાણેથી બીજી ચીજો લાવવી જોઇએ. તેઓ તે ચીજો ક્યાંથી લાવે? બજારમાંથી લાવે? ગયે અઠવાડિયે છોકરાં શીખ્યાં હતાં કે ત્યાં બજાર ન હતું તેથી ઇસ્રાએલીઓને ખોરાકની ઘણી તંગી પડી હતી. છોકરાંને આ બાબત યાદ છે કે નહિ તેની પ્રશ્ન પુછીને તપાસ કરો. તેઓથી બીજી ચીજો પણ વેચાતી લઈ શકાય એમ ન હતું. વારૂ, ત્યારે તેઓ શું કરી શકે? જે જે ચીજોની જરૂર હતી તેનાં નામ છોકરાંને એક પછી એક કહો, અને તે દરેક ચીજ કેવી રીતે મેળવી શકાય તે વિષે છોકરાંને વિચાર કરવા દો. દરેક જાતના માણસોને કંઇ કંઇ કામ કરવાનું હતું. સુથારો, શિકારીઓ, સોનીઓ, વણનારા, ચામડાંનો સામાન બનાવનારા, અને દરજીઓ વગેરે ધંધો કરનારા માણસોનાં નામ છોકરાંની પાસેથી કઢાવો. હવે જે લોકો કંઈ દાનો લાવી શકતા નહોતા તેઓ પણ રાજી થવા લાગ્યા, કારણ કે તેઓ પણ કંઈ કામ કરી શકતા હતા અને ઇશ્વરના ઘરમાં આપવાને માટે કંઈ ચીજ બનાવી શકતા હતા. જો તમે ત્યાં હોત તો તમે કઇ જાતનું કામ કરત? છોકરાં જવાબ આપે. દરેક માણસ કંઈ કંઈ કામ કરવા મંડી પડયો, અને કામ ધમધોકાર ચાલી રહ્યું તેનો ચિતાર આપો. તેઓ તેના વિષે શી શી વાતો કરતા હશે તેનો વિચાર કરો. કદાચ છોકરાં એવો સવાલ પુછશે કે આવા ઘરમાં ઈશ્વર આવે ખરો કે? જો તે મંદિર જોઇએ તેવું સુંદર ન હોય તો કેમ? તે શાના જેવું દેખાતું હશે?

મંદિર—આખરે બઝાલએલે મુસાને ખબર મોકલી કે મારે જે જે જોઇએ તે બધું મને મળ્યું છે. લોકો જોઇએ તે કરતાં પણ વધારે ચીજો લાવ્યા છે. પછી બઝાલએલે અને બીજા લોકોએ આ બધી વસ્તુઓ કામમાં લીધી અને મંદિર બનાવ્યું. આ બધી બીનાઓનું ટુંકું વર્ણન કરો. જ્યારે મંદિર પૂરૂં થયું અને લોકો તે જોવાને માટે આવ્યા ત્યારે પેલી ચળકતી વાદળી તેના ઉપર થંભેલી હતી. છોકરાંને તે વિષે કંઇ યાદ છે કે નહિ તે પ્રશ્નની મદદથી શોધી કાઢો. દરેક જણ આનંદી દેખાતું હતું કારણ કે દરેકે દેવને કંઇ કંઇ આપ્યું હતું.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—દેવને કંઈ આપવા વિષેના ત્રણ પાઠોમાંનો આ પહેલો પાઠ છે માટે છોકરાંઓ ઉઘરાણામાં કંઇ ખુશીથી આપે એવો ભાવ તેમનામાં ઉત્પન્ન કરવાને શિક્ષકે ખાસ પ્રયત્ન કરવો. આપણે જે દાન આપીએ છીએ તે ઇશ્વરને આપીએ છીએ એમ કહેવું. છોકરાંને જેમાં રસ પડે એવાં કોઇ કામો શોધી કાઢવાં અને તે કામોને માટે તેમનાં દાનો મોકલવાં. વળી ઘણાં છોકરાં એવાં હશે કે જેમની પાસે આપવાને માટે કંઇ પૈસા નહિ હોય, એવાં છોકરાં કંઇ મહેનત કરી પૈસા મેળવી શકે એવા રસ્તા તેમને શિક્ષકે બતાવવા.

ચિત્ર કે નમુનો—મંડપનું ચિત્ર છોકરાંને બતાવો. જો શિક્ષક પોતે તેનો નમુનો તૈયાર કરે તો વધારે સારૂં. પાઠ પૂરો થયા પછી તે બતાવો.

સોનેરી વાક્ય.

સંતોષથી દેનાર પર દેવ હેત રાખે છે. ૨ કરીં. ૯ ; ૭.

પાઠ ૨૦ મો.

વિધવાનું દાન.

લુક ૨૧ ; ૧–૪.

શિક્ષકને માટે.

આપણા પ્રભુ ઇસુના કામના છેલ્લા અઠવાડીઆમાં આ બનાવ બન્યો. આ પાસ્ખા પર્વનો વખત હતો અને પૃથ્વીના બધા ભાગોમાંથી સેવા કરનારા યરૂશાલેમમાં આવ્યા હતા. મંદિર લોકોથી ભરાઈ ગયું હતું. પ્રભુ ઇસુના દુશ્મનો તેને મારી નાખવાને કાવતરાં કરતા હતા, અને તેમની દુષ્ટાઇને લીધે પ્રભુ બહુ દુઃખી થતો હતો. ખજાનો—મંદિરના નકશામાં જ્યાં સ્ત્રીઓનું આંગણું છે ત્યાં તમારા જોવામાં તે આવશે. ભીંતની અંદર શીંગડાના આકારનાં કાણાં હતાં અને તેની અંદર દાનો નાખવામાં આવતાં હતાં. દરેક પેટી ખાસ કામને માટે રાખેલી હતી. ગરીબને માટે, યાજકોને માટે, અને મંદિરના ખર્ચને માટે જુદી જુદી પેટીઓ રાખેલી હતી. બે નાસરી—એક પૈસો. બધા કરતાં વધારે—આપણે **કેટલું આપીએ છીએ તે પરથી ઇશ્વર આપણાં દાનોની તુલના કરતો નથી, પણ આપણી પાસે કેટલું બાકી રહે છે તે પરથી તુલના કરે છે.**

વાર્તાનો હેતુ.

ઘણા ગરીબ માણસો પણ ઈશ્વરની પાસે પોતાનાં દાનો લાવી શકે છે.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—વિધવાઓ વિષે, તેમની ગરીબાઈ વિષે, તેમનાં દુઃખો વિષે અને તેમના વિષે બીજું જે કંઈ તમે જાણતા હો તે વિષે વાત કરો.

વાર્તા.

<u>વિધવા</u>—યરૂશાલેમ કરીને એક મોટા શહેરમાં એક વિધવા રહેતી હતી. તેનો ધણી મરી ગયો હતો અને તેને એકે દીકરો ન હતો તેનું વર્ણન કરો. તેને બહુ થોડા મિત્રો હતા. તેઓ બહુ ગરીબ હતા અને તે પોતે પોતાના દિવસો બહુ દુઃખમાં કાઢતી હતી. પોતાનું ગુજરાન ચલાવવાને તેને કેવી સખત મહેનત કરવી પડતી હતી અને પોતાના પૈસા કેવી સંભાળથી વાપરવાની તેને જરૂર હતી તેનું ચિત્રરૂપે વર્ણન કરો. દરેક પૈસો તેની નજરમાં બહુ કીમતી હતો.

<u>પર્વનો દિવસ</u>—તે શહેરના સુંદર મંદિરમાં એક દિવસે મોટું પર્વ હતું. પાસેનાં ગામોમાંથી અને દૂરનાં શહેરો તથા ગામોમાંથી હજારો માણસો ત્યાં આવ્યાં હતાં. છોકરાંને પુછો કે તમે આવા પર્વમાં કોઈ દિવસ ગયા છો કે? મિજબાનીમાં માણસો સુંદર લુગડાં પહેરે છે તે વિષે, બજારમાં સુંદર વસ્તુઓ મળે છે તે વિષે, મંદિરમાં જે દાનો લઈ જવામાં આવે છે તે વિષે, તથા લોકો ભજન કરે છે તે વિષે અને છોકરાંઓએ બીજું જે કાંઈ જોયું હોય તે વિષે તેમને વર્ણન કરવા દો. યરૂશાલેમમાં પણ લોકો એજ પ્રમાણે કરતા હતા. તેઓ યરૂશાલેમમાં ઈશ્વરનું ભજન કરવા માટે આવતા હતા, અને તેને સારૂ દાનો લાવતા હતા. જે લોકોને આ સ્ત્રીઓ ઓળખતી હતી તેઓને તેણે મંદિરમાં જતા જોયા, અને બીજા ઘણા માણસોને દાનો લઇને આવતા જોયા, તેથી તેના મનમાં એવી ઇચ્છા ઉત્પન્ન થઇ કે હું પણ દેવને માટે કંઈ દાન લઈ જાઉં. આ સ્ત્રીને દેવને કંઈ આપવાની ઇચ્છા કેમ થઈ? તે દેવ પર પ્રેમ કરતી હતી અને જો કે તે ગરીબ હતી તો પણ તે સમજતી હતી કે દેવ મારા પર પ્રેમ કરે છે અને મારા પર દયા રાખે છે એવો જવાબ છોકરાં પાસેથી મેળવવો જોઇએ. આ કારણને લીધે તે દેવને કંઈ દાન આપવા માગતી હતી.

દાન—તે વિધવા શું આપી શકે? તપાસ કરતાં તેને માલમ પડયું કે મારી પાસે ફક્ત એકજ પૈસો છે. તેને એમ લાગ્યું હશે કે આ તો નજીવી જેવી રકમ છે. તેની પાસે ખોરાકને માટે કંઈ પૈસા નહોતા. હવે તે શું કરે? તેણે પોતાનો પૈસો ઈશ્વરને આપવાનો ઠરાવ કર્યો. પછી તે જુના લુગડાં પહેરીને બીજા લોકોની સાથે મંદિરમાં ગઈ તેનો આબેહુબ ચિતાર આપો. તેણે તે પૈસો ભંડારમાં નાખ્યો હશે ત્યારે તેના મનમાં એવો વિચાર આવ્યો હશે કે હું કેટલું થોડું નાખું છું. કોઈ પણ ન જાણે તો સારૂં. તેની આજુબાજુ જે પૈસાદાર લોકો હતા તે સોનાના સિક્કા નાખતા હતા. તેની પાસે કેટલાક માણસોનું એક ટોળું બેઠું હતું. તે કયા લોકો હતા? ઈસુ અને તેના શિષ્યોનું વર્ણન કરો. તેણે જે નાખ્યું તે આ લોકોએ જોયું હતું. એક શ્રીમંત માણસને તેઓએ હસતો જોયો, કારણ કે તેણે પણ પેલી સ્ત્રીએ જે નાખ્યું હતું તે જોયું. ઈસુએ જે કહ્યું તેનું અને તે સાંભળીને શિષ્યો કેટલો બધો અચંબો પામ્યા તેનું વર્ણન કરો. ઈસુએ કહ્યું કે, 'પેલા પૈસાદાર માણસો પાસે તો હજી ઘણા પૈસા છે, પણ આ સ્ત્રીએ તો તેની પાસે જે કંઈ હતું તે બધું ભંડારમાં નાખ્યું છે. તેની પાસે હવે કંઈ પણ બાકી રહ્યું નથી.' તેણે જે નાખ્યું તે ઈસુએ જોયું અને તે સ્ત્રીની હાલત વિષે તે બધું જાણતો હતો તે કેવું સારૂં! પાઠ પૂરો થયા પછી જો શિક્ષકે આગળથી ઉઘરાણાને માટે ગોઠવણ કરી રાખી હોય તો તે લેવું અથવા ઉઘરાણામાં છોકરાં કેવી રીતે પૈસા લાવી શકે તે વિષે તેઓ પોતે જે કહે તે સાંભળવું.

સોનેરી વાક્ય.

સંતોષથી દેનાર પર દેવ હેત રાખે છે. ૨ કરી. ૯; ૭.

પાઠ ૨૧ મો.

શમૂએલની માએ ચઢાવેલું ઉપકારનું અર્પણ.

૧ શમૂ. ૧; ૧–૨૮ : ૨; ૧૧, ૧૮, ૧૯.

શિક્ષકને માટે.

આ પાઠમાં પાંચમા પાઠની હકીકતનું ફરીથી વર્ણન કરેલું છે તેથી શિક્ષકે પાંચમા પાઠની નોંધ ફરીથી વાંચી જવી. પણ આ પાઠનો હેતુ

જરા જુદો છે અને આમાં બીજી કેટલીક કલમો પણ ઉમેરેલી છે તેથી આ નવી કલમોનો અભ્યાસ બરોબર કરવો. શમૂએલ કેવું કામ કરતો હશે તે વિષે વિચાર કરો. ૩ જો અધ્યાય, ૩ જી અને ૧૫ મી કલમ વાંચો. એફોદ-એક જાતનું બદન જે યાજકોજ પહેરતા હતા.

વાર્તાનો હેતુ.

આપણી પાસે જે સૌથી સારી ચીજ હોય તે આપણે ઈશ્વરને આપવી.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—એક વખતે એક સ્ત્રી જેને કંઈ છોકરૂં ન હતું તે વિષે મેં તમને એક વાત કહી હતી તે તમને યાદ છે કે? તેનું નામ શું હતું? તેણે શું કર્યું? તે ઈશ્વરના ઘરમાં દેવની પ્રાર્થના કરતી હતી એવો જવાબ છોકરાં પાસેથી કઢાવવો.

વાર્તા.

બાકીની વાત પહેલાંની પેઠે કહી જાઓ પણ કોઇ કોઈ બાબતો છોકરાંને પણ કહેવા દો. દેવના ઘર વિષે હાન્નાહ શમૂએલની આગળ વાત કરતી હતી એ બીના જ્યારે તમે છોકરાંને કહો ત્યારે હાન્નાહે શમૂએલને કહ્યું હતું કે 'તું મોટો થશે ત્યારે તારે અહીં રહેવું પડશે' તે પણ છોકરાંને કહેજો. જે સુંદર ઘર વિષે શમૂએલે ઘણું સાંભળ્યું હતું તે ઘર જોવાને માટે તે કેટલો બધો આતુર હશે! તેની મુસાફરી વિષે જ્યારે વાત કરો ત્યારે મંદિરની નજદીક હું આવ્યો છું એ વિચારથી તેને કેટલો બધો આનંદ થયો હશે તેનો આબેહુબ ચિતાર આપો. પછી તેઓ મંદિરની છેક પાસે આવ્યાં. બે અઠવાડિયાં પર તમે આ મંદિર વિષે સાંભળ્યું હતું. મંદિરનું વર્ણન છોકરાંને યાદ હશે માટે શમૂએલે મંદિરમાં જે જે જોયું તે વિષે છોકરાંને બોલવા દો. પહેલી વખતે તમે જે ચિત્ર કે નમુનો બતાવ્યો હોય તે આ વખતે પણ તેમને બતાવો. હાન્નાહ શમૂએલને એલીની પાસે લઇ ગઈ, પછી હાન્નાહ અને એલ્કાનાહ છોકરાને ત્યાં મૂકી છેલ્લી સલામ કરી પોતાને ઘેર ગયાં તેનું વર્ણન કરો. દેવના ઘરમાં તે જે કામ કરતો હતો તેનું ટુંકું વર્ણન કરો. વાર્તા પૂરી થયા પછી તેમનાં દાનો વિષે છોકરાંની સાથે ફરીથી વાત કરો. ઉઘરાણામાં

પૈસા આપવા માટે તેઓ જે કંઈ પ્રયત્નો કરતાં હોય તેમાં તેમને કંઈ મદદની અને કંઈ સૂચનાની જરૂર હોય તો તે આ પ્રસંગે આપવી.

સોનેરી વાક્ય.

બાળકોને મારી પાસે આવવા દો,......કેમકે આકાશનું રાજ્ય એવાંઓનુંજ છે. માત્થી ૧૯; ૧૪.

૫. ઇશ્વરના પ્રેમ અને સંભાળની અવગણના.

પાઠ ૨૨ મો.

આદમ અને હવાની વાત.

ઉત્પત્તિ ૨ ; ૧૫–૧૭ : ૩ ; ૧–૨૪.

શિક્ષકને માટે.

સાપ—આ શબ્દનો અર્થ શેતાન એવો નથી થતો, પણ શાસ્ત્રમાં એવા અર્થમાં એ શબ્દ વપરાયલો છે. ધુર્ત્ત—હોશિયાર કે બુદ્ધિમાન. આદમ અને હવાને હરેક ઝાડનું ફળ ખાવાની પરવાનગી હતી પણ એકજ જાતનું ફળ ખાવાની મના હતી. આ હુકમમાં એકજ બાબતની મના કરેલી છે પણ સ્વતંત્રતા પુષ્કળ છે એ બાબત લક્ષમાં લો. દરેક બાબતમાં ઇશ્વરનો પ્રેમ અને દયા આપણી નજરે પડે છે. ઇશ્વરે તો ફક્ત તેમના આજ્ઞાંકિતપણાની પરીક્ષા કરી. શેતાને તેમના મનમાં ઇશ્વર ઉપર અવિશ્વાસ ઉત્પન્ન કર્યો. પહેલવહેલાં શેતાને તેમના મનમાં જરા શક ઉત્પન્ન કર્યો, અધ્યાય ૩ ; ૧. હવાના મન પર એકદમ આની અસર થઈ અને ઇશ્વરના વચનમાં જે સૌથી સારો શબ્દ હતો તે પર તેણે કંઇ ધ્યાન આપ્યું નહિ. અધ્યાય ૩ ; ૨ ને અધ્યાય ૨ ; ૧૬ ની સાથે સરખાવો. જે શબ્દ ઇશ્વર પોતે બોલ્યો નહોતો તે શેતાને ઉમેર્યાં કલમ ૩ જી, અને પછી જૂઠું બોલ્યો, કલમ ૪ થી. શિક્ષકે આ બાબતનું મનન કરવું કારણ કે અવળા રસ્તાઓ તરફ માણસનું મન કેવું સ્હેલથી વળી જાય છે તે આ પરથી આપણે બરાબર સમજી શકીએ છીએ. અધ્યાય ૩ ; ૬ ને ૧ યોહાન ૨ ; ૧૬ ની સાથે સરખાવો. પાપને લીધે તેમને શરમ લાગી. કલમ ૭, ૮. ૮ મી કલમ પરથી જણાય છે કે ઇશ્વર આદમ અને હવાની સાથે દરરોજ વાત કરતો હતો. તેઓ બીજાનો વાંક કાઢવા લાગ્યાં તે પરથી તેમનું બીકણપણું જણાઇ આવે છે, કલમ ૧૨, ૧૩. **તારનાર—તેના વિષેનું પહેલું વચન અધ્યાય ૩ ; ૧૫ ને હેબ્રી. ૨ ; ૧૪ ની સાથે સરખાવો. કાંટા—શ્રાપનું ચિહ્ન.**

વાર્તાનો હેતુ.

આદમ અને હવાના અનાજ્ઞાંકિતપણાને લીધે છોકરાંના મનમાં દિલગીરી ઉત્પન્ન કરવી.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—મેં તમને એક સુંદર વાડી વિષે વાત કહી હતી તે તમને યાદ છે કે? તેમાં કઈ કઈ સુંદર વસ્તુઓ હતી? (છોકરાં જવાબ આપે). આ બીના પર ત્રણ મિનીટ કરતાં વધારે વખત લેવો નહિ.

વાર્તા.

બંધન—બધાં ઝાડોમાંથી ફક્ત એકજ ઝાડને અડકવાની મના કરવામાં આવી હતી. એકજ ઝાડને તેઓ અડકી શકતાં નહોતાં એ બાબત ફરીથી લક્ષમાં લો. બીજાં બધાં ઝાડનાં ફળ ખાવાની તેમને રજા હતી. ધારો કે તમે એક મોટી વાડીમાં હો, અને તેમાં ઘણાં ઝાડ હોય, તેમાં આંબાનાં પુષ્કળ ઝાડ હોય અને તમને દરવરસે પુષ્કળ પાકી કેરીઓ ખાવાને મળતી હોય, વળી તમને પુષ્કળ પાકાં એપલ ફળ પણ ખાવાને મળતાં હોય. તમે કદી એપલ જોયાં છે? બહુ ગરમ દેશોમાં તે થતાં નથી કોઈ કોઈ વાર બજારમાં તે જોવામાં આવે છે. તે કાશ્મિરથી આવે છે. બીજાં કયાં ફળનાં નામ તમે જાણો છો? (જે જે ફળનાં નામ છોકરાં જાણતાં હોય તે કહે). વારૂ, એ સિવાય બીજાં ઘણાં ફળ હશે. વાડીમાંના એક ઝાડના ફળ સિવાય બીજાં બધાં ઝાડનાં ફળ આદમ અને હવાને ખાવાની રજા હતી. બે માણસોને માટે આટલાં બધાં ઝાડનાં ફળ કાંઇ ઓછાં ન કહેવાય. જો તમારામાંથી કોઈ બે જણને આટલાં બધાં ઝાડનાં ફળ ખાવાની પરવાનગી આપી હોય તો હું ધારૂં છું કે તમે બીજાં માણસોને પણ તેમાંથી ફળ ખાવા દો. જો તમે એમ ન કરો તો ફળો ખાઈ ખાઇને તમને કંટાળો આવે. આદમે અને હવાએ પણ વાડીમાંનાં ઘણાં ફળો બીજાં પ્રાણીઓને ખાવા દીધાં હશે, કારણકે વાડીમાં પુષ્કળ ફળો હતાં. જે ફળ ખાવાની ઈશ્વરે તેમને મના કરી હતી તે ખાવાનો વિચાર પણ તેમના મનમાં કદી આવ્યો નહિ હોય.

વાણી—એક દિવસે સાંજે હવા ફરતી ફરતી તે ઝાડની પાસે આવી. તે ઝાડ બહુ સુંદર હતું તેથી તે તેને ધારી ધારીને જોવા લાગી. તેણે એવો વિચાર કર્યો કે આ ઝાડનું ફળ બહુ સારૂં હશે. આમ વિચાર કરતી હતી એવામાં તેણે એક વાણી સાંભળી. તે વાણી એમ કહેતી હતી કે ઈશ્વરે તમને બધાં ઝાડનાં ફળ ખાવાની રજા નથી આપી શું? તેણે આમ તેમ જોયું તો ઝાડ પર એક સાપ તેની નજરે પડયો. અવાજ પણ તેજ ઝાડ પરથી આવતો હતો. તેણે જવાબ આપ્યો કે, 'ઈશ્વરે અમને બધાં ઝાડનાં ફળ ખાવાની રજા આપી છે પણ તેણે આ ઝાડનું ફળ ખાવાની મના કરી છે. જો અમે તે ખાઇએ તો ઈશ્વર અમને સજા કરે.' ફરીથી અવાજ આવ્યો કે, 'હું નથી ધારતો કે ઈશ્વર તમને સજા કરે.' આવી વાણી તમે કોઈ વાર સાંભળી છે શું? કોઈ કોઈ વાર તમારી મા તમને કોઈ કામ કરવાની મના કરે છે પણ થોડી વાર પછી તેજ કામ કરવાનું તમને મન થાય છે. તમે એમ સમજો છો કે મારી મા મને જોતી નથી. પછી એક ધીમો અવાજ તમે સાંભળો છો તે તમને કહે છે કે 'છોકરા, તું આ કામ કર.' તમે એવો જવાબ આપો છો કે, 'જો હું તે કામ કરૂં તો મારી મા મને શિક્ષા કરે.' પેલી વાણી તમને એમ કહે છે કે, 'કોઈ તમને શિક્ષા કરવાનું નથી.' પછી તમે તે કામ કરો છો. હવાએ પણ આવીજ વાણી સાંભળી હતી. તે વાણીએ ફરીથી હવાને કહ્યું કે, 'આ ફળ બહુ સારૂં છે. તું તેને ચાખી તો જો.'

પાપ—તેથી હવા તે ઝાડની પાસે ગઈ અને તે ફળ સુંઘી જોયું. તમારી પેઠે હવાને સાપની બીક લાગતી નહોતી કારણ કે તે વખતમાં સાપ કોઇને કરડતા નહોતા. તેણે ફળ સુંઘ્યું ત્યારે તેને એમ લાગ્યું કે આ ફળ બહુ સારૂં હશે. પછી તે ફળને અડકી અને ફરીથી તેને સુંઘી જોયું. તે વાણીએ ફરી હવાને કહ્યું કે 'તું ફળ ચાખી જો.' તેણે તે ફળ ચાખ્યું. જે ફળને અડકવાની ઈશ્વરે મના કરી હતી તે ફળ હવાએ ખાધું. જ્યારે તેણે વાણી સાંભળી ત્યારે તેણે શું કરવું જોઈતું હતું? (છોકરાં જવાબ આપે). તેણે કાન બંધ કરીને નાસી જવું જોઈતું હતું. પણ હવાએ એક બીજું ખોટું કામ કર્યું. તે આદમની પાસે ગઇ અને તેને કહ્યું કે, 'જે ઝાડનું ફળ ખાવાની ઈશ્વરે આપણને મના કરી છે તેની નીચે હું ફરતી હતી ત્યારે

એક સાપ મારા જોવામાં આવ્યો. તેણે મને કહ્યું કે "આ ઝાડનું ફળ તું ખા," મેં તે ખાધું અને થોડું તમારે માટે પણ લાવી છું.' આદમે શું કર્યું? (છોકરાં જવાબ આપે). તેણે હવાને ઠપકો આપ્યો હશે કે? આદમે તે ફળ લીધું અને ખાધું અને આ પ્રમાણે બન્નેએ દેવની આજ્ઞા તોડી.

શિક્ષા—તે ફળનો સ્વાદ કેવો હતો તે હું તમને કહી શકતો નથી. હું ધારૂં છું કે આદમે અને હવાએ તે ફળના સ્વાદ વિષે ફરીથી કદી વિચાર કર્યો નહિ હોય, કારણકે જે દિવસે તેઓએ ફળ ખાધું તે દિવસથી તેઓ બહુ બીવા લાગ્યાં. પહેલાં તેઓ કશાથી બીતાં નહોતાં ત્યારે હવે તેઓ શાથી બીતાં હશે? તેઓને સાપની બીક લાગતી હતી? ના, તેઓને તેમના પિતા ઇશ્વરની બીક લાગતી હતી. જે ઇશ્વરે તેમને સુંદર વાડી અને સઘળી સુંદર ચીજો આપી હતી તે ઇશ્વરની હવે તેમને બીક લાગતી હતી. તેઓ કેમ બીતાં હતાં? (તેઓએ ઇશ્વરની આજ્ઞા તોડી માટે, એવો જવાબ છોકરાં આપે). પછી તેઓએ ઝાડનાં પાંદડાં તોડીને પોતાને ઢાંકવા સારૂ આચ્છાદન બનાવ્યું અને સંતાઈ ગયાં. તેઓ એમ ધારતાં હતાં કે સાંજે ઇશ્વર અમારી સાથે વાત કરવાને માટે આવશે. ઇશ્વરની સાથે વાત કરવાની તેમની હિમ્મત ચાલતી નહોતી. તમને કોઈ દિવસ આવું થયું છે કે? કોઇવાર તમે તમારી માની ગેરહાજરીમાં કંઈ ખોટું કામ કરો છો અને પછી જ્યારે તમારી માનો અવાજ તમે સાંભળો છો ત્યારે તમે એકદમ સંતાઇ જાઓ છો. ખરી વાત કે નહિ? તે વખતે તમને આનંદ થાય છે? ના, તમને આનંદ નથી થતો પણ દુ:ખ લાગે છે, અને આદમ તથા હવાને પણ બહુ દુ:ખ લાગ્યું. પછી તેઓએ ઇશ્વરની વાણી સાંભળી. પહેલાં તેઓ દેવની વાણી સાંભળતાં કે તરતજ જવાબ આપતાં, કારણકે દેવની સાથે વાત કરવાનું તેમને બહુ ગમતું હતું; પણ આજે તો તેઓએ કંઈ ઉત્તરજ ન આપ્યો. ઇશ્વરને જોઇને તેઓ વધારે વધારે સંતાવા લાગ્યાં, પણ ઇશ્વરની નજર આગળથી તેઓ સંતાઇ શકતાં નહોતાં. તેઓ ગમે ત્યાં હોય તો પણ ઇશ્વર તેમને જોઈ શકે. ઇશ્વરે કહ્યું 'આદમ, તને શું થયું છે? જે ઝાડનું ફળ ખાવાની મેં તને મના કરી હતી તે તેં ખાધું છે કે શું?' આદમે કહ્યું, 'હવાએ મને આપ્યું ને મેં તે ખાધું.' તેથી ઇશ્વરે હવાને કહ્યું, 'તેં શા માટે એમ

કીધું?' હવાએ કહ્યું, 'સાપે મને ભુલાવી ને મેં ખાધું.' તેથી ઈશ્વરે સાપને શ્રાપ દીધો અને તે કારણને લીધે લોકો સાપથી બીએ છે. પછી ઈશ્વરે આદમને અને હવાને કહ્યું કે, 'તમે આ કામ કર્યું છે તેથી હું બહુ દુઃખી છું. એક નાની આજ્ઞા મેં તમને આપી તે પણ તમે પાળી નહિ. હવે તમે વાડીમાં રહી શકતાં નથી. તમે વાડીની બહાર જાઓ અને અહીં ફરી આવશો નહિ. હવે આવી સારી વાડી તમને બીજે કોઈ ઠેકાણે મળવાની નથી. તમે બહાર જાઓ અને ત્યાં ખોરાક મેળવવાને માટે તમારે સખત મહેનત કરવી પડશે. તમે મારી આજ્ઞા પાળી નહિ તેથી હું તમારા પર ભરોસો રાખી શકતો નથી.' આદમ અને હવા ઘણાં દિલગીર થયાં. તેઓને વાડીની બહાર જવું પડ્યું. પેલી વાણીએ હવાને કહ્યું હતું કે, 'જો તમે દેવની આજ્ઞા તોડશો તોપણ તમને શિક્ષા કરવામાં નહિ આવે,' પણ તમે જોયું કે તેમને શિક્ષા થઈ. ઈશ્વર ઘણો દિલગીર થયો એટલુંજ નહિ પણ આદમ અને હવા પણ ઘણાં દિલગીર થયાં. જ્યારે જ્યારે આપણે ઈશ્વરના હુકમ તોડીએ છીએ ત્યારે ત્યારે તેને ઘણું દુઃખ થાય છે, અને આપણને શિક્ષા કરવાની તેને જરૂર પડે છે. હવે જ્યારે આપણે સાપને જોઈશું ત્યારે આપણને આ વાર્તા યાદ આવશે. તે વાર્તા આપણને આજ્ઞાંકિત થવાની યાદ દેવડાવશે. વાર્તા પૂરી થયા પછી સોનેરી વાક્ય મોઢે કરાવવું અને પ્રાર્થના કરાવવી.

સોનેરી વાક્ય.

પાપનો મુસારો મરણ છે. રૂમી. ૬ ; ૨૩.

પાઠ ૨૩ મો.

કાઈન અને હાબેલની વાર્તા.

ઉત્પત્તિ ૪ ; ૧–૧૬.

શિક્ષકને માટે.

શિક્ષકે આખો પેરેગ્રાફ ધ્યાનથી વાંચવો જોઈએ. આ પાઠની બીના કેવી રીતે બની હશે અને એવે પ્રસંગે તમને કેવી લાગણી થાય તે વિષે કલ્પના કરો.

વાર્તાનો હેતુ.

કજીયો કરવો એ ખોટું છે તે છોકરાંને સમજાવવું અને તે પાપને માટે તેમના મનમાં વધારે ખેદ ઉત્પન્ન કરવો.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—ગયા અઠવાડિયાના પાઠમાં જે શિક્ષાની વાત હતી તે છોકરાંને ફરીથી યાદ દેવડાવવી. બધી વાત ફરીથી કહેશો નહિ, પણ આદમને અને હવાને સુંદર વાડી મૂકીને જવું પડયું ત્યારે તેમને કેટલું બધું દુઃખ થયું હશે તે વિષે છોકરાંને કહો.

વાર્તા.

પહેલું બાળક—જ્યારે ઈશ્વરે જોયું કે આદમ અને હવા પોતાનાં પાપને માટે ખરેખરાં દિલગીર થયાં છે ત્યારે તેમને આનંદ આપવાને માટે ઈશ્વરે તેમને એક નાનું બાળક આપ્યું. તેમણે આવું બાળક પહેલાં કદી જોયું નહોતું, તેથી આ બાળકને જોઇને તેમને કેટલી બધી નવાઈ લાગી હશે! તે દેખાવમાં તેમના જેવુંજ હતું પણ તે ચાલી શકતું નહોતું, બેસી શકતું નહોતું અને તેને દાંત પણ નહોતા. તેને રોજ રોજ વધતું જોઇને અને નવું નવું જ્ઞાન મેળવતું જોઈને તેમને કેટલો બધો આનંદ થયો હશે! તેઓ તે બાળક વિષે વાતો કરતાં હશે એમ છોકરાંને કહો. થોડા વખત પછી બીજું બાળક જન્મ્યું. આ વખતે માબાપને પહેલાંના જેટલી નવાઈ લાગી નહિ, પણ તેઓ પહેલાંના જેટલાંજ ખુશી થયાં. છોકરાનાં નામ કહો. તેઓ દિવસે દિવસે મોટાં થતાં ગયાં અને તેમની જીંદગીમાં જે જે બનાવો બન્યા તેનું ચિત્રરૂપે વર્ણન કરો. તેઓ જે કામ શીખ્યા તેનું પણ વર્ણન કરો. આદમ અને હવા પોતાની બધી દિલગીરી ભૂલી ગયાં.

કજીયો—એક દિવસે એક બહુ દુઃખદાયક બનાવ બન્યો. બન્ન ભાઇઓને તકરાર થઈ. કુટુંબનાં માણસો આ તકરારને લીધે કેટલાં બધ દુઃખી થયાં હશે તેનો વિચાર કરો! હાબેલે કાઇનની સાથે મળી જવાનો પ્રયત્ન કર્યો હશે, પણ તેથી કાંઈ લાભ થયો નહિ. આ બધી બીનાઓનો આબેહુબ ચિતાર આપો.

અર્પણો—બન્ને ભાઇઓ વચ્ચે તકરાર લાંબા વખત સુધી ચાલી. પછી બન્ને ભાઈઓ ઈશ્વરની પાસે પોતાનાં અર્પણો લાવ્યા. દરેક જણ શું લાવ્યો તે છોકરાંને કહો. પછી અર્પણો નીચે મૂકીને તેઓએ ઈશ્વરની સ્તુતિ કીધી તેનો આબેહુબ ચિતાર આપો. હાબેલ પોતાના મનમાં ઘણો રાજી થયો કારણ કે ઈશ્વરે તેનું અર્પણ માન્ય કીધું, પણ કાઈનને ગુસ્સો ચઢયો હતો તેથી ઈશ્વરે તેનું અર્પણ માન્ય કીધું નહિ. કાઈનને આ અર્પણ ચઢાવવાથી કાંઈ પણ આનંદ થયો નહિ. જ્યારે તેણે પોતાના ભાઇને આનંદ કરતો જોયો ત્યારે તેને વધારે ગુસ્સો ચઢયો અને ઈશ્વરની સાથે પણ તે ગુસ્સે થયો.

પરિણામ—કાઈન અને હાબેલ બન્ને એક વખતે ખેતરમાં કામ કરતા હતા, તેનું વર્ણન કરો. હાબેલે કાઈનની સાથે મળી જવાનો ફરીથી પ્રયત્ન કર્યો હશે પણ કાઈનને અતિશય ગુસ્સો ચઢયો હતો તેથી હાબેલ તેની પાસે વાત કરવાને આવ્યો ત્યારે તેણે ઊભા થઈને જોરથી તેને ડાંગ મારી અને તેને નીચે પાડયો. હાબેલ ફરીથી ઊભો થઈ શકયો નહિ. કાઈનને માલુમ પડયું કે હાબેલ મરી ગયો છે. આ કેવું દુષ્ટ કામ કહેવાય! કદાચ કાઈનનો વિચાર હાબેલને મારી નાખવાનો નહિ હોય પણ અતિશય ગુસ્સાને લીધે આમ બન્યું. તેણે પોતાના ભાઇનું શબ જમીનમાં દાટી દીધું હશે અને પછી પોતાનું કામ કરવા લાગ્યો હશે. તે દિવસે હમેશની પેઠે તે પોતાને ઘેર જવાને માટે ઉતાવળ કરતો હશે કે? કાઈનનાં માબાપ તેને ઘેર કેવા કેવા સવાલો પૂછશે તે વિષે જરા કલ્પના કરો. કાઈન તે દિવસે ઘેર ગયો તે પહેલ ઈશ્વરે તેની સાથે વાત કરી. દેવે તેને જે કહ્યું તે છોકરાંને કહો. પછી કાઈન બહુ દુઃખી થયો. પાપને લીધે તો નહિ, પણ તેને જે શિક્ષા થઈ તેને લીધે. ઈશ્વરે તેને બહુ દૂર મોકલી દીધો. હવે ઈશ્વર તેના પર ભરોસો રાખી શકે નહિ. કુટુંબમાં જે આનંદ હતો તેનો ફરીથી નાશ થઈ ગયો, કારણ કે એક છોકરો મરી ગયો અને બીજો નાસી ગયો.

વાર્તા પૂરી કર્યા પછી શિખવવાની બાબતો—આ બધું દુઃખ કજીયાને લીધે આવ્યું. લડવું એ આટલું બધું ખરાબ છે એ તમે જાણતાં

હતાં કે ? તમારે કોઈની સાથે લડાઈ થઈ હોય તો ઝટ તેની સાથે મેળાપ કરો અને ફરીથી કદી લડશો નહિ.

સોનેરી વાક્ય.

નમ્ર ઉત્તર ક્રોધ સમાવી દે છે; પણ સખ્ત શબ્દ રીસ ચઢાવે છે. દૃષ્ટાંત. ૧૫; ૧.

પાઠ ૨૪ મો.

આખાનની વાર્તા.

યહોશુઆ ૭; ૧-૨૬.

શિક્ષકને માટે.

યરૂશાલેમની ઉત્તરે પર્વતો આવેલા છે, ત્યાં આગળ બેથેલ શહેર છે તે નકશામાંથી શોધી કાઢો. બેથેલની પૂર્વે ૪ માઇલ પર આય શહેર છે, તે શહેર ડુંગર પર છે. યરેખોથી ત્યાં જવાનો રસ્તો બહુ લાંબો અને ઢોળાવવાળો છે, કલમ ૨, ૫. આખાન સારી સ્થિતિનો માણસ હતો, કલમ ૨૪મી, અને યહુદાહના સૌથી નાના છોકરા ઝેરાહના કુટુંબમાં જન્મ્યો હતો. <u>શ્રાપિત વસ્તુ</u>—અધ્યાય ૬ ; ૧૭-૧૯ ને ૭; ૨૧ ની સાથે સરખાવો. ઈશ્વરે જે વસ્તુઓનો નાશ કરવાની આજ્ઞા આપી હતી તે તેણે લીધી હતી. ૨૦૦ શેકેલ રૂપું એટલે ૩૦૦ રૂ. સોનું એથી પણ વધારે કીમતનું હતું. <u>પાપની દગલબાજી</u>—આખાન એમ સમજતો હતો કે આ ચોરેલી વસ્તુઓથી હું વધારે સુખી થઇશ, પણ તે ચોરેલાં લુગડાં પહેરી શકયો નહિ અને સોનારૂપાવડે તે વધારે ધનવાન થયો નહિ. <u>આખાનનો પશ્ચાત્તાપ</u>—જ્યારે તે પોતાનું પાપ સંતાડી શકયો નહિ ત્યારેજ તેણે તે કબુલ કર્યું માટે એવી જાતની કબુલાત તે સારી ન કહેવાય. તેને માફી પણ આપી ન શકાય, કારણ કે જો તેને માફી આપવામાં આવે તો બીજા લોકો ઈશ્વરના હુકમો વિષે બેદરકાર થાય. વળી આખાન પોતાના પાપને લીધે ઈસ્રાએલીઓ ઉપર હરકત અને શ્રાપ લાવ્યો, અધ્યાય ૬ ; ૧૮ ને ૭; ૫. તેના પાપને લીધે બધાં મળી ૩૬ માણસો મરણ પામ્યાં. આ શિક્ષા જો કે આપણને ઘણી ભારે લાગે છે તોપણ તે શિક્ષા આખાન

પર અને તેના કુટુંબ પર આવવાની જરૂર હતી. આખાનના કુટુંબનાં માણસોને પણ શિક્ષા થઇ તેનું કારણ એ હતું કે ચોરી કરવામાં તેઓએ પણ કંઈ ભાગ લીધો હશે. આખાને ચોરેલી વસ્તુઓ પોતાના તંબુમાં સંતાડી હતી અને કુટુંબનાં માણસો આ વાત ન જાણે એવું બનેજ ક્યાંથી! ચિઠ્ઠી નાખી—જે બાબતો વિષે શક હોય તેનો નિવેડો કરવામાં આ રીત તે વખતમાં વપરાતી હતી. ઈશ્વર પણ પોતાની ઇચ્છા બીજાઓને જણાવવામાં આ રીતનો ઉપયોગ કરતો હતો. દૃષ્ટાંતવચન ૧૬ ; ૩૩ અને પ્રેરિતોનાં કૃત્ય ૧ ; ૨૬.

વાર્તાનો હેતુ.

ચોરી કરવી એ ઘણું ખરાબ અને હલકું કામ છે એવું છોકરાંને સમજાવવું.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—સિપાઇઓ ચોરને પકડીને શું કરે છે? છોકરાં તે વિષે જે કંઈ જાણતાં હોય તે તેમને કહેવા દો. આજે એક ચોરની વાર્તા હું તમને કહીશ.

વાર્તા.

ચોરેલો માલ—એક વખતે દેવના માણસોએ એક મોટું શહેર જીતી લીધું. તે શહેરના લોકો ઘણા દુષ્ટ હતા. (યરેખો શહેરના નાશની વાત છોકરાંને કહેવાની જરૂર નથી, કારણ કે એમ કરવાથી વાર્તા ઘણી લાંબી થઈ જશે). તે શહેરના ઘણા માણસો બહુ પૈસાદાર હતા. ઈશ્વરે તે લોકોની દુષ્ટાઇને લીધે ઈસ્રાએલીઓને એવો હુકમ આપ્યો હતો કે કેટલીક કીમતી ચીજો અને સોના રૂપા સિવાય બીજી બધી ચીજોનો નાશ કરવો. દેવના લશ્કરમાં આખાન કરીને એક માણસ હતો. જ્યારે તેણે આ બધી સુંદર વસ્તુઓ જોઈ ત્યારે તેણે વિચાર કર્યો કે આમાંથી થોડી ચીજો હું પોતાને માટે લઈ લઉં તો કેવું સારૂં! જે ચીજોથી તે લલચાયો તેનું વર્ણન કરો. તેણે તે ચીજો કેવી રીતે ચોરી લીધી તે વિષે થોડી કલ્પના કરો. બીજા સિપાઇઓ સુંદર સુંદર ચીજો દેવના મંદિરમાં મૂકવા સારૂ એકઠી કરતા હતા, અને આખાને પણ એવોજ ડોળ કર્યો; પણ કંઇક યુક્તિથી તેણે થોડી ચીજો

સંતાડી રાખી. તે ચીજો તેણે ક્યાં મૂકી તે કોઈના જાણવામાં આવ્યું નહિ. તેણે તે ચીજોનું શુ કર્યું હશે? શિક્ષકે આ વિષે થોડી કલ્પના કરવી અને છોકરાંની પાસે પણ કલ્પના કરાવવી. તે ચીજોને વધારે સહીસલામત જગ્યાએ લઇ જવાની જરૂર હતી. બીજા સિપાઇઓ પોતાનું કામ પૂરૂં કરીને ઘેર ગયા ત્યારે તે પાછળ સંતાઇ રહ્યો હશે, અને પેલી ચીજો લઇ લીધી હશે. તે આટલા બધા પૈસા શી રીતે લઈ ગયો હશે? છોકરાંને તે વિષે અટકળ કરવા દો. પછી તેના તંબુ વિષે થોડી વાત કરો અને કોઈ ન જુએ એવી રીતે તે ચીજો લઇ જતો હતો તેનો આબેહુબ ચિતાર આપો. આ બધી ચીજો તેના તંબુમાં સહીસલામત રહી શકે કે? તેણે તે ચીજોનું શું કર્યું અને તેની સ્ત્રીએ તથા તેના કુટુંબનાં માણસોએ તે ચીજો સંતાડવામાં તેને કેવી મદદ કરી તે વિષે થોડી કલ્પના કરો. પછી તેણે એવો વિચાર કર્યો કે હવે અહીં કંઇ જોખમ નથી. તેના મનમાં શાંતિ હશે કે?

<u>હાર</u>—થોડી વાર પછી લશ્કર ફરીથી લડવાને માટે ગયું પણ આ વખતે લશ્કરે હાર ખાધી. લડાઇને લગતી બધી ઝીણી ઝીણી બાબતો કહેવાની જરૂર નથી. તેમની હાર થઇ તેથી તેમને ઘણી નવાઈ લાગી, કારણ કે ઈશ્વરે તેઓને કહ્યું હતું કે તમે દરેક વખત જીત પામશો. પછી યહોશુઆએ અને વડીલોએ જે કર્યું તેનો આબેહુબ ચિતાર આપો. યહોશુઆએ જે પ્રાર્થના કરી તેની મતલબ તમારા પોતાના શબ્દોમાં છોકરાંને કહી જાઓ. ઈશ્વરે એવો જવાબ આપ્યો કે જે ચીજો મારા ઘરમાં મૂકવી જોઇતી હતી તે એક સિપાઇએ ચોરી લીધી છે, અને જ્યાં સુધી તે ચોરને શિક્ષા કરવામાં નહિ આવે ત્યાં સુધી આ લશ્કર જીત પામશે નહિ.

<u>ચોરને શોધી કાઢવામાં આવ્યો</u>—તે સાંજે ચોરને શોધી કાઢવાનો વખત ન હતો માટે બીજે દિવસે સવારે યહોશુઆ પોતે તૈયાર થયો, અને બધા લોકોને બોલાવ્યા. આ પ્રસંગે જે જે બન્યું તેનો આબેહુબ ચિતાર આપો. પછી યહોશુઆએ તેમને શા માટે બોલાવ્યા હતા તે તેમને જણાવ્યું. આખાનને તે વખતે કેવું લાગ્યું હશે! તેણે ત્યાંથી નાસી જવાનો પ્રયત્ન કર્યો કે? નાસી જવાથી તેને કંઇ લાભ થાત કે?

પછી તેઓએ ચિઠ્ઠી નાખી અને તે ગુન્હેગાર જે કુળનો હતો તે કુળ શોધી કાઢ્યું તેનું વર્ણન કરો. દરેક બીનાનું સવિસ્તર વર્ણન કરો કારણ કે દરેક બીના ફરી ફરી કહેવાથી છોકરાંને ઘણી રમુજ પડશે. લોકોને દરેક વખતે ચિઠ્ઠી મારફતે ખરો જવાબ મળતો હતો તે જોઇને આખાનને કેવું લાગ્યું હશે! જ્યારે આખાનનું નામ બોલાયું હશે ત્યારે તેનો દેખાવ કેવો થઇ ગયો હશે તેનો આબેહુબ ચિતાર આપો. તેણે તે ચીજો બહુ ચાલાકીથી સંતાડી હતી પણ ઇશ્વર બધું જુએ છે એ વાત તે ભુલી ગયો. પછી તે યહોશુઆની આગળ આવ્યો અને સઘળી હકીકત તેને કહી તેનું વર્ણન કરો. પછી યહોશુઆએ કેટલાક માણસોને આખાનના તંબુએ મોકલ્યા. તેઓ તંબુમાં ગયા, અને તે ચીજો ખોદી કાઢીને યહોશુઆની પાસે લાવ્યા એ બાબતોનું વર્ણન કરો. આખાનના મનમાં એવો વિચાર આવ્યો કે આ ચીજો મેં ચોરી ન હોત તો કેવું સારૂં!

શિક્ષા—આખાનને અને તેના કુટુંબનાં માણસોને કેવી રીતે શિક્ષા કરવામાં આવી અને તેની સઘળી મિલકતનો કેવી રીતે નાશ કરવામાં આવ્યો તેનું વર્ણન કરો. ચોરી કરવી એ ખોટું છે એ લોકોને સમજાવવા સારૂ ઇશ્વરે તેમને આ શિક્ષા કરી. જો કોઇ માણસ કોઇનો એકાદ પૈસો અથવા ખાવાની ચીજ લઈ લે તો તે પણ ઈશ્વરની નજરમાં તો ચોરીજ છે.

વાર્તા પૂરી થયા પછી છોકરાંની પાસે શાસ્ત્રવાક્ય મોઢે કરાવવું.

સોનેરી વાક્ય.

તું ચોરી ન કર. નિર્ગમન ૨૦ ; ૧૫.

પાઠ ૨૫ મો.

કાર્મેલ પર્વત પરનો વિવાદ.

૧ રાજા. ૧૮ ; ૧૭–૪૦.

શિક્ષકને માટે.

વાર્તાનો સંબંધ બરાબર સમજવાને માટે શિક્ષકે આખો અધ્યાય વાંચવો જોઇએ. જે વાર્તા છોકરાંને શિખવવાની છે તે ૧૭થી ૪૦ મી

કલમ સુધીમાં આવે છે. નકશો જોવાથી તમને માલમ પડશે કે કાર્મેલ પર્વત ઉત્તર દિશા તરફ દરિયા ભણી આગળ નીકળી આવેલો છે અને તેથી ત્યાં આગળ એક ઉપસાગર બને છે. કિદ્રોન નાળાની ખીણ કાર્મેલ પર્વતની નીચે દક્ષિણ દિશાએ આવેલી છે. આ જગ્યાએ બઆલના પૂજારીઓને મારી નાખવામાં આવ્યા હતા. અર્પણો પર જે પાણી રેડવામાં આવ્યું હતું તે પર્વતના શિખર પાસેના ઝરામાંથી લેવામાં આવ્યું હતું. તે ઝરો હાલ પણ 'એલીયાહનો ઝરો' એ નામથી ઓળખાય છે. ઓબાદ્યાહ એ દેવનો ભક્ત હતો અને આહાબના દરબારમાં અમલદાર હતો. એલીયાહને ખાતરી હતી કે દેવ મારી સાથે છે અને તેનેજ લીધે તેણે આ કામ હિમ્મતથી કર્યું. બઆલ એ સીદોનના લોકોનો દેવ હતો. સીદોન દરિયાના કિનારા પર છેક ઉત્તરમાં આવેલું છે. ઇઝેબેલ પહેલાં આજ શહેરમાં રહેતી હતી. ભવિષ્યવાદીઓ—આ બઆલના ભવિષ્યવાદીઓ હતા એટલે બઆલના પૂજારીઓ, અધ્યાય ૧૬; ૩૧–૩૩. સાંજનું બળિદાન, કલમ ૨૯,—બપોર પછીનો વખત. કોઈ પણ જાતનો દગો કરવામાં આવ્યો નથી એવું બતાવવાને માટે એલીયાહે વેદીની આજુબાજુ પાણી રેડયું. બઆલના પૂજારીઓ દગલબાજી કરે છે એવું લોકો જાણતા હશે.

વાર્તાનો હેતુ.

મૂર્તિપૂજા કરવી એ મૂર્ખાઇ ભરેલું છે એવું છોકરાંને સમજાવવું.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—મૂર્તિઓ વિષે અને તે શાની બનાવવામાં આવે છે તે વિષે પ્રથમ થોડી વાત કરો. છોકરાં મૂર્તિઓ વિષે શું માને છે તે પ્રશ્નો વડે શોધી કાઢો.

વાર્તા.

કાર્મેલ પર્વત પર લોકો એકઠા થયા—એક વખતે એલીયાહ કરીને એક મોટો ઉપદેશક હતો. તેના વખતમાં આહાબ કરીને એક દુષ્ટ રાજા રાજ્ય કરતો હતો. આ રાજા અને બીજા બધા લોકો મૂર્તિપૂજા કરતા હતા, પણ એલીયાહ તો ઈશ્વરનુંજ ભજન કરતો હતો.

એલીયાહે આહાબને કહ્યું કે તું જે દેવોને પૂજે છે તે તો ફક્ત મૂર્તિઓ છે. તેમની પૂજા કરવી એ ખોટું છે. ચાલો, આપણે પરીક્ષા કરીએ કે તે દેવો ખરા છે કે ખોટા. હું અર્પણ તૈયાર કરીશ અને મૂર્તિના પૂજારીઓ પણ અર્પણ તૈયાર કરે. પછી આપણે પોતપોતાના દેવોની પ્રાર્થના કરીશું કે તેઓ અગ્નિ મોકલે અને અર્પણોને બાળીને ભસ્મ કરી નાખે. જે દેવ અગ્નિ મોકલે તે ખરો છે એમ આપણે સમજીશું. રાજાએ આ વાત કબુલ કરી તેથી એલીયાહે બધા લોકોને સંદેશો મોકલી મોટા પર્વતની પાસે બોલાવ્યા, અને શું કરવું તે તેમને કહી સંભળાવ્યું. પર્વત, તેની પાસેનો દરિયો, મોટો ભવિષ્યવાદી, મૂર્તિને પૂજનારા સેંકડો પૂજારીઓ અને હજારો માણસો આ બનાવ જોવાને માટે આવ્યા હતા તેનો ચિતાર આપો.

<u>મૂર્તિનું બળિદાન</u>—સવારમાં પૂજારીઓએ અર્પણ તૈયાર કર્યું અને ઘણી વાર સુધી પોતાના દેવોની પ્રાર્થના કીધી, પણ કાંઈ જવાબ મળ્યો નહિ તેનો ચિતાર આપો. બપોર થયા ત્યારે તો તેઓ ગાંડા જેવા થઈ ગયા અને વેદી પર કુદવા લાગ્યા. એલીયાહે તેમની મશ્કરી કરી. મશ્કરીમાં એલીયાહે તેમને શું કહ્યું તે છોકરાંને કહો. એલીયાહે તેમની મશ્કરી કરી તેથી તો તેઓ બહુ ઝનુની બન્યા. આ બધી બીનાઓનો આબેહુબ ચિતાર આપો. પૂજારીઓના દેવોએ તેમને કાંઈ જવાબ આપ્યો નહિ.

<u>એલીયાહનું અર્પણ</u>—બપોર પછી જ્યારે સૂર્ય આથમવા લાગ્યો ત્યારે એલીયાહે લોકોને કહ્યું કે હવે મારી પાસે આવો. હું મારૂં અર્પણ તૈયાર કરીશ અને મારા દેવની પ્રાર્થના કરીશ. તેણે વેદી બાંધી, તે પર લાકડાં ગોઠવ્યાં, જનાવર કાપ્યું અને બધું તૈયાર કર્યું તે વિષે છોકરાંને કહો. પછી તેણે લોકોને કહ્યું કે ચાર માટલાં ભરીને પાણી લાવો અને વેદી પર રેડો. શા માટે તેણે આ પ્રમાણે પાણી રેડાવ્યું હશે? અર્પણ અને લાકડાં ભીનાં હોય તો દેવતાથી તે કેમ કરીને બળે? જો તેણે વેદી પર પાણી ન રેડાવ્યું હોત તો અર્પણ તથા લાકડાંને સળગતાં જોઇને તેઓ કદાચ એમ કહેત કે એલીયાહે તો વેદીની નીચે

આગળથી આગ મૂકી રાખી હશે. જ્યારે તેઓએ વેદીની આજુબાજુ બધે પાણી જોયું ત્યારે તેઓને ખાતરી થઈ કે અર્પણની નીચે આગ નથી. વળી ઈશ્વર આકાશથી એવો અગ્નિ મોકલે કે જે પાણીને પણ ચૂસી લે તો તે કેવું અજાયબ જેવું કહેવાય! પાણીને પણ ચૂસી લે એવી આગ તમે કદી જોઈ છે? પાણી વધારે શક્તિમાન કે દેવતા? જ્યારે એલીયાહે લોકોને પાણી લાવવાનું કહ્યું ત્યારે એકદમ તેઓ પર્વત પરના ઝરાની પાસે દોડી ગયા. પાણી લાવ્યા અને વેદી પર રેડયું. આ પ્રમાણે ત્રણ ચાર તેઓએ કર્યું એમ છોકરાંને કહો. બધી બીનાનું ફરીથી વર્ણન કરી જાઓ અને કામ પૂરૂં થયા પછી વેદી કેવી દેખાતી હશે તેનો આબેહુબ ચિતાર આપો.

આકાશમાંથી અગ્નિ આવ્યો—એલીયાહ પોતાની વેદી પાસે ઊભો રહીને પ્રાર્થના કરતો હતો તેનો ચિતાર આપો. તેણે જે પ્રાર્થના કરી તેની મતલબ તમારા પોતાના શબ્દોમાં કહી જાઓ. પછી એલીયાહની પ્રાર્થનાનો જવાબ મળ્યો તેનું મનોરંજક વર્ણન કરો. લોકો આ જોઈને બહુ વિસ્મીત થયા, અને બધા એકદમ બૂમ પાડી ઉઠયા કે એલીયાહનો દેવ સાચો છે. આ બૂમ કેટલી મોટી હશે! પછી તે બધા લોકોએ ઈશ્વરનું ભજન કર્યું. તેઓ મૂર્તિના પૂજારીઓને ટેકરીની નીચે લઈ ગયા અને ત્યાં આગળ તે બધાને મારી નાખ્યા. તેમની મૂર્તિઓએ કંઈ જવાબ આપ્યો નહિ અને કંઈ મદદ પણ મોકલી નહિ.

વાર્તા પૂરી થયા પછી, મૂર્તિપૂજા કરવી એ ખોટું છે એમ છોકરાંને કહેવાની જરૂર નથી, કારણ કે વાર્તા પરથીજ તેઓ તે સમજી ગયાં હશે. સોનેરી વાક્ય છોકરાંની પાસે મોઢે કરાવીને પાઠ સમાપ્ત કરો.

સોનેરી વાક્ય.

મારા સમ્મુખ તારે કોઈ અન્ય દેવો ન હોય. નિર્ગમન ૨૦ ; ૩.

પાઠ ૨૬ મો.

અનાન્યા અને સાફીરાની વાર્તા.

પ્રેરિતોનાં કૃત્ય ૫ ; ૧–૧૧.

શિક્ષકને માટે.

હાલની પેઠે તે જમાનામાં પણ જુદી જુદી કોમોમાંથી ખ્રીસ્તી થયા હશે અને તે બધા કંઈ સારાજ હેતુથી ખ્રીસ્તી થયા એમ નહોતું. અનાન્યા એ હલકા હેતુને લીધે ખ્રીસ્તી થયો હતો. તેણે પોતાની મિલકત વેચી. અધ્યાય ૨ ; ૪૪, ૪૫મી કલમો અને અધ્યાય ૪ ; ૩૪, ૩૫મી કલમો વાંચો. પ્રભુ વહેલો પાછો આવશે એવી આશાથી અને એક બીજા પરના પ્રેમને લીધે અને અતિશય આનંદને લીધે તે જમાનાના ખ્રીસ્તીઓએ પોતાની બધી મિલકત વેચી દીધી, અને તેના પૈસા પ્રેરિતોને આપ્યા. દરેક જણને તેની અગત્ય પ્રમાણે તે પૈસામાંથી વહેંચી આપવામાં આવતું હતું. જે ખ્રીસ્તીઓ આ પ્રમાણે કરતા નહોતા તેમને કદાચ તે વખતે થોડું માન મળતું હશે. આ વખતે એક અસાધારણ બનાવ બન્યો. બાર્નાબાસ નામે એક માણસે પોતાની બધી જમીન વેચી દીધી. તેની પાસે ઘણી મિલકત હતી. આ કારણને લીધે બાર્નાબાસનું નામ શાસ્ત્રમાં ખાસ કરીને નોંધવામાં આવ્યું છે. આખી ખ્રીસ્તી મંડળીમાં બાર્નાબાસને ઘણું માન મળતું હશે. કદાચ બાર્નાબાસને આટલું બધું માન મળતું જોઈને અનાન્યાના મનમાં અદેખાઈ ઉત્પન્ન થઈ, અને તેણે પણ બાર્નાબાસના જેવું માન મેળવવાનો પ્રયત્ન કર્યો ; પરંતુ બાર્નાબાસની પેઠે તદન ગરીબ થઈ જવાનું તેને ગમ્યું નહિ.

શિક્ષા—તેમને જે શિક્ષા કરવામાં આવી તે બહુ ભારે હતી અને જો ઈશ્વર હાલ આપણને એવી રીતે સજા કરે તો મંડળીમાં મરણની સંખ્યાનું પ્રમાણ ઘણું વધી જાય. આ બીના પરથી આપણે એટલું તો સારી રીતે સમજી શકીએ છીએ કે પાપ અને પવિત્રાઈ વિષે ભવિષ્યના ખ્રીસ્તીઓને માટે ઘણા ગંભીર વિચારો ઉત્પન્ન કરવાની તે વખતે મંડળીમાં ઘણી જરૂર હતી. તે જમાનામાં દરેક જાતનાં પાપ

બહુ સાધારણ હતાં અને દેવની મંડળી જાણે કે આવા પ્રકારની દુષ્ટાઈ સામે એક પ્રકારની લડાઈ ચલાવતી હતી. આવા વખતમાં જૂઠું બોલવું એ પણ ઈશ્વરની નજરમાં ભારે પાપ છે એવું લોકોને શિખવવા માટે આવી ભારે શિક્ષા કરવાની જરૂર પડી. અનાન્યાએ થોડા પૈસા પાછા રાખ્યા એમાં કંઈ પાપ ન હતું પણ તે જૂઠું બોલ્યો એમાં પાપ હતું, કલમ ૪થી.

વાર્તાનો હેતુ.

જૂઠું બોલવું એ ખરાબ અને હલકું કામ છે એવું છોકરાંને સમજાવવું.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—તમારી પાસે તમારી પોતાની કઈ કઈ ચીજો છે? લુગડાં કે એવી બીજી કોઈ વસ્તુઓ છોકરાંની પાસે હોય તેનાં નામ તેમની પાસેથી માગવાં. તમારાં માબાપ પાસે કઈ કઈ ચીજો છે? કેટલાંકની પાસે જમીન હશે, કેટલાંકની પાસે બળદ હશે અને કોઈની પાસે બકરાં હશે. આ સામે જે ખેતરો દેખાય છે તે કોનાં છે?

વાર્તા.

<u>જમીન વેચવામાં આવી</u>—અનાન્યા કરીને એક માણસ હતો તે અને તેની સ્ત્રી સાફીરા બન્ને ખ્રીસ્તી થયાં. જે ઠેકાણે તેઓ રહેતાં હતાં ત્યાં ઘણા ખ્રીસ્તીઓ હતા. તેમાંના કેટલાક ગરીબ હતા અને કેટલાક ધનવાન હતા. તેઓએ પોતાની બધી મિલકત વેચી નાખી, અને તેના પૈસા એકઠા કરી એક મોટું ભંડોળ કર્યું. દરેક જણને તેની અગત્ય પ્રમાણે તેમાંથી વહેંચી આપવામાં આવતું હતું તે છોકરાંને કહો. જેઓએ પોતાની બધી મિલકત આપી દીધી તેઓનો દરેક જણ બહુ ઉપકાર માનતો હતો. જેઓએ સૌથી વધારે રકમ આપી તેમને મંડળીમાં સૌ કરતાં વધારે માન મળતું. અનાન્યાએ વિચાર કર્યો કે જો હું મારી જમીન વેચી દઉં અને મારા પૈસા તેમને આપી દઉં તો તો તેઓ બધા મને મોટો માણસ ગણશે. પછી તેણે એ પ્રમાણે કરવાનો ઠરાવ કર્યો. તેની પાસે ઘણી જમીન હતી. તે તો એક મોટો

જમીનદાર હતો. જમીનદાર પોતાની બધી જમીન વેચી દે કે? અનાન્યાને આ પ્રમાણે કરવું મુશ્કેલ તો લાગ્યું પણ તેણે તે પ્રમાણે કર્યું.

તેણે પોતાના પૈસા પ્રેરિતોને આપ્યા—અનાન્યા અને સાફીરાના હાથમાં બહુ મોટી રકમ આવી. એવી કલ્પના કરો કે અનાન્યા અને સાફીરા એક બીજાની સાથે વાતો કરવા લાગ્યાં કે આપણે આમાંથી કેટલી રકમ પ્રેરિતોને આપીશું? આપણે આપણી બધી રકમ પ્રેરિતોને આપી દઈશું? જો આપણે આમાંથી અડધી રકમ આપીએ તો પણ તે એક મોટી બક્ષીસ ગણાશે. પેલા માણસે જે રકમ આપી છે તેના કરતાં તો આપણી રકમ બહુ ભારે છે. વારૂ, જો આપણે બધી રકમ આપી દઈએ તો પછી આપણી પાસે તો કંઇ નહિ રહે. એ તો ઠીક નહિ. આવા આવા વિચાર કરીને તેઓએ આખરે નક્કી કર્યું કે આપણે થોડા પૈસા પ્રેરિતોને આપીશું અને થોડા પૈસા આપણી પોતાની પાસે રહેવા દઈશું. આપણે પોતાની પાસે કેટલા પૈસા રાખ્યા છે તે કોઈને જાણવા નહિ દઈએ. આપણે તેમને એમ કહીશું કે અમે અમારા બધા પૈસા આપી દીધા છે, અને તેઓ બધા આપણાં વખાણ કરશે. પછી એવો ચિતાર આપો કે થોડા પૈસા તેઓએ એક સલામતી ભરેલી જગ્યાએ મૂકયા. જે રકમ પ્રેરિતોને આપવાની હતી તે લઈને અનાન્યા કયાં ગયો હશે તે વિષે વિચાર કરો. જ્યારે તે પૈસા લઈને જતો હશે ત્યારે તેના મનમાં આનંદ થતો હશે કે? તે પોતાના મનમાં મગરૂર થતો હશે કે દુઃખી થતો હશે તે છોકરાંને પુછો. જે ઓરડીમાં તે દાખલ થયો તે ઓરડીના દેખાવનો ચિતાર આપો. ઉપદેશકો ત્યાં બેઠા બેઠા પોતાના કામ વિષે વિચાર કરતા હતા. પછી અનાન્યા પૈસાની પોટલી લઈને ત્યાં આવ્યો અને તે પોટલી પ્રેરિતોના પગની પાસે મૂકી. તે એમ ધારતો હતો કે હું આટલા બધા પૈસા આપું છું, તેથી તેઓ મારો ઉપકાર માનશે. પછી તેણે તેઓને કહ્યું કે મેં મારી બધી જમીન વેચી દીધી છે, આ પૈસા તમે લો.

જૂઠ—એવી કલ્પના કરો કે પીતરે તે પૈસા લીધા, તે ગણ્યા અને અનાન્યાનો ઉપકાર માન્યો. તેણે અનાન્યાને પુછ્યું, 'આ તમારી

જમીનના પૈસા છે નહિ વારૂ?' અનાન્યાએ જવાબ આપ્યો, 'હા.' પીતરે તેને પુછ્યું 'જમીનની આટલીજ કીમત ઉપજી?' (છોકરાં જવાબ આપે) ના. અનાન્યા જૂઠું બોલ્યો. તેણે એવો વિચાર કર્યો કે જે પૈસા મેં સંતાડયા છે તે વિષે કોઈ કંઈ જાણતું નથી તેથી હું એમ કહીશ કે મને તો આટલાજ પૈસા મળ્યા છે. તેણે તેના પૈસા સંતાડયા હતા તે વિષે કોઇ જાણતું હતું કે? તે વિષે કોણ જાણતું હશે? છોકરાંની પાસે એવો જવાબ કઢાવો કે ઇશ્વર તે વિષે જાણતો હતો. ઇશ્વરેજ પીતરને જણાવ્યું કે અનાન્યા જૂઠું બોલે છે. અનાન્યાએ પીતરને જે કહ્યું તે વિષે અને જે બનાવ બન્યો તે વિષે છોકરાંને કહો. અનાન્યા મરણ પામ્યો હતો માટે તેઓ તેને બહાર લઈ ગયા અને દાટી દીધો તે પણ છોકરાંને કહો. પોતામાંનો એક માણસ જૂઠું બોલ્યો તે જાણીને ખ્રીસ્તીઓ કેટલા બધા દિલગીર થયા હશે.

બીજું જૂઠ—શબને લોકો ત્યાંથી લઈ ગયા એટલે તેઓ ફરીથી પોતાનું કામ કરવા લાગ્યા, કેમકે તેમને ઘણી બાબતો વિષે વિચાર કરવાનો હતો. થોડી વારમાં એક બીજું માણસ આવ્યું. તે સાફીરા હતી. તે પોતાના ધણીને શોધવા માટે આવી હતી કારણકે અનાન્યા વિષે કોઈએ તેને કંઇ ખબર આપી નહોતી. પીતરે તેને પૂછ્યું કે 'જે માણસ થોડીવાર ઉપર અહીં પૈસા લઇને આવ્યો હતો તે તારો ધણી હતો કે?' તેણે જવાબ આપ્યો કે, 'હા.' પીતરે ફરીથી તેને પૂછ્યું, કે 'તમારી જમીનની આટલીજ કીમત ઉપજી?' તેણે કહ્યું 'હા.' પીતર એમ ધારતો હતો કે સાફીરા અનાન્યાની પેઠે જૂઠું નહિ બોલે, પણ તે જૂઠું બોલી. તેણે કહ્યું કે 'અમને તો જમીન ખરીદનાર પાસેથી એટલાજ પૈસા મળ્યા છે.' આ બધી બાબતો છોકરાંને કહો. પછી ઈશ્વરે તેના ધણીને જૂઠું બોલવા માટે જે શિક્ષા કરી હતી તે વિષે પીતરે તેને કહ્યું. આ સાંભળીને તેને કેવું લાગ્યું હશે! તેજ વખતે કેટલાક માણસો આવતા હોય એવો અવાજ સંભળાયો. પીતરે તેને કહ્યું કે, 'આ માણસોએ હમણાંજ તારા ધણીને દાટયો છે, હવે તેઓ તને પણ દાટશે.' ઇશ્વરે સાફીરાને તેના ધણીના જેવીજ શિક્ષા કરી તે વિષે છોકરાંને કહો. આ બનાવને લીધે બધા લોકોએ જાણ્યું કે ઇશ્વર જૂઠને ધિક્કારે છે.

વાર્તા પૂરી થયા પછી કોઇ છોકરો જૂઠું બોલવાને લીધે કંઇ હરકતમાં આવી પડ્યો હોય તો તે વિષે છોકરાંને કહેવું.

સોનેરી વાક્ય.

જૂઠા હોઠો યહોવાહને કંટાળારૂપ છે. દષ્ટાં. ૧૨; ૨૨.

પાઠ ૨૭ મો.

૨૨–૨૬ પાઠોનું પુનરાવર્તન.

જે પાપો વિષે છોકરાંને આગળના પાઠોમાં કહેવામાં આવ્યું છે તે ઘણાં ખરાબ છે એવો વિચાર છોકરાંના મન પર ઠસાવવાને માટે આ પાઠોનું પુનરાવર્તન કરવાની ઘણી જરૂર છે. દરેક પાપને લીધે ઇશ્વરને કેટલું બધું દુઃખ થયું અને પાપ કરનારને તેણે કેવી શિક્ષા કરી તે છોકરાંને બતાવવાથી પુનરાવર્તનનો હેતુ પાર પડશે. પાંચે વાર્તાઓનું પુનરાવર્તન કરવાની જરૂર છે માટે તે વાતો છોકરાંની પાસે એક પછી એક કહેવડાવવી. સુંદર બગીચાની વાત કોને યાદ છે? એક છોકરો તે વાત કહી જાય. બે છોકરાની વાત કોને યાદ છે? બીજો છોકરો તે વાત કહી જાય. આવી રીતે આ પાંચે વાર્તા છોકરાંની પાસેજ કહેવડાવવી. પાઠની બધી ઝીણી ઝીણી બાબતો સાંભળવાનો તમને પુરતો વખત નહિ મળે માટે છોકરાંની પાસેથી બધી હકીકત માગશો નહિ. પણ પાઠની મુખ્ય બીના એટલે 'પાપ' અને 'તેની શિક્ષા' તે જો છોકરો પડતી મૂકે તો બીજા છોકરાને એકદમ પૂછો કે શું રહી ગયું? પછી છોકરાંને કહેવું કે આ દરેક વાર્તામાં આપણે જોયું કે જે માણસે પાપ કરીને ઇશ્વરને નારાજ કર્યો તેને તેણે શિક્ષા કરી. હવે આ પાપ કેવાં હતાં અને તેને લીધે કેવી શિક્ષા થઈ તેનો વિચાર કરીએ. (છોકરાં જવાબ આપે).

૧. હુકમ તોડવાનું પાપ—આદમ અને હવાને સુંદર વાડીમાંથી કાઢી મૂકવામાં આવ્યાં.

૨. લડાઈ—કાઇન ફરીથી પોતાના ઘરમાં જઇ શકયો નહિ.

૩. <u>ચોરી</u>—આખાન અને તેના કુટુંબનાં બધાં માણસોને પથ્થરે મારવામાં આવ્યાં.

૪. <u>મૂર્તિપૂજા</u>—બઆલના બધા પૂજારીઓને મારી નાખવામાં આવ્યા.

૫. <u>જૂઠ</u>—અનાન્યા અને સાફીરા એકદમ મરણ પામ્યાં.

આ બધાં પાપો ઈશ્વરની નજરમાં કેવાં છે તે આપણે આ બાબતો પરથી સારી રીતે સમજી શકીએ છીએ, માટે આપણે એવાં કામો કદી ન કરવાં. આપણે એવાં કામો કરીશું કે? છેવટે વર્ગનાં બધાં છોકરાં આવાં પાપોથી બચી જાય એ માટે ઈશ્વરની મદદ માગવી.

---

૬. પોતાનાં પાપી છોકરાં પ્રત્યે ઇશ્વરનો પ્રેમ.

પાઠ ૨૮ મો.

ઇશ્વિર આદમને શોધે છે.

ઉત્પત્તિ ૩; ૧–૨૪.

આ પાઠમાં ૨૨ મા પાઠની હકીકત ફરીથી કહેવામાં આવે છે તેથી શિક્ષકે તે પાઠની નોંધ ફરીથી વાંચી જવી. આ વાર્તા તમે આગળ કહી ગયા છો માટે તૈયારી કરવાની જરૂર નથી એમ ન ધારવું. આ પાઠના છેવટના ભાગમાં જરા ફેર પડશે કારણકે આ વખતે વાર્તાનો હેતુ જુદો છે.

પાઠનો હેતુ.

આદમે પાપ કર્યું તોપણ ઇશ્વિર તેના પર પ્રેમ રાખતો હતો.

છોકરાંને માટે.

વાર્તા પહેલાંની પેંઠેજ કહી જાઓ. બહુ પ્રશ્નો પુછશો નહિ અને છોકરાંની પાસે આખી વાત એકી વખતે કહેવડાવશો નહિ, પણ વાતનો થોડો થોડો ભાગ છોકરાંઓએ કહેવો જોઇએ. જ્યારે ઇશ્વરે જાણ્યું કે આદમે અને હવાએ મારી આજ્ઞા તોડી નાખી છે ત્યારે તે ફરીથી તેમની સાથે વાત કરવાને માટે આવ્યો એ બાબત છોકરાંને કહેવી અને તેજ વખતે ઇશ્વિરના પ્રેમ વિષે પણ તેમને કહેવું. ઇશ્વિર ગુસ્સે થયો એમ છોકરાંને કહેવું નહિ પણ એમ કહેવું કે ઇશ્વિરને બહુ દુઃખ લાગ્યુ. તેમને શિક્ષા કરતાં ઇશ્વિરને ઘણું દુઃખ લાગ્યું પણ પાપ કરનારને શિક્ષા તો થવીજ જોઇએ. જો કે આદમને અને હવાને ઇશ્વિરે વાડીમાંથી કાઢી મૂક્યાં તોપણ તેમના પર તે પ્રીતિ રાખતો હતો. જેમ ઇશ્વિર આદમને અને હવાને ચહાતો હતો તેમ તે આપણને પણ ચાહે છે, માટે આપણાં કામોથી આપણો પ્રેમી પિતા નારાજ ન થાય એ વિષે આપણે બહુ સંભાળ રાખવી.

પાઠ પૂરો થયા પછી શિખવવાની બાબતો—જેથી ઇશ્વરને દુઃખ થાય છે એવી કેટલીક બાબતો છોકરાંની પાસેથી માગવી. પછી શિક્ષકે પ્રાર્થના કરી ઇશ્વરની મદદ માગવી કે છોકરાંઓને એવાં પાપોથી તે બચાવી રાખે.

સોનેરી વાક્ય.

દેવ પ્રીતિ છે. ૧ યોહાન ૪; ૮.

પાઠ ૨૯ મો.

ખોવાએલા ઘેટાની વાત.

માત્થી ૧૮; ૧૦-૧૪. લુક ૧૫; ૩-૭.

શિક્ષકને માટે.

આ વાર્તા શાસ્ત્રમાં બે ઠેકાણે આવે છે. બન્ને ઠેકાણે તે વિષે જે લખેલું છે તે આપણે ધ્યાનપૂર્વક વાંચવું જોઇએ. બન્ને ઠેકાણે વાર્તાનું રૂપ સરખું છે પણ દરેક ઠેકાણે તે જુદા જુદા સંબંધમાં કહેવામાં આવે છે. માત્થીના ૧૮ મા અધ્યાયમાં બાળક વિષે કેટલુંક વર્ણન કર્યા પછી આ વાર્તા લખેલી છે, અને લુકની સુવાર્તામાં મોટા માણસોના સંબંધમાં આ વાત લખેલી છે. બન્ને વાર્તાને છેડે આશીર્વાદયુક્ત વચનો છે, માત્થી ૧૮; ૧૪ ને લુક ૧૫; ૭ ની સરખાવો. બન્ને વચનો પ્રસંગને અનુસરીને લખેલાં છે. માત્થીની સુવાર્તામાં બાળકના સંબંધમાં આ વાર્તા લખેલી છે. ત્યાં એમ લખેલું છે કે માણસનો દીકરો જે ખોવાએલું હતું તેને શોધવાને માટે આવ્યો છે. લુકની સુવાર્તા ૧૯; ૧૦ માં તેજ વાત પુખ્ત ઉમ્મરના માણસોને માટે લખેલી છે. ત્યાં એવું લખ્યું છે કે જે ખોવાએલું હતું તેને શોધવા અને બચાવવા માણસનો દીકરો આવ્યો. છોકરાંના સંબંધમાં 'શોધવા' એ શબ્દ પડતો મૂકેલો છે, કારણ કે તેઓ ઘેટાંની માફક ભટકી ગયાં નથી કે તેમને શોધવાની જરૂર પડે. આ વાત ક્યારે કહેવામાં આવી તે લુક ૧૫; ૧, ૨ માં જણાવેલું છે. ફરોશીઓ અને સાદુકીઓ પ્રભુની સામે કચકચ કરતા હતા કારણ કે તે પાપીઓનો અંગીકાર કરતો હતો. 'ખોવાએલું' અને 'જ્યાં સુધી'

આ બે શબ્દોમાં આખી વાર્તાની મુળ મતલબ આવી જાય છે. પહેલો શબ્દ ઘેટાંની જોખમકારક સ્થિતિ બતાવે છે અને બીજો શબ્દ ભરવાડની ખંત બતાવે છે. જંગલ—ઘેટાંનો વાડો કદાચ જંગલમાં હશે. રાત્રે ઘેટાં વાડામાં આવ્યાં ત્યારે તેમને ગણી જોતાં ભરવાડને એક ઘેટું ઓછું માલમ પડ્યું હશે. પાલેસ્ટાઇનના ખેડુતોની જીંદગીનો હેવાલ બરાબર સમજવાને માટે શિક્ષકે ૧ શમૂએલ ૧૭; ૩૪-૩૬, ગી. શા. ૨૩, હઝકી. ૩૪; ૪-૬ અને ૧૪–૧૬, યોહાન ૧૦; ૨–૫ : ૧૧; ૨૭ વગેરે વાક્યો વાંચવાં જોઇએ. પાલેસ્ટાઇનના ભરવાડો પોતાનાં ઘેટાં પર બહુ પ્રેમ રાખે છે અને તેમના પર બહુ માયા રાખે છે. આ કલમો પરથી સારો ભરવાડ પોતાનાં ઘેટાંને માટે શું શું કરે છે તેની એક નોંધ તમે તૈયાર કરો. હિંદુસ્તાનના ભરવાડોની પેઠે તેઓ ઘેટાંની પાછળ રહેતા નથી પણ તેમની આગળ ચાલે છે.

વાર્તાનો હેતુ.

આ વાર્તા એવી રીતે શિખવવી કે છોકરાં ભરવાડનાં વખાણ કરે, ત્યાર પછી તેમને સમજાવવું કે ઇસુ પણ આ ભરવાડના જેવો છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—બકરાં અને ઘેટાંની સંભાળ કેવી રીતે રાખવામાં આવે છે તે વિષે છોકરાંને કહો. જે છોકરાંએ આવું કામ જાતે કર્યું હશે તેઓ તે વિષે ઘણી હકીકત તમને કહી શકશે. આ જનાવરો શું ખાય છે, વળી તેઓ માંદાં પડે છે ત્યારે, ભટકી જાય છે ત્યારે અને કંઇ જોખમમાં આવી પડે છે ત્યારે ભરવાડ શું કરે છે તે વિષે છોકરાંને પ્રશ્ન પૂછો. જેમણે ભરવાડનું કામ કદી કર્યું નથી તેઓ પણ ઘેટાં વિષે ઘણી હકીકત કહી શકશે, કેમકે લગભગ બધાંએ ઘેટાં અને ભરવાડો તો જોયાં હશે.

વાર્તા.

પહાડ પરનાં ઘેટાં—એક વખતે એક ભરવાડ હતો. તેની પાસે ૧૦૦ ઘેટાં હતાં. તમે કેટલાં ઘેટાંની સંભાળ રાખી છે? તે ભરવાડ આપણા જેવા સપાટ દેશમાં નહિ પણ બહુ પહાડી દેશમાં રહેતો હતો. તે પહાડી દેશ કેવો દેખાતો હશે તેનો આબેહુબ ચિતાર આપો. તે દેશમાં પુષ્કળ

વરસાદ પડે છે તેથી ડુંગરો પર ખુબ લીલું ઘાસ ઉગે છે. જો તમે તમારાં ઘેટાંને આ ડુંગરો પર લઈ જાઓ તો તેઓ ત્યાંનું લીલું ઘાસ ખાઇને થોડા વખતમાં બહુ જબરાં થાય. આ ભરવાડ ગામમાં નહોતો રહેતો પણ ડુંગર પર એક નાની ઝુંપડીમાં રહેતો હતો. દરરોજ રાત્રે તેને ઘેટાંને ઘેર લાવવાની જરૂર પડતી નહિ. ઘેટાંને બહુ ચાલવું પડે તો તેઓ થાકી જાય. આ ભરવાડ પોતાનો ખોરાક ક્યાંથી લાવતો હશે? કદાચ તેનો દીકરો તેને મળવા આવતો હશે ત્યારે ખોરાકની ચીજો લાવતો હશે. આ ભરવાડ ઘેટાંને એકલાં મૂકીને કદી બજારમાં જતો નહિ. તે કોઈવાર ભૂખ્યો રહેતો પણ ઘેટાંને એકલાં મૂકતો નહિ. જંગલી જનાવરો વિષે થોડી હકીકત છોકરાંને કહો. જો ભરવાડ ઘેટાંને એકલાં મૂકીને જાય તો શું થાય? પહાડો પરનાં જંગલી જનાવરો વિષે અને ભરવાડોને તેમનું રક્ષણ કરવાની ઘણી જરૂર છે તે વિષે છોકરાંને કહો. આ ભરવાડ પોતાના જીવ કરતાં ઘેટાંની વધારે કાળજી રાખતો હતો. ખોરાક સિવાય ઘેટાંને બીજું શું જોઇએ? પાણી એવો જવાબ છોકરાં પાસેથી મળવો જોઈએ. આ ભરવાડ ઘેટાંને માટે પાણી ક્યાંથી લાવતો હશે? એવો ચિતાર આપો કે તે ભરવાડ ડુંગર પરના નાના તળાવમાં કે નદીમાં ઘેટાંને પાણી પાવા લઈ જતો હતો. તમારાં ઘેટાંને નદીએ પાણી પીવા માટે તમે એકલાં જવા દેશો કે? ના. કેમ નહિ? ઘેટાં તેમાં પડી જાય તો શું થાય? ઘેટાં નદીમાં પડી જાય એવી બીક હતી માટે આ ભરવાડ પોતાનાં ઘેટાંને કેવી રીતે પાણી પાતો હશે? એવી કલ્પના કરો કે આ ભરવાડ માટલામાં પાણી ભરી લાવતો હતો અને ઘેટાંને પીવડાવતો હતો. આ ભરવાડને કેટલું બધું સખત કામ કરવું પડતું હશે! પણ આ ભરવાડ તેની કાંઈ દરકાર કરતો નહિ. તે તો પોતાનાં ઘેટાંનીજ ચિંતા કર્યાં કરતો હતો. કેટલાક ભરવાડો પોતાનાં ઘેટાંને મારે છે, પણ આ ભરવાડ કદી એમ કરતો નહિ. ઝુંપડા પાસે ઘેટાંને માટે તેણે જે વાડો બનાવ્યો હતો તેમાં રાત થતી કે તરત તે તેમને પૂરી દેતો હતો. કોઇ ઘેટું ખોવાયું નથી, કે કોઇ માંદું પડયું નથી, કે કોઇને કંઈ ઈજા થઇ નથી તે જોવાને માટે દરરોજ રાત્રે તે તેમને ગણી જોતો હતો. રાત્રે ઘણી સંભાળથી તે તેમને વાડામાં પૂરતો તેનો ચિતાર આપો.

<u>ખોવાએલું ઘેટું</u>—એક રાત્રે ઘેટાં વાડામાં આવ્યાં ત્યારે ભરવાડને એક ઘેટું ઓછું માલુમ પડયું. ઘેટાં કેટલાં હોવાં જોઇએ? એવી કલ્પના કરો કે ભરવાડે ઘેટાં ફરીથી ગણી જોયાં. તેણે તે ઘેટાનું નામ લઇને બોલાવ્યું, પણ કાંઇ જવાબ મળ્યો નહિ. ઘેટું કેવી રીતે જવાબ આપે છે? વધારે તપાસ કરવાથી તેને ખાતરી થઇ કે એક ઘેટું ખોવાયું છે. હવે ભરવાડે શું કરવું જોઇએ? તે વખતે તદન અંધારૂં થઇ ગયું હતું. તે ઘરમાં જઇને સુઇ ગયો હશે કે? તેણે એવો વિચાર કર્યો હશે કે હવે તો હું સવારમાં તેની તપાસ કરીશ. જે ભરવાડો પોતાનાં ઘેટાં પર પ્રેમ કરતા નથી તેઓ કદાચ એમ કરે, પણ આ ભરવાડ તો પોતાનાં ઘેટાં વિષે બહુ કાળજી રાખતો હતો. મારૂં ઘેટું કયાં ગયું હશે? તે નદીમાં પડી ગયું હશે? તેને કંઇ ઇજા થઇ હશે? કોઇ જંગલી જનાવરે તેને ફાડી ખાધું હશે? એવા એવા અનેક વિચારો તેના મનમાં આવ્યા કરતા હતા. પછી ભરવાડે એવો ઠરાવ કર્યો કે હું જઇને ઘેટાને શોધી કાઢીશ, અને તે સહીસલામત છે એવી મને ખાતરી નહિ થાય ત્યાં સુધી હું સુવાનો નથી. એવો ચિતાર આપો કે બધાં ઘેટાંને વાડામાં પૂરીને, ખોવાએલા ઘેટાની શોધ કરવાને અંધારામાં તે ભરવાડ નીકળ્યો. તે વખતે ચંદ્રમા પણ નહોતો. તે પોતે પણ બહુ થાકી ગયો હતો પણ ઘેટાને શોધી કાઢયા વિના ચાલે એમ ન હતું. તે આખી રાત તેણે કેવી ગાળી હશે? એવો ચિતાર આપો કે તે ઘેટાંને બૂમ પાડીને બોલાવતો હશે, ખડકોમાં તેની શોધ કરતો હશે, સીધા ડુંગરો પર ચઢતો હશે, કોઇવાર પડી પણ જતો હશે અને કોઈ કોઇ વાર જંગલી જનાવરોની બૂમો પણ તે સાંભળતો હશે. જ્યારે તે જંગલી જનાવરોની બૂમો સાંભળતો હશે ત્યારે તેને બીક લાગતી હશે કે? હા, તેને એવી બીક લાગતી હશે કે આ જંગલી જનાવરો મારા ઘેટાને ફાડી ખાશે. થોડીવાર પછી તેણે પોતાના ઘેટાની બૂમ સાંભળી. તે બૂમ સાંભળીને એકદમ ઘેટાની ભણી દોડી ગયો એવું છોકરાંને કહો. કદાચ કોઈ ઝાડીમાં તે ભરાઇ રહ્યું હશે. થાકી ગએલા ઘેટાને ખાંધ પર લઇને ભરવાડ ખુશી થતો થતો પોતાને ઘેર જાય છે એવો ચિતાર આપો. ભરવાડને વધારે થાક લાગ્યો હશે કે ઘેટાને?

<u>ભરવાડ ઘેર આવ્યો</u>—એવી કલ્પના કરો કે ભરવાડ ઘેટાને લઇને પોતાને ઘેર પાછો આવ્યો. ઘેટાને માટે હવે તે શું કરશે તે છોકરાંને કહો. તેણે બીજા ભરવાડોને પોતાને ઘેર બોલાવ્યા અને તેઓ ભરવાડને અને ઘેટાને સહીસલામત જોઇને બહુ રાજી થયા તેનું વર્ણન કરો. ઇસુએ પોતે આ વાર્તા કહી હતી અને તે આ ભરવાડના જેવો છે. તે પોતે આપણને ચાહે છે અને જેમ આ ભરવાડ પોતાનાં ઘેટાંને સંભાળતો હતો તેમ ઇસુ આપણી સંભાળ કરે છે. આપણે ખોવાએલા ઘેટાના જેવા છીએ એ બાબત છોકરાંને હાલ સમજાવવી નહિ, પણ ઇસુ ભરવાડના જેવો છે એટલુંજ તેમને શિખવવું.

<u>વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો</u>—શા માટે ઇસુ આ જગતમાં આવ્યો તે આજના સોનેરી વાકયમાં જણાવેલું છે. છોકરાંઓને તે વાકય શિખવવું, અને ઇસુના પ્રેમ વિષેનું ગીત ગવડાવવું. છોકરાંઓએ ઘેર જઇને આ વાત બીજાઓને કહેવી જોઈએ.

સોનેરી વાક્ય.

કેમકે જે ખોવાએલું તેને બચાવવાને માણસનો દીકરો આવ્યો છે. માત્થી ૧૮ ; ૧૧.

પાઠ ૩૦ મો.

ખોવાઈ ગએલા છોકરાની વાર્તા.

લુક ૧૫ ; ૧૧–૨૪.

શિક્ષકને માટે.

ખોવાએલું ઘેટું, ખોવાએલો સીક્કો, અને ખોવાએલો છોકરો, આ ત્રણે દષ્ટાંતો એક ઠેકાણે આવે છે. પાપી માણસ પાછો ફરે છે ત્યારે આપણા તારનારને કેવી લાગણી થાય છે તેનો ચિતાર આ ત્રણે દષ્ટાંતો સરખી રીતે આપે છે. આ ત્રણે દષ્ટાંતો ઘણું કરીને એકજ વખતે કહેવામાં આવ્યાં હશે. આ જુવાન છોકરો જે પોતાનું ઘર મૂકીને જતો રહ્યો તેના મન પર કઈ કઇ બાબતોની અસર થઇ હશે તેનો જરા વિચાર કરો. કદાચ દુષ્ટ સોબતીઓએ તેને ભમાવ્યો

હશે અને જાતજાતની લાલચો તેને દેખાડી હશે. મારો ભાગ મને આપો— સૌથી મોટા છોકરાને મિલકતનો જે ભાગ મળતો તેનો અર્ધો ભાગ નાના છોકરાને મળતો, પુનર્નિયમ ૨૧ ; ૧૭. આ છોકરાને મિલકતનો ત્રીજો ભાગ મળ્યો. ભુંડો—આ જનાવરો યહુદીઓને અતિશય અમંગળ લાગે છે. છોડાં—શીંગોની ઉપરની છાલ. તે છોકરો અત્યાર સુધી તો ગાંડા માણુસની પેઠે વર્તતો હતો પણ હવે તેને સારી બુદ્ધિ સુઝી. નોકરી— હવે તે છોકરો કોઇનો ગુલામ થવાને પણ રાજી હતો. તેનો બધો ગર્વ હવે જતો રહ્યો હતો. જ્યારે તે ઘેર પાછો ગયો ત્યારે દીકરા તરીકે તેનો અંગીકાર કરવામાં આવ્યો. બાપે તેને જોયો—છોકરો ઘણા વખતથી જતો રહ્યો હતો તોપણ તેનો બાપ તેની રાહ જોયા કરતો હતો. પુષ્ટ વાછરડો—ચરબીદાર જનાવર.

પાઠનો હેતુ.

આ પ્રેમી બાપના દૃષ્ટાંત પરથી દેવનો પ્રેમ કેટલો મોટો છે તે છોકરાંને સમજાવવું.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—તમારે કેટલા ભાઇ અને કેટલી બેનો છે? તમારાં માબાપ તમને ચાહે છે? જો તમે ખોવાઇ જાઓ તો તમારાં માબાપ શું કરે?

વાર્તા.

સુખી કુટુંબ—એક માણુસને બે દીકરા હતા. તે પોતાના છોકરાઓ પર બહુ પ્રેમ રાખતો હતો. તે ઘણો ધનવાન હતો. તેની પાસે ઘણી મિલકત હતી, અને ઘણાં ઢોર હતાં. વળી ઢોરને સાચવવા સારૂ ઘણા નોકરો હતા. નોકરોની અને ખેતરોની દેખરેખ રાખવામાં આ બન્ને છોકરાઓ શી મદદ કરતા હશે? આ કુટુંબનાં માણસો એક બીજા પર પ્રેમ કરતાં હતાં, અને તેમને કશાની તંગી નહોતી તેનું ચિત્ર-રૂપે વર્ણન કરો.

દુઃખી બાપ—નાના છોકરાના મનમાં અસંતોષ ઉત્પન્ન થયો. તેની પાસે આટલું બધું હતું તે છતાં પણ તે કેમ અસંતોષી થયો. કદાચ

કોઈ દુષ્ટ છોકરાઓએ તેને એવી ખરાબ સલાહ આપી હશે કે તું તારા ઘરમાંથી નાસી જા. આવા છોકરાઓની શિખામણ તેણે માની હશે. પછી તે છોકરો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આ છોકરાઓની સાથે હું જતો રહું તો સારૂં. ઘેર તો મારે બહુ કામ કરવું પડે છે અને ત્યાં મારે કાંઈ કામ કરવું નહિ પડે. વળી તે છોકરાઓ તેને એમ પણ કહેતા હશે કે હવે તું મોટો થયો છે, શા માટે તું તારા બાપની આજ્ઞા માને છે? અમારી સાથે ચાલ આપણે મઝા કરીશું; ત્યાં તું તારી મરજીમાં આવે તેમ વર્ત્તજે. આખરે તેણે જવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાના બાપને જે કહ્યું તે છોકરાંને કહો. બાપની દિલગીરીનો ચિતાર આપો અને બાપે દીકરાને શું કહ્યું હશે તે વિષે જરા કલ્પના કરો. બાપ દીકરાની સાથે ગુસ્સે થયો હશે? ના, તે તો દીકરા પર પ્રેમ કરતો હતો અને તે ઘેર રહે એવું ચહાતો હતો. તેની માએ તેને શું કહ્યું હશે? છોકરાએ ઘર મૂકીને જવાનોજ નિશ્ચય કર્યો હતો, માટે તેણે જે માગ્યું તે બાપે તેને આપ્યું. પછી તે લાંબી મુસાફરીએ નીકળવાની તૈયારી કરવા લાગ્યો તેનો ચિતાર આપો. તેણે મુસાફરીને સારૂ કઈ કઈ ચીજો ખરીદી હશે? પછી બાપ અને દીકરો જુદા પડ્યા તેનું વર્ણન કરો. દીકરાને જતો જોઈને બાપને કેટલું બધું દુઃખ લાગ્યું હશે તે પણ છોકરાંને કહો.

દુઃખી છોકરો--આ છોકરો પોતાને ઘેરથી જતો રહ્યો ત્યાર પછી તેણે કેવી જીંદગી ગાળી તે વિષે, તેના મિત્રો વિષે, તેણે જે જે ચીજો ખરીદી, જે જે જોયું અને જે જે કર્યું તે વિષે છોકરાંને કહો. ત્યાં આગળ તે કશું કામ કરતો નહોતો. તેના પૈસા પણ ધીમે ધીમે વપરાઈ ગયા. તે એમ ધારતો હતો કે મારી પાસે પૈસા નહિ હોય ત્યારે મારા મિત્રો મને મદદ કરશે, મેં તેમને ઘણી મદદ કરી છે. પણ આવી આશા રાખવી એ નકામું હતું કારણ કે તેના બધા મિત્રો બહુ દુષ્ટ હતા. હવે તેની પાસે બિલકુલ પૈસા નહોતા પણ તેના મિત્રોએ તેને કંઈ મદદ કરી નહિ. હવે તેઓ તેને પોતાનો મિત્ર ગણતા નહોતા. હવે તે છોકરો શું કરશે વારૂ? (છોકરાં જવાબ આપે). કોઈને તાબે રહેવાનું તેને ગમતું નહોતું અને ઘેર જતાં તેને શરમ લાગતી હતી. તેણે ઘણે

ઠેકાણે કામ શોધ્યું પણ કોઇએ તેને કંઈ કામ આપ્યું નહિ. તેની પાસે ખાવાનું કંઈ ન હતું માટે તેને લુગડાં પણ વેચવાં પડયાં. તેની સ્થિતિ ધીમે ધીમે બહુજ ખરાબ થઈ ગઈ અને આખરે તેને બહુ હલકું કામ કરવું પડયું તે વિષે છોકરાંને કહો. જ્યારે તેને બીજું કશું ખાવાનું ન મળ્યું ત્યારે તેણે ભુંડોનો ખોરાક ખાધો. બાપ વધારે દુઃખી હશે કે દીકરો ?

છોકરો ઘેર પાછો આવે છે—હવે છોકરાને પોતાનું ઘર યાદ આવવા લાગ્યું. તે વિચાર કરવા લાગ્યો કે હું ઘેર કેવો સુખી હતો, મારો બાપ મારા પર કેટલી બધી પ્રીતિ રાખતો હતો. મારા કરતાં તો મારા બાપના નોકરો પણ વધારે સુખી છે. મેં મારૂં ઘર મૂકયું એ બહુ ખોટું કર્યું. મારા મિત્રોએ મને ઘેર જવા ન દીધો અને હવે હું શી રીતે જઈ શકું ! જ્યારે તે બહુજ ભુખ્યો થયો ત્યારે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે મારો બાપ મને પોતાના ઘરમાં એક નોકર તરીકે પણ દાખલ નહિ કરે શું ? તેણે જે ઠરાવ કર્યો તે વિષે છોકરાંને કહો, અને તે પાછો પોતાને ઘેર જવાને માટે તૈયાર થાય છે તેનો આબેહુબ ચિતાર આપો. જ્યારે તે પોતાના ગામની નજદીક આવ્યો હશે ત્યારે તેને કેવું લાગ્યું હશે ? એકાએક તેણે કોઈ માણસને પોતાની તરફ આવતો જોયો. તે કોણ હશે વારૂ ? બાપે તેને કેવી રીતે જોયો ? જે દિવસથી તે ગયો હતો તે દિવસથી બાપ રોજ રોજ તેની રાહ જોયા કરતો હતો. તે જાણતો હતો કે મારો દીકરો તેના બધા પૈસા વાપરી નાખશે અને પછી જ્યારે તેને માથે દુઃખ આવી પડશે ત્યારે પાછો આવશે. આવી આશાથી તે રોજ તેની રાહ જોયા કરતો હતો. તે પોતાના દીકરા પર જરા પણ ગુસ્સે થયો નહિ. તે દોડીને તેને ભેટયો. મળતી વખતે દરેકે એક બીજાને શું કહ્યું તે છોકરાંને કહો. છોકરો ઘેર પાછો આવ્યો, તેને માટે ઘેર મિજબાની કરવામાં આવી, વગેરે બીનાનું ચિત્રરૂપે વર્ણન કરો. આ વાત ઇસુએ પોતે કહી હતી. પરમેશ્વર આ છોકરાના બાપના જેવો છે અને તેના જેટલોજ પ્રેમ તે આપણા પર રાખે છે. (આપણે તે છોકરાના જેવા છીએ એ વાત છોકરાંને સમજાવવાની હાલ જરૂર નથી) દેવ આપણા પર કેટલી બધી પ્રીતિ રાખે છે તેજ હાલ છોકરાંને સમજાવવું.

વાર્તા પૂરી કર્યા પછી સોનેરી વાક્ય છોકરાંની પાસે મોઢે કરાવવું, અને તેમને કહેવું કે ઘેર જઇને આ વાર્તા તમારાં માબાપને કહેજો.

સોનેરી વાક્ય.

જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિજ મૂકીશ. યોહા. ૬ ; ૩૭.

પાઠ ૩૧ મો.

ઈશ્વરે પોતાના દીકરાને દાન તરીકે આપ્યો.

માત્થી ૨ ; ૧-૧૧. લુક ૨ ; ૧-૨૦.

સાતમો, આઠમો, નવમો, અને દશમો પાઠ ફરીથી વાંચી જાઓ. દશમા પાઠમાં જે વાર્તાનું વર્ણન કરેલું છે તેજ વાર્તા આજે હું તમને ફરી કહેવાનો છું. આ વાર્તા છોકરાંને બહુ રસીક લાગે એવી રીતે તેનું વર્ણન કરો.

સોનેરી વાક્ય.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે, તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. યોહાન ૩ ; ૧૬.

પાઠ ૩૨ મો.

ઈસુનું એક રૂડું કામ.

માર્ક ૧ ; ૨૯-૩૪.

શિક્ષકને માટે.

ગાલીલ સમુદ્રને કિનારે વાયવ્ય ખુણામાં કાપરનાહુમ શહેર છે તે નકશામાંથી શોધી કાઢો. ગાલીલમાં તે સૌથી મોટું શહેર હતું. પીતર, તેની સ્ત્રી, તેના કુટુંબનાં માણસો અને તેની સાસુ આ ગામમાં રહેતાં હતાં. ઈસુ પણ ત્યાં રહેતો હતો, યોહાન ૨ ; ૧૨. તે દિવસે ઈસુએ જે જે કામ કર્યું તે બરાબર સમજવાને માટે શિક્ષકે શાસ્ત્રપાઠ ૨૧મી કલમથી વાંચવો, અને વળી લુકની સુવાર્તા ૪ થો અધ્યાય ૩૮-૪૧ સુધીની કલમો પણ વાંચવી. માર્કે આ બીનાનું બહુ લંબાણથી વર્ણન કરેલું છે કારણ

કે પીતરે જેમ લખાવ્યું તેમ તેણે લખ્યું. તે દિવસના બનાવોની અસર પીતર પર કેવી થઈ તે પણ આ વર્ણન પરથી માલુમ પડી શકે છે. આજના પાઠમાં ઈસુ વિષે એક સુંદર વાર્તા છે. ભારે તાવ—પાલેસ્ટાઈનમાં આ તાવ બહુ સાધારણ હતો, લુક ૪; ૩૮. આ તાવ માણસો પર એકાએક હુમલો કરતો હતો. સેવા કીધી—જે ભોજન તેઓએ તે દિવસે ખાધું તે બહુ આનંદકારક હશે કારણ કે ઈસુ તેમાં મુખ્ય પરોણો હતો, અને સાજી થએલી સ્ત્રી ખાવાનું પીરસતી હતી. આ ખાણું સાબ્બાથવારે બપોરે ખાવામાં આવ્યું. યહુદીઓમાં એવો રિવાજ હતો કે આ દિવસે સગાંસંબંધીઓ એકઠાં થતાં હતાં અને આ ખાણામાં ભાગ લેતાં હતાં. સાંજે—સૂર્ય આથમ્યા પછી. યહુદી લોકો સૂર્ય આથમતા પહેલાં કંઈ કામ કરતા નહિ. માંદાંને પણ તેઓ ઉંચકતા નહોતા. આખું શહેર—૨૮મી કલમ પરથી જણાય છે કે આ ચમત્કાર સભાસ્થાનમાં કરવામાં આવ્યો અને તે વિષેની ખબર ઘેરઘેર ફેલાઈ ગઈ. બધાં માંદાં માણસો—ત્યાં આગળ કેટલું મોટું ટોળું એકઠું થયું હશે! આખા શહેરમાંથી બધા લોકો પોતાનાં માંદાં સગાંવહાલાંને અને માંદા મિત્રોને લઈને ત્યાં આવ્યા. તે જગ્યા તો એક મોટા દવાખાના જેવી થઈ રહી હશે. માંદાં માણસોની વચ્ચે થઈને ઈસુ પસાર થયો અને બધાંને સાજાં કર્યાં. આ પ્રમાણે ઈસુનું સાબ્બાથવારનું કામ પૂરૂં થયું.

વાર્તાનો હેતુ.

ઈસુ કેવો દયાળુ છે તે બતાવવું.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—ગયે અઠવાડિયે મેં તમને એક અજાયબ જેવા બાળક વિષે વાત કહી હતી. તે બાળક કોણ હતું? આ બાળકના મોટપણ વિષે હું તમને એક વાત કહીશ.

વાર્તા.

માંદી સ્ત્રી—તે દિવસે રવિવાર હતો. સવારમાં ઈસુ તથા તેના મિત્રો કાપરનાહુમના દેવળમાં ગયા. ઈસુએ દેવળમાં એક

માંદા માણસને સાજો કર્યો. દેવળમાં ભક્તિસભાનું કામ પૂરું થયા પછી ઇસુ પોતાના મિત્ર પીતરની સાથે ઘેર ગયો. ત્યાં જરા આરામ લેવાનો તેનો વિચાર હતો. સમુદ્રના કિનારા પરના માછીના ઘરનું વર્ણન કરો. બજારના રસ્તા પર ધુળ ઘણી હતી અને તે પર ચાલી ચાલીને તેઓ થાકી ગયા હતા. તેમને શરીરે પરસેવો પણ ઘણો થયો હતો. રસોઈ તૈયાર હશે એમ ધારીને તેઓ ઘેર ગયા. જ્યારે તેઓ ઘેર આવ્યા ત્યારે રસોઈ તૈયાર ન હતી. પીતરની વહુએ આવીને તેમને કહ્યું કે, 'મારી મા માંદી છે તેને તાવ આવ્યો છે, તે બિચારી એકલી બધું કામ શી રીતે કરી શકે?' તેમની સાથે તેમના કેટલાક મિત્રો પણ આવ્યા હતા અને તે બધાને માટે રસોઈ તૈયાર કરવાની જરૂર હતી. વળી આ માંદી સ્ત્રીની સંભાળ લેવાની વિશેષ જરૂર હતી. તેઓ તેને માટે શું કરતા હશે? ઇસુએ તે માંદી સ્ત્રીની ખબર પૂછી. પછી તેઓ તેને ઇસુની કોટડીમાં લઈ ગયા તે વિષે છોકરાંને કહો. તે બહુ માંદી હતી અને ખાટલા પર પડેલી હતી તેનો આબેહુબ ચિતાર આપો. પછી ઇસુ તેના બીછાના પાસે ગયો અને દાકતરની પેઠે તેનો હાથ પકડ્યો અને તે એકદમ સાજી થઈ. કંઇ પણ દવા વગર તે એકદમ શી રીતે સાજી થઇ?

<u>ખાણું</u>—તે સાજી થઈ કે તરત રસોઈ કરવામાં મદદ કરવા લાગી. હું ધારૂં છું કે ઇસુનો ઉપકાર માનવાને તેણે આ પ્રમાણે કર્યું હશે. એવી કલ્પના કરો કે તે અને તેની દીકરી (પીતરની વહુ) ઘધારે ખોરાક રાંધવા લાગી. તેઓએ કેવી કેવી રસોઈ તૈયાર કરી તે છોકરાંને કહો. હું ધારૂં છુ કે ઇસુને, પીતરને અને બીજા માણસોને બહુ વાર રાહ જોવી પડી નહિ હોય. જે સ્ત્રી થોડા વખત પર માંદી હતી તેજ તેમને માટે રસોઇ લઈને આવી. ખાણાનું વર્ણન કરો. તે માણસોએ શું શું ખાધું, તેઓ કેવી રીતે જમવા બેઠા, રસોઈ કેવી રીતે પિરસવામાં આવી વગેરે બાબતો છોકરાંને કહો. પછી તાપ બહુ હતો તેથી તેઓએ જરા આરામ લીધો. જે સ્ત્રીને તાવ આવ્યો હતો તેને ઇસુની વાતો સાંભળવાનું ગમતું હશે કે?

<u>મોહોલ્લાના માણસો</u>—સુરજ આથમવાનો વખત થયો ત્યારે કેટલાએક લોકો ઘરના બારણા આગળ આવ્યા અને પૂછવા લાગ્યા કે

ઇસુ અહિં છે? તેણે મંદિરમાં એક માંદા માણસને સાજો કર્યો તે વિષે અમે સાંભળ્યું છે અને અમે તેને મળવા માગીએ છીએ. બીજા માણસોની સાથે બેસીને તેઓ પણ વાતો કરવા લાગ્યા. પછી એક બીજો માણસ પોતાનું માંદું બાળક લઇને આવ્યો. તે બારણા પાસે આવ્યો નહિ પણ દૂર ઊભો રહ્યો. બીજા ઘણા માણસો ઇસુની પાસે આવે છે એવો ચિતાર આપો. તેઓ કેવા હશે તે પણ તેમને કહો. કદાચ તેમાંનો કોઇ લંગડો હશે, કોઇ સ્ત્રીને તાવ આવ્યો હશે, કોઇ ગાંડો હશે. તમે જાણતા હશો કે ગાંડાં માણસો પોતાને અને બીજાને નુકસાન ન કરે માટે તેમને બાંધી રાખવાની જરૂર પડે છે. ઘણાં માબાપો પોતાનાં માંદાં છોકરાંને લઇને આવતાં હતાં. તેમાંનાં કેટલાંક છોકરાંને જુદી જુદી જાતની બીમારી હતી. કેટલાક માંદા માણસોને ખાટલા પર સુવાડીને લોકો ઇસુની પાસે લાવતા હતા. આ પ્રમાણે માણસો ઇસુની પાસે આવ્યાજ કરતા હતા. આખરે ત્યાં જરા પણ જગા ન રહી. ત્યાં બીલકુલ જગ્યા ન હતી તોપણ લોકો પોતાનાં માંદાંને લઇને ઇસુની પાસે આવતા હતા. જે માંદા માણસને ઇસુએ મંદિરમાં સાજો કર્યો હતો તે વિષે આ બધાં માણસોએ સાંભળ્યું હતું, અને તેથી તેઓ ઇસુની પાસે આવતાં હતાં. દરેક માંદો માણસ એવો વિચાર કરતો હતો કે ઇસુ મને પણ સાજો કરશે. જ્યારે ઇસુએ આટલાં બધાં માણસોને જોયાં ત્યારે તેણે શું કર્યું? કોઇએ આવીને ઇસુને કહ્યું કે રસ્તા પર પુષ્કળ માણસો છે અને તેઓ તને મળવા માગે છે. જ્યારે ઇસુ ઘરમાંથી બહાર આવ્યો ત્યારે આજુબાજુનો બધો દેખાવ કેવો લાગતો હશે! છોકરાંને પુછો કે તમે કદી દવાખાનામાં ગયાં છો? જો તેઓએ દવાખાનું જોયું હોય તો તેનું વર્ણન તેમની પાસે કરાવો. શિક્ષકે પોતે દવાખાનામાં જે જોયું હોય તેનું વર્ણન છોકરાંની આગળ કરવું. તે દિવસે સાંજે ઇસુ ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે આખો રસ્તો દવાખાના જેવો થઈ રહ્યો હતો. દરેક ઠેકાણે માંદાં માણસો હતાં. દરેક માણસને કેવો રોગ થયો હશે તેનું વર્ણન કરો. પછી ઇસુ તે માંદાં માણસોના ટોળામાં ગયો અને દરેક માંદા માણસની સાથે વાત કરવા લાગ્યો એવો આબેહુબ ચિતાર આપો. ઇસુ દરેક માંદા માણસ પાસે

આવતો અને તેને પૂછતો કે તને શું થયું છે અને પછી તેને સાજો કરતો. આ કામ કરતાં ઈસુને ઘણો વખત લાગ્યો હશે. જ્યારે ઈસુ કામ પૂરૂં કરી રહ્યો ત્યારે અંધારૂં થયું હશે. દરેક માંદા માણસને ઈસુએ સાજો કર્યો અને બધાં ખુશી થતાં થતાં પોતાને ઘેર ગયાં. ઈસુને થાક નહિ લાગ્યો હોય? ઈસુને બહુ આનંદ થતો હતો કારણ કે તેણે ઘણાં માંદાં માણસોને મદદ કરી હતી.

પાઠ પૂરો થયા પછી શિખવવાની બાબતો—ગામનાં કોઈ માંદાં માણસો વિષે છોકરાં કંઇ જાણતાં હોય તો તે વિષે વાત કરો. જો ઈસુ હાલ અહિં હોય તો તે શું કરે, એમ છોકરાંને પૂછો. માંદા માણસોના મિત્રો શું કરે? જો કે આપણે ઈસુને જોઈ શકતા નથી પણ તે આપણને જોઇ શકે છે, અને જો આપણે પ્રાર્થનામાં માંદા માણસો વિષે તેને વિનંતી કરીએ તો તે આપણી વિનંતી જરૂર સાંભળશે. જેવી રીતે માંદા માણસોને તે દિવસે ઈસુએ સાજા કર્યા તેવીજ રીતે કદાચ હાલ તે તેમને સાજા નહિ કરે, પણ જો આપણે તેમને માટે પ્રાર્થના કરીએ તો કોઇ પણ જાતની મદદ તો તે જરૂર આપશે. કદાચ કોઈ સારો દાકતર તેમને માટે મોકલી આપશે અથવા તો તેમને એવા દવાખાનામાં જવાની પ્રેરણા કરશે કે જ્યાં તેઓ જલદી સાજા થાય. જે માંદાં માણસોનાં નામ છોકરાંએ આપ્યાં તેમને માટે પ્રાર્થના કરીને પાઠ સમાપ્ત કરવો.

સોનેરી વાક્ય.

તે...... ભલું કરતો ફર્યો. પ્રે. કૃ. ૧૦; ૩૮.

પાઠ ૩૩ મો.

ઈસુ એક કોઢીઆને મદદ કરે છે.

માર્ક ૧; ૩૮–૪૫.

શિક્ષકને માટે.

લુક ૫; ૧૨–૧૫ માં જે હકીકત આપેલી છે તે શિક્ષકે વાંચવી. ગાલીલ પ્રાંતમાં ઈસુ સુવાર્તા પ્રગટ કરવાને માટે પહેલી વખત મુસાફરી કરતો હતો તે દરમ્યાન જે જાણવા લાયક બનાવો બન્યા તેમાંનો આ એક બનાવ છે. આ બનાવ કયે ઠેકાણે બન્યો તે આપણે જાણતા નથી.

કોઢીઓ માણસ—લુક ૫ ; ૧૨. આ માણસનો રોગ ઘણો વધી ગયો હતો અને તેની સ્થિતિ એટલી બધી ખરાબ હતી કે તેને જોઇને એકદમ કંટાળો આવે. કોઢીઆ માટે યહુદી લોકોમાં ઘણા સખત નિયમો હતા. તેઓને શહેર બહાર ઘણે દૂર રહેવું પડતું હતું. યહુદી લોકો જે ઠેકાણે રહેતા હતા ત્યાંથી તેઓ બહુ દૂર રહેતા હતા. કોઢીઆને યહુદીથી ૭ ફૂટ દૂર રહેવું પડતું હતું. મરેલા માણસની પેઠે તેઓને પોતાના મોઢાનો નીચલો ભાગ ઢાંકવો પડતો, વાળ છૂટા રાખવા પડતા, ફાટેલાં લુગડાં પહેરવાં પડતાં, અને રસ્તા પર ચાલતી વખતે અશુદ્ધ, અશુદ્ધ, એવી બૂમ પાડવી પડતી, લેવી. ૧૩ ; ૪૫, ૪૬. તે ઇસુની પાસે આવ્યો—ઇસુ અને રાબી વચ્ચે શો તફાવત છે તે તે સારી રીતે જાણતો હતો. રાબીઓને જોઇને તે દૂર નાસી જતો, પણ ઇસુને જોઇને તે તેની પાસે આવ્યો અને તેને પગે પડયો. તું કરી શકે છે—આ શબ્દોમાં અજાયબ જેવો વિશ્વાસ માલમ પડે છે. તેને અડકયો—આ શબ્દોમાં અજાયબ જેવો પ્રેમ માલમ પડે છે. તું જઇને યાજકને દેખાડ—તે વખતમાં એવો કાયદો હતો કે જ્યારે યાજક કોઈ માણસને શુદ્ધ ઠરાવે ત્યારેજ તે પોતાના કુટુંબમાં દાખલ થઈ શકે. વળી શુદ્ધ કરાએલા માણસે યાજકની પાસે અર્પણ લાવવું જોઇએ, લેવી. ૧૪ : ૧-૩૨. કેટલાએક માણસો તે વખતે ઇસુને રાજા બનાવવાની હીલચાલ કરતા હતા, તે અટકાવવાને ઇસુએ તેને કહ્યું કે તું જઇને આ વાત કોઇને કહીશ નહિ. આ માણસે ઇસુનો હુકમ માન્યો નહિ તેથી ઇસુ કેટલાક વખત સુધી શહેરમાં દાખલ થઇ શકયો નહિ, કારણ કે લોકો તેને રાજા બનાવવા માટે બહુ આતુર હતા.

વાર્તાનો હેતુ.

દુઃખી માણસો પર પ્રભુ દયા રાખે છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—તમે કોઢીઆને જુઓ છો ત્યારે શું કરો છો ? તમે તેને અડકો છો ? તમે કોઢીઆને કેમ અડકતા નથી ? આ રોગ ચેપી છે અને ઘણું કરીને મટી શકતો નથી એવું છોકરાંને કહો. કેટલાક માંદા

માણસોને ઇસુએ સાજા કીધા એ વિષે તમે ગયા અઠવાડિયામાં શીખ્યાં હતાં. તેમાં કોઇ કોઢીઓ હશે કે ? છોકરાંને કહો કે એવો કાયદો હતો કે કોઢીઆ શહેરમાં અને લોકોની પાસે આવી શકેજ નહિ. તેમને એવી ધાસ્તી લાગતી હતી કે જો કોઢીઆ શહેરમાં આવે તો બીજા લોકોને પણ તે રોગ થાય, તેથી તે દિવસે તે ટોળામાં કોઇ કોઢીઓ નહિ હોય.

કોઢીઓ—તે ગામથી થોડેક દૂર એક કોઢીઓ રહેતો હતો, તે ઘણો માંદો હતો. તમારા ઘરની પાસે જો કોઈ કોઢીઓ રહેતો હોય તો આ કોઢીઆની સાથે તેની સરખામણી કરો. જો ન રહેતો હોય તો કોઢીઓ કેવો દેખાતો હશે તે વિષે છોકરાં આગળ થોડું વર્ણન કરો. તે કોઢીઓ બહુ માંદો હતો અને તે કંઇ કામ કરી શકતો ન હતો. મુશ્કેલીથી જરા ચાલી શકતો હતો અને ભીખ માગી શકતો હતો. એક દિવસે તેણે ઇસુ વિષે સાંભળ્યું. ગયે અઠવાડિયે તમે જે વાત સાંભળી હતી તેજ કદાચ તેને કોઈએ કહી હશે. તે વાત તમને યાદ છે કે ? ઇસુએ ઘણા માંદા માણસોને કેવી રીતે સાજા કીધા તે વિષે છોકરાંને કહો. ધારો કે આ વાત તેના સાંભળવામાં આવી હોત તો તે શું કહેત ? તેના મનમાં એવો વિચાર આવતો હશે કે ઇસુ મને સાજો ન કરી શકે ? કોઢ એ સૌથી ખરાબ રોગ છે અને તે મટાડવો એ ઘણું મુશ્કેલ કામ છે, તોપણ કદાચ ઇસુ મને સાજો કરી શકે. એવી કલ્પના કરો કે તે માણસની આશા ધીમે ધીમે વધવા લાગી, અને બીજાં ગામોમાં ઇસુએ જે અજાયબ જેવાં કામો કર્યાં હતાં તે વિષે તેના સાંભળવામાં આવ્યું. તેના મનમાં કદાચ એવી આશા ઉત્પન્ન થઈ હશે કે જે ઠેકાણે હું રહું છું ત્યાં ઇસુ આવશે. ઇસુ કયાં રહે છે તે વિષે તે તપાસ કરતો હશે. કદાચ બીજા લોકો તેને એમ પૂછતા હશે કે ઇસુ ક્યાં રહે છે એ જાણીને તારે શું કામ છે ? તેના મનમાં જે મોટી આશા હતી તે તેણે તેમને જણાવી હશે કે ? ધારો કે તેણે પોતાનો વિચાર તેમને જણાવ્યો. તેઓએ તેને શું કહ્યું હશે ? ઇસુ કોઢીઆને અડકે છે,—એક દિવસ ઇસુ તે કોઢીઆના ઘરની પાસે આવ્યો અને કોઇએ તેને ખબર આપી કે ઇસુ આવ્યો છે. આ સાંભળીને કોઢીઆના મનમાં

કેવી લાગણી થઈ હશે અને ઇસુને મળવાને માટે તે કેવી આતુરતાથી તેની પાસે ગયો હશે એ વિષે જરા કલ્પના કરો. કાયદામાં એમ લખ્યું હતું કે કોઢીઆએ કોઈની પાસે જવું નહિ, ત્યારે તે કોઢીઓ કેવી રીતે ઈસુની પાસે જઇ શકે ! હું ધારૂં છું કે આ વખતે તેણે કાયદાની બીલકુલ દરકાર નહિ કરી હોય. તેને ખાતરી હતી કે ઈસુ મને સાજો કરશે અને હું સાજો થઇ ગયો એટલે પછી હું કોઢીઓ શાનો ! તેથી ઇસુને મળવાને માટે તે બહાર આવ્યો. તેણે ઇસુને દૂરથી આવતો જોયો. કોઢીઓ આવીને ઈસુને પગે પડયો એવો ચિતાર આપો. તેણે ઇસુને શું કહ્યું હશે તે વિષે જરા કલ્પના કરો. ઇસુ તેને લીધે બહુ દિલગીર થયો. તેણે શું કર્યું હશે ? ઇસુએ જે કામ કર્યું તેનું અને તેના પરિણામનું વર્ણન કરો.

<u>સાજો થએલો માણસ</u>—ઈસુએ તેને કહ્યું કે, 'હવે કાયદા પ્રમાણે તું યાજકની પાસે જા એ માટે કે તે તને તપાસે. તું અર્પણ પણ લેતો જજે.' તે માણસ શહેરમાં જાય છે અને યાજકની શોધ કરે છે એવો ચિતાર આપો. કદાચ કોઈ તેને રસ્તામાં મળ્યું હશે અને તેને કહ્યું હશે 'તું અહીં કેમ આવ્યો ? શહેરમાં આવવાનો તને અધિકાર નથી.' તેણે શો જવાબ આપ્યો હશે ? જ્યારે તે ભીખ માગતો હતો ત્યારે જે જે માણસોએ તેને પૈસા આપ્યા હતા તેમાંના કોઇ કોઈ તેને રસ્તામાં મળ્યા હશે. જે જે માણસો તેને મળ્યા તેમને તેણે કહ્યું કે, 'મારો કોઢ મટી ગયો, હવે હું સાજો થયો છું, હવે હું તમારા જેવોજ છું.' આ સાંભળીને તેઓને કેટલી બધી નવાઈ લાગી હશે ! હું ધારૂં છું કે યાજક શું કહે છે તે સાંભળવાને અને તે કોઢીઓ બરાબર સાજો થયો છે કે નહિ તે જોવાને કેટલાએક માણસો તેની સાથે ગયા હશે. એવો ચિતાર આપો કે યાજક તેની પરીક્ષા કરે છે, તેને તપાસી તપાસીને જુએ છે, બીજા લોકો પણ જુએ છે અને તેના વિષે વાત કરે છે. તપાસ કર્યા પછી યાજકે એવું જાહેર કર્યું કે આ માણસનો રોગ તદન નાબુદ થયો છે. આ માણસ હવે આપણા જેવોજ છે.

<u>વાર્તા પૂરી કર્યા પછી શિખવવાની બાબતો</u>—ધારો કે ઇસુ હાલ અહીં હોય તો કોઢીઆઓની સાથે તે કેવી રીતે વર્તે ? જેવી દયા તેણે

પેલા કોઢીઆ ઉપર દેખાડી તેવીજ દયા તે હાલના કોઢીઆ ઉપર પણ દેખાડે. કોઢીઆઓને જોઇને આપણને બધાને બહુ દુઃખ લાગે છે. આપણે તેમને માટે દુઃખી થઇએ છીએ એવું બતાવવાને આપણે શું કરી શકીએ? જો કંઇ ઉઘરાણું એકઠું કર્યું હોય તો તે કોઢીઆના દવાખાનામાં મોકલી આપવું. આ પ્રમાણે કરવાથી જેમ ઇસુ બીજા માણસો પર દયા રાખતો હતો અને બીજાઓને માટે લાગણી ધરાવતો હતો, તેમ કરવાને નાનાં છોકરાંને ઉત્તેજન મળશે.

સોનેરી વાક્ય.

તે.........ભલું કરતો ફર્યો. પ્રે. કૃ. ૧૦ ; ૩૮.

પાઠ ૩૪ મો.

ઈસુ એક માણસનાં પાપ માફ કરે છે.

લુક ૫ ; ૧૮-૨૬.

શિક્ષકને માટે.

આ ચમત્કારનું વર્ણન ત્રણ ઠેકાણે આપેલું છે. દરેક ઠેકાણે તે વિષે કંઈ નવું જાણવાનું મળે છે માટે શિક્ષકે તે ધ્યાનપૂર્વક વાંચવું, માત્થી ૯ ; ૧-૮ અને માર્ક ૨ ; ૧-૧૨ વાંચો. આ ચમત્કાર કાપરનાહુમમાં કરવામાં આવ્યો હતો, માર્ક ૨ ; ૧. નકશામાંથી કાપરનાહુમ શોધી કાઢો. ઘણું કરીને આ ચમત્કાર પીતરના ઘરમાં કરવામાં આવ્યો હશે કારણકે આ વખતે ઇસુ ત્યાં હતો. ઇસુ મુસાફરીમાંથી પાછો ફર્યો કે તરત આ બનાવ બન્યો, માર્ક ૧ ; ૩૯. ઇસુએ કોઢીઆને સાજો કર્યો હતો તે વાત બધે ફેલાઇ ગઈ હતી, માર્ક ૧ ; ૪૫, અને તેથી ઈસુ જ્યારે કાપરનાહુમમાં આવ્યો ત્યારે ઘણા લોકો તેને મળવાને માટે આવ્યા. તેઓમાં ગાલીલના દરેક શહેરના ફરોશીઓ અને ઘણા વિદ્વાનો પણ હતા, લુક ૫ ; ૧૭. ઇસુ ઘણું કરીને ઘરના આંગણામાં બેઠો હશે. રસ્તા ઉપર પુષ્કળ માણસો હતાં, કારણકે બધા લોકો તેને જોવાને માટે અને તેનું સાંભળવાને માટે આતુર હતા. પાલેસ્ટાઇનમાં ઘરની બહારની બાજુએ સીડી રાખવામાં આવે છે. આવી સીડી પર થઇને લોકો પેલા માંદા માણસને છાપરા પર લઈ ગયા હશે. નળીયાં—સૂર્યની

ગરમી ઘરમાં ન આવે માટે ઘણું કરીને કંતાનના કપડાની છત કરેલી હશે અથવા તો ઘાસ પાથરેલું હશે. પક્ષાઘાત—આ રોગમાં માણસ તદન અશક્ત થઈ જાય છે, અને તે રોગ મટી શકતો નથી. તેનું બિછાનું —નાનો ખાટલો. તેઓનો વિશ્વાસ—ઇસુની સાજા કરવાની શક્તિ પર વિશ્વાસ. ધીરજ રાખ—માત્થી ૯; ૨. આનંદ કર—ઇસુ માણસોને આનંદી કરે છે. ઇસુમાં બચાવવાની શક્તિ છે એવી સાબિતી આપણને આ ચમત્કાર પરથી મળે છે, કલમ ૨૪. ઈશ્વરનો મહિમા—તે મોટે અવાજે ઇસુની સ્તુતિ કરતો હતો. આજુબાજુના માણસો પણ સ્તુતિ કરવા લાગ્યા.

વાર્તાનો હેતુ.

એકલો ઇસુજ આપણાં પાપ માફ કરી શકે છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—એક દિવસે ઇસુ મંદિરમાંથી ઘેર આવ્યો ત્યારે એક માંદી સ્ત્રી તેણે જોઈ તે તમને યાદ છે? તેણે તેને શું કર્યું? પછી તે સ્ત્રીએ શું કર્યું? હવે તેજ ઘરમાં એક બીજો બનાવ બન્યો તે વિષે હું તમને એક વાર્તા કહીશ.

વાર્તા.

માણસોથી ભરાઇ ગએલું ઘર—એક દિવસે ઘણું સખત કામ કરીને થાકેલો હોવાથી ઇસુ ઘરમાં આરામ લેતો હતો. તેના મિત્રો પણ ત્યાં હતા અને ઇસુ તેમની સાથે વાતો કરતો હતો. એવો ચિતાર આપો કે ઇસુ આંગણામાં બેઠો છે, ત્રણ બાજુએ કોટડીઓ છે, અને ચોથી બાજુએ ઘરની દીવાલ છે અને તે દીવાલમાં એક દરવાજો છે અને તેમાં થઈને રસ્તા પર જવાય છે. તે દિવસે તાપ બહુ હતો અને આંગણામાં તડકો ન આવે એટલા માટે તેમણે એક મોટી સાદડી ત્યાં ટાંગી હતી. તેના મિત્રો સિવાય બીજા કેટલાક લોકો ત્યાં હતા. જે અજાયબ જેવાં કામો ઇસુ કરતો હતો તે વિષે ઘણા લોકોએ સાંભળ્યું હતું અને તેથી તેઓ ઇસુને મળવા માગતા હતા. આખું આંગણું ભરાઇ ગયું ત્યાં સુધી તેઓ ધક્કા મારી મારીને કેવા આગળ આવતા હતા તે વિષે કલ્પના કરો. કેટલાક લોકો

દિવાલ પર ચઢીને બેઠા હશે, કોઈ અગાસીમાં બેઠા હશે, અને કોઇ છાપરા પર બેઠા હશે. બારણાની આજુબાજુ લોકોનું એક મોટું ટોળું હતું અને તે બધા લોકો ઇસુને જોવાને અને તેની પાસે આવવાને એક બીજાને ધક્કા મારતા હતા અને આગળ ધસતા હતા, આ બીનાનું મનોરંજક વર્ણન કરો.

ભાંગેલું છાપરૂં—થોડી વારમાં છાપરા પરથી કંઇક અવાજ સંભળાવા લાગ્યો. ઘરનું છાપરૂં તુટવા લાગ્યું. આ શું હશે વારૂ? આંગણામાં બેઠેલા માણસો તે વિષે કંઇ જાણતા નહોતા, પણ જે લોકો કોટ પર અને છાપરા પર બેઠા હતા તે જાણતા હતા. ચાર માણસો એક માંદા માણસને ઉંચકીને જતા હતા તે તેઓએ જોયું હતું. તે માંદા માણસના ચાર મિત્રોએ તેને બારણા આગળ લાવવાને ઘણો પ્રયત્ન કર્યો પણ તેમનું કંઈ વળ્યું નહિ. પછી તેઓએ માંદા માણસનો ખાટલો રસ્તા પર મૂકયો અને છાપરા પર ચઢીને તેને કેવી રીતે તોડયું તે બધું છોકરાંને કહો. શા માટે તેઓ એ પ્રમાણે કરતા હશે?

પક્ષાઘાતીનાં પાપ માફ કરવામાં આવ્યાં—તેઓ માંદા માણસને આંગણામાં લાવે છે અને ખાટલાને દોરડા વતી બાંધીને છાપરા પર ખેંચી લે છે તેનો આબેહુબ ચિતાર આપો. છોકરાંને પૂછો કે તે માણસને બીક લાગતી હશે કે? તે માણસ તદ્દન અશકત હતો. તે પોતે પોતાના બચાવને માટે કંઈ પણ કરી શકતો ન હતો, પણ તેના મિત્રો તેને માટે બહુ કાળજી રાખતા હતા; અને બહુ સંભાળથી તેઓએ તેને છાપરા પર ઉંચકી લીધો. એવી કલ્પના કરો કે તેઓએ તેને નીચે ઉતાર્યો. આંગણામાં ઘણા માણસો હતા ત્યારે તેઓએ ખાટલાને માટે શી રીતે જગ્યા કરી હશે? જેમ જેમ ખાટલો નીચે ઉતરતો ગયો તેમ તેમ આજુબાજુના માણસો ખસતા ગયા એવો ચિતાર આપો. આખરે તે માણસે પોતાની આંખ ઉંચી કરી તો ઇસુને પોતાની પાસે દીઠો. તેણે શું કહ્યું હશે? ઇસુએ એકદમ તેને સાજો કીધો નહિ પણ પહેલાં તેને કહ્યું કે 'તારાં પાપ તને માફ થયાં છે.' આજુબાજુના માણસો તો ફક્ત એટલુંજ જાણતા હતા કે આ માણસ માંદો છે પણ ઇસુએ તે સિવાય એ પણ જાણ્યું કે આ માણસે ઘણાં ભુંડાં કામો કર્યાં છે અને તેને લીધે

તેને પસ્તાવો થાય છે તેથી પહેલાં તેણે તેનાં પાપ માફ કર્યાં. ઈસુના નામ વિષે તમે એક વાકય શીખ્યાં હતાં તે વાકય કોને યાદ છે? બધાં છોકરાં તે વાકય સાથે બોલે. આજને માટે પણ તેજ સોનેરી વાકય છે.

માંદા માણુસને ઈસુએ સાજો કર્યો—જ્યારે ઈસુ તે માંદા માણુસની સાથે તેનાં પાપ વિષે વાત કરતો હતો ત્યારે બીજા માણુસો શો વિચાર કરતા હશે? માંદા માણુસના મિત્રો તેને ઈસુની પાસે એ માટે લાવ્યા હતા કે ઈસુ તેને સાજો કરે. કોઈના મનમાં કદાચ એવો વિચાર આવ્યો હશે કે ઈસુ તેને સાજો કરશે કે નહિ? બીજા માણુસોએ કહ્યું કે, 'ફક્ત દેવ પાપ માફ કરી શકે છે. આ માણુસ કોણ છે કે તે આવી રીતે બોલે છે?' તેઓને આ વાતને લીધે ઘણો ગુસ્સો ચઢયો. જ્યારે ઈસુએ તેમની વાત સાંભળી ત્યારે તેણે તેમને કહ્યું કે 'મારામાં કેવી શક્તિ છે તે હું તમને બતાવીશ.' પછી ઈસુ તે માંદા માણુસની તરફ ફર્યો અને તેને કહ્યું કે 'ઉઠ, તારો ખાટલો ઉંચકીને ચાલ.' તે માણુસ તરત ચાલવા લાગ્યો તેનું વર્ણન કરો. તે વખતે આ બધા માણુસોના મનમાં કેવા વિચાર આવ્યા હશે? ઘણા લાંબા વખતથી તે પોતાનો એક હાથ પણ હલાવી શકતો નહોતો, પણ હવે તેઓએ શું જોયું? માંદા માણુસને કેટલો બધો આનંદ થયો અને બીજા માણુસો પણ કેટલો બધો અચંબો પામ્યા તેનું ચિત્રરૂપે વર્ણન કરો. પોતાનું બિછાનું લઈને ઈશ્વરની સ્તુતિ કરતો કરતો તે ચાલ્યો ગયો, અને બીજા બધા લોકોએ પણ ઈશ્વરની સ્તુતિ કીધી તેનું વર્ણન કરો.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—પેલો માંદો માણુસ પાપ માફ થયાં તેથી વધારે ખુશી થયો હશે કે સાજો થયો તેથી? મને પૂરી ખાતરી છે કે તે માણુસને ઈસુનું નામ અને તેનો અર્થ તેની જીંદગી પર્યંત યાદ રહ્યાં હશે. આપણે સોનેરી વાકય ફરીથી બોલીશું કે? જ્યારે આપણે કંઈ ખરાબ કામ કર્યું હોય અને તેને લીધે આપણને ખેદ થતો હોય, ત્યારે આપણે પણ ઈસુની પાસે માફી માગવી જોઈએ.

સોનેરી વાક્ય.

તું તેનું નામ ઈસુ પાડશે; કેમકે તે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે. માત્થી ૧; ૨૧.

પાઠ ૩૫ મો.

ઈસુ પાપીઓને માટે પોતાનો જીવ આપે છે.

માત્થી ૨૬ ; ૩૬–૨૭ ; ૬૬.

શિક્ષકને માટે.

આ પાઠમાં જે હકીકત છોકરાંને શિખવવાની છે તે સિવાય તેની સાથે સંબંધ ધરાવતી બીજી ઘણી હકીકત છે. છોકરાંને તે બધી હકીકત કહી શકાય નહિ કારણ કે તેમ કરવાથી તેમને ગુંચવાડો થાય. શિક્ષકે આજની વાર્તાને માટે ખાસ બાબતો ચુંટી કાઢવી જોઇએ. આ ઉપરથી એમ નહિ સમજવું કે શિક્ષકને બધી બાબતોનો અભ્યાસ કરવાની જરૂર નથી. તેણે તો વાર્તા બરાબર કહી શકાય માટે બધા શાસ્ત્રપાઠ ધ્યાનપૂર્વક વાંચવો. યરૂશાલેમના નકશામાંથી શાસ્ત્રપાઠમાં જણાવેલી બધી જગ્યા શોધી કાઢો. ગેથસેમાની વાડી યરૂશાલેમની પૂર્વ દિશાએ કિદ્રોન નાળાને પેલે પાર ઓલીવ પર્વતની તળેટીમાં આવેલી છે. ત્યાં આગળ ઈસુને બંદિવાન કરવામાં આવ્યો હતો. ત્યાંથી પ્રભુ ઈસુને ડુંગર પરનું શહેર જે ઈશાન ખૂણામાં છે ત્યાં લઈ ગયા હતા, અને ત્યાંથી શહેરની અંદર મુખ્ય યાજકનો મહેલ જે નૈઋત્ય ખુણામાં હતો ત્યાં લઈ ગયા હતા.

આન્નાસ અને કાયાફાસની આગળ ઈસુની તપાસ રાતે કરવામાં આવી અને સવારે તેઓ ઈસુને પીલાતને ઘેર લઇ ગયા. ત્યાંથી ઈસુને હેરોદની પાસે લઇ ગયા, લુક ૨૩ ; ૭. હેરોદ પાસેજ રહેતો હતો. પછી ઈસુને ફરી પીલાતની પાસે લઇ ગયા અને તેણે તેને મોતની શિક્ષા કરી. ત્યાંથી તેને ફરી શહેરમાં લઇ ગયા અને દમાસ્કસને દરવાજે થઈને કાલવરી કે ગલગથાની ટેકરી જે યરૂશાલેમની ઉત્તરે છે ત્યાં ઇસુને લઈ ગયા. પીતર વિષે અને તેણે ઇસુનો નકાર કર્યો તે વિષે વિચાર કરો. બારાબાસ જે રાજદ્રોહી લુટારો હતો તેને છોડી મૂકવામાં આવ્યો, લુક ૨૩ ; ૧૯. સીમોન કુરેની—આફ્રિકાના ઉત્તર ભાગનો વતની હતો. તેણે વધસ્તંભ ઉચકી લીધો હતો. બે ચોરને વધસ્તંભે જડયા હતા, લુક ૨૩ ; ૩૯-૪૩.

સુબેદાર—તેણે દેવના દીકરા ઈસુનો અંગીકાર કર્યો હતો. યુસફ—તે ઈસુનું શબ દાટયું હતું, લુક ૨૩; ૫૦, ૫૧. ઈસુ જ્યારે વધસ્તંભ પ હતો ત્યારે તેણે જે સાત વાત કહી તેની નોંધ કરો. મંદિરનો પડ ફાટી ગયો—આ ઉપરથી ઈશ્વરે એવું જાહેર કર્યું કે હવે ફક્ત યાજક નહિ, પરંતુ બધા દેવની હજુરમાં જઇ શકે છે, હેબ્રી. ૯; ૭. યોહા ૧૯; ૪૧ અને ૨૦; ૫માં કબરનું વર્ણન આપેલું છે તે વાંચો.

વાર્તાનો હેતુ.

ઈસુને જે દુઃખ થયું તેને માટે છોકરાંના મનમાં દિલસોજી ઉત્પ કરવી, અને તેમને સમજાવવું કે ઈસુ તમારે માટે મરણ પામ્યો.

છોકરાંને માટે.

ગયા અઠવાડિયાના પાઠમાં ઇસુના એક કામ સંબંધી તમે થો હકીકત શીખ્યાં હતાં. તે કામને લીધે કેટલાક લોકો બહુ ગુસ્સે થ હતા. તે કામ કયું? (છોકરાં જવાબ આપે). ઈસુએ બહુ સારાં કા કર્યાં એમ છતાં પણ ઘણા લોકો તેની સાથે ગુસ્સે થયા. જે માણસ ઈસુની સાથે ગુસ્સે થયા તેઓ બહુ દુષ્ટ હતા.

વાર્તા.

ઈસુને પકડયો—તેઓ એટલા બધા ગુસ્સે થયા હતા કે એક રા તેઓએ ઇસુને પકડવાનો ઠરાવ કર્યો. ઈસુ કયાં છે તે તેઓને બતાવ માટે એક માણસને તેઓએ પૈસા આપ્યા. મોટા શહેરની બહાર એ સુંદર વાડી હતી. ત્યાં ઈસુ વારંવાર પોતાના મિત્રોની સાથે જતો હતે પેલો માણસ તેમને તે વાડીમાં લઇ ગયો. તે રાત્રે ઇસુ ત્યાંજ હતે આ માણસો અંધારામાં ઈસુને શોધતા હતા તેનો ચિતાર આપો. ઈસુ શોધવા આવેલા માણસો તોફાની અને સ્વછંદી હતા. તેઓની પા મોટી મોટી લાકડીઓ હતી અને કદાચ ફાનસો પણ હશે. ઇસુ તેઓએ કેવી રીતે શોધી કાઢયો તેનું વર્ણન કરો. ઈસુએ તેઓને ક કે, 'તમે મને શહેરમાં કેમ ન પકડયો? મને પકડવાને માટે તમે મો મોટા સોટા લઇને કેમ આવ્યા છો?' તેઓએ તેને પકડયો તેનું આ ડુંગર પર તથા શહેરમાં થઇને તેને મુખ્ય યાજકના મહેલમાં લઇ ગયા તે વર્ણન કરો.

તપાસ—તેઓએ ઇસુને આખી રાત તે મહેલમાં રાખ્યો અને સવારમાં તેને સુબાની પાસે મોકલ્યો. ન્યાય કરવાના ઓરડામાં લોકોની ઠઠ મળી હતી, પીલાત મુખ્ય આસને બિરાજ્યો હતો, તેની આસપાસ ઘણા સિપાઇઓ દરવાજા પાસે ચોકી કરતા હતા, હજારો લોકો શું થાય છે તે જોવાને અંદર ધસતા હતા, ઇસુના દુશ્મનો તેના પર તોહેમત મૂકતા હતા, ત્યાં આગળ કેટલાક જૂઠા સાક્ષીઓ પણ હતા અને ટોળાની વચ્ચે ઇસુ હતો, આ સર્વ બીનાઓનો આબેહુબ ચિતાર આપો. ધારો કે, આપણે તે વખતે ઇસુને જોયો હોત તો તેનો દેખાવ કેવો લાગત ? ઇસુ બહુ થાકી ગયો હતો અને ઘણો દિલગીર હતો. તે આ બધા લોકોને ચહાતો હતો, અને તેમના પર માયા રાખતો હતો, અને તેમને મદદ કરવા હમેશાં તૈયાર હતો તોપણ આ બધા લોકો તેની સાથે ગુસ્સે થયા હતા. તેનું કારણ એટલુંજ કે ઇસુ સારો હતો અને તેઓ દુષ્ટ હતા. સુબાની આગળ તે બધાએ એવી બૂમ પાડી કે, 'તેને મારી નાખો, તેને વધસ્તંભે જડો.' સુબાએ લોકોને એવું દેખાડયું કે હું ઇસુનો બરાબર ન્યાય કરૂં છું, પણ ઇસુને ન્યાય નહિ આપતાં તેણે કેવળ લોકની મરજી પ્રમાણેજ કર્યું તે વિષે છોકરાંને કહો. તેણે લોકોને કહ્યું કે, 'આ માણસે કંઇ ખોટું કામ કર્યું નથી, હું તેને શી શિક્ષા કરૂં ?' આખરે તેણે ઇસુને તે લોકના હવાલામાં સોંપ્યો. તેઓએ ઇસુની મશ્કરી કરી અને તેને રાજાનો પોશાક પહેરાવવાનો ડોળ કર્યો તેનું ચિત્રરૂપે વર્ણન કરો. તેઓએ તેને શું પહેરાવ્યું તે વિષે છોકરાંને કહો.

ઇસુને વધસ્તંભે જડયો—આ બધાં ઘાતકી કામો કર્યાં પછી ઇસુને તેનાં પોતાનાં લુગડાં પહેરાવીને, તેઓ તેને કચેરીમાંથી શહેર બહાર લઇ ગયા. ત્યાં જંગલી લોકોનું એક મોટું ટોળું એકઠું થયું હતું અને સિપાઈઓ કેદીને શહેરના દરવાજા આગળ થઇને બહાર ટેકરી પર લઈ જતા હતા તેનો આબેહુબ ચિતાર આપો. ત્યાં તેઓ શું કરશે ? ટોળામાંનો એક માણસ ભારે વધસ્તંભ ઉંચકીને આગળ આગળ ચાલતો હતો અને જ્યારે તેઓ ટેકરીને મથાળે પહોંચ્યા ત્યારે તેઓએ વધસ્તંભ તેની ખાંધેથી ઉતારીને નીચે મૂકયો અને ઇસુને તે પર જડયો તેનું વર્ણન કરો. પછી સિપાઇઓ બીજા બે ચોરને લાવ્યા અને તેમને પણ ઇસુની

સાથે વધસ્તંભે જડયા. એકને તેઓએ ઇસુની જમણી બાજુએ ટાંગ્યો અને બીજાને ડાબી બાજુએ. તેઓ લુટારા હતા અને તેમણે ઘણાં ભૂંડાં કામો કર્યાં હતાં પણ ઇસુએ કંઇ ભૂંડું કામ કર્યું નહોતું. ઇસુ બહુ ભલો હતો તેથી તેઓ તેના પર દ્વેષ રાખતા હતા. આ પ્રમાણે કરવું એ કેવું ખરાબ કામ કહેવાય! ઇસુને કેટલું બધું દુઃખ થયું હશે તેનો વિચાર કરો. ઇસુ વધસ્તંભ પર હતો તે વખતે કેટલાક લોકોએ તેની મશ્કરી કરી તે વિષે છોકરાંને કહો. તે વખતે પણ ઇસુને તેમના પર જરાએ ગુસ્સો ન ચઢયો. તે તેમના પર બહુ પ્રીતિ રાખતો હતો અને મરતી વખતે પણ તેણે તેમને માટે પ્રાર્થના કરી કે, "ઓ બાપ, તેમને માફ કર; કારણ કે જે તેઓ કરે છે તે તેઓ જાણતા નથી." ઇસુ મરણ પામ્યો ત્યાં સુધી સૂર્યના તડકામાં વધસ્તંભ પર રહ્યો તે બાબત ધ્યાનમાં રાખો.

ઇસુનું દફન—જ્યારે ઇસુ મરી ગયો ત્યારે સિપાઇઓએ તેનું શબ તેના મિત્રોને લઇ જવા દીધું. તેઓએ ઇસુનું શબ લઇને બહુ સંભાળથી તેને લુગડામાં વિંટાળ્યું. ઇસુના એક મિત્રે પોતાની વાડીમાં પોતાને માટે જે કબર આગળથી તૈયાર કરી રાખી હતી તેમાં ઇસુને દાટવાની રજા આપી તે છોકરાંને કહો. લોકોનું એક નાનું ટોળું ઇસુના શબને લઇને રૂદન કરતું કરતું વાડીમાં જાય છે તેનો આબેહુબ ચિતાર આપો. પછી તેઓએ ઇસુના શબને કબરમાં મૂકયું. ઇસુએ આ બધું દુઃખ આપણે માટે સહન કર્યું. તે આપણે માટે મરણ પામ્યો એ સારૂ કે આપણને આપણાં પાપની માફી મળે.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—ઇસુના નામ વિષેનું સોનેરી વાકય તમને યાદ છે કે? તે વાકય તમે ફરીથી બોલી જાઓ. આજના સોનેરી વાકયમાં ઇસુએ આપણો બચાવ કર્યો તે વિષે લખેલું છે. છોકરાંએ આ વાકય મોઢે કરવું જોઇએ.

સોનેરી વાકય.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. યોહાન ૩; ૧૬.

પાઠ ૩૬ મો.

ઈસુ મરણમાંથી પાછો ઉઠયો.

માત્થી ૨૮; ૧-૧૦.

શિક્ષકોને માટે.

આ પાઠમાં પણ ગયા અઠવાડિયાના પાઠની પેઠે પુષ્કળ હકીકત છે. ઈસ્ટરની સવારે જે જે બનાવો બન્યા તે સારી રીતે સમજવાને માટે શાસ્ત્રપાઠ સિવાય બીજે જે જે ઠેકાણે આ પાઠને લગતી હકીકત આપેલી છે તે શિક્ષકે વાંચવી જોઇએ.

ચોકીદારો—માત્થી ૨૭; ૬૨-૬૬:૨૮; ૧૧-૧૫ સુધી વાંચો. ઈસુએ પોતાના મરણ સંબંધી જે કહ્યું હતું તે તેના મિત્રો ભૂલી ગયા હતા પણ તેના દુશ્મનોને તે યાદ હતું. સુગંધીદાર પદાર્થો—શરીરમાંથી દુર્ગંધ ન નીકળે એ માટે આ પદાર્થો શરીરે ચોપડવામાં આવતા હતા. યુસફે જે કર્યું હતું તે જોઇને નીકોદેમસને પણ હિમ્મત આવી અને તે વધારે સુગંધીદાર પદાર્થો લાવ્યો, યોહાન ૧૯; ૩૯. સુગંધીદાર પદાર્થો લગાડવાનું કામ સાબ્બાથવાર વીત્યા પછી પણ પૂરૂં થયું નહોતું, તેથી કેટલીક સ્ત્રીઓ વધારે સુગંધીદાર પદાર્થો લઈને સવારમાં વહેલી કબરે આવી, લુક ૨૪; ૧. તે દિવસે જે જે બનાવો બન્યા તે વિષે વિચાર કરો. પહેલો બનાવ—ધરતીકંપ થયો અને દૂતો દેખાયા, કલમ ૨-૭. બીજો બનાવ—અંધારૂં હતું તે વખતે કેટલીક સ્ત્રીઓ કબરે આવી, યોહા. ૨૦; ૧. કઇ કઇ સ્ત્રીઓ કબરે આવી હતી તે શોધી કાઢો, માર્ક ૧૬; ૧ અને લુક ૨૪; ૧૦. તેઓ ચોકીદારો વિષે કંઇ જાણતી નહોતી, માર્ક ૧૬; ૩. 'બીહો મા.' ચોકીદારો બીધા, કલમ ૪થી. દૂતનો સંદેશો અને સ્ત્રીઓનું આજ્ઞાંકિતપણું લક્ષમાં લો. ત્રીજો બનાવ—પીતર અને યોહાન કબરે આવ્યા, યોહાન ૨૦; ૩-૧૦. મરિયમ તેમની પાછળ ગઇ અને જ્યારે તેઓ ઘેર ગયા ત્યારે તે પાછળ રહી, યોહાન ૨૦; ૧૧-૧૩. ચોથો બનાવ—ઇસુ મરિયમને કબર આગળ દેખાયો, યોહાન ૨૦; ૧૪-૧૭. પાંચમો બનાવ—મરિયમ બીજી સ્ત્રીઓની સાથે રસ્તા

પર જતી હતી ત્યારે તે બધી સ્ત્રીઓને ઇસુ દેખાયો, કલમ ૯, ૧૦. તે વખતે તેણે શિષ્યોને જે કહ્યું તે ધ્યાનમાં લો. છઠ્ઠો બનાવ—ચોકીદારોએ તે વાત યાજકોને જણાવી. સાતમો બનાવ—ઇસુ પીતરને દેખાયો, લુક ૨૪; ૩૪. આઠમો બનાવ—બે માણસ એમ્મૌસ જતા હતા તેમને ઇસુ દેખાયો, લુક ૨૪; ૧૩–૩૩. નવમો બનાવ—દશ શિષ્યોને અને બીજા કેટલાક માણસોને ઇસુ યરૂશાલેમમાં દેખાયો, લુક ૨૪; ૩૬. આ પ્રમાણે પ્રભુ ઇસુ પાંચ જુદે જુદે પ્રસંગે જુદા જુદા માણસોને ઇસ્ટરને દિવસે દેખાયો, તેથી ઇસુ જીવતો છે એ વિષે તેઓના મનમાં જરા પણ શક રહ્યો નહિ. આજના પાઠની હકીકત માત્થીની સુવાર્તામાંથી લીધેલી છે. કેટલીક સ્ત્રીઓ સવારમાં કબરે આવી અને ઇસુ તેમને દેખાયો તે વિષે આજે છોકરાંની આગળ વાત કરીશું.

વાર્તાનો હેતુ.

ઇસુ જીવતો છે એમ છોકરાંને કહેવું અને જેમ શિષ્યોને તેથી આનંદ થયો તેમ છોકરાંને પણ આનંદ થવો જોઇએ.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—ગયા અઠવાડિયાના પાઠની હકીકત સાંભળીને તમને ઘણો ખેદ થયો હતો. તે પાઠની બીના તમને યાદ છે કે? આખા પાઠનું પુનરાવર્તન કરવાનો પ્રયત્ન કરશો નહિ, ફક્ત ઇસુ મરણ પામ્યો અને દટાયો એ બે બાબત છોકરાંની પાસેથી કઢાવો.

વાર્તા.

દુઃખી મિત્રો—ઇસુની મા કેટલી બધી દિલગીર થઇ હશે તેનો વિચાર કરો! તેના બીજા બધા મિત્રો પણ ઘણા દિલગીર થયા હશે. તે બધા ઇસુ પર બહુ પ્રેમ કરતા હતા. હવે તેમનો વહાલો મિત્ર ઇસુ મરણ પામ્યો હતો. લોકોએ તેને બહુ ઘાતકી રીતે મારી નાખ્યો હતો. હવે તેઓને ઇસુ વિના કેમ ગમે? તમારો સૌથી વ્હાલો મિત્ર કોણ છે? ધારો કે તમારો વ્હાલો મિત્ર મરણ પામે તો તમને દુઃખ લાગે કે? સાબ્બાથવારે ઇસુના બધા મિત્રો બહુ દિલગીર હતા. તેમનો વ્હાલો મિત્ર ઇસુ તેમને વારંવાર યાદ આવ્યા કરતો હતો. છોકરાંના મનમાં દુઃખની લાગણી ઉત્પન્ન થાય એવી રીતે આ વાર્તા તેમને કહો.

બીધેલી સ્ત્રીઓ—ઇસુનું શબ તેઓએ બહુ ઉતાવળથી દાટયું હતું અને તેથી દફનક્રિયા વખતે જે જે કરવું જોઇએ તે તેઓ કરી શકયા નહોતા. તેથી સાબ્બાથવાર વીત્યા બાદ બીજે દિવસે સવારે કેટલીક સ્ત્રીઓ પાછી કબરે ગઇ. દુઃખી સ્ત્રીઓનું એક નાનું ટોળું સુગંધીઓ લઇને સવારમાં કબરે જાય છે. દરવાજો ઉઘડયો નહોતો માટે ચોકીદારને તેઓએ કહ્યું કે અમને બહાર જવા દો. પછી મેદાન ઓળંગીને તેઓ વાડીમાં આવી. આ વખતે અજવાળું થવા આવ્યું હતું. આ બધી બીનાઓનો આબેહુબ ચિતાર આપો. તેઓ માહોમાંહે વાતો કરવા લાગી કે કબરના મ્હો પર મોટો પત્થર મૂકેલો છે તે આપણે શી રીતે ખસેડી શકીશું! પણ જ્યારે તેઓ કબર પાસે આવી ત્યારે પત્થર ખસેડેલો હતો અને તેના પર કોઇ બેઠું હતું. તે કોણ હશે? આ માણસને તેઓ ઓળખતી નહોતી માટે તેઓ બહુ બીધી. તે દૂત હતો. દૂતે તેમને જે કહ્યું તે છોકરાંને કહો. એવો ચિતાર આપો કે તે બધી સ્ત્રીઓ બીતી બીતી કબરની પાસે જાય છે. એવી કલ્પના કરો કે તેઓ કબરની પાસે જઇને તેમાં ડોકીયાં કરવા લાગી. દાટનારાઓએ ઇસુનું શબ કબરમાં મૂકયું હતું તે તેઓએ જોયું હતું. હમણાં કબરમાં કશું નહોતું. તેઓ મનમાં વિચાર કરવા લાગી આમ કેમ! દૂતે તેમને કહ્યું કે 'ઇસુ ઉઠયો છે, તમે શહેરમાં પાછાં જાઓ અને તેના મિત્રોને ખબર આપો.' દૂતની વાત તેમણે માની હશે કે? કબર ખાલી હતી એટલે એવું કંઇ બન્યું હશે એમ તેમને લાગ્યું. ઇસુ ફરીથી જીવતો શી રીતે થાય!

ઇસુ પાછો ઉઠયો—તેઓ ઇસુને માટે શું કરી શકે? દૂતે તેમને જે કહ્યું તે તેઓએ એકદમ કરવું જોઇએ. તેઓએ એકદમ તે વિષે બીજાઓને ખબર આપવી જોઇએ. એવો ચિતાર આપો કે તેઓ જલદી જલદી મેદાન તરફ પાછી જાય છે. તેઓએ જતી વખતે એક બીજાની સાથે શી વાતો કરી હશે? તેઓએ કદાચ વાત નહિ કરી હોય. તેઓ બહુજ ઝડપથી દોડતાં હશે. તમે શું ધારો છો? આવે વખતે તમે શું કરો? રસ્તામાં દોડતાં દોડતાં તેઓ એકાએક અટકયાં. કોઈ તેમને મળવા માટે આવતું હતું. તે છેક નજદીક આવ્યો અને તેમને કહ્યું કે 'તમને કુશળતા!' તેઓએ ઇસુને એકદમ ઓળખ્યો. હવે

તેઓને ખાતરી થઈ કે ઈસુ પાછો ઉઠયો છે. પછી તે સ્ત્રીઓએ શું કર્યું હશે તેનો આબેહુબ ચિતાર આપો. ઈસુએ તેમને જે કહ્યું તે છોકરાંને કહો. હવે આ સંદેશો તેમને તેમના મિત્રોને કહેવાનો હતો. તેઓને તે વખતે કેવું લાગ્યું હશે! તેઓ ઘણી ઝડપથી ચાલતાં હતાં. ઇસુ ઉઠયો છે એ બાબત બીજાને જણાવવા માટે તેઓ એટલાં બધાં આતુર હતાં કે દરેક સ્ત્રી બીજી સ્ત્રી કરતાં આગળ જવાને પ્રયત્ન કરતી હતી.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—ઇસુ પાછો જીવતો થયો છે એ વાત બીજાઓને કહેવા માટે આપણે પણ પેલી સ્ત્રીઓની પેઠે પ્રયત્ન કરવો જોઈએ. તેના મિત્રો આ વાત સાંભળીને કેટલા બધા ખુશી થયા હશે! આપણે પણ ઘણા ખુશી છીએ. આજનું સોનેરી વાકય શું છે? એ વાકય આપણે બીજાને જણાવવું જોઇએ.

સોનેરી વાકય.

ઇસુ મરણ પામ્યો ને પાછો ઉઠયો. ૧ થેસ્સા. ૪; ૧૪.

પાઠ ૩૭ મો.

ઈસુ પોતાના આકાશી ઘરમાં જાય છે.

લુક ૨૪; ૫૦–૫૩. પ્રે. કૃ. ૧; ૧–૧૨.

શિક્ષકને માટે.

આજના પાઠની હકીકત વિષે વિચાર કરતાં પહેલાં આજના પાઠની બીના અને ગયા અઠવાડિયાના પાઠની બીનાઓની વચ્ચે જે જે બનાવો બન્યા તેનો વિચાર કરવો જોઇએ. આપણે આગળ શીખી ગયા કે ઈસ્ટરને દિવસે પ્રભુ ઈસુ પાંચ વખત જુદા જુદા શિષ્યોને દેખાયો હતો. એ સિવાય બીજી પાંચ વખત ઈસુ દેખાયો હતો. જેમકે,—

બીજે સાબ્બાથવારે અગિયાર જણને ઈસુ દેખાયો......યોહા. ૨૦; ૨૬–૨૯.

ગાલીલમાં પર્વત પર ૫૦૦ ભાઇઓને ઇસુ દેખાયો......૧ કરીં. ૧૫; ૬.

યાકૂબને ઇસુ દેખાયો ....૧ કરીં. ૧૫; ૭.
ગાલીલના સમુદ્ર પાસે સાત શિષ્યોને ઇસુ દેખાયો... યોહા. ૨૧;
૧–૨૫.
યરૂશાલેમમાં શિષ્યોને ઇસુ દેખાયો.........પ્રે. કૃ. ૧; ૧–૧૨.

યરૂશાલેમમાં પ્રભુ ઇસુ શિષ્યોને દેખાયો તેની સાથે આજના પાઠનો વિશેષ સંબંધ છે. ઇસુને ઉઠ્યે ૪૦ દિવસ થયા હતા અને તે દરમ્યાન શિષ્યો ગાલીલમાં હતા, માત્થી ૧૮; ૭ અને ૧ કરીં. ૧૫; ૬. હાલ તેઓ યરૂશાલેમમાં હતા કારણ કે તે ઠેકાણે રાહ જોવાની ઇસુએ તેમને આજ્ઞા આપી હતી, લુક ૨૪; ૪૯.

બાપનું વચન—યોહા. ૧૪; ૧૬, ૧૭. તેઓ એકઠા થયા હતા. કેટલા માણસો એકઠા થયા હતા? ગાલીલમાં ૫૦૦ કરતાં વધારે માણસો એકઠા થયા હતા. આ જગ્યાએ આટલા બધા માણસો એકઠા થાય તે સહીસલામતી ભરેલું નહોતું. આ ઠેકાણે પ્રેરિતો સિવાય બીજા કેટલાક માણસો હશે. વળી બેથાનીઆ આગળથી બીજા કેટલાક તેમાં ઉમેરાયા હશે, લુક ૨૪; ૫૦. નકશામાંથી બેથાનીઆ અને ઓલીવ પર્વત શોધી કાઢો, અને યરૂશાલેમ તથા તેની વચ્ચે કેટલું અંતર છે તે લક્ષમાં લો, પ્રે. કૃ. ૧; ૧૨. અંતર આશરે બે માઇલનું હતું. ઓલીવ પર્વત—જૈતુન પહાડ, પ્રે. કૃ. ૧; ૧૨. જૈતુન પહાડની પૂર્વ દિશા પર બેથાનીઆ છે. શિષ્યોએ આ પ્રસંગે ઇસુને બે પ્રશ્ન પુછ્યા તે ધ્યાનમાં લો, પ્રે. કૃ. ૧; ૬. પહેલો સવાલ—ઇસ્રાએલનું રાજ્ય તું કયારે પુનઃસ્થાપન કરશે? બીજો સવાલ—શું તું તે કામ કરશે? બન્ને પ્રશ્નોના ઉત્તર પણ ધ્યાનમાં લો. ઇસુએ જવાબ આપ્યો કે વખત ગુપ્ત રાખેલો છે, કલમ ૭ મી, અને તમે મારા સાક્ષી થશો, કલમ ૮ મી. આ મોટી જવાબદારી તેઓને માથે હતી એ તેઓ અત્યાર સુધી સમજતા નહોતા.

દૂતનો સંદેશો—આની અસર તેમના પર કેવી થઈ તે વિષે વિચાર કરો. તેઓનાં પાછળનાં ભાષણોમાં અને લખાણોમાં ઇસુના પાછા આવવા સંબંધી ૨૦૦ કરતાં વધારે વાર વાત આવે છે.

વાર્તાનો હેતુ.

ઈસુ જીવતો છે એ બાબત છોકરાંના મન પર ફરીથી ઠસાવવી.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—ગયા અઠવાડિયાની વાર્તા તમે કેટલા માણસોને કહી? ઈસુએ પેલી સ્ત્રીઓને કહ્યું હતું કે તમે જઇને મારા મિત્રોને ખબર આપો કે અમે ઈસુને જોયો તે વાત તમને યાદ છે કે? ઈસુ ઉઠયો છે એવી ખબર આ સ્ત્રીઓએ શિષ્યોને આપી ત્યારે તેમણે તે વાત માની હશે કે? હું ધારૂં છું કે આ વાત તેઓએ એકદમ નહિ માની હોય. થોડી વાર પછી તેઓએ પણ ઈસુને જોયો. જ્યારે તેઓએ ઈસુને જોયો ત્યારે તેમને તે વાતની ખાતરી થઈ. ઘણે ઠેકાણે ઈસુ તેમને દેખાયો અને તેમની સાથે વાત કરી. દરેક જણને હવે ખાતરી થઈ કે ઈસુ ઉઠયો છે.

વાર્તા.

<u>બેથાનીઆની મુસાફરી</u>—ઈસુને કબરમાંથી ઉઠયે ૪૦ દિવસ થઈ ગયા બાદ એક દિવસે તેના મિત્રો શહેરમાં એક ઠેકાણે એકઠા થઇને તે વિષે વાતચીત કરતા હતા. તે વખતે એકાએક ઈસુ તેમની વચ્ચે આવ્યો. તેણે તેમને કહ્યું કે 'ચાલો, આપણે સાથે સાથે બેથાનીઆ જઇએ.' આ ઠેકાણે ઘણી વાર તેઓ પહેલાં એકઠા થયા હતા, અને ઈસુના કેટલાક દિલોજાન મિત્રો ત્યાં રહેતા હતા. તેઓ બધા બહુ ખુશીથી બેથાનીઆ ગયા. ઈસુની સાથે કોણ કોણ ગયું હશે? (શિષ્યોમાંના કોઇનું નામ છોકરાંને યાદ હોય તો તે તેમને કહેવા દો.) બધા શિષ્યો ત્યાં હતા અને બીજા કેટલાક માણસો પણ હતા. તેઓ બજારમાંથી નીકળ્યા અને સુંદર મંદિરની પાસે થઇને અને શહેરના કોટની અંદરના દરવાજામાં થઇને તેઓ બહાર ગયા. શહેરની બહાર તેઓ નીકળ્યા એટલે ધુળ ઉડતી બંધ થઈ અને ગડબડ પણ ઓછી થઈ, તેથી તેઓ એક બીજાની સાથે વાતો કરવા લાગ્યા. તેઓ શા વિષે વાતો કરતા હશે? તે બધા ઇસુને એક સવાલ પુછવા માગતા હતા. તેઓ એમ ધારતા હતા કે ઈસુ હવે રાજા થશે. ઈસુને લોકોએ મારી નાખ્યો હતો તો પણ તે ફરી જીવતો થયો માટે તેમને ખાતરી થઈ કે ઈસુ હવે જરૂર રાજા થશે. તેથી તે દિવસે તેઓએ ઈસુને પુછ્યું કે,

'હે પ્રભુ, તું કયારે રાજા થશે?' તેણે જવાબ આપ્યો કે, 'હું રાજા થઇશ પણ કયારે તે તમને હું કહી શકતો નથી. એ બાબત તો દેવે ગુપ્ત રાખેલી છે. વળી હું પોતે પોતાની મેળે રાજા થવાનો નથી, તે કામ તો તમારે કરવાનું છે. મારી ઇચ્છા એવી છે કે તમે જઇને દરેક જણને મારા વિષે ખબર આપો. જ્યારે બધા લોકો રાજીખુશીથી મને રાજા બનાવવાની માગણી કરશે ત્યારે હું રાજા થઇશ.' આ સાંભળીને શિષ્યો બહુ અજાયબ થયા અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે આપણે તો બહુ મોટું કામ કરવાનું છે. આપણે ઇસુ વિષે દરેક જણને ખબર આપવી જોઇએ. આ ઉપરથી એમ જણાય છે કે આપણે ફક્ત આપણા દેશના લોકોનેજ આ વાત કહેવાની નથી, પણ હિન્દુસ્તાનના અને મિસરના અને યૂરોપ ખંડના લોકોને પણ આ વાત જણાવવી જોઇએ. ઇસુ આખી પૃથ્વીનાં લોકોનો રાજા થવા માગે છે. ઇસુ બધા રાજાઓ કરતાં બહુ સારો છે એમ તમે ધારતા નથી શું? રાજાએ જે સારાં કામો કરવાં જોઇએ એવું કોઈ કામ ઇસુએ કીધું હોય તો તે છોકરાંને કહો. (ઇસુએ જે જે દયાનાં કામો કીધાં તેમાંના કોઈ કામ વિષે છોકરાંને વર્ણન કરવા દો). આ પ્રમાણે રાજા થવા વિષે ઇસુએ પોતાના મિત્રોની સાથે વાત કરી અને વાતો કરતા કરતા તેઓ જૈતુનની ટેકરી પર આવી પહોંચ્યા. પછી ત્યાંથી તેઓ ટેકરીની બીજી બાજુ પર આવેલા એક નાના ગામમાં ગયા. તે ગામનું નામ બેથાનીઆ હતું અને ત્યાં આગળ ઇસુના ઘણા મિત્રો રહેતા હતા. તેઓ બધા ઇસુને જોઇને ઘણા ખુશી થયા હશે અને ઇસુની સાથે ટેકરી પર ગયા હશે. તેમની સાથે કોઈ છોકરાં હશે કે? તમને ઇસુની સાથે ત્યાં ફરવા જવાનું ગમે કે? હવે હું એક મનોરંજક બીનાનું વર્ણન તમારી આગળ કરીશ.

<u>ઇસુ આકાશમાં ચઢી ગયો</u>—જ્યારે તેઓ ટેકરીની ટોચે ગયા ત્યારે ઇસુ પહેલાંનીજ પેઠ તેમની સાથે વાતો કરવા લાગ્યો, પણ એકાએક ઇસુ જમીન પરથી ઊંચો ચઢવા લાગ્યો. થોડીવારમાં તે તેમના માથા સુધી આવ્યો અને પછી તે કરતાં પણ વધારે ઊંચે ચઢયો. આ પ્રમાણે ઇસુ ઊંચે ને ઊંચે ચઢતો ગયો. બધા શિષ્યો તેની તરફજ જોયા કરતા હતા. પછી તે બહુજ ઉંચે ચઢી ગયો અને એક નાના પક્ષીના જેવડોજ

દેખાવા લાગ્યો. પછી એક વાદળીએ આવીને તેને ઢાંકી દીધો. તેઓ આકાશ ભણીજ જોયા કરતા હતા પણ ફરીથી તેઓએ તેને દીઠો નહિ. ઇસુનું શું થયું તે વિષે તમે શું ધારો છો? તે ફરી પોતાના આકાશી ઘરમાં ગયો. તેઓ આ વાત જાણતા નહોતા તેથી ત્યાંજ ઊભા થઈ રહ્યા, અને ઇસુ પાછો આવશે એવી આશાથી આકાશ ભણીજ જોયા કરતા હતા. તેઓ પોતાની આજુબાજુ જોતા નહોતા પણ આકાશ તરફજ જોયા કરતા હતા. જો આપણે ત્યાં હોત તો આપણે પણ કદાચ એમજ કરત.

દૂતનો સંદેશો—એકાએક તેઓએ કંઇ અવાજ સાંભળ્યો. તેમની સાથે જે માણસો હતા તેમાંનો કોઈ બોલતો નહોતો, પણ આકાશમાંથી એક વાણી સંભળાતી હતી અને તે વાણીએ તેમને કહ્યું કે, 'હે માણસો, તમે આકાશની ભણી જોતા અહિં કેમ ઊભા રહ્યા છો?' પછી તેઓએ બે માણસોને પાસે ઊભેલા જોયા. તે બન્ને માણસોને તેઓ ઓળખતા નહોતા. આ બન્ને માણસો કોણ હશે? (છોકરાં જવાબ આપે). તે દૂતો હતા. પછી તેમને ખાતરી થઇ કે ઇસુએ આકાશમાં જઈને આ દૂતોની સાથે આપણે માટે સંદેશો મોકલ્યો છે. દૂતોએ તેમને કહ્યું કે 'જેમ તમે ઇસુને આકાશમાં જતાં જોયો છે તેમ ફરીથી તેને પાછો આવતો દેખશો.' પછી દૂતો ત્યાંથી જતા રહ્યા. હવે શિષ્યો એકલા પડયા. તેઓ પાછા મોટા શહેરમાં ગયા. ઇસુ ગયો તેથી તેઓ દિલગીર થયા હશે કે ખુશી થયા હશે? (છોકરાં જવાબ આપે). તે દિવસે તે તેમની સાથે નહોતો તેને લીધે તેઓ કદાચ દુઃખી થયા હશે, પણ તે પાછો આવશે એ જાણીને તેઓ બહુ ખુશી થયા. તેઓ ઘેર જતાં જતાં શી વાતો કરતા હશે? (ફરી છોકરાંને અટકળ કરવા દો અને 'ઇસુ પાછો આવશે' તથા જે કામ તેણે તેમને કરવાનું કહ્યું હતું તે બે બાબતો છોકરાંની પાસેથી કઢાવો). તેઓ ઇસુના પાછા આવવા વિષે, તે કયારે પાછો આવશે તે વિષે અને તેમને જે કામ સોંપવામાં આવ્યું હતું તે વિષે વાતો કરતા હશે. તેઓએ કદાચ એવી વાત કરી હશે કે આપણે જેમ બને તેમ જલદીથી દરેક જણને ઇસુ વિષે ખબર આપવી જોઈએ. એ માટે કે દરેક જણ તેને રાજા બનાવવાની માગણી કરે. શું ઇસુ પાછો આવ્યો છે? ના, તે

હજુ પાછો આવ્યો નથી પણ જે લોકો તેના પર પ્રેમ કરે છે તે બધા તેની રાહ જુએ છે, અને જેમ બને તેમ વધારે લોકોને ઈસુ વિષે કહેવાનો પ્રયત્ન કરે છે.

વાર્તા પૂરી કર્યા પછી શિખવવાની બાબતો—તમારા જેવાં નાનાં છોકરાં આ કામમાં કંઈ મદદ કરી શકે કે? મારી ખાતરી છે કે તમે પણ મદદ કરી શકો અને જો તમે મદદ કરો તો ઈસુ બહુ રાજી થશે. તમે આ કામ શી રીતે કરી શકો?

સાબ્બાથશાળામાં તમે ઈસુ વિષે જે સાંભળો છો તે તમે બીજાંને કહો અને બીજાં વધારે છોકરાંને સાબ્બાથશાળામાં લાવો એ માટે કે તેઓ પણ ઈસુ વિષેની વાતો સાંભળી શકે. તમે આવતે અઠવાડિયે બીજાં છોકરાંને સાબ્બાથશાળામાં લાવશો કે?

સોનેરી વાક્ય.

દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. યોહાન ૩ ; ૧૬.

પાઠ ૩૮ મો.

પુનરાવર્તન. પાઠો ૩૧–૩૭.

આ પાઠોનું પુનરાવર્તન કરવાનો હેતુ એ છે કે છોકરાંને ઈસુના જીવનચરિત્રનું પૂરેપૂરૂં જ્ઞાન મળે. ઈસુનો જન્મ, તેનાં દયાનાં કૃત્યો, તેનું મરણ, તેનું પુનરૂત્થાન, અને તેનું આકાશગમન, આ બધી બીનાઓ સારી રીતે સમજવાને માટે શિક્ષકે આ પાઠોની નોંધ ફરી વાંચી જવી જોઈએ. વાર્તા કહેતી વખતે નીચેની બાબતો પર ખાસ લક્ષ આપવું.

૧. જ્ઞાની પુરૂષોની મુલાકાત.
૨. ઈસુને લઈને યુસફ અને મરિયમ મિસરમાં ગયાં અને પાછાં નાઝારેથમાં આવ્યાં.
૩. ઘરની બહાર રસ્તા પર ઈસુએ ઘણાં માંદાં માણસોને સાજાં કીધાં.

૪. છાપરા પરથી જે માણસને લોકોએ નીચે ઉતાર્યો તેને ઈસુએ સાજો કીધો.

૫. મરણ.

૬. પુનરૂત્થાન.

૭. આકાશગમન.

છોકરાંને ઘણા પ્રશ્નો પૂછશો નહિ. પાઠમાંની કેટલી બીના છોકરાંએ યાદ રાખી છે તે શોધી કાઢવાને આપણે પુનરાવર્તન કરતા નથી, પણ ઈસુનું આખું જીવનચરિત્ર છોકરાંને શિખવવા માટે. કોઈ કોઈ વાર જ્યારે તમે કોઈ બાબતનું વર્ણન કરતા હશો ત્યારે છોકરાંને તેની આગળની બીના યાદ આવશે. તે બીના છોકરાંને કહેવા દો, પણ વાર્તાનો સંબંધ તુટી ન જાય તે વિષે શિક્ષકે ઘણી સંભાળ રાખવી.

૭. ઇસુની પ્રેમાળ સંભાળ.

પાઠ ૩૯ મો.

ઇસુ એક આંધળા માણસને મદદ કરે છે.

લુક ૧૮ ; ૩૫–૪૩.

શિક્ષકને માટે.

માત્થી ૨૦ ; ૩૦–૩૪ અને માર્ક ૧૦ ; ૪૬–૫૨ વાંચો. માત્થીની સુવાર્તામાં બે માણસનું વર્ણન કરેલું છે પણ બીજી સુવાર્તાઓમાં ફક્ત એકજ માણસનું વર્ણન આવે છે. આંધળા માણસનું નામ ફક્ત માર્કની સુવાર્તામાંજ લખેલું છે. આ ઉપરથી એમ જણાય છે કે બીજો આંધળો માણસ બહુ પ્રસિદ્ધ નહિ હોય. બારતીમાય યરેખોમાં ભીખારી તરીકે જાણીતો હશે અથવા તો પાછળથી ખ્રીસ્તી મંડળીમાં જાણીતો થયો હશે. માત્થી અને માર્ક પોતાના વર્ણનમાં એવું લખે છે કે ઇસુ યરેખો મૂકીને જતો હતો ત્યારે આ બનાવ બન્યો ; પણ લુક એમ લખે છે કે ઇસુ યરેખોની નજદીક હતો ત્યારે આ બનાવ બન્યો. આ પરથી આપણને માલમ પડે છે કે ત્રણેના વર્ણનમાં કંઈ ભિન્નતા નથી. દરેકના વર્ણનમાં જે વધારાની હકીકત આવે છે તે ધ્યાનમાં લો. નકશામાંથી યરેખો શહેર શોધી કાઢો. યરદન નદીના મેદાનમાં નદીથી ફક્ત પાંચ માઇલ દૂર તે શહેર આવેલું છે. યરૂશાલેમથી તે શહેર ૧૬ માઇલ દૂર છે. પુનર્નિયમ ૩૪ ; ૩ અને ૨ રાજા. ૨ ; ૧૮, ૧૯ માં તે શહેરનું વર્ણન આપેલું છે તે વાંચો. ગાલીલથી યરૂશાલેમ જતાં વચમાં યરેખો આવે છે. યહુદી લોકો સમારીઆમાં થઇને યરૂશાલેમ જતા નહોતા, યોહા. ૪ ; ૯. યહુદી લોકો ઉત્તર દિશાએ યરદનનો વહેળો ઓળંગીને, પેરીઆમાં થઇને પૂર્વ બાજુ તરફ મુસાફરી કરતા અને યરેખોની સામેનો વહેળો ફરીથી ઓળંગી યરૂશાલેમમાં દાખલ થતા હતા. આ ઉપરથી આપણે એવી અટકળ કરી શકીએ છીએ કે આપણો પ્રભુ યરેખોમાં થઇને ઘણી વાર યરૂશાલેમમાં ગયો હશે, કોઈ કોઈ વાર તે સમારીઆમાં થઇને પણ

યરૂશાલેમ જતો હશે, યોહાન ૪ ; ૪. પણ ઘણું કરીને જે રસ્તે થઈને યહુદીઓ જતા હતા તેજ રસ્તે થઈને તે પણ જતો હતો. આ પ્રભુ ઈસુની યરૂશાલેમની છેલ્લી મુસાફરી હતી. તે પાસ્ખા પર્વમાં જતો હતો અને ત્યાર પછી તે વધસ્તંભે જડાવાનો હતો. લોકોનો મોટો સમુદાય—ગાલીલ અને પેરિઆમાંથી ઘણા લોકો પર્વમાં જતા હતા. બારતી-માયનો વિશ્વાસ ધ્યાનમાં લો. ઈસુને મસીહ એવું નામ લઈને તેણે બોલાવ્યો, કલમ ૩૮. તેણે ઈસુને કદી જોયો નહોતો પણ તેના વિષે ઘણું સાંભળ્યું હતું અને તારનાર તરીકે તેના પર વિશ્વાસ રાખતો હતો. તેની ખંત—કોઈએ તેને મદદ કરી નહિ. બધા તેને અટકાવ-વાનો પ્રયત્ન કરતા હતા, પણ તે છાનો રહ્યો નહિ. આમ કરવાથી તેને ઘણો લાભ થયો કારણ કે ઇસુ તે રસ્તે ફરી કદી આવ્યો નહિ. આભાર—તેણે દેવની સ્તુતિ કીધી કારણ કે બીજા લોકો પણ દેવની સ્તુતિ કરતા હતા.

વાર્તાનો હેતુ.

ઇસુના પ્રેમ અને દયા વિષે છોકરાંને સમજણ પાડવી.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—આંધળા માણસો વિષે છોકરાંને થોડા પ્રશ્નો પુછો. તેઓ દેખતા થવાને માટે દાક્તરો પાસે કેમ જતા નથી? તેઓ શું કામ કરી શકે? તેઓ ભીખ શા માટે માગે છે? છોકરાં કદાચ એવો જવાબ આપશે કે ભીખ માગવાથી ઘણો ફાયદો થાય છે. આંધળા માણસોને લોકો પૈસા આપે છે. આંધળો માણસ કેવો નિરાધાર છે અને તેની સ્થિતિ કેટલી ખરાબ છે તેની સમજણ શિક્ષકે છોકરાંને પાડવી.

વાર્તા.

આંધળો માણસ—બારતીમાય કરીને એક આંધળો માણસ હતો. તે કેવી રીતે આંધળો થયો હશે? કદાચ તે નાનો હશે ત્યારે તેને કંઇ રોગ થયો હશે અને તે રોગને લીધે તેની આંખો જતી રહી હશે. તેની નિરાધાર અને દયામણી સ્થિતિને લીધે છોકરાંના મનમાં કાંઇ લાગણી ઉત્પન્ન કરો. તેની આસપાસ જે સુંદર વસ્તુઓ હતી તે તે જોઇ શકતો

નહોતો, અને કંઇ કામ પણ કરી શકતો નહોતો. તે આળસુ નહોતો. તેનાથી કંઈ કામ થઈ શકતું નહોતું તેથી ભીખ માગીને પોતાનું ગુજરાન ચલાવતો. એવો ચિતાર આપો કે પુષ્કળ પૈસા મળે માટે જ્યાં ઘણા લોકો એકઠા થતા હતા ત્યાં તે જતો. ભીખ માગવાની જગ્યાએ તેને કોણ દોરી જતું હશે?

મોટું ટોળું ત્યાં થઇને જાય છે— હમેશની પેઠે તે રસ્તાની બાજુ પર બેઠો હતો તે દિવસે તેનો દેખાવ કેવો હશે તેનો ચિતાર આપો. તે શહેર બહાર હતો અને પોતાના મનમાં એવા વિચાર કરતો હતો કે આજે બહુ મોટું પર્વ છે માટે આ રસ્તે થઇને ઘણા લોકો જશે અને મને પુષ્કળ પૈસા મળશે. બધા મને જોઇ શકે એવી જગ્યાએ હું બેસીશ. થોડીવારમાં રસ્તા પર મોટો અવાજ સંભળાયો અને લોકોનું મોટું ટોળું આવતું હોય એવું લાગ્યું. આટલા બધા લોકો સાથે કેમ આવતા હશે? એક માણસ તેની પાસે થઇને ગયો. આંધળાએ તેને જે પુછ્યું અને તેને જે જવાબ મળ્યો તેનું વર્ણન કરો. તેણે પોતાના મનમાં એવો વિચાર કર્યો હશે કે આ તો નાઝારેથનો ઇસુ, જે અજાયબ જેવાં કામો કરે છે, તે છે. તે તો માંદાં માણસોને સાજાં કરે છે અને જો હું તેની પાસે જાઉં તો તે મને પણ દેખતો કરે, એવી કલ્પના કરો. તે આ રસ્તે આવે છે? હું તેની પાસે જઈ શકતો નથી પણ હું મોટેથી બૂમ પાડીશ અને તે મારી બૂમ સાંભળશે. તેણે શી બૂમ પાડી તે કહો. પછી અવાજ છેક પાસે આવ્યો. તેણે ફરી બૂમ પાડી, અને જવાબ સાંભળવાને માટે ઘણો આતુર હતો તેનો આબેહુબ ચિતાર આપો. આ બધી બીનાનું એવી રીતે વર્ણન કરો કે આંધળાના મનમાં જે મોટી આશા હતી તેનો ખ્યાલ છોકરાંને બરાબર આવે. વળી ઈસુ બીજે રસ્તે થઈને ચાલ્યો જશે તો મારી સઘળી આશા નિષ્ફળ જશે એવી તેને ધાસ્તી હતી. તે એટલી બધી બૂમ પાડતો હતો કે પાસે થઈને જનારામાંના એકે તેને કહ્યું કે, 'બહુ ગડબડ ન કર, શાંત થા.' પણ તેણે ફરી બૂમ પાડી. બીજા એક માણસે ફરી તેને કહ્યું કે, 'ગડબડ ન કર.' પછી ટોળું છેક નજદીક આવી પહોંચ્યું. જો તે બૂમ પાડતો બંધ થાય તો કદાચ આ સારી તક જતી રહે. ટોળામાં જે જે માણસો છેક આગળ હતા તે તેની નજદીક

આવી પહોંચ્યા, અને તેઓએ તેને શાંત રાખવાનો પ્રયત્ન કર્યો. પછી ઇસુના શિષ્યો તેની પાસે આવ્યા તેઓએ પણ તેને છાનો રાખવાની મહેનત કરી. એવો ચિતાર આપો કે આખા ટોળામાંના એક પણ માણસે તેનો હાથ પકડીને તેને ઇસુની પાસે લઇ જવાનો વિચાર ન કર્યો.

ઈસુ અને બારતીમાય—ઈસુ છેક પાસે આવ્યો ત્યાં સુધી તેણે બૂમ પાડયાજ કરી. ઈસુ પાસે આવ્યો છે તે બારતીમાય જાણતો નહોતો પણ ઈસુ ત્યાં આવીને ઊભો રહ્યો. બીજા માણસો કેટલો બધો અચંબો પામ્યા હશે! તેઓના મનમાં કેવા વિચાર આવ્યા હશે? તેઓએ જેમ તે આંધળા માણસને ધમકાવ્યો હતો તેમ ઇસુ પણ તેને ધમકાવશે એવો વિચાર તેમના મનમાં આવ્યો હશે કે! ઈસુએ શું કર્યું? ઈસુએ કહ્યું, 'તે આંધળા માણસને મારી પાસે લાવો.' હું ધારૂં છું કે આ શબ્દો તે બહુ માયાળુપણે બોલ્યો હશે. પેલા માણસોને તેને લીધે ઘણી શરમ લાગી હશે. એક માણસ બારતીમાયની પાસે ગયો અને તેને કહ્યું કે 'ચાલ, ઇસુ તને બોલાવે છે.' પછી બારતીમાય પોતાની કામળ ફેંકી દઇને પેલા માણસની સાથે ઇસુની પાસે ગયો અને તેને પગે પડયો એ બીનાઓનો આબેહુબ ચિતાર આપો. ઇસુએ તેને શું કહ્યું તે છોકરાંને કહો. બારતીમાયે ઈસુની પાસે શું માગ્યું અને ઇસુએ તેને શું કહ્યું તે છોકરાંને કહો.

ઇસુએ આંધળા માણસને દેખતો કર્યો—એકદમ તે આંધળો માણસ દેખતો થયો. તેને કેવું લાગ્યું હશે! પહેલવહેલી તેણે કયા માણસ તરફ નજર કરી હશે? તેણે ઇસુને શું કહ્યું હશે? તેણે આજુબાજુ નજર કરી તો કેટલાક માણસો તેના જોવામાં આવ્યા. પછી જે જગ્યાએ તે બેસતો હતો તે તેણે જોઈ. તેણે ફરી ઇસુ તરફ નજર કરી. ઇસુનો ઉપકાર તેણે કેવી રીતે માન્યો હશે તે વિષે કલ્પના કરો. જે બન્યું હતું તે તેણે ટોળામાંના દરેક જણને કહ્યું અને બધા તેની સાથે ઇશ્વરની સ્તુતિ કરવા લાગ્યા તેનો આબેહુબ ચિતાર આપો. મારી ખાતરી છે કે બારતીમાયે એમ કહ્યું હશે કે ઇસુ સૌથી વધારે માયાળુ છે.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—છોકરાંને પૂછો કે તમે બારતીમાયની પેઠે આંધળાં નથી તેનું કારણ શું? છોકરાંને કહો કે જે

દેવે આંધળા માણસને દેખતો કરવાની શક્તિ ઇસુને આપી તેજ દેવે તમને સારી આંખો આપી છે. ઇશ્વરે તમને જોવાની શક્તિ આપી છે તે માટે કોઇ દિવસ તમે તેનો ઉપકાર માન્યો છે? છેલ્લી પ્રાર્થનામાં ઇશ્વરનો ઉપકાર માનવો. કોઇ આંધળા બાળકને માટે છોકરાં કંઈ કરી શકે એવું હોય તો તે તેમને સમજાવવું.

સોનેરી વાક્ય.

આપણે પ્રીતિ કરીએ છીએ, કેમકે પહેલાં તેણે આપણા પર પ્રીતિ કીધી. ૧ યોહાન ૪ ; ૧૯.

પાઠ ૪૦ મો.

ઈસુ ભુખ્યાં માણસોની ચિંતા કરે છે.

યોહાન ૬ ; ૧-૧૩.

શિક્ષકને માટે.

આ એકજ ચમત્કાર એવો છે કે જે વિષે ચારે સુવાર્તિકોએ વર્ણન કરેલું છે. દરેક સુવાર્તિકે તે વિષે જે લખ્યું છે તે શિક્ષકે ધ્યાનપૂર્વક વાંચવું જોઇએ. દરેકના વર્ણનમાં કંઈ કંઈ નવી હકીકત મળી આવે છે. સૌ કરતાં માર્કનું વર્ણન વધારે ભપકાદાર છે અને તેથી આજના પાઠને માટે તે વધારે ઉપયોગી થઈ પડશે. માર્ક ૬ ; ૩૦-૪૫.

આ બીનાઓ બન્યા પછી—યોહાન બાપ્તિસ્મા કરનાર મરણ પામ્યો છે એ દુ:ખદાયક સમાચાર શિષ્યોને મળ્યા હતા અને તેને લીધે તેઓ ઘણા શોકાતુર હતા, માર્ક ૬ ; ૨૯-૩૧. આજના પાઠની બીના આ બનાવ બન્યા પછી બની. દરિયા પર—ગાલીલના સમુદ્રની ઉત્તરે કાપરનાહુમથી બેથસાઈદા સુધી. અંતર આશરે ૬ માઈલનું હતું, લુક ૯ ; ૧૦. આ જગ્યાઓ નકશામાંથી શોધી કાઢો. દેશ બહુ પહાડી હતો.

લોકોનાં ટોળેટોળાં—પાસ્ખા પર્વનો વખત હતો તેથી લોકો યરૂશાલેમની મુસાફરીએ નીકળવાને માટે એકઠા થયા હતા. આખો દિવસ તેઓએ ઈસુનો બોધ સાંભળ્યો, લુક ૯ ; ૧૨. ફિલીપ—

આ માણુસનું નામ શાસ્ત્રમાં બહુ ઠેકાણે આવતું નથી. જે ત્રણ ઠેકાણે તેનું નામ આવે છે તે કલમો સરખાવી જુઓ, યોહાન ૬ ; ૧–૧૩ : ૧૨ ; ૨૧ : ૧૪ ; ૮. તે બેથસાઇદામાં રહેતો હતો, યોહા. ૧ ; ૪૪. ૨૦૦ પેન્સ—રોમની પેનીની કીમત આશરે ૧૨ આના હતી, તેથી આ રકમ આશરે ૧૫૦ રૂપીઆની થાય.

એક છોકરો—એક નાનો છોકરો. રોટલી—ઘઉંની પાતળી રોટલી. લોકો પચાસ પચાસની હારમાં બેઠા, લુક ૯ ; ૧૪. આ પ્રમાણે લોકો હારમાં બેસે છે ત્યારે રસોઇ પિરસવાનું સુગમ પડે છે, અને સહેલથી લોકોના ગણત્રી કરી શકાય છે. ૫૦૦૦ માણસો—આમાં કેટલીક સ્ત્રીઓ હતી અને કેટલાંક છોકરાં પણ હતાં. તેમાં ઘણાં છોકરાં નહિ હોય કારણ કે લોકો બહુ દૂરથી આવ્યા હતા.

વાર્તાનો હેતુ.

આપણી રોજની જરૂરિયાતો વિષે ઇસુ ચિંતા કરે છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—આજે સવારે તમે બધાંએ કંઇ ખાધું છે કે ? તમને કઇ જાતનો ખોરાક બહુ સારો લાગે છે ? કોઈ મોટી મિજબાનીમાં તમે કદી ગયાં છો ? છોકરાં કોઇ મોટી મિજબાનીમાં ગયાં હોય તો તે વિષે તેમની પાસે વર્ણન કરાવવું. આજે હું તમને એક મોટી મિજબાની વિષે વાત કહીશ.

વાર્તા.

થાકેલા શિષ્યો—એક દિવસ ઇસુ અને તેના શિષ્યો કામ કરીને બહુ થાકી ગયા હતા. તેથી ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું કે, 'આવો, આપણે શહેર બહાર જંગલમાં જઇએ ત્યાં કોઈ માણસો નથી માટે આપણને આરામ મળશે.' તેઓ દરિયાને કિનારે હતા તેથી તેઓએ કહ્યું કે 'ચાલો, આપણે હોડીમાં બેસીને પેલે પાર જઇએ.' ઇસુ અને તેના શિષ્યો હોડીમાં બેસે છે તેનો ચિતાર આપો. તે હોડી કોની હશે ? હોડી કોણે હંકારી હશે ? પીતરે, આંદ્રયાએ, અને યાકૂબ તથા યોહાને આ કામ કર્યું હશે કારણ કે તેઓ માછી હતા. તેઓ થોડી વારમાં

એક સુંદર જગ્યાએ આવી પહોંચ્યા. ત્યાં આગળ તેઓ હોડીમાંથી નીચે ઉતર્યાં અને જંગલમાં ગયા. તેઓ હોડીને કિનારે બાંધીને ડુંગર પર ચઢવા લાગ્યા. તે ઠેકાણે સુંદર ઘાસ ઉગેલું હતું. આ બધી બીનાઓનો આબેહુબ ચિતાર આપો. પછી તેઓ ડુંગરની ટોચે આવી પહોંચ્યા ત્યાં આગળ સુંદર ઝાડ હતાં, પુષ્કળ ઘાસ હતું, અને જુદી જુદી જાતનાં ફુલો હતાં, અને નીચે આસમાની રંગનું સુંદર સરોવર દેખાતું હતું. આ જગ્યા બહુ સારી હતી એમ તમે ધારતા નથી શું? તમને આવી જગ્યામાં જવાનું ન ગમે? ઇસુ અને તેના શિષ્યોને આ જગ્યા બહુ ગમતી હતી. ત્યાં આગળ તેઓ વિસામો લઈ શકે એમ હતું.

આતુર ટોળું—જ્યારે તેઓએ નીચે સરોવર તરફ નજર કરી ત્યારે તેમના જોવામાં શું આવ્યું? જે ઠેકાણે તેમણે પોતાની હોડી બાંધી હતી તે ઠેકાણે બીજી હોડીઓ આવતી હતી અને કેટલાક લોકો સરોવરના કિનારા પર ફરતા હતા. તે બધા લોકો ડુંગર તરફ આવતા હતા. થોડી વારમાં બીજા ઘણા માણસો તેમની પાસે આવતા જણાયા. શિષ્યોએ ઇસુને કહ્યું કે, 'તે બધા લોકો આપણી પાસે આવે છે માટે આપણે અહીંથી જરા દૂર જઈએ તો સારૂં.' ઇસુએ કહ્યું કે 'મને થાક તો ઘણો લાગ્યો છે પણ જો માણસો મને મળવા માગતા હશે તો હું તેમની સાથે વાત કરીશ. તેઓ આટલે દૂર આવ્યા છે અને મને મળ્યા વગર જાય તે સારૂં નહિ.' એવી કલ્પના કરો કે લોકો ડુંગર પર ચઢયા અને ઇસુને જોઇને બહુ ખુશી થયા. ઇસુ બહુ થાકી ગયો હતો તો પણ તેણે તેમની સાથે વાત કરી. હજારો માણસો જંગલમાં એકઠાં થયાં હતાં. તે દેખાવ કેવો લાગતો હશે એ વિષે વિચાર કરો. આખો દિવસ તેઓ ઇસુની પાસે બેઠાં અને તેની વાતો સાંભળી.

ભુખ્યાં માણસો—સુરજ આથમવાનો વખત થયો ત્યારે ઇસુને માલમ પડયું કે આ લોકો ભુખ્યા થયા છે, કારણ કે તેઓ પોતાની સાથે કંઈ ખોરાક લાવ્યા નથી. ઇસુએ પોતાના શિષ્યોને પૂછ્યું કે, 'આપણે આ લોકોને માટે કંઈ ખોરાક વેચાતો લાવી શકીશું?' એક માણસે જવાબ આપ્યો કે 'આટલાં બધાં માણસોને માટે આપણે શી રીતે

ખાવાનું વેચાતું લઈ શકીએ ? જો આપણી પાસે રૂ. ૧૦૦ હોય તોપણ આપણે તેમને માટે ખાવાનું વેચાતું લઇ શકીએ નહિ. બીજાએ કહ્યું કે ‘તેમને જવા દો ; તેઓ ઘેર જઇને ખાશે.’ પણ ઈસુએ કહ્યું, ‘ના, ના. તેઓ થાકી ગયા છે. તેઓ ખાધા વગર શી રીતે ઘેર જઈ શકે ? તમારી પાસે કંઇ ખાવાનું છે?’ એક જણે જવાબ આપ્યો કે, ‘એક નાના છોકરાની પાસે થોડું ખાવાનું છે. તેની પાસે ફક્ત પાંચ રોટલી અને બે માછલી છે. આટલાં બધાં માણસોને આટલો થોડો ખોરાક શી રીતે બસ થાય !’ આ વિચાર જ્યારે તેમના મનમાં આવ્યો હશે ત્યારે તેમને હસવું પણ આવ્યું હશે. ઇસુએ શિષ્યોને કહ્યું કે, ‘આપણે તેમને ખાવાનું આપવું જોઇએ. તે છોકરાની પાસેથી રોટલી અને માછલી લાવો.’ પછી ઇસુએ તેઓને કહ્યું કે, ‘લોકોને જમીન પર બેસાડો.’ લોકોને તેઓએ જમીન પર બેસાડયા અને તેમની ગણત્રી કીધી, તેનું વર્ણન કરો. બધા લોકો હારબંધ જમવા બેઠા હતા તેનો આબેહુબ ચિતાર આપો.

મોટી મિજબાની—બધા લોકો જમીન પર બેઠા ત્યારે ઇસુએ રોટલી તથા માછલી લઇને તે પર આશીર્વાદ માગ્યો અને રોટલીના કકડા કરીને શિષ્યોને આપ્યા તેનું વર્ણન કરો. લોકોએ જ્યારે આટલો થોડો ખોરાક જોયો હશે ત્યારે તેમના મનમાં કેવો વિચાર આવ્યો હશે ? કોઇએ કદાચ એમ કહ્યું હશે કે, ‘અહીં રહેવાની શી જરૂર છે? આપણને એકેક કોળિયો પણ મળવાનો નથી.’ શિષ્યો ખોરાક લઇને વહેંચવા લાગ્યા.

હારમાં બેઠલા માણસોને શિષ્યોએ ખોરાક વહેંચ્યો અને બધા માણસોને ખોરાક મળ્યો તેનું ચિત્રરૂપે વર્ણન કરો. બધા લોકો જમી રહ્યા પછી પુષ્કળ ખોરાક વધ્યો હતો. શિષ્યોને તથા ઇસુને તે દિવસે કેટલું બધું કામ કરવું પડયું હશે તેનો વિચાર કરો. તે દિવસે તમે ત્યાં હોત તો તમને પણ થોડી રોટલી અને થોડી માછલી ખાવાનું મન થાત કે ? હું ધારૂં છું કે આ મિજબાનીની વાત તેઓ કદી ભૂલ્યાં નહિ હોય. તે દિવસ પછી ઘણીવાર તેઓએ તે વિષે વાતો કરી હશે. બધાં ખાઈને ધરાયાં ત્યારે ઇસુએ તેઓને કહ્યું, ‘હવે અંધારૂં થતા પહેલાં આપણે બધાં સાથે ઘેર જઈશું, તેથી તેઓ બધાં ત્યાંથી નીકળ્યાં.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—થોડા વખત પર મેં તમને ખોરાક વિષે એક વાત કહી હતી તે તમને યાદ હશે. (પાઠ ૪ થો). આપણને જે ખોરાક મળે છે તે ઇશ્વર આપે છે એ માટે આપણે તેનો ઉપકાર માનવો જોઇએ એવું છોકરાંને ફરીથી કહો. છોકરાંને પૂછો કે જ્યારે જ્યારે તમે જમવા બેસો છો ત્યારે ઇશ્વરનો ઉપકાર માનવાનું તમને યાદ આવે છે કે? છેલ્લી પ્રાર્થનામાં ખોરાકને માટે ઇશ્વરનો ઉપકાર માનો.

સોનેરી વાક્ય.

આપણે પ્રીતિ કરીએ છીએ, કેમકે પહેલાં તેણે આપણા પર પ્રીતિ કીધી. ૧ યોહાન ૪; ૧૯.

પાઠ ૪૧ મો.

ઈસુ એક માંદા છોકરાની ચિંતા કરે છે.

યોહાન ૪; ૪૩–૫૩.

શિક્ષકને માટે.

નકશામાંથી કાના અને કાપરનાહુમ શોધી કાઢો. કાપરનાહુમ ગાલીલના સમુદ્રને કિનારે છે, અને કાના ત્યાંથી ૧૬ માઇલ દૂર ડુંગરોની અંદર આવેલું છે. આ બે જગ્યાઓ શોધી કાઢવાથી પેલા અમીરે જે મુસાફરી કરી હતી તેનો સારો ખ્યાલ છોકરાંને આવશે. ઈસુ પાછો આવ્યો—બાકીના વખતમાં ઈસુ ક્યાં હશે તે વિષે વિચાર કરો, યોહાન ૨; ૧, ૧૨, ૧૩ અને ૪; ૩, ૪. કાના ગામમાં લગ્નજમણ વખતે જે ચમત્કાર કરવામાં આવ્યો હતો તે સિવાય ગાલીલમાં બીજો ચમત્કાર કરવામાં આવ્યો નહોતો. યોહાન ૪; ૪૫ ઉપરથી ગાલીલના લોકો ઇસુ સંબંધી શું જાણતા હતા તે આપણને માલમ પડે છે. અમીર યહુદી હશે અને ઘણું કરીને રોમન સરકારની નોકરીમાં હશે. સાતમો કલાક—જે રીત પ્રમાણે રોમન લોકો વખત ગણતા હતા તે રીતનો ઉપયોગ યોહાને પોતાના લખાણમાં કર્યો છે, માટે તે વખત આપણા વખતની સાથે

બરાબર મળતો આવે છે. આ વખતે સાંજના સાત વાગ્યા હશે. અમીરનો નોકર રસ્તામાં તેની સાથે વાત કરતાં 'કાલે' એ શબ્દ વાપરે છે, તે પરથી આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે અમીર રાત્રે કાના ગામમાં રહ્યો હશે.

પાઠનો હેતુ.

આપણે માંદા હોઇએ છીએ ત્યારે ઇસુ આપણી ચિંતા કરે છે.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—છોકરાંને પૂછો કે જો તમારાં માબાપ ઘણાં પૈસાદાર હોય તો તમે તેમની પાસેથી શું માગો ? કોઈ કહેશે કે મિઠાઈ અથવા રમકડાં અથવા ચિત્રો. <u>એક છોકરો</u> જેની પાસે આવી બધી ચીજો હતી તેના વિષે હું તમને એક વાત કહીશ.

વાર્તા.

<u>પૈસાદાર માણસનો છોકરો</u>—એવો ચિતાર આપો કે એક મોટું ઘર છે, તેમાં પુષ્કળ સરસામાન છે, તે સરોવરને કિનારે આવેલું છે અને તેની આજુબાજુ વાડી છે અને તેમાં પુષ્કળ નોકરો કામ કરે છે. છોકરાનો બાપ બહુ મોટો માણસ હતો અને તે ભપકાદાર વસ્ત્રો પહેરતો હતો. તેની પાસે ઘણા ઘોડા હતા અને જ્યારે તે બહાર ફરવા નીકળતો ત્યારે તેના સિપાઇઓ પણ તેની સાથે જતા. છોકરાને બેસવા માટે તેણે એકાદ ટટ્ટુ પણ રાખ્યું હશે. બાપ બધા કરતાં પોતાના દીકરા પર વિશેષ પ્રેમ રાખતો હતો. પૈસાદાર માણસને આ એકનોએક દીકરો હતો માટે તે તેની કેટલી બધી સંભાળ રાખતો હશે અને તેના પર કેટલી બધી પ્રીતિ કરતો હશે તે વિષે વિચાર કરો.

<u>માંદો છોકરો</u>—છોકરાંને કહો કે ઘરમાં જ્યારે કોઈ માંદું પડે છે ત્યારે દાકતરને બોલાવવામાં આવે છે. માંદા માણસને દવા આપવામાં આવે છે અને માબાપ બહુ ચિંતાતુર હોય છે અને નોકરો પણ દિલગીર માલમ પડે છે. આ અમીરનો દીકરો માંદો હતો અને બે ત્રણ દિવસ થઇ ગયા તો પણ તેને કંઈ ફેર પડ્યો નહિ. પડોશીઓ પણ તે છોકરાની ખબર પૂછવાને માટે આવતા હતા. એકાદ માણસે અમીરને

એમ કહ્યું હશે કે જો ઇસુ અહીં હોત તો આ છોકરાને સાજો કરત. છોકરાનો બાપ બીજા માણસોને પૂછવા લાગ્યો કે ઇસુ ક્યાં છે. બીજી જગ્યાઓમાં ઇસુએ જે અજાયબ જેવાં કામો કર્યાં હતાં તે વિષે ઘણાં માણસોએ સાંભળ્યું હતું, પણ ઘણા વખતથી તે તેમના ગામમાં આવ્યો નહોતો. પછી કોઈ નોકર બજારમાં ગયો હશે તે એવી ખબર લાવ્યો કે એક માણસ કાનાથી આવ્યો છે તે એમ કહે છે કે ઇસુ કાના ગામમાં છે.

<u>અમીરની મુસાફરી</u>—એવો ચિતાર આપો કે અમીર મુસાફરીએ નીકળવાની તૈયારી કરે છે, સુંદર કપડાં પહેરે છે, કારણ કે તે એક મોટા વૈદ્યને મળવા જતો હતો. ઘોડાવાળાએ મુસાફરીને સારૂ સૌથી સારો ઘોડો પસંદ કર્યો. માંદા છોકરાને જોવા માટે અમીર ફરીથી કોટડીમાં ગયો. છોકરાની માને સલામ કરીને તે ત્યાંથી એકદમ નીકળ્યો. તાપ ઘણો હતો, પણ તેની તેણે કંઈ ચિંતા કરી નહિ, કારણ કે ગમે તેમ કરીને તેને તેજ દિવસે ઇસુને મળવું જોઇએ. તેને ડુંગરોમાં થઈને ઘણી લાંબી મુસાફરી કરવાની હતી તેનું વર્ણન કરો. તેના મનમાં ઘણું દુઃખ હતું તો પણ મોટી આશાને લીધે તેણે મુસાફરી કરવાનું જારી રાખ્યું. સુરજ આથમવાને વખતે તેણે દૂરથી કાના ગામ જોયું, તેથી તેણે પોતાના ઘોડાને ખુબ ઝડપથી દોડાવ્યો અને અંધારૂં થતાં પહેલાં તો તે ગામમાં દાખલ થઇ ગયો. ગામમાં જઇને તરત લોકોને પૂછવા લાગ્યો કે ઇસુ ક્યાં છે? પછી તેણે એકદમ ઇસુને શોધી કાઢ્યો. અમીર પોતાની મોટાઈનો અભિમાન નહિ કરતાં ઇસુને પગે પડ્યો તેનો ચિતાર આપો. તેણે કહ્યું કે, 'હે શેઠ, મારો દીકરો બહુ માંદો છે. તું આવીને તેને સાજો કર.' ઇસુએ તેને કહ્યું, 'જા, તારો દીકરો સાજો થયો છે.' બાપને આ સાંભળીને કેટલી બધી નવાઈ લાગી હશે તે વિષે કલ્પના કરો. અમીર ઇસુના મ્હોં તરફ જોતો હતો ત્યારે તેને એમ લાગ્યું કે ઇસુ જે કહે છે તે ખરૂં છે. તેને ખાતરી થઇ કે ઇસુ મને કદી પણ છેતરે નહિ. હવે ઉતાવળ કરવાની કંઇ જરૂર નહોતી માટે તે પોતાના થાકેલા ઘોડાને વિસામો આપી શકે અને ઇસુની પાસે બેસીને તેની વાતો સાંભળી શકે.

તે અમીર પોતાને ઘેર પાછો જાય છે—બીજે દિવસે તે અમીર ખુશી થતો થતો ઘેર જવાને નીકળ્યો તેનો ચિતાર આપો. રસ્તામાં તેનો નોકર તેને મળ્યો. તેને તેણે જે કહ્યું તેનું વર્ણન કરો. અમીરના બાપે નોકરને પૂછ્યું કે 'છોકરાનો તાવ ક્યારે ગયો?' તેણે જવાબ આપ્યો કે, 'સૂર્ય આથમતી વખતે.' અમીરને ખાતરી થઈ કે ઇસુએ કહ્યું હતું તેજ વખતે છોકરો સાજો થયો. એવી કલ્પના કરો કે જ્યારે અમીર ઘેર આવ્યો ત્યારે તેનો દીકરો તેને મળવાને દોડતો દોડતો તેની પાસે આવ્યો હશે અને તેનો બાપ ઇસુ વિષે તેની સાથે વાતો કરવા લાગ્યો હશે અને તેના પડોશીઓ પણ તે સાંભળવાને આવ્યા હશે. કદાચ તે છોકરો પોતાના મનમાં એવો વિચાર કરતો હશે કે ઇસુ અહીં પાછો આવે તો કેવું સારૂં! તે રોજ રોજ તેની રાહ જોતો હશે.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—જે માંદા માણસોને માટે છોકરાંએ એકવાર પ્રાર્થના કરી હતી તેમાંના કોઈ સાજા થયા હોય તો તે વિષે છોકરાંને કહો.

સોનેરી વાક્ય.

જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે પણ એક બીજા પર પ્રેમ રાખો. યોહાન ૧૫; ૧૨.

પાઠ ૪૨ મો.

ઈસુ નાનાં છોકરાંને ચાહે છે.

માર્ક ૧૦; ૧૩–૧૬.

શિક્ષકને માટે.

માત્થી ૧૯; ૧૩–૧૫ અને લુક ૧૮; ૧૫–૧૭ માં આ બીનાનું વર્ણન કરેલું છે તે વાંચો. ઇસુ તથા બાળકોના સંબંધમાં ચાર જુદે જુદે ઠેકાણે વાત આવે છે. આ ચારે ઠેકાણે જે હકીકત આવે છે તે સરખાવવાથી ઈસુ છોકરાં પર કેટલો બધો પ્રેમ રાખે છે તે તમને માલમ પડશે. માત્થી ૧૧; ૧૬, ૧૭: ૧૮; ૧–૧૪: ૧૯; ૧૩, ૧૪: ૨૧; ૧૫, ૧૬. પ્રભુ ઇસુની આ પૃથ્વી પરની જીંદગીના છેલ્લા મહીનાઓમાં

આ બનાવ બન્યો. પેરિઆમાં યરદન નદીના પૂર્વ કિનારા પર આવેલી એક જગ્યાએ આ બનાવ બન્યો. ફરોશી લોકો ઈસુને ગુંચવાડા ભરેલા પ્રશ્નો પૂછી પૂછીને ઘણી તસ્દી આપતા હતા.

તેઓ લાવ્યા—જે માબાપો ગામડામાં રહેતાં હતાં તેઓ પોતાનાં છોકરાંને ઇસુ પાસે લાવ્યાં. બધાં માબાપોએ આ પ્રમાણે કરવું જોઇએ. માબાપોએ અને શિક્ષકોએ છોકરાંના તારણને માટે મહેનત કરવી જોઇએ. એ માટે કે તે તેમને અડકે. માત્થીએ પ્રાર્થના કરે એ શબ્દો તેના લખાણમાં ઉમેરેલા છે. લોકો એમ ચહાતા હતા કે ઇસુ તેમનાં છોકરાંને અડકે અને પ્રાર્થના કરે પણ શિષ્યોએ તેમને ધમકાવ્યા. તેઓ એમ ધારતા હતા કે નાનાં છોકરાં શાસ્ત્રીઓ અને ફરોશીઓના જેટલાં અગત્યનાં નથી. પ્રભુ ઇસુ ખાસ કરીને છોકરાંને પોતાની પાસે બોલાવે છે એ વાત તેના શિષ્યો હજુ જાણતા નહોતા. તે ઘણો નાખુશ થયો. છોકરાંના સંબંધમાં જે સુંદર શબ્દો પ્રભુ બોલ્યો તે બહુ ગુસ્સાથી બોલ્યો હતો. દેવનું રાજ્ય એવાંઓનું છે—જે કોઈ બાળકની પેઠે—આ શબ્દોમાં બાળકના નિર્દોષપણા વિષે કંઈ સૂચના કરેલી નથી પણ બાળક કેવું ભરોસો રાખવા લાયક છે અને અંગીકાર કરવાને કેવું રાજી છે તે વિષે સૂચના કરેલી છે. તેણે તેમને પોતાના હાથમાં લીધાં—યશા. ૪૦; ૧૧. બાળકો બહુ ખુશી થયાં.

વાર્તાનો હેતુ.

ઈસુ બાળકોની ચિંતા કરતો હતો અને તેઓ તેની પાસે રહે એવું ચહાતો હતો.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—એક માંદા છોકરા વિષે ઈસુએ ઘણી ચિંતા રાખી અને તેને સાજો કર્યો તે વિષે ગયે અઠવાડીએ મેં તમને એક વાર્તા કહી હતી. ઈસુએ તેને કેવી રીતે સાજો કર્યો? બીજા માંદા માણસોને માટે આપણે પ્રાર્થના કરી છે કે? જે છોકરાઓ અને છોડીઓ માંદાં નથી તેમની ચિંતા ઈસુ કરે છે? છોકરાંઓ ગમે તેવો જવાબ આપે તો પણ

તેમને એમ કહો કે હું તમને એક વાર્તા કહીશ, અને તે વાર્તા પૂરી થયા પછી તેજ સવાલ ફરી તમને પુછીશ.

વાર્તા.

ઇસુ અને એક મોટા માણુસ—એક ઉનાળાને દિવસે ઇસુ અને તેના મિત્રો વાતો કરતા કરતા એક ઠેકાણે આવી પહોંચ્યા. તે જગ્યાએ કેટલાક મોટા માણુસો ઇસુની સાથે વાત કરવા માગતા હતા. તે માણુસોમાંના કેટલાક વકીલ હતા, અને કેટલાક ફરોશી હતા. ફરોશી લોકો આપણા દેશના બ્રાહ્મણો જેવા હતા. એ ઉપરાંત તેમાં કેટલાક પંડીતો પણ હતા. આ બધા લોકો ઇસુને પ્રશ્નો પુછતા હતા અને ઇસુ તેના જવાબ આપતો હતો. ઇસુના મિત્રો એમ ધારતા હતા કે આ મોટા માણુસોની સાથે વાદવિવાદ કરવાથી ઘણું સારૂં કામ થાય છે.

ગામડાંના લોકો—એવો ચિતાર આપો કે ધીમે ધીમે ગામડાંના લોકો ત્યાં આવવા લાગ્યા. તેમાંના કેટલાક ઘણા ગરીબ હતા અને તેમની સાથે તેમનાં નાનાં છોકરાં પણ હતાં. આ લોકો કેવા હશે તે વિષે વિચાર કરો. તમારા લોકોમાં કેટલાંક કુટુંબો છે તેવાંજ તેમાં પણ હતાં. એમ ધારો કે તમારે એકજ દીકરો છે અને તે નિશાળમાં અભ્યાસ કરવાને માટે જાય છે. આ ટોળામાં પણ એવું કુટુંબ હતું અને તેઓ પોતાનો એકનોએક દીકરો લઇને ઇસુની પાસે આવ્યાં. કોઈ કુટુંબમાં પાંચ છ છોકરાં હશે અને તેમાં સૌથી નાનો છોકરો બહુ હોશિયાર વિદ્યાર્થી હશે. છોકરાં પાસેથી તેમનાં ભાઇઓ અને બહેનો વિષે થોડી હકીકત માગો. આ પ્રમાણે તે ટોળામાં ઘણાં કુટુંબો હતાં. ઇસુના મિત્રોએ કેટલાંક માબાપોને પોતાનાં છોકરાં લઇને ઇસુની પાસે આવતાં જેયાં. તેઓએ એવો વિચાર કર્યો કે આ પ્રમાણે થાય તે ઠીક નહિ. છોકરાં ઘણી ગડબડ કરશે અને ઇસુ આ મોટા માણુસોની સાથે વાત કરે છે માટે આપણે છોકરાંને ઇસુની પાસે આવવા ન દેવાં જેઇએ. એવી કલ્પના કરો કે એક શિષ્ય એકાદ બાઇની પાસે ગયો અને તેને કહેવા લાગ્યો કે 'તમે તમારાં છોકરાંને લઇને ચાલ્યાં જાઓ. ઇસુ બહુ કામમાં છે. આજે તમારાં બાળકોની મુલાકાત લેવાનો ઇસુને વખત નથી. તમે બધાં ચાલ્યાં જાઓ.' તે સ્ત્રી નિરાશ થઇને પાછી ફરી હશે

તે વિષે વિચાર કરો. કદાચ તેણીએ એમ કહ્યું હશે કે, 'ઇસુ મારા બાળકને આશીર્વાદ દે અને તેને માટે પ્રાર્થના કરે એટલુંજ મારે જોઇએ છે.' પછી તે ટોળામાંનો એકાદ માણસ ઇસુની પાસે આવ્યો હશે અને એમ કહ્યું હશે કે, 'ઇસુ અમારા દેશમાં થઇને મુસાફરી કરે છે અને હવે થોડીવારમાં તે અહીંથી જતો રહેશે અને અમે એવું ચાહીએ છીએ કે તે અહીંથી જતાં પહેલાં અમારાં બાળકોને આશીર્વાદ દે.' પણ શિષ્યોએ તેને કહ્યું કે, 'ના, ના, તે તો મોટા માણસોની સાથે કામમાં રોકાએલો છે અને છોકરાંને આશીર્વાદ દેવાનો તેને વખત નથી.' કોઇ છોકરાં ઇસુને જોઇને પોતાનાં માબાપ પાસેથી તેની પાસે દોડી ગયાં હશે કે? તમે શું ધારો છો? પણ એક શિષ્યે તેમને અટકાવ્યાં. અને તેમને કહ્યું કે, 'તમે અહીંથી જતાં રહો. ઇસુને આજે તસ્દી ન આપો.'

ઇસુ અને છોકરાં—પણ ઇસુએ આ સાંભળ્યું, અને છોકરાંનાં માબાપને હાંકી કાઢતાં શિષ્યોને જોયા, તેથી તે બહુ ગુસ્સે થયો. તે છોકરાંનાં માબાપની સાથે ગુસ્સે થયો? તે છોકરાં સાથે ગુસ્સે થયો? ના, તે પોતાના મિત્રોની સાથે ગુસ્સે થયો. તેણે તેમને પૂછ્યું કે, 'તમે તે લોકોને કેમ કાઢી મૂકો છો?' શિષ્યોએ જવાબ આપ્યો કે, 'તેઓ પોતાનાં નાનાં છોકરાંને લઇને આવે છે અને તેથી પંડીતોને તેમના કામમાં હરકત થશે.' પણ ઇસુએ તેમને કહ્યું કે, 'છોકરાં મારી પાસે આવે એવું હું ચાહું છું.' ઇસુ પોતે જે શબ્દો બોલ્યો તે છોકરાંને કહો. માબાપો ઘણાં ખુશી થયાં. છોકરાંએ શું કર્યું હશે? તમે તે ઠેકાણે હોત તો શું કરત? છોકરાં ઇસુની આસપાસ વિંટળાઇ વળ્યાં અને જે છોકરાં ચાલી શકતાં નહોતાં તેમને ઉંચકીને તેમની માઓ ઇસુની ભણી દોડતી હતી એવો આબેહુબ ચિતાર આપો. કેટલાંક છોકરાં માંદાં હશે. ઇસુએ તેમને શું કર્યું હશે? જે છોકરાં મજબુત અને તંદુરસ્ત હતાં તેમને તેણે શું કર્યું હશે? આજે તમે ઇસુને તમારી પાસે આવતાં જુઓ તો તે શું કરે એ વિષે તમારી શી ઇચ્છા છે? કદાચ તેઓ એમ કહેશે કે તે અમારી સાથે રમતમાં ભાગ લે, અથવા તો અમારી સાથે કોઈ સુંદર જગ્યા જોવાને માટે આવે, અથવા તો અમે જે વાંચીએ તે સાંભળે અથવા અમને વાર્તા કહે. ઇસુએ તે દિવસે આવાં કેટલાંક કામો કર્યાં હશે અને

મારી પૂરી ખાતરી છે કે છોકરાં આ દિવસ કદી ભૂલી ગયાં નહિ હોય. તેમની જીંદગીમાં આ સૌથી સારો દિવસ હતો.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—ઈસુ માંદાં છોકરાંને માટે જેટલી ચિંતા રાખે છે તેટલી તંદુરસ્ત છોકરાંને માટે રાખે છે શું? અલબત, તે ચિંતા રાખે છે અને જેટલી ચિંતા તેણે આ છોકરાંને માટે રાખી તેટલીજ ચિંતા તે તમારા ગામનાં બધાં છોકરાંને માટે રાખે છે. સાબ્બાથશાળામાં વધારે છોકરાં લાવવા વિષે તેમને ફરીથી કહો. જો તમે એમ કરો તો તે દિવસે જેમ માબાપો પોતાનાં છોકરાંને ઈસુની પાસે લાવ્યાં તેમ તમે પણ છોકરાંને ઈસુની પાસેજ લાવો છો એમ કહેવાય.

સોનેરી વાક્ય.

જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે પણ એક બીજા પર પ્રેમ રાખો. યોહાન ૧૫ : ૧૨.

પાઠ ૪૩ મો.

ઈસુ પ્રાર્થના કરતા શિખવે છે.

માર્ક ૧ ; ૩૫-૩૭. માત્થી ૬ ; ૫-૧૫ : ૭ ; ૭, ૮.

શિક્ષકને માટે.

પ્રભુ ઇસુ હમેશાં પોતાનો ઘણો વખત પ્રાર્થનામાં ગાળતો હતો. જુઓ હેબ્રી. ૫ ; ૭ અને માત્થી ૨૬ ; ૩૬. માર્ક ૬ ; ૪૧ અને લુક ૬ ; ૧૨ ધ્યાનપૂર્વક વાંચો. પર્વતોનાં શિખર પર, જંગલોમાં અને એકાંત બગીચાઓમાં તે પ્રાર્થના કરતો હતો. તેણે પોતાના શિષ્યોને કહ્યું કે, 'તમે અંદરના ઓરડામાં પ્રાર્થના કરો,' માત્થી ૬; ૬. ઈસુને પ્રાર્થના કરવા સારૂ પોતાનો ઓરડો નહોતો. શિષ્યોએ જાણ્યું કે ઈસુને પ્રાર્થના કરવાની ટેવ છે અને પ્રાર્થના મારફતે તેને જે પરાક્રમ અને મદદ મળતાં હતાં તે પણ તેઓએ જાણ્યું અને તેથી તેઓએ ઇસુની વિનંતી કીધી કે અમને પ્રાર્થના કરતાં શિખવ. શિષ્યોને પ્રાર્થના સંબંધીનું શિક્ષણ ઘણું કરીને કોઈ એકાંત જગ્યાએ આપવામાં આવ્યું હશે. કદાચ માર્ક ૧ ; ૩૫ માં જે જગ્યા વિષે લખેલું છે તે જગ્યાએ તેમને આ શિક્ષણ આપવામાં આવ્યું હશે, લુક ૧૧ ;

૧, ૨ પણ વાંચો. માત્થીની સુવાર્તાના ૬ ઠા અધ્યાયની કેટલીક કલમો જે આજના શાસ્ત્રપાઠમાં આવે છે તેમાં ઇસુના પહાડ પરના ભાષણનો કેટલોક ભાગ આપેલો છે. વળી જુદી જુદી બાબતો સંબંધી ઇસુએ જે શિક્ષણ આપ્યું તેનો સંગ્રહ પણ માત્થીએ તેજ ઠેકાણે કરેલો છે તેથી આ બધું શિક્ષણ ઇસુએ એકજ વખતે આપ્યું એમ માનવાની જરૂર નથી. ઢોંગીઓ—આ શબ્દનો અર્થ નાટકમાં વેશ ભજવી બતાવનારા એવો થાય છે. વેશ ભજવી બતાવનાર માણસ પોતે જે નથી તે હોવાનો ઢોંગ કરે છે. પ્રાર્થનામાં ઢોંગ હોય તો તે બહુ હાનિકારક છે.

અમથો લવારો—અર્થ વિનાના નકામા શબ્દો. જેમ હિંદુ માણસ રામ, રામ, એમ બોલ્યા કરે છે તેમ ખ્રીસ્તી પણ અર્થ વિનાના શબ્દો વારંવાર બોલી શકે છે. આ પ્રમાણે કરવું એ ખોટું છે, સભાશિક્ષક ૫ ; ૨. જો તમે માફ ન કરો. કઠણ હ્રદયના માણસોને યહોવાહ તેમની પ્રાર્થનાનો જવાબ આપતો નથી. માત્થી ૭ ; ૭, ૮ માં આગ્રહની પ્રાર્થનાનું પરિણામ બતાવેલું છે.

વાર્તાનો હેતુ.

પ્રાર્થનાની મારફતે દેવની પાસે આવી શકાય છે એવું છોકરાંને સમજાવવું.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—નિશાળનું કામ શરૂ કરતાં પહેલાં આપણે પ્રાર્થના કરીએ છીએ. આપણે કોની પ્રાર્થના કરીએ છીએ? આપણે આપણી આંખો શા માટે બંધ કરીએ છીએ? આપણે જે બોલીએ છીએ તે ઇશ્વર સાંભળી શકે છે? છોકરાં પાસેથી આ સવાલના જવાબ કઢાવો અને પછી તેમને વાર્તા કહો.

વાર્તા.

ઇસુ પ્રાર્થના કરે છે—એક દિવસે સવારે અંધારૂં હતું તે વખતે ઇસુ ઉઠયો અને ધીમે રહીને બહાર ચાલ્યો ગયો. તે કયાં ગયો હશે? શિષ્યો પણ આ વિષે વિચાર કરતા હતા. એકાદ શિષ્ય કદાચ જાગી ઉઠયો અને ઇસુને જતાં જોયો, અને જ્યારે બધા શિષ્યો ઉઠયા ત્યારે તે

વિષે તેઓ વાતો કરવા લાગ્યા. થોડી વારમાં અજવાળું થયું. પછી તેઓ વિચાર કરવા લાગ્યા કે તે બહુ દૂર ગયો હશે કારણ કે તેને ગયે ઘણો વખત થયો. તે ક્યાં ગયો હશે? થોડી વારમાં લોકો ઘેર આવવા લાગ્યા અને પૂછવા લાગ્યા કે, 'ઇસુ અહિં છે? અમે તેની સાથે વાત કરવા માગીએ છીએ. તે ક્યાં હશે?' શિષ્યોએ કહ્યું કે, 'અમે જાણતા નથી આજ સવારે બહુ વહેલો ઉઠીને તે બહાર ગયો છે અને હજુ આવ્યો નથી.' જ્યારે ઘણા લોકો ઇસુની શોધ કરવા લાગ્યા ત્યારે શિષ્યોએ તેને શોધી કાઢવાનો નિશ્ચય કર્યો તે છોકરાંને કહો. તેઓ ઇસુને શોધવાને માટે બહાર જાય છે તેનો ચિતાર આપો. તેઓ ક્યાં જશે? એ તો નક્કી હતું કે તે શહેરમાં નહોતો કારણ કે શહેરના જુદા જુદા ભાગોમાંથી તો લોકો તેને શોધવા માટે આવ્યા હતા. તે જંગલમાં ગયો હશે. તેઓએ કેવી રીતે તેની તપાસ કીધી તે વિષે વિચાર કરો. આખરે ઇસુ તેઓની નજરે પડયો તે વિષે તેઓને કહો. ઇસુ તે વખતે શું કરતો હશે? તે એકલો જંગલમાં પરમેશ્વરની પ્રાર્થના કરતો હતો. પ્રાર્થનામાં ખલેલ પહોંચાડવાની તેમની ઇચ્છા નહોતી તેથી ઇસુએ તેમને જોયા ત્યાં સુધી તેમણે તેની રાહ જોઈ. પછી તેઓ તેની પાસે ગયા. તેઓએ ઇસુને જે કહ્યું તે કહો. તેથી તે તેમની સાથે પાછો આવ્યો.

<u>શિષ્યોએ આ બાબત વિષે તપાસ કરી</u>—શિષ્યોને આ બાબતમાં રસ પડયો તેથી ઇસુ આ પ્રમાણે કેટલી વાર પ્રાર્થના કરે છે તે જોવાનો લાગ તેમણે શોધ્યા કીધો. તેમને માલમ પડયું કે ઇસુ વારંવાર આ પ્રમાણે કરે છે. કોઇ કોઈ વાર આખી રાત ઇસુ જંગલમાં પ્રાર્થના કરતો હતો. તેઓને માલમ પડયું કે પ્રાર્થના કરવાથી ઇસુ વધારે આનંદી રહે છે અને વધારે સખત કામ કરી શકે છે. તેઓ માહોમાંહે વિચાર કરવા લાગ્યા કે આપણે પણ પ્રાર્થના કરવી જોઇએ અને જો આપણે ઇસુની પેઠે પ્રાર્થના કરીશું તો આપણે સારા થઇશું. તેથી તેઓએ એવો વિચાર કર્યો કે આપણે તે વિષે વધારે વધારે તપાસ કરીશું અને વધારે જ્ઞાન મેળવીશું.

<u>શિષ્યો પ્રાર્થના કરતાં શીખે છે</u>—એક વખતે ઇસુએ આખી રાત પ્રાર્થનામાં ગાળી. સવારમાં તેના શિષ્યોએ તેને કહ્યું કે, 'ગુરૂ, તું જેવી

રીતે પ્રાર્થના કરે છે તેવી રીતે અમે પણ પ્રાર્થના કરવા માગીએ છીએ; તું અમને શિખવશે?' તેથી ઇસુએ તેમની સાથે તે વિષે વાત કરી. ઇસુએ તેમને કહ્યું કે, 'કેટલાક લોકો પ્રાર્થના કરતી વખતે બધા જોઇ શકે એવી જગ્યાએ ઊભા રહે છે અને મોટેથી બૂમ પાડે છે.' રામ, રામ, રામ. પરમેશ્વરને આવી પ્રાર્થના ગમતી નથી. તે એવું ચાહે છે કે આપણે એકાંત ઠેકાણામાં જઇને પ્રાર્થના કરીએ. પછી તેણે તેમને કહ્યું, 'તમારે બહુ લાંબી પ્રાર્થના ન કરવી. તમે જો ફક્ત એકજ શબ્દ બોલશો તો પણ ઇશ્વર તે સાંભળશે. તમારે કંઈ ચીજ જોઇતી હોય તો જેવી રીતે તમારાં માબાપની પાસે તે માગો છો તેવીજ રીતે ઇશ્વરની પાસે માગો.' પછી તેણે તેઓને એક નાની પ્રાર્થના શિખવી અને કહ્યું કે 'ઇશ્વરને આવી પ્રાર્થના ગમે છે.' શિક્ષકે આ પ્રાર્થના છોકરાંની આગળ બોલી જવી. દરેક વાકય છુટું છુટું બોલવું. જો છોકરાંને આ પ્રાર્થના આવડતી હોય તો તેમને તમારી સાથે બોલવા દો, પણ દરેક શબ્દ તેઓ બરાબર બોલે છે કે નહિ અને તેનો અર્થ બરાબર સમજે છે કે નહિ તે ઉપર ધ્યાન આપવું જોઇએ. દરેક વાકયનો અર્થ નીચે પ્રમાણે સમજાવો.

ઓ આકાશમાંના અમારા બાપ—આપણે ઇશ્વરને બાપ કહીને બોલાવીએ એવું તે ચાહે છે.

તારૂં નામ પવિત્ર મનાઓ—આ વાકયથી ઇસુનું અજાયબ જેવું નામ આપણને યાદ આવે છે. તેના નામ વિષેનું વાકય કોને યાદ છે? છોકરાં તે વાકય મોઢે બોલી જાય. માત્થી ૧; ૨૧.

તારૂં રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ—આપણે દરેક જણને ઇસુ વિષે જણાવવા ચાહીએ છીએ અને જે જે કામો તેને ગમે છે તે કરવા ચાહીએ છીએ.

અમને અમારી આજની રોટલી તું આપ—આનો અર્થ આપણે બધા જાણીએ છીએ. આપણે યાદ રાખવું કે આપણને આપણો ખોરાક ઇશ્વર તરફથી મળે છે.

જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએ છીએ તેમ તું અમારાં ઋણ અમને માફ કર—જ્યારે આપણે કંઇ ખરાબ કામ કરીએ છીએ ત્યારે ઇશ્વર આપણને માફ કરે એવું આપણે ચાહીએ છીએ. આપણે પણ બીજા માણસોને માફી આપવી જોઇએ અને જ્યારે તેઓ આપણને ન ગમે એવું કામ કરે ત્યારે આપણે તેમની સાથે ગુસ્સે થવું નહિ.

અમને પરીક્ષણમાં ન લાવ પણ ભુંડાથી અમારો છુટકો કર—આનો અર્થ એવો થાય છે કે અમે સારા થઇએ અને ભુંડાં કામો ન કરીએ માટે તું અમને મદદ કર.

કેમકે રાજ્ય, તથા પરાક્રમ તથા મહિમા તારાં છે—ઈશ્વર બધા કરતાં મોટો છે.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—જેમ શિષ્યોએ આ પ્રાર્થના મોઢે કરી તેમજ નાનાં છોકરાંએ પણ તે મોઢે કરવી જોઇએ. છોકરાંને કહો કે દરરોજ સુઈ જતાં પહેલાં તમારે આ પ્રાર્થના કરવી.

સોનેરી વાક્ય.

હે પ્રભુ, તું અમને પ્રાર્થના કરતાં શિખવ. લુક ૧૧ ; ૧.

પાઠ ૪૪ મો.

પ્રભુ ઇસુ સ્વર્ગીય ઘર તૈયાર કરે છે.

યોહાન ૧૪ : ૧-૩. પ્રકટીકરણ ૨૧ ; ૧, ૨.

શિક્ષકને માટે.

પ્રકટીકરણનો ૨૨ મો અધ્યાય પણ વાંચો. આપણું ભવિષ્યનું જીવન કેવું થવાનું છે તેનો સૌથી સારો ચિતાર આપણને આ અધ્યાયોમાંથી મળી આવે છે. શિક્ષકે આ વર્ણન બહુ ધ્યાનપૂર્વક વાંચવું જોઇએ એ માટે કે તેની ખરી ખૂબી તે સમજી શકે. એમાં જે જે વર્ણવેલું છે તે બધામાં શુદ્ધતા, પવિત્રાઈ, સુંદરતા અને આત્માને સંતુષ્ટ કરે એવાજ વિચારો પ્રગટ કરેલા છે. આ વર્ણનમાં લેખકે સર્વસાપેક્ષક તુલનાનો અને નકારવાચક શબ્દોનો બહુ ઉપયોગ કરેલો છે તે પર

ધ્યાન આપો. એમ કરવાનું કારણ પાંચમી કલમમાં દર્શાવેલું છે. બધું નવું—એનો અર્થ નવી જાતનું એવો થાય છે. યોહાને જે જે જોયું તે બધું નવી જાતનું હતું તેથી તે વિષેના વિચારો આપણી ભાષામાં પ્રગટ કરવાનું તેને બહુ મુશ્કેલ લાગ્યું. યોહાને દર્શનમાં જે જે જોયું હતું તેનું વર્ણન કરવાને માટે તેણે આ પૃથ્વી પરની સૌથી સુંદર ચીજોનું વર્ણન કર્યું. કલમ ૧૧-૨૧. એમાં જે કીમતી પત્થરો વિષે વાત આવે છે, તે બધા કીમતી પત્થરોનું જ્ઞાન શિક્ષકોને નહિ હોય. તે પત્થરો જુદા જુદા રંગના છે. કેટલાક સફેદ ચળકતા રંગના છે, કેટલાક આસમાની છે, કેટલાક લીલા છે, અને કેટલાક સોનેરી રંગના તથા જાંબુડી રંગના છે. યાસપિસ—એ કદાચ હીરો હશે. યશા. ૫૪; ૧૧, ૧૨ પણ વાંચો. વળી કેટલીક ચીજો જે પૃથ્વી પર હમેશાં તેના જોવામાં આવતી હતી તે તેણે ત્યાં ન જોઈ માટે તેને નકારવાચક શબ્દો વાપરવાની જરૂર પડી. ત્યાં આગળ આપણા જોવામાં નહિ આવે એવી જે જે વસ્તુઓ વિષે આ અધ્યાયોમાં વાત આવે છે તેની એક નોંધ તૈયાર કરો. પ્રભુ ઈસુને સાત વાર હલવાનની ઉપમા આપેલી છે. તે વધસ્તંભે જડાયો હતો, નમ્ર હતો, અને પાપીઓનો મિત્ર હતો. પાંચમા અધ્યાયની પાંચમી અને છઠ્ઠી કલમ સરખાવો. વળી યોહાનના ૧૪ મા અધ્યાયમાં એવું જણાવેલું છે કે પ્રભુ ઈસુ જે પોતે ત્યાં હાજર છે અને આપણને ઓળખે છે તેણે દરેકને માટે એક જગ્યા તૈયાર રાખી છે.

વાર્તાનો હેતુ.

આપણો પ્રેમી મિત્ર જે હાલ આપણા વિષે ચિંતા રાખે છે તે આપણી ભવિષ્યની જીંદગીને માટે પણ ચિંતા કરે છે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—ઈસુ આકાશમાં ચઢી ગયો તે વિષે તમે એક વાત સાંભળી છે. તે વાત કોને યાદ છે? (છોકરાં વાત કહે, પણ જો તેઓ તે વાત ભૂલી ગયાં હોય તો આકાશગમનની મુખ્ય બાબતો તેમને યાદ દેવડાવવી.)

વાર્તા.

વચન—જો કે બધાએ તેને જતાં જોયો પણ તે કયાં ગયો તે કોઈએ જાણ્યું નહિ. તેઓએ તેને ઉંચે જતાં જોયો પણ તે કયાં ગયો તે

સમજ્યા નહિ. પછી ઇસુએ આ પૃથ્વી પરથી જવા વિષે અને જગ્યા તૈયાર કરવા વિષે તેમને કંઈ કહ્યું હતું તે તેમને યાદ આવ્યું પણ ઇસુએ તેમને આ વાત કહી હતી ત્યારે તે ક્યાં જવાનો છે, ક્યારે જવાનો છે અને કેવી રીતે જવાનો છે તે વિષે તેઓ કંઈ સમજ્યા નહોતા. પણ હમણાં જ્યારે તેઓએ ઇસુને આકાશમાં ઉંચે જતાં જોયો ત્યારે તેણે તેઓને જે કહ્યું હતું તે તેમને યાદ આવ્યું, અને હું ધારૂં છું કે તેઓએ એક બીજાને એમ પણ પૂછ્યું હશે કે તે જગ્યા વિષે તેણે બીજું શું કહ્યું હતું. પછી તેઓને એક બીજી વાત પણ યાદ આવી. ઇસુએ તેમને એમ પણ કહ્યું હતું કે "મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે." એનો અર્થ એવો થાય છે કે જ્યાં ઈશ્વર રહે છે ત્યાં બીજાઓને રહેવાને માટે પણ જગ્યા છે. ઇસુ પોતાના બાપના ઘરમાં ગયો હતો. વળી ઇસુએ એમ પણ કહ્યું હતું કે "જો હું જાઉં અને તમારે માટે જગ્યા તૈયાર કરૂં તો હું પાછો આવીશ. અને તમને મારી પાસે લઈ જઇશ એ માટે કે જ્યાં હું છું ત્યાં તમે પણ રહો." દૂતોએ પણ આ પ્રમાણે કહ્યું હતું એ તમને યાદ છે? તે પાછો આવશે. પછી તેઓને એવો વિચાર આવ્યો કે તે પાછો આવતા પહેલાં આપણ બધાને માટે જગ્યા તૈયાર કરશે. તે જગ્યા કેવી હશે તે વિષે પણ તેમના મનમાં વિચાર આવતા હશે. તેમને ખાતરી હતી કે આ જગ્યાઓ બહુ સુંદર હશે અને ગમે એવી તથા આનંદકારક હશે. ઇસુ હમેશાં તેમની સાથે રહેવાનો હતો એ તેમને બહુ સારૂં લાગ્યું. પણ હું ધારૂં છું કે ઇસુ જે જગ્યાઓ તૈયાર કરતો હતો તે વિષે તેમને કંઈવધારે જાણવાનું મન થયું હશે. કદાચ તે જગ્યાનું ચિત્ર જોવાનું તેમને મન થયું હશે. એક દિવસે ઈશ્વરે તેમને તેનું ચિત્ર દેખાડયું. તે ચિત્ર ઈશ્વરે તેમને કેવી રીતે દેખાડયું તે વિષે હું તમને એક વાર્તા કહીશ.

<u>દર્શન</u>—ઇસુના ઘણા મિત્રો મરી ગયા અને તેમને માટે તૈયાર કરેલા સુંદર ઘરમાં તેઓ ગયા ત્યાર પછી ઘણે વખતે આ બનાવ બન્યો. ઇસુનો એક ખાસ મિત્ર હજુ પણ જીવતો હતો અને તે ઘણો ઘરડો હતો. તેને એક દિવસે અજાયબ જેવું સ્વપ્ન આવ્યું. એ કાંઈ સ્વપ્ન નહોતું કારણ કે તે વખતે તે જાગતો હતો, અને તેણે જે જે જોયું તે

બધું ખરૂં હતું. સ્વપ્નમાં જે દેખાય છે તે બધું ખરૂં હોતું નથી. તેને તો આ દેખાવ સ્વપ્ન જેવો લાગ્યો. સ્વપ્ન કેવું હોય છે તે તમે જાણો છો? જ્યારે સ્વપ્ન પૂરૂં થયું ત્યારે તેણે જે જે જોયું હતું તે બધું લખી લીધું એ માટે કે આપણે પણ તે વાત જાણીએ. ઈસુ સ્વર્ગમાં ગયો હતો અને ત્યાં જે જે વસ્તુઓ હતી તે બધી તેણે જોઈ અને ઈસુને પણ જોયો. તેણે જે જે વસ્તુઓ જોઈ તે વિષે હું તમને કહીશ. તેણે એટલી બધી અજાયબ જેવી અને સુંદર વસ્તુઓ ત્યાં જોઈ કે તેમાંની કઈ વસ્તુ વિષે મારે તમને પહેલાં કહેવું તે હું સમજી શકતો નથી. તેણે એક સુંદર નદી ત્યાં જોઈ. હું ખાતરીપૂર્વક કહું છું કે તમે એવી સુંદર નદી કદી જોઈ નહિ હોય. તમે જે નદીઓ જોઈ છે તેમાં સૌથી સુંદર નદી કઇ છે? તે નદીના પાણીનો રંગ કેવો છે? આ નદીનું પાણી એટલું બધું નિર્મળ હતું કે જો તમે તે પાણી તમારા હાથમાં લો તો તમારો હાથ પણ પાણીની આરપાર દેખાય. આવું નિર્મળ પાણી પીવાનું તમને મન થાય કે? આ નદી કદી સૂકાઇ જતી નથી. પૃથ્વી પરની નદીઓનાં અને તળાવોનાં પાણી ઉનાળામાં સૂકાઇ જાય છે. સ્વર્ગમાં બહુ તાપ પડતો નથી તેથી ત્યાંના લોકોને આપણી પેઠે તરસ લાગતી નથી. તેમને પાણી પીવું હોય તો આ સુંદર નદીમાં તેમને માટે પુષ્કળ ચોકખું પાણી છે. આ નદીમાં પુષ્કળ પાણી છે તેથી ત્યાંનાં ઝાડ પણ કદી સૂકાતાં નથી. યોહાને ત્યાં પુષ્કળ ઝાડો જોયાં. વળી આ ઝાડ પર પુષ્કળ સ્વાદિષ્ટ ફળ થાય છે. તમને કઇ જાતનાં ફળ બહુ ગમે છે? આ પૃથ્વી પર કોઈ ઋતુમાં ફળ મળે છે અને કોઇ ઋતુમાં નથી મળતાં, પણ ત્યાંનાં ઝાડ પર હમેશાં ફળ થાય છે. આ નવા ઘરમાં ઈસુએ પહેલવહેલાં પાણી અને ખોરાક એ બે ચીજો તૈયાર કરી. પ્રભુ ઈસુ કહે છે કે ત્યાં આગળ કોઇને તરસ કે ભૂખ લાગતી નથી. આ કેવું સારૂં! વળી યોહાન લખે છે કે ત્યાંનો રસ્તો અહીંના રસ્તા કરતાં તદ્દન જુદો છે. અહીંના રસ્તા શાના બનાવેલા છે? આ પૃથ્વી પરના રસ્તા પર પુષ્કળ ધૂળ ઉડે છે અને તેથી આપણાં લુગડાં મેલાં થાય છે. વળી રસ્તા પરના પત્થર આપણા પગમાં વાગે છે અને રસ્તા જોઇએ તેવા સુંદર નથી હોતા, પણ જે રસ્તો યોહાને જોયો તે

વિષે તે એમ લખે છે કે તે સોનાનો બનાવેલો છે. સોનું આપણા શા કામમાં આવે છે? જે રસ્તા પર થઇને તમે ઘેર જાઓ છો તે રસ્તો જો ચોકખા સોનાનો હોય તો કેવો દેખાય તે વિષે જરા કલ્પના કરો. યોહાને જે ઘરો જોયાં તે આપણાં ઘર કરતાં બહુ સુંદર હતાં. યોહાન એમ લખે છે કે ઇસુએ પોતાના મિત્રોને માટે જે જગ્યા તૈયાર કરી છે તે બહુ સુંદર છે.

લોકો—ત્યાં આગળ કેટલાક માણસો, સ્ત્રીઓ, છોકરા અને છોડીઓ પણ તેના જોવામાં આવ્યાં. તેઓએ બહુ સુંદર પોષાક પહેર્યો હતો અને તેઓ ઇસુની સાથે ફરતાં હતાં. તેઓ બધાં બહુ આનંદી દેખાતાં હતાં. એક પણ માણસ દિલગીર જણાતું નહોતું. કોઇએ યોહાનને કહ્યું કે, 'અહીં આગળ કોઇ માણસ કદી રડતું નથી. અહીં આગળ દુ:ખી થવાનું કાંઈ પણ કારણ નથી.' કોઈ માંદા માણસો ત્યાં તેની નજરે પડ્યા નહિ. જે માણસો આ પૃથ્વી પર માંદા હતા તે ત્યાં આગળ તંદુરસ્ત દેખાયા. સ્વર્ગમાં કોઇને તાવ આવતો નથી અને ત્યાં કોઇ પણ જાતનું દુ:ખ નથી. તેને એવો વિચાર આવ્યો કે અહીં કોઇ દુ:ખી નથી અને કોઈ કદી માંદું પડતું નથી માટે અહીં રહેવાનું હોય તો કેવું સારૂં! તમને પણ એવોજ વિચાર નથી આવતો? પછી દુષ્ટ લોકો જેઓ કજીયા કરે છે, અને જૂઠું બોલે છે અને ચોરી કરે છે તેમના વિષે યોહાનને વિચાર આવ્યો. પણ કોઇએ તેને કહ્યું કે, એવા માણસો અહીં આવતા નથી. આ જગ્યા ઇસુએ તેના મિત્રોને માટે તૈયાર કરી છે. જે માણસો ભુંડાં કામો કરતાં નથી તેજ ઇસુના મિત્રો છે. જે માણસો કજીયા કરે છે અને જૂઠું બોલે છે તેઓને આવા આનંદી ઘરમાં પ્રભુ ઇસુ પ્રવેશ કરવા દે તો તે ઘરની કેવી દુર્દશા થાય તે વિષે જરા વિચાર કરો. જો ત્યાં આગળ અપ્રેમી અને ક્રૂર માણસો હોય તો તેમને જોઇને છોકરાંને બીક લાગે. જેથી બીજાને દુ:ખ થાય અથવા જેની બીજાને બીક લાગે એવું કંઈ પણ પ્રભુ ઇસુ ત્યાં રહેવા દેશે નહિ. પ્રભુ ઇસુ પોતાના મિત્રોને માટે આવી સુંદર જગ્યા તૈયાર કરે છે અને જો આપણે તેના મિત્ર થઈશું તો આપણને તે કોઈ દિવસે જરૂર ત્યાં લઈ જશે. બધાં નાનાં બાળકો ઇસુના મિત્રો થાય એવું તે ચાહે છે.

સ્વર્ગમાંના લોકો ઈસુને પસંદ પડે એવાંજ કામો કરે છે માટે આપણે પણ એમજ કરીશું.

વાર્તા પૂરી થયા પછી સોનેરી વાક્ય મોઢે કરાવો.

સોનેરી વાક્ય.

મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે. યોહાન ૧૪ ; ૨.

પાઠ ૪૫ મો.

૩૯–૪૪ પાઠોનું પુનરાવર્તન.

આ પાઠોમાં જે મુખ્ય વિષય છે તે ઈસુની પ્રેમાળ સંભાળ વિષેનો છે. ઈસુ કેટલા બધા માણસોની સંભાળ કરે છે તે છોકરાંને ફરીથી બતાવવા માટે આ પાઠોનું પુનરાવર્તન કરવાની જરૂર છે. માંદાં તથા તંદુરસ્ત છોકરાંને માટે, ભુખ્યા લોકોને માટે, આંધળા માણસોને માટે અને તેના બધા મિત્રોને માટે ઈસુ ચિંતા કરે છે એ વિષે તમે ઘણી વાતો સાંભળી છે એમ છોકરાંને કહો. વારૂ, આ વાર્તાઓ કોને યાદ છે? ચાલો ત્યારે, આંધળા માણસની વાત કોણ કહેશે? બધી વાતો છોકરાંની પાસેજ કહેવડાવો. વાર્તાઓમાં જે જુદા જુદા પ્રશ્નો આપેલા છે તેજ છોકરાંને પૂછવા એ સારી રીત નથી. જો છોકરો કોઈ બાબત પડતી મૂકે તો એકદમ તે વિષે પ્રશ્ન કરો કે શું રહી ગયું? પછી તેજ છોકરો કે બીજો છોકરો વાત આગળ કહે. કોઇ પણ વાર્તામાં પાંચ કરતાં વધારે મિનીટ લેવી નહિ, અને કોઇ કોઇ વાર્તા તો તે કરતાં પણ ઓછા વખતમાં કહી શકાશે.

૮. દેવનાં છોકરાં પ્રેમી અને માયાળુ હોય છે.

પાઠ ૪૬ મો.

એક નાનો છોકરો ઈસુને મદદ કરે છે.

યોહાન ૬ ; ૧–૧૩.

શિક્ષકને માટે.

૪૦ મા પાઠની નોંધ ફરીથી વાંચી જાઓ. શાસ્ત્રપાઠ જો કે તેનો તેજ છે તોપણ વાર્તાનો હેતુ આ વખતે જુદો છે, તેથી આ વાર્તા કહેવાની રીતમાં ફેર પડશે. ગઈ વખતે આ પાઠનો અભ્યાસ કરતી વેળાએ આપણે મુખ્યત્વે કરીને ભુખ્યા લોકો સંબંધી વિચાર કર્યો હતો. આ વખતે આપણે નાના છોકરા વિષે વિશેપ વિચાર કરીશું.

વાર્તાનો હેતુ.

નાનો છોકરો પણ મદદ કરી શકે છે.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—તમે તમારો ખોરાક કયાં ખાઓ છો? તમારી માએ તમને જંગલમાં લઇ જવા માટે કદી કંઇ ખાવાનું આપ્યું છે? કોઈ કોઇ વાર લોકો જ્યારે લાંબી મુસાફરીમાં નીકળે છે ત્યારે પોતાની સાથે થોડું ખાવાનું લઇ લે છે. કોઇ માણસને તમે એમ કરતાં જોયો છે?

વાર્તા.

<u>નાનો છોકરો અને તેનો ખોરાક</u>—એક વખતે એક નાનો છોકરો થોડું ખાવાનું લઈને બહાર નીકળ્યો હતો. હું ધારૂં છું કે રજાનો દિવસ હશે અને છોકરો ગમત કરવાને માટે આ પ્રમાણે ખાવાનું લઈને નીકળ્યો હશે. એવી કલ્પના કરો કે તે છોકરો તેની મા પાસે ગયો અને તેને કહેવા લાગ્યો કે, 'મને થોડું ખાવાનું આપ.' તેની માએ તેને પૂછ્યું કે, 'તારે શું જોઈએ છે?' તેણે તે છોકરાને શું આપ્યું હશે તે છોકરાંને કહો. પછી તે છોકરો ઘેરથી નીકળ્યો. તે કયાં જવા માગતો હતો? કેટલાક

છોકરા સરોવરમાં માછલી પકડવા ગયા હશે અને તે પણ ત્યાં જવા ચહાતો હશે. પછી તેણે બીજા કેટલાક માણસોને અને છોકરાને સરોવરે જતાં જોયા. તેણે તેમને પૂછ્યું કે તમે કયાં જાઓ છો? તેણે પણ તેમની સાથે જવાનો નિશ્ચય કર્યો અને પોતાને ઘેરથી નીકળ્યો. તે બહુ મોડો ઘેર આવવાનો હતો પણ તે વિષે તેને કંઇ ચિંતા નહોતી, કારણ કે તેની પાસે થોડી રોટલી અને માછલી હતી.

આતુર ટોળું—પહેલાંની પેઠેજ ટોળાનું વર્ણન કરો. છોકરો ઈસુની વાત સાંભળવાને ધીમે ધીમે તેની પાસે ગયો તેનો ચિતાર આપો.

ભૂખ્યા લોકો—લોકો માહોમાંહે વાતો કરવા લાગ્યા કે આપણે ખાવાનું કયાંથી લાવીશું? તે છોકરો મનમાં એવો વિચાર કરતો હતો કે મારે કાંઇ ફિકર નથી કારણકે મારી પાસે તો પુષ્કળ ખાવાનું છે. કદાચ તે આંદ્રયા પાસે બેઠો હશે અને તેની સાથે વાતો કરી હશે અને પોતાની પાસે જે ખાવાનું હતું તે તેને બતાવ્યું હશે. ઇસુ અને શિષ્યો વચ્ચે જે વાતચીત થઈ તે વિષે અને આંદ્રયાએ તે છોકરો ઈસુને બતાવ્યો અને તેની પાસે જે ખાવાનું હતું તે વિષે ઇસુને કહ્યું તે સંબંધી છોકરાંને કહો. ઇસુએ તે છોકરાને કહ્યું કે, 'તારી રોટલી મને આપ.' છોકરાને કેવું લાગ્યું હશે! તેણે શું કર્યું? તમે પોતે શું કરો? તમને એવું માલમ હોય કે અહીં આગળ ખાવાની કંઇ ચીજ મળે એમ નથી તો તમે તમારૂં ખાવાનું ઈસુને આપો કે? વારૂ, આ છોકરાએ પોતાનું ખાવાનું ઈસુને આપ્યું. આખો દિવસ તેણે ઈસુની વાતો સાંભળી હતી અને ઇસુને કંઈ આપવામાં તે માન સમજતો હતો. પછી શિષ્યોએ લોકોને હારબંધ બેસાડ્યા તેનું વર્ણન કરો, અથવા છોકરાંને તે વિષે કંઇ કહેવા દો. આ વખતે તે નાનો છોકરો શું કરતો હશે? હું ધારૂં છું કે તે ઈસુની પાસે ઊભો રહ્યો હશે, અને આ થોડો ખોરાક લઈને ઇસુ શું કરશે તે વિષે વિચાર કરતો હશે. અલબત, બધાં માણસોને બસ થાય એટલો ખોરાક નહોતો.

મોટી મિજબાની—પહેલાંની પેઠેજ આ બીનાનું વર્ણન કરો. પેલો નાનો છોકરો પોતાના થોડા ખોરાકમાંથી આટલો બધો ખોરાક

તૈયાર થએલો જોઇને ઘણો અજાયબ થયો તેનો ચિતાર આપો. સૌથી પહેલો કોને ખોરાક આપવામાં આવ્યો હશે? હું ધારૂં છું કે ઇસુએ સૌથી પહેલાં આ છોકરાનેજ ખોરાક આપ્યો હશે. દરેક માણસને જોઇએ તેટલું ખાવાનું મળ્યું તે જોઇને આ નાનો છોકરો બહુ ખુશી થયો, કારણકે તેણે સ્વાર્થી નહિ થતાં પોતાનો ખોરાક બીજાને માટે ઇસુને આપી દીધો. કદાચ ઇસુએ તેને એમ કહ્યું હશે કે તેં તારો ખોરાક મને આપ્યો અને ભૂખ્યાં માણસોને ખવડાવવામાં મને મદદ કરી માટે હું તારો ઉપકાર માનું છું.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—આ નાના છોકરાએ જેમ ઇસુને મદદ કરી તેમ આપણે ઇસુને મદદ કરવાને માટે કંઈ કરી શકીએ? આપણી પાસે એવું કંઈ છે કે જે આપણે બીજાને માટે આપી શકીએ? કદાચ સાબ્બાથશાળાનું એક માસનું ઉઘરાણું ગરીબ છોકરાંને માટે આપવામાં આવે તો સારૂં, કારણ કે એમ કરવાથી વિદ્યાર્થીઓ એમ સમજશે કે અમે પણ પેલા છોકરાની પેઠે ભુખ્યા લોકોને ખવડાવવામાં મદદ કરીએ છીએ.

સોનેરી વાક્ય.

બાળક પણ પોતાનાં આચરણથી જણાય છે. દષ્ટાં. ૨૦; ૧૧.

પાઠ ૪૭ મો.

એક દાસી પોતાના શેઠને મદદ કરે છે.

૨ રાજા. ૫; ૧-૧૫.

શિક્ષકને માટે,

નકશામાંથી સિરીઆ શોધી કાઢો. તે જોવાથી તમને માલમ પડશે કે સિરીઆનાં લશ્કરો પર્વતો ઓળંગીને ઇસ્રાએલના ઉત્તર ભાગના મુલકો પર સહેલથી હુમલા કરી શકે એમ છે. આ પ્રમાણે દુશ્મનો સેંકડો વર્ષોથી દેશ પર હુમલા કર્યા કરતા હતા, અને જેમ થોડા વખત પર ટર્કો આર્મીનીઅનોને પકડીને લઈ ગયા હતા તેમ તે વખતે જુવાન સ્ત્રીઓને અને નાની છોડીઓને કેદી તરીકે પકડી લઈ જતા હતા.

દમાસ્કસ જે હાલ સિરીઆનું મુખ્ય શહેર છે તે તે વખતે પણ રાજધાનીનું શહેર હતું. તેની પાસે થઇને અબાનાહ નદી વહે છે. તે શહેર ઘણું સુંદર હતું, તેની આજુબાજુ સુંદર બગીચા હતા, અને તે શહેર ઘણું ધનવાન હતું, હઝકી. ૨૭; ૧૮. સમરૂન—આ શહેરની પાસે એલીશા રહેતો હતો. તે રણને પેલે પાર ૧૨૦ માઇલ દૂર હતું. રથમાં બેસીને ત્યાં જતાં ચાર કે ૭ દિવસ થાય. યરદન નદી સમારીઆથી ૨૫ માઇલ દૂર હતી. નાઅમાન એ ફતેહ પામેલો સરદાર હતો અને માયાળુ હતો, કલમ ૩, ૧૩. પાલેસ્ટાઈનમાં જેમ કોઢિયો અશુદ્ધ ગણાતો હતો તેમ તે દેશમાં તે અશુદ્ધ ગણાતો નહોતો. દાસી ઘણું કરીને ઇશ્વરની બીક રાખનાર કુટુંબની હશે, કારણ કે જો એમ ન હોય તો તે એલીશાને ઓળખે નહિ. ઇસ્રાએલનો રાજા—આ વખતે આહાબનો દીકરો યહોરામ રાજ્ય કરતો હતો. તે રાજા એલીશાની કંઇ પરવા કરતો નહોતો કારણ કે તે દેવનો ભક્ત નહોતો. નાઅમાન પોતાની સાથે જે પૈસાની રકમ લઈ ગયો હતો તે બહુ મોટી હતી. એક તાલંત રૂપાની કીમત તે વખતમાં કદાચ રૂ. ૧,૦૦૦ થતા હશે. તે વખતમાં લોકો જે ગાડી વાપરતા હતા તેને રથ કહેતા હતા. જા, યરદનમાં પોતાને ધો—નાઅમાનની નમ્રતા અને તેનો વિશ્વાસ પારખવાને આ શબ્દો કહેવામાં આવ્યા. ઇશ્વર બધા માણસોને માટે સરખી ચિંતા કરે છે, અને તેની મોટી પદવીને લીધે ઇશ્વર તેના પર કંઈ વધારે મહેરબાની દેખાડે નહિ એ બાબત નાઅમાનને હજુ શીખવાની હતી.

વાર્તાનો હેતુ.

નાની છોડી પણ મોટું કામ કરી શકે.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—એક નાના છોકરાએ ઈસુને મદદ કરી તે વિષે ગયે અઠવાડિયે મેં તમને એક વાત કહી હતી. તેણે ઈસુને કેવી રીતે મદદ કરી? આખી વાર્તાનું પુનરાવર્તન કરવાની જરૂર નથી; ફક્ત તે નાના છોકરાએ જે કામ કર્યું હતું તે છોકરાંને યાદ દેવડાવો. હવે એક નાની છોડીએ એક મોટા માણસને મદદ કરી તે વિષે હું તમને વાર્તા કહીશ.

વાર્તા.

ગુલામ તરીકે પકડાએલી છોડી—પેલા નાના છોકરાનું નામ મેં તમને કહ્યું નહોતું કારણ કે તેનું નામ હું જાણતો નહોતો, અને આ નાની છોડીનું નામ પણ હું તમને કહી શકતો નથી. તે નાની છોડી બહુ સારી હતી. આ નાની છોડીને તેની માએ પ્રાર્થના કરતાં શિખવ્યું હતું તેથી તે ઈશ્વર પર પ્રેમ કરતી હતી અને હમેશાં તેની પ્રાર્થના કરતી હતી. એક દિવસે એક ત્રાસદાયક બનાવ બન્યો. પરદેશથી કેટલાક સિપાઈઓ તેના દેશ પર ચઢી આવ્યા અને ઘણા માણસોને મારી નાખ્યા. હું ધારૂં છું કે આ નાની છોડીનો બાપ પણ તેમાં મરાયો હશે. તેઓ ઘણી સ્ત્રીઓને અને નાની છોડીઓને પોતાના દેશમાં કેદી તરીકે પકડી લઈ ગયા. આ નાની છોડીને બહુ બીક લાગતી હતી અને તેથી તે રડયા કરતી હતી. આટલું બધું દુ:ખ તેને માથે આવ્યું છતાં તે ઈશ્વરને ભૂલી ગઈ નહિ. તે તો હમેશાં તેની પ્રાર્થના કર્યાં કરતી. તે એવી પ્રાર્થના કરતી હશે કે, 'હે ઈશ્વર, તું એવું કર કે આ સિપાઈઓ મને કંઈ ઈજા ન કરે.' જ્યારે સિપાઈઓ પોતાના દેશમાં પાછા આવ્યા ત્યારે આ નાની છોડીને તેઓ એક માયાળુ બાઈના ઘરમાં લઈ ગયા. ત્યાં આગળ તેને આયાનું કામ શીખવું પડયું. એવો ચિતાર આપો કે તે છોડીને પેલી બાઈનાં લુગડાં સીવવાં પડતાં હશે, અને તેના નાના બાળકની સંભાળ લેવી પડતી હશે. તે નાની છોડી પોતાનું કામ બહુ સારી રીતે કરતી હતી તેથી તેની શેઠાણી તેના પર બહુ પ્રીતિ રાખતી હતી. આ નવા ઘરમાં તે છોડી પોતાના દિવસો સુખમાં કાઢવા લાગી.

કોઢિયો—એક બાબતને લીધે આ છોડી બહુ દુ:ખી હતી. જે લોકોની સાથે તે રહેતી હતી તેઓ મૂર્તિપૂજા કરતા હતા અને ઈશ્વરને ઓળખતા નહોતા. વળી તેના શેઠને કોઢ હતો તેથી ઘરનું દરેક માણસ શોકાતુર રહેતું. કોઢીઆ ઘણું કરીને ગરીબ હોય છે અને ભીખ માગીને પોતાનું ગુજરાન ચલાવે છે પણ આ માણસ એવો નહોતો. તે માણસની ઉંચી પદવી, તેની દોલત અને તેના ભવ્ય મહેલનું વર્ણન કરો. શેઠ ઘણો માયાળુ હતો તેથી તેના સઘળા નોકરો તેના રોગને લીધે બહુ દુ:ખી થતા હતા અને આ નાની છોડીને પણ બહુ દુ:ખ

લાગતું હતું. એક દિવસે આ નાની છોડીએ પોતાની શેઠાણીને કહ્યું કે 'અમે ઈશ્વરની સેવા કરીએ છીએ અને અમારા દેશમાં એક ભવિષ્યવાદી છે, જો મારો શેઠ તેની પાસે જાય તો તે જરૂર તેને સાજો કરે.' એવી કલ્પના કરો કે આ વાત આખા ઘરમાં ફેલાઈ ગઈ. તે બાઈએ આ વાત પોતાના ધણીને કહી અને આ ભવિષ્યવાદી વિષે તેઓએ તેને ઘણા પ્રશ્નો પૂછ્યા. પછી તેઓએ એવો વિચાર કીધો કે આ નાની છોડીના દેશમાં જવાને આપણને બહુ લાંબી મુસાફરી કરવી પડશે. નાની છોડીએ ખાતરીપૂર્વક જણાવ્યું કે નાઅમાન સારો થશે તેથી તેણે ઈસ્રાએલના દેશમાં જવાનો ઠરાવ કીધો. મુસાફરીને માટે તેઓએ કેવી તૈયારી કીધી, સાથે શું શું લીધું, કેટલા નોકરો સાથે લીધા, વગેરે બીનાઓનો આબેહુબ ચિતાર આપો. પેલી નાની છોડી પોતાના શેઠને માટે હમેશાં એવી પ્રાર્થના કર્યા કરતી હતી કે, 'હે ઈશ્વર, મારા શેઠને તું સાજો કરજે.' તેણે શેઠાણીને પણ પ્રાર્થના કરવાનું કહ્યું હશે કે?

<u>ભવિષ્યવાદી</u>—પછી આ મોટો માણસ મુસાફરી કરતો કરતો ચાર પાંચ દિવસે પેલી નાની છોડીના દેશમાં આવી પહોંચ્યો. ત્યાં આવી પહોંચ્યા પછી ભવિષ્યવાદીનું ઘર શોધી કાઢવાનો તેણે પ્રયત્ન કર્યો અને આખરે તે શોધી કાઢ્યું તેનો ચિતાર આપો. એલીશાએ તેને જે કહેવડાવ્યું તે છોકરાંને કહો. જેથી સાજા થવાય એવા ઉપાયની વાત સાંભળીને નાઅમાનને આનંદ થવો જોઈએ કે નહિ? પણ ખુશી થવાને બદલે તે બહુ ગુસ્સે થયો. તે એમ બોલ્યો કે, 'આ ભવિષ્યવાદી તો મારી સાથે એક મજુરની પેઠે વર્તે છે. તે જાણતો નથી કે હું લશ્કરનો મુખ્ય અમલદાર છું. હું અહીંની નદીમાં સ્નાન નહિ કરૂં. હું તો મારા દેશમાં પાછો જઈશ.' તેના નોકરોએ તેને જે કહ્યું તે છોકરાંને કહો. પછી ભવિષ્યવાદીએ જેમ કહ્યું હતું તેમ કરવાને નોકરોએ નાઅમાનના કાલાવાલા કીધા તેનો આબેહુબ ચિતાર આપો. નોકરોનું માનીને નાઅમાન નદીએ ગયો. નદી બહુ દૂર હતી. પછી નાઅમાને નદીને કિનારે ગાડી ઊભી રાખી, અને પોતાનાં સુંદર કપડાં ઉતારીને નદીમાં ન્હાવાને માટે ગયો તેનું વર્ણન કરો. નાઅમાન પ્હેલીવાર ડુબકી મારીને બહાર નીકળ્યો ત્યારે તેના શરીરમાં કંઈ ફેર માલમ પડ્યો નહિ.

પછી નાઅમાને બીજીવાર તે પ્રમાણે કર્યું, તોપણ કંઇ ફેર જણાયો નહિ. સાતવાર નાઅમાને આ પ્રમાણે કર્યું તેનું વર્ણન કરો. નાઅમાન સાજો થાય છે કે નહિ તે જોવાને માટે તેના સઘળા નોકરો બહુ આતુર હતા. સાતમી વખતે તે શુદ્ધ કરાયો. પછી તેઓએ તેનું આખું શરીર તપાસી જોયું. તેમને માલમ પડ્યું કે નાઅમાનનો કોઢ તદન જતો રહ્યો છે.

પછી નાઅમાન એકદમ લુગડાં પહેરીને તે ભવિષ્યવાદીનો ઉપકાર માનવાને તેને ઘેર ગયો, અને ઉપકાર માન્યા પછી પોતાને ઘેર ચાલ્યો ગયો. નાઅમાન પોતાના દેશમાં પાછો આવ્યો તેનો ચિતાર આપો. નાઅમાનના કુટુંબનાં માણસોએ પોતાનો આનંદ જાહેર કરવાને માટે શું કીધું? નાની છોડી પણ નાઅમાનને સાજો થએલો જોઇને બહુ રાજી થઇ હશે.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—નાની છોડીએ જે કામ કર્યું તેનું વર્ણન ફરીથી કરો. છોકરાંની પાસેથી એવો જવાબ મળવો જોઇએ કે તેણે પોતાના દેવ વિષે અને ભવિષ્યવાદી વિષે બીજાને ખબર આપી. છોકરાંને કહો કે આ છોડીના જેવું કામ તમે પણ કરી શકો. ઇશ્વર વિષે તમે જે જાણો છો તે બીજાને કહો. આ છોડીના કામથી જેમ બીજાને આનંદ થયો તેમ તમે પણ બીજાને આનંદ પમાડી શકો. તમે બધા એ પ્રમાણે કરવાને યત્ન કરશો કે?

સોનેરી વાક્ય.

બાળક પણ પોતાનાં આચરણથી જણાય છે. દૃષ્ટાં. ૨૦; ૧૧.

પાઠ ૪૮ મો.

માયાળુ મુસાફર.

લુક ૧૦; ૩૦–૩૭.

શિક્ષકને માટે.

વાર્તાનો સંબંધ બરાબર સમજવાને માટે શિક્ષકે ૨૫–૩૭ કલમો વાંચવી જોઇએ, 'મારો પડોશી કોણ?' એ પ્રશ્નના ઉત્તરમાં ઇસુએ આ વાર્તા કહી. યરૂશાલેમથી યરેખો જવાનો રસ્તો નકશામાંથી શોધી

કાઢો. બન્ને જગ્યાઓ વચ્ચે ૧૬ માઇલનું અંતર છે. રસ્તો ઘણો અગવડ ભરેલો અને ઉજડ છે. દેશના બધા રસ્તાઓ કરતાં આ રસ્તો વધારે ધાસ્તી ભરેલો છે. લેવીઓ—યાજકવર્ગના માણસો. યાજકો લેવીઓમાંથી પસંદ કરવામાં આવતા હતા. ઇસ્રાએલપુત્રો મધ્યે તેમને કંઇ ભાગ કે વતન નહોતું, ગણના ૧૮ ; ૨૧. મંડપને તથા મંદિરને લગતું કામ તેમને કરવાનું હતું, ગણના ૧ ; ૫૦, ૫૩. ૧ કાળ. ૨૩; ૨૮. વળી તેઓને નિયમશાસ્ત્રને લગતું પણ ઘણું કામ કરવું પડતું હતું, પુન. ૩૧ ; ૨૫, ૨૬. તેઓ આવું કામ કરતા હતા તેથી તેઓ શાસ્ત્રી કહેવાવા લાગ્યા, ૨ કાળ. ૩૫; ૩. પ્રભુ ઇસુના વખતમાં પણ તેઓ હતા. ઘણી વાતમાં તેઓ બ્રાહ્મણોના જેવાજ હતા, પણ એક વાતમાં તેઓ બ્રાહ્મણો કરતાં જુદા હતા. બ્રાહ્મણો દરેક જ્ઞાતિના માણસોને અડકતા નથી પણ લેવીઓ બધાને મદદ કરતા હતા. યાજક અને લેવીને બદલે પાળક અને શિક્ષક એ બે શબ્દો અનુક્રમે વાપરવાથી છોકરાંને સારી સમજણ પડશે.

સમરૂની—આખી યહુદી કોમનો તે દુશ્મન ગણાતો હતો માટે તેને તો મદદ કરી શકાયજ નહિ, યોહા. ૪; ૯. ગધેડું—તે વખતમાં ધનવાન માણસો અને રાજવંશીઓ પણ ગધેડા પર સ્વારી કરતા હતા, ન્યાયા. ૫; ૧૦: ૧૦; ૪: ૧૨; ૧૪. ૨ શમૂ. ૧૬; ૨. ઇસુ પણ ગધેડા પર બેસીને જયના પોકાર સહિત યરૂશાલેમમાં દાખલ થયો, માત્થી ૨૧; ૭. આ સમરૂની પૈસાદાર હતો અને આજુબાજુ ચોર હોય તો તેને લુટી ન લે, એ માટે તે કદાચ આ અજાણ્યા માણસની પાસે આવ્યો હશે. તેલ અને દારૂ—આ બન્ને વસ્તુ દવા તરીકે સાધારણ રીતે વાપરવામાં આવે છે.

વાર્તાનો હેતુ.

આ સમરૂનીએ જે દયાનું કૃત્ય કર્યું તેની છોકરાં પાસે પ્રશંસા કરાવવી.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—તમે તમારાં માબાપની સાથે કોઇ દિવસે મુસાફરીએ નીકળ્યા છો? તે મુસાફરી બહુ લાંબી હતી? તમે કેટલા દિવસની

મુસાફરી કરી છે? મુસાફરીમાં તમે શું શું જોયું? તમે કેવી રીતે મુસાફરી કરી? મુસાફરીમાં તમારી સાથે શું લઈ ગયાં હતાં?

વાર્તા.

મુસાફરીની શરૂઆત—એક દિવસે એક માણસ એકલો મુસાફરીએ નીકળ્યો. તેને બહુ દૂર જવાનું હતું તેથી સવારમાં વહેલો નીકળ્યો. તે મોટા શહેરમાં જતો હતો માટે તેણે સારાં લુગડાં પહેર્યાં હતાં. તે વખતે આગગાડી નહોતી અને તેની પાસે ઘોડાગાડી પણ નહોતી તેથી તે ચાલતો ગયો. રસ્તામાં સાપ કે કંઈ જંગલી જનાવર મળે તો તેથી પોતાનું રક્ષણ કરવાને માટે તેણે એક મોટી લાકડી સાથે લીધી હતી. તે મોટા શહેરમાં કંઈ ચીજો ખરીદવાને માટે જતો હતો તેથી પોતાની સાથે થોડા પૈસા પણ લીધા હતા. આ પૈસા તેણે કયાં રાખ્યા હશે? એવો ચિતાર આપો કે તે માણસ સવારમાં વહેલો ઉઠયો, નાસ્તો કીધો, અને બધાંને સલામ કરીને સૂર્ય ઉગતાં પહેલાં ઘેરથી નીકળી ગયો. તાપ વેઠવો ન પડે માટે સવારમાં તે ખૂબ ઝડપથી ચાલ્યો. રસ્તો બહુ સારો નહોતો પણ ઢળાણ પડતો હોવાથી થોડી વારમાં તે પોતાના ઘરથી બહુ દૂર આવી પહોંચ્યો.

લુટારા—સુરજ માથે આવતાં પહેલાં તેણે ઘણો રસ્તો કાપ્યો, અને તે એમ ધારતો હતો કે હવે થોડી વારમાં હું શહેરમાં પહોંચી જઈશ. રસ્તામાં તેને બહુ માણસો મળ્યા નહોતા પણ એકાએક કેટલાક માણસો તેના જોવામાં આવ્યા. આ માણસો લુટારા જેવા દેખાતા હતા. હવે ત્યાંથી નસાય એમ પણ નહોતું. તે લુટારાઓએ તેને જોઈ લીધો હતો એટલે તે સંતાય પણ શી રીતે! પછી પેલા લુટારાઓ તેની પાસે આવ્યા અને તેને કહ્યું કે 'તારા પૈસા અમને આપી દે.' હવે તે શુ કરે? એ પૈસા તો એને પોતાને જોઈતા હતા. કદાચ તેણે એક રૂપિયો તેમને આપ્યો હશે અને કહ્યું હશે કે, 'હવે મને જવા દો.' પણ લુટારાઓએ તેને કહ્યું હશે કે, 'અમારે તો વધારે પૈસા જોઈએ.' પછી તે લુટારાઓ તેની પાસે આવ્યા, તેનાં લુગડાં કાઢી લીધાં અને બધા પૈસા છીનવી લીધા એ બીનાઓનો આબેહુબ ચિતાર આપો. તેના બધા પૈસા અને લુગડાં લુટારાઓ લઈ ન લે એ માટે તે તેમની સાથે

ખૂબ લડયો પણ તેઓ તેના કરતાં વધારે જોરાવર હતા તેથી તેઓએ તેને ખૂબ માર્યો અને ઘાયલ કર્યો. તે બિચારો નીચે પડી ગયો, તેનાથી ઉઠાતું પણ નહોતું. લુટારાઓ તેનાં લુગડાં અને પૈસા લઈને ચાલ્યા ગયા. તે બિચારો તડકામાં ત્યાં એકલો પડી રહ્યો, કોઇ તેને મદદ કરવાને ત્યાં આવતું નહોતું. આ બધી બીનાઓનું વર્ણન એવી રીતે કરો કે છોકરાંના મનમાં તે માણસને માટે કંઇ દુઃખની લાગણી ઉત્પન્ન થાય.

યાજક—બહુ વાર તેણે આમતેમ નજર કરી પણ કોઈ માણસ પાસે આવતું જણાયું નહિ. અંતે તેણે એક માણસને દૂરથી આવતાં જોયો. આ માણસને પોતાની તરફ આવતો જોઇને તેને કેટલો બધો આનંદ થયો હશે, અને તેના મનમાં કેવી આશા ઉત્પન્ન થઈ હશે તે વિષે કલ્પના કરો. જ્યારે તેને માલમ પડયું કે આ તો યાજક (મંડળીનો પાળક) છે ત્યારે તેને ખાતરી થઈ કે હવે મને જરૂર મદદ મળશે. યાજક જ્યારે છેક પાસે આવ્યો ત્યારે તેણે તેને શું કહ્યું હશે? આ યાજક તો રસ્તાની બીજી બાજુએ થઇને ચાલ્યો ગયો તેનું વર્ણન કરો. આ જોઇને ઘાયલ થએલો માણસ કેટલો બધો નિરાશ થયો હશે તેનો આબેહુબ ચિતાર આપો.

લેવી—ત્યાં પડયો પડયો તે ઘાયલ થએલો માણસ એવી આશા રાખતો હતો કે હમણાં કોઈ આવશે; જ્યારે તે કોઇને આવતાં જોતો ત્યારે તેને કેવું લાગતું હશે? તે તેને શું કહેતો હશે? લેવીએ શું કર્યું? લેવી તેને પડતો મૂકીને ચાલ્યો ગયો ત્યારે તેને કેવું લાગ્યું હશે! આ બધી બીનાઓનું વર્ણન ફરીથી કરો.

સમરૂની—હવે કોઈની પાસેથી મદદ મળવાની આશા તેણે મૂકી દીધી. તેને એમ લાગ્યું કે હવે તો અહીંજ મારૂં મોત થશે. તાપ બહુ હતો, તરસ પણ ઘણી લાગી હતી, ઘાને લીધે દરદ પણ બહુ થતું હતું, પણ બિચારો શું કરે? તેનાથી ઊભું પણ થવાતું નહોતું. થોડી વારમાં રસ્તા પર કંઈક અવાજ સંભળાયો. આ વખતે કોઇ જનાવર આવતું હોય એમ તેને લાગ્યું. તેણે શું જોયું તે છોકરાંને કહો. આ વખતે તો તેને મદદ મળવાની જરા પણ આશા નહોતી, કારણ કે આ માણસ

ધનવાન હતો એટલુંજ નહિ પણ પરદેશી હતો અને તેને એમ લાગ્યું કે મારા જેવા ગરીબ અને ઘાયલ થએલા માણસને મદદ કરવાને તે થોભશે નહિ. તેથી તે પોતાની આંખો બંધ કરીને પડી રહ્યો. પણ તે જનાવર તેની પાસે આવીને ઊભું રહ્યું. પછી એક ધીમો અવાજ તેણે સાંભળ્યો, અને કોઇ તેને અડકયું. તે મુસાફરે તેને પૂછ્યું કે, 'તને શું થયું છે?' પછી તે પોતાના જનાવર પરથી ઉતર્યો. તેના ઘા ધોયા, ઘા પર દવા લગાડી અને પાટા બાંધ્યા અને પોતાના ગધેડા પર તે ગરીબ માણસને બેસાડયો તેનો આબેહુબ ચિતાર આપો. પછી તેણે તેને કહ્યું કે, 'અહીંથી થોડે દૂર એક ધર્મશાળા છે, ત્યાં હું તને લઈ જઈશ તું સાજો થાય ત્યાં સુધી તેમાં રહેજે.' આ દયાળુ માણસનો તેણે કેટલો બધો ઉપકાર માન્યો હશે? જો તેનો પોતાનો ભાઈ ત્યાં આવ્યો હોત તો તે પણ આ માણસ કરતાં તેને સારૂ કંઈ વધારે કરત નહિ. જ્યારે તેઓ ધર્મશાળાની પાસે આવ્યા ત્યારે તેણે તેને ગધેડા પરથી ઉતાર્યો, તેને ધર્મશાળામાં લઈ ગયો અને બિછાના પર તેને સુવાડયો. તેને કંઈ ખાવાનું પણ આપ્યું અને આખી રાત તેની બરદાસ કીધી. બીજે દિવસે તે પોતે ત્યાંથી જવાનો હતો માટે ધર્મશાળાના ધણીને તેણે થોડા પૈસા આપ્યા અને તેને કહ્યું કે, 'આ માંદો માણસ સાજો થાય ત્યાં સુધી તેને જે જોઇએ તે આપજે.'

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—છોકરાંને પૂછો કે આ ત્રણ માણસોમાંથી કયો માણસ તમને સારો લાગે છે? આપણે શી રીતે તેના જેવા થઈ શકીએ? બધાં છોકરાં કરી શકે એવા કોઈ દયાના કામ વિષે તેમની આગળ વાત કરો. કોઈ નાના બાળકને કે માંદા છોકરાને કે નિશાળમાં બધાથી બીતો હોય એવા કોઈ છોકરાને મદદ કરવાનું છોકરાંને કહો.

સોનેરી વાક્ય.

પણ તમે એક બીજા પર ઉપકારી, કરૂણારૂપ થાઓ. એફેસી. ૪; ૩૨.

પાઠ ૪૯ મો.

સારફાથની વિધવાની વાત.

૧ રાજા. ૧૭ : ૮–૧૬.

શિક્ષકને માટે.

સારફાથ—આ શહેર દરિયાને કિનારે આવેલું છે અને સૂર તથા સિદોનની વચ્ચે છે. લુકના ૪ થા અધ્યાયમાં આ બનાવ વિષે કંઈક ઈસારો કરેલો છે અને તે સિવાય ફક્ત ઓબાદ્યાહના ૧ લા અધ્યાયની ૨૦ મી કલમમાં તેનું વર્ણન કરેલું છે. આ જગ્યા કરીથ નાળાથી ૧૨૦ માઈલ દૂર છે. ૪ થા પાઠમાં કરીથ નાળા વિષે કેટલીક હકીકત આપેલી છે તે શિક્ષકે વાંચી જવી. આ ૧૨૦ માઈલમાંના પહેલા ૬૦ માઈલ ઈસ્રાએલી રાજ્યની હદમાં આવેલા હતા. જ્યારે એલીયાહ સંતાઈ રહ્યો હતો ત્યારે આ બધા ભાગમાં આહાબના માણસોએ તેની શોધ કીધી હતી. એલીયાહની મુસાફરીનો માર્ગ છોકરાંને નકશા પર બતાવી જાઓ. સારફાથની વિધવા—આ બાઈ વિદેશી હતી, લુક ૪ ; ૨૪–૨૬. ૨॥ વર્ષ સુધી વિધવાને હાથે એલીયાહનું પોષણ થયું એમાં તેની નમ્રતાની કસોટી થઈ. થોડું પાણી—પ્રભુ ઈસુ પોતે આ શબ્દો બોલ્યો ત્યારે તેના મનમાં આ બીના હશે કે ? માત્થી ૧૦ ; ૪૨. એલીયાહનો વિશ્વાસ બહુ મોટો હતો, પણ આ વિદેશી, વિધવા સ્ત્રી જેનો દીકરો ભુખને લીધે મરવાની અણી પર હતો છતાં પોતાની પાસે જે થોડો લોટ હતો તેમાંથી ભવિષ્યવાદીને માટે રોટલી બનાવી લાવી તેનો વિશ્વાસ કેટલો મોટો !

વાર્તાનો હેતુ.

ઉદારતા કેટલી ઉત્તમ છે એ છોકરાંને સમજાવવું.

છોકરાંને માટે.

પ્રસ્તાવના—એક માણસની પાસે બિલકુલ ખોરાક નહોતો પણ કેટલાંક પક્ષીઓ તેને માટે ખોરાક લાવતાં હતાં તે વિષે મેં તમને ઘણા વખત પર એક વાત કહી હતી તે તમને યાદ છે કે ? એલીયાહ ભવિષ્યવાદી હતો અને એ દુષ્ટ રાજાથી તે સંતાતો ફરતો હતો. પછી ઈશ્વરે તેને એક સલામતી ભરેલી જગ્યાએ મોકલ્યો તે ઠેકાણે એક નદી હતી,

અને પક્ષીઓ રોજ તેને માટે ખોરાક લાવતાં હતાં તે વાત તમને યાદ છે કે ? ઘણા દિવસ સુધી પક્ષીઓ સવારે અને સાંજે નિયમીત વખતે ખોરાક લાવતાં હતાં. એલીયાહ તેમાંથી ખાતો હતો અને પાસેની નદીમાંથી પાણી પીતો હતો. તે વરસે બીલકુલ વરસાદ ન પડ્યો તેથી નદી ધીમે ધીમે સુકાવા લાગી. પછી એલીયાહ મનમાં ચિંતા કરવા લાગ્યો કે જો વરસાદ નહિ આવે તો હું પાણી ક્યાંથી લાવીશ ? થોડા વખતમાં નદી સુકાઇ ગઈ. હવે શું કરવું ?

વાર્તા.

લાંબી મુસાફરી—એલીયાહને નદીએ જવાનું કોણે કહ્યું હતું ? ઇશ્વરે. હવે નદી સુકાઇ ગઈ કે તરત ઇશ્વરે ફરી એલીયાહને દર્શન દીધું અને તેને કહ્યું કે, 'હવે નદીમાં બીલકુલ પાણી નથી માટે તું કોઈ બીજે ઠેકાણે ચાલ્યો જા. અહીંથી બહુ દૂર એક સ્ત્રી રહે છે તેની પાસે તું જા. મેં તેને આજ્ઞા કીધી છે માટે તે તને ખોરાક પૂરો પાડશે.' જે ઠેકાણે પેલો દુષ્ટ રાજા એલીયાહની ખોળ કર્યા કરતો હતો ત્યાં થઇનેજ તેને જવાનું હતું. એલીયાહ કેવી રીતે ગયો હશે ? (છોકરાંને અટકળ કરવા દો). રાજાના સિપાઇઓ તેને ન જુએ એવી રીતે તેણે ત્યાંથી ચાલ્યા જવું જોઇએ. જો બીજા માણસો તેને જતાં જુએ તો તેઓ પણ રાજાના સિપાઇઓને ખબર આપે અને તેઓ આવીને તેને પકડી લે. હું ધારૂં છું કે દિવસે તે સંતાઈ રહેતો હશે અને રાત્રે મુસાફરી કરતો હશે. આવી રીતે મુસાફરી કરવી એ બહુ મુસ્કેલ કામ છે. જ્યાં જ્યાં તે ગયો ત્યાં બધે દુકાળ હતો. બધી નદીઓ અને ટાંકાંનું પાણી પણ સુકાઈ ગયું હતું. ખેતરોની જમીન સખત થઈ ગઈ હતી અને તેમાં કશું ઉગતું નહોતું. દરેક ઠેકાણે લોકો ખોરાકને માટે બૂમો પાડતા હતા. કોઇ કોઈ વાર લોકો એમ કહેતા હતા કે જો એલીયાહને પકડીને આપણે મારી નાખીએ તો વરસાદ આવે. એલીયાહ પણ આ સાંભળતો હતો. એલીયાહ ખુબ ઝડપથી મુસાફરી કરતો હતો અને રસ્તામાં કોઇ કોઈ ઠેકાણે સંતાઈ રહેતો હતો. લોકો એમ ધારતા હતા કે વરસાદ અટકાવનાર એલીયાહ છે. તેમનું ધારવું ખરૂં હતું કે ? બધા લોકો ઈશ્વરને ભજવાને બદલે મૂર્તિપૂજા કરતા હતા તેથી ઈશ્વરે વરસાદ અટકાવ્યો

હતો. એલીયાહ તો ઇશ્વર તરફનો સંદેશો લોકોને કહી સંભળાવનાર હતો. જ્યારે એલીયાહ આ દેશથી બહુ દૂર ગયો ત્યારે તેને આનંદ થયો. ભૂખ્યો છોકરો—જે શહેરમાં ઇશ્વરે એલીયાહને જવાનું કહ્યું હતું તે શહેરમાં તે આવી પહોંચ્યો. તે શહેરમાં પણ દુકાળ હતો. ત્યાં પણ બધાં ખેતરો ઉજડ પડેલાં હતાં. ટાંકાંઓમાં અને નદીઓમાં પાણી નહોતું અને બધા લોકો બહુ દુઃખી હતા. શહેર બહાર એલીયાહે એક ગરીબ સ્ત્રીને અને તેના છોકરાને જોયાં; છોકરો બહુ નબળો દેખાતો હતો. તેને ઘણા દિવસથી કંઇ સારો ખોરાક મળ્યો ન હોય એમ લાગતું હતું. તમને ઘણા દિવસ સુધી થોડો ખોરાક મળે તો કેવું લાગે? તે છોકરાની મા પણ બહુ નબળી હતી. છોકરાને વધારે ખાવાનું મળે માટે મા પોતે બહુ ઓછું ખાતી હતી. એલીયાહે તેમને જોયાં ત્યારે તેઓ લાકડાં વીણતાં હતાં. શા માટે તેઓ લાકડાં વીણતાં હશે? એલીયાહ એમ ધારતો હતો કે આ સ્ત્રી ખાવાનું રાંધવા માટે લાકડાં વીણે છે. છોકરાની સ્થિતિ જોઇને એલીયાહને એમ લાગ્યું કે આ બાઇની પાસે બહુ થોડો ખોરાક હશે, કારણ કે જો તેની પાસે વધારે ખોરાક હોય તો તેનો છોકરો આટલો બધો નબળો ન રહે. પછી ઇશ્વરે એલીયાહને કહ્યું કે. 'આ સ્ત્રી તને ખોરાક પૂરો પાડશે.'

એલીયાહે શું ધાર્યું હશે? આવી ગરીબ અને નબળી સ્ત્રી મને ખોરાક પૂરો પાડશે એ સાંભળીને તે ઘણો અજાયબ થયો હશે પછી એલીયાહ તેની પાસે ગયો, તેને સલામ કરી અને તેને કહ્યું કે, 'મહેરબાની કરીને મને થોડું પાણી લાવી આપશે? તે સ્ત્રી પાણી લેવાને માટે જતી હતી ત્યારે એલીયાહે તેને બૂમ પાડીને કહ્યું કે, 'થોડી રોટલી પણ મારે માટે લેતી આવજે.' તે સ્ત્રી પાછી ફરી અને તેને કહ્યું કે, 'મારી પાસે બીલકુલ રોટલી નથી. ફક્ત થોડો લોટ અને થોડું તેલ મારી પાસે છે, અને તેમાંથી મારે માટે તથા મારા દીકરાને માટે ફક્ત એકજ રોટલી બનાવી શકાશે. હું રોટલી બનાવવાને માટે ઘેર જાઉં છું એ માટે કે અમે તે ખાઇને મરી જઇએ. અમારી પાસે વધારે ખોરાક નથી.' પછી એલીયાહે તેને કહ્યું કે, 'તું પહેલાં મારે માટે એક રોટલી બનાવી લાવ, અને જો તું એમ કરશે તો યહોવાહ તને વધારે ખોરાક આપશે.'

દયાળુ સ્ત્રી—હવે તે સ્ત્રી ઘેર જઇને શું કરશે? તેની પાસે પોતાને અને પોતાના છોકરાને બસ થાય એટલોજ લોટ હતો. તેમાં વળી આ મુસાફર રોટલી માગતો હતો. હવે શું કરવું? તમે આવે પ્રસંગે શું કરો? છોકરાએ શું કહ્યું હશે? છોકરાની માના મનમાં વિચાર આવ્યો કે આ માણસ કોણ હશે? તે કોઈ સાધારણ ભીખારી હશે? તે જે કહે છે તે ખરૂં હશે? જો હું આ માણસને રોટલી આપું તો ઈશ્વર મને વધારે ખોરાક આપશે તેની ખાતરી શી? પેલો છોકરો કદાચ રડતો હશે અને બૂમ પાડતો હશે કે, 'મા, મને બહુ ભૂખ લાગી છે. આ બિચારી સ્ત્રી શું કરે? પેલો માણુસ પણ ભૂખ્યો હતો. તે વિધવાના મનમાં એવો વિચાર આવ્યો કે આ માણુસ તો સારો દેખાય છે, માટે હું તેને સારૂ રોટલી બનાવી લાવીશ. પછી તે સ્ત્રી લાકડાં લઇને ઘેર ગઈ અને એલીયાહ પણ તેની સાથે ગયો. તે સ્ત્રી દેવતા સળગાવીને રોટલી બનાવવા લાગી. એકજ માણુસને બસ થાય એટલો લોટ અને તેલ હતું. પછી તેણે એક રોટલી બનાવી અને તે લઇ જઇને એલીયાહને આપી. હવે તેને પોતાને માટે કે છોકરાને માટે બીલકુલ લોટ નહોતો. પછી એલીયાહે તેને કહ્યું કે, 'હવે તારે માટે એક રોટલી બનાવ.' પણ તેની પાસે લોટ કે તેલ કશું નહોતું. તે શામાંથી રોટલી બનાવે! તે ખાલી માટલી એલીયાહને બતાવવા જતી હતી ત્યારે માટલીમાં તેણે થોડો લોટ જોયો. પછી તેણે રોટલી બનાવી અને તેણે તથા તેના છોકરાએ ખાધું. હવે માટલીમાં બીલકુલ લોટ નહોતો. બીજે દિવસે સવારે એલીયાહે તેને કહ્યું કે, 'મારે માટે રોટલી બનાવી લાવ.' તે જઇને માટલીમાં જુએ છે તો તેમાં થોડો લોટ દીઠો. પછી તેણે રોટલી બનાવી અને તે બધાએ ખાધું. આ પ્રમાણે વરસાદ આવ્યો ત્યાં સુધી થયું. એલીયાહને, તે સ્ત્રીને અને તેના છોકરાને દરરોજ ખાવાનું મળતું હતું. માટલીમાં લોટ ક્યાંથી આવ્યો? આ માયાળુ સ્ત્રીએ એલીયાહને ખાવાનું આપ્યું માટે ઈશ્વર દરરોજ તેની માટલીમાં લોટ નાખતો હતો. આ પ્રમાણે દુકાળ રહ્યો ત્યાં સુધી ઈશ્વરે તેનું અને તેના દીકરાનું પોષણ કીધું.

વાર્તા પૂરી થયા પછી શિખવવાની બાબતો—આ સ્ત્રી અને તેના છોકરાની પેઠે તમે ઈશ્વરને સંતુષ્ટ કરી શકો કે? તમારી પાસે એવું કંઈ

છે કે જેમાંથી તમે બીજાને આપી શકો. તમારામાંનો કોણ પોતાનું રમકડું બીજાને રમવા માટે આપશે? આ અઠવાડિયે જો કોઈ ભૂખ્યું છોકરૂં તમારી નજરે પડે તો પેલી સ્ત્રી અને છોકરાની પેઠે તમે પણ તમારા ખોરાકમાંથી તેને આપજો.

સોનેરી વાક્ય.

આપણે એક બીજા પર પ્રીતિ રાખીએ. ૧ યોહાન ૪; ૭.

પાઠ ૫૦ મો.

૪૬–૪૯ પાઠોનું પુનરાવર્તન.

છેલ્લી ચાર વાર્તાઓ છોકરાંની પાસે ફરીથી કહેવડાવો. દરેક વાર્તામાં દરેક માણસે બીજાને મદદ કરવાને માટે શું કર્યું તે બાબત છોકરાંએ ખાસ કરીને કહેવી જોઇએ. ૧. નાના છોકરાએ પોતાનો ખોરાક ઇસુને આપ્યો. ૨. નાની છોડીએ દેવની શક્તિ વિષે બધાને ખબર આપી. ૩. ધનવાન મુસાફરે ઘાયલ થયલા માણસને મદદ કરવાને પોતાથી બને તેટલું કર્યું. ૪. વિધવાએ અને તેના દીકરાએ પોતાના ખોરાકમાંથી એલીયાહને ખોરાક આપ્યો. વાર્તામાંનાં માણસોએ જેવાં પરોપકારી કામો કર્યાં તેવાં કામો કરવા વિષે તમે છોકરાંને જે કંઈ સૂચનાઓ કરી હતી તે તેમને યાદ દેવડાવો અને તેમને પૂછો કે તમે એવું કંઇ કર્યું છે? બીજા કોઇ દયાના કામ વિષે છોકરાંને કહો.

પુનરૂત્થાનના દિવસની વાર્તા.

૩૬મા પાઠમાં જે હકીકત આપેલી છે તેજ હકીકત આજે છોકરાંને કહેવાની છે. પરંતુ પુનરૂત્થાનનો રવિવાર ૩૬ મો પાઠ શીખતાં પહેલાં આવશે તેથી તે દિવસે આ વાર્તા તેમને પુનરૂત્થાનની વાર્તા તરીકે પહેલીજ વાર કહેવામાં આવશે, અને ફરીથી જ્યારે છોકરાં ૩૬ મા પાઠનો અભ્યાસ કરશે ત્યારે તે ને તેજ વાત તેમને બીજી વાર શિખવવામાં આવશે.

પુનરૂત્થાનના દિવસને લગતી બધી બાબતો બરાબર ધ્યાનમાં લેવાને માટે શિક્ષકે ૩૫ અને ૩૬ મા પાઠની નોંધ વાંચવી જોઇએ.

વાર્તાનો હેતુ.

૩૬ મા પાઠમાં જે હેતુ દર્શાવેલો છે તેજ.

છોકરાંને માટે.

<u>પ્રસ્તાવના</u>—૩૫મા પાઠમાં ઈસુના વધસ્તંભે જડાવા વિષે અને દફનક્રિયા વિષે જે હકીકત આપેલી છે તેનું ટુંકામાં વર્ણન કરો.

વાર્તા.

૩૬મા પાઠમાં જે વાર્તા આપેલી છે તેજ પ્રમાણે આ વાર્તા કહી જાઓ.

નાતાલની વાર્તા.

આ પાઠમાં ૭મા પાઠની હકીકત છોકરાંને ફરીથી કહેવાની છે, માટે શિક્ષકે ૭મા પાઠની નોંધ વાંચવી જોઇએ.

<u>પ્રસ્તાવના</u>—નાતાલ અને બીજા કોઇ તહેવારના દિવસો વિષે છોકરાં જે જાણતાં હોય તે પ્રશ્નોની મદદથી શોધી કાઢો. પછી તેમને કહો કે આજે હું તમને પહેલી નાતાલની વાર્તા કહીશ.

વાર્તા.

પહેલાંના કરતાં જરા સારી રીતે આ વાર્તા કહો. વાર્તા ચાલતી હોય તે વખતે છોકરાં કંઇ કહેવા માગતાં હોય તો તેમને તે કહેવા દો, પરંતુ તેમને બહુ પ્રશ્નો પૂછશો નહિ. આપણે છોકરાંની પરીક્ષા લેવા માગતા નથી પરંતુ આ પાઠ પ્રથમ શિખવતી વેળાએ છોકરાંના મન પર જે અસર થઇ હતી તેને વધારે દૃઢ કરવા માગીએ છીએ.

સમાપ્ત.

IF

You are interested in a reform which begins with the child, and has for its chief aim the formation of Christian character;

IF

You desire that the Word of God may be magnified as the greatest power in the development of the Christian character;

IF

You wish Jesus Christ to have the pre-eminence and all denominations realise their essential unity in Him;

IF

You maintain that this Bible teaching and character-forming work should be done in the best way, and its importance be emphasised in all departments of Church and State;

IF

You could discover an Organisation which embodies these ideas you would register your interest in it in terms of prayer, service, and gift;

IF

These things be so, the Movement which will appeal to you is the

INDIA

SUNDAY

SCHOOL

UNION

Subscriptions may be sent to Rev. R. Burges, General Secretary, Jubbulpore, C.P., India, who also will be glad to answer any inquiries.